A

# MANUAL

OF THE

# LAW OF CONTRACTS,

AS APPLICABLE

TO THE

PRESIDENCY OF BOMBAY,

BY

RÁO SÁHEB WÁSUDEVA JAGANNÁTH KÍRTÍKAR,

OF THE GOVERNMENT LAW SCHOOL, BOMBAY ; PLEADER OF THE HIGH COURT OF BOMBAY, AND OF THE COURTS IN GUJERAT, THE DECCAN AND THE KONCAN ; INSTRUCTOR OF LAW IN THE GUCERAT PROVINCIAL COLLFGE, AHMEDABAD.

TRANSLATED FOR THE AUTHOR FROM MARATHÍ INTO GUJERÁTHÍ

BY

RÁO BÁHÁDOOR BHOLÁNÁTH SÁRÁBHÁI,

PRINCIPAL SUDDER AMEEN OF SURAT.

Ahmedabad:

PRINTED AT THE "UNITED PRESS."

1866.

# करारनुं शास्त्र.

( મુંબઈ ઇલાકામાં ચાલે છે તે પ્રમાણે. )

આ ગ્રંથ,


## રાવસાહેબ વાસુદેવ જગન્નાથ કીર્તિકર,

મુંબઈની ગવર્મેંટ લૉ સ્કુલના વિદ્યાર્થિ; મુંબઈની હાયકોરટના, તથા ગુજરાત,
દક્ષિણ અને કોંકણ એ સર્વે કોરટના વકીલ; અને અમદાવાદની
ગુજરાત પ્રોવીન્સિયલ કાલેજમાં કાયદાના શિક્ષક,


એમણે રચ્યું.

તેનું

ગ્રંથકારને સારૂ

મરાઠી ઉપરથી ગુજરાતીમાં


## રાવબાહાદુર ભોળાનાથ સારાભાઈ.

સુરતના પ્રિન્સિપાલ સદરઅમીન એમણે


ભાષાન્તર કર્યું,

તે


## અમદાવાદ

"યુનાઇટેડ પ્રેસમાં" છપાણ્યું.

સન ૧૮૬૬.

# પ્રસ્તાવના.

૧. આ ગ્રંથ લખવાનો પ્રારંભ કરતાં પેહેલાં ગ્રંથકર્ત્તાનો એવો હેતુ હતો કે, જે રીતે ઇંગ્રેજીભાષામાં બ્લ્યાકસ્ટન તથા સ્ટફીંન્ એઓએ ઇંગ્લિશ ન્યાયશાસ્ત્ર ઉપર ગ્રંથ કરેલાછે, તે રીતે તથા તે નમુનાનો હિંદુસ્તાનના ન્યાયશાસ્ત્ર ઉપર એક ગ્રંથ લખવો, તે એવો કે, ગ્રંથના છ ભાગ પાડીને પેહેલા ભાગમાં ન્યાયશાસ્ત્ર વિશે સાધારણ વિચાર કરીને માલમત્તા ઉપર માલીકી મેળવવાના ઉપાય કહેવા; પછી બીજા ભાગમાં કરાર એ માલમત્તા મેળવવાનો ઉપાય છે, તેથી તે વિશે વિચાર કરવો; ત્રીજા ભાગમાં મનુષ્યોના હક વિનાકારણે તથા કાયદા વિરૂદ્ધ વર્તણૂકથી છીનાવી લીધાથી તેઓને બીજા જે હક મળે છે, તે વિશે વિચાર કરવો; ચોથા ભાગમાં ફોજદારી ગુન્હાઓ વિશે વિચાર કરવો; અને પાંચમા ભાગમાં પ્રમાણશાસ્ત્ર વિશે વિચાર કરીને, છઠ્ઠા ભાગમાં દિવાની તથા ફોજદારી મુકદમા તપાસવાની રીતિ વિશે કાંઇ લખીને ગ્રંથ સમાપ્ત કરવો. એટલામાં હાયકોર્ટમાં વકીલાતની તથા મુનસફીની પરીક્ષામાં કરારશાસ્ત્ર તથા પ્રમાણશાસ્ત્રના પુસ્તકોની ઘણી જરૂર પડવા લાગી એમ જાણવામાં આવ્યાથી બીજા ભાગનો પ્રથમ આરંભ કરીને તે મરાઠીભાષામાં છાપીને પ્રસિદ્ધ કર્યો.

૨. એ મરાઠી ગ્રંથનુ ગુજરાતી ભાષાન્તર રાવબાહાદુર ભોળાનાથ સારાભાઇએ કૃપા કરી ગ્રંથકર્તાને માટે કર્યું છે, તેથી ગ્રંથકર્તા તેમનો ઘણો આભાર માનેછે. એ ભાષાન્તર મરાઠી પુસ્તક સાથે મેળવી જોતાં રાવબાહાદુર ભોળાનાથભાઇએ આ કામમાં ઘણો શ્રમ લીધો છે, એમ જણાયા વગર રેહેશે નહીં; ને એમના શ્રમને લીધેજ આ ગ્રંથનું ભાષાન્તર જલદી બહાર પડ્યું છે, જો એમણે આ કામ હાથમાં લીધું ન હોત, તો ગુજરાતી ભાષાન્તર બહાર પડવાને ઘણોકાળ લાગત.

૩. આ ભાષાન્તરમાં કેટલેક ઠેકાણે રાવબાહાદુર ભોળાનાથભાઇને ન પુછતાં ગ્રંથકર્તાએ કેટલોક ફેરફાર કર્યો છે, તથા બેત્રણ પ્રકરણો નવેસરથી લખવામાં આવ્યાં છે; તેથી આ ગ્રંથમાં કાંઇ ભાષાની ભૂલો જણાય, તો તેનો દોષ ગ્રંથકારને માથે છે.

૪. આવો ગ્રંથ આજસુધી મરાઠી અથવા ગુજરાતી ભાષામાં રચેલો નથી; કિંવા એવા વિષય ઉપર કોઇ ઇંગ્રેજી પુસ્તકનું એ ભાષાઓમાં ભાષાન્તર પણ થયેલું નથી: વળી હિંદુસ્તાનમાં કસરના નિયમ કહેવા હોવા જોઇએ, એ સમજવામાં ઇંગ્રેજી ભાષામાં ગ્રંથપણ મળવા કઠણ છે, એવુંછતાં ગ્રંથકરનાર પેહેલા વર્ગનો કાયદો જાણનાર છે એમ પણ નથી, માટે આ ગ્રંથ લોકોને ઉપયોગી પડશે કિંવા નહીં, એ વિશે ગ્રંથકારના મનમાં અંદેશો હતો; પણ મરાઠીભાષાના પુસ્તકની પેહેલી આવૃત્તિ જલદીથી ખપીગઇ એ વિગરે કારણથી જણાય છે, કે આવા ગ્રંથનો ઘણો ખપ છે. માટે ગ્રંથકારનો શ્રમ સફળ થયો, તેથી તેને બહુ સંતોષ થયો છે.

મુકામ અમદાવાદ }
ડીસેમબર સન ૧૮૬૬. } (સહી) વાસુદેવ જગન્નાથ કીર્તિકર.

# अनुक्रमणिका.

## ભાગ ૧.



## ભાગ ૨.



## ભાગ ૩.

### કરાર કરવાની રીતી.



## ભાગ ૪.



## ભાગ ૫.

# ભાગ ૬.



# ભાગ ૭.



# ભાગ ૮.

# करार विशे.

૧. કરાર એ માલમત્તા ઉપર સત્તા મેળવવાનો એક પ્રકાર છે. એ વિશે સવિસ્તર વિચાર કરવા સારૂ નીચે લખેલા અનુક્રમ બાંધેલા છે. — પુસ્તકમાંહેના વિષયનો ક્રમ.

ભાગ ૧. કરાર એટલે શું અને તે કરવાને કેઈ વાતો અવશ્ય છે.
,, ૨. કરારના બે પ્રકાર.
,, ૩. કરાર કરવાની રીત.
,, ૪. કરારના પક્ષકાર.
,, ૫. જુદા જુદા પ્રકારના વિષય સંબંધી કરાર.
,, ૬. કરાર પુરો કરવાની રીત.
,, ૭. વ્યાપારી લોકોને કરારના બંધનમાંથી મુક્ત કરી લેવાના ઉપાય.
,, ૮. કરાર તોડવા ઉપરથી ફિર્યાદ.

---

## ભાગ ૧.

### કરાર એટલે શું તથા તે કરવાને અવશ્ય વાતો વિશે.

૨. સાધારણ રીતે હરેક વચનને કરાર એમ સમજે છે; ફરંતુ આ પુસ્તકમાં જે વચન કાયદાસર રીતે પુરૂં કરી લેવામાં આવે તે વચનને કરાર એમ કહેલું છે. બે અથવા વત્તા માણસે પોતાની માંહ એક બીજાને કિંવા પોતે પરસ્પરોને અમુક આપ્યું અથવા આપનાર નથી, અથવા બીજાને વાસ્તે કિંવા પરસ્પરોને વાસ્તે અમુક કર્યું કિંવા કરનાર નથી, એ વિશેનુ વચન તે કરાર છે. — કરાર એટલે શું.

કરારના અવશ્ય ગુણ. ૩. જે ઉપરથી કોરટમાં ફિર્યાદ લાવ્યાછતાં ચાલશે એવા કરારમાં નીચે લખેલા ગુણ હોવા જોઇએ.

પ્રકરણ ૧. પરસ્પરોનો સંમત્ત,
,, ૨. વાદી પ્રતિવાદીને કરાર કરવાનો અધિકાર.
,, ૩. કાયદાસર ઉદ્દેશ.
,, ૪. પુરૂ કારણ*
,, ૫. કપટનો અભાવ.
,, ૬. કાયદામાં કાંઈ વિશેષ રીત કહી હોય તે રીતને અનુસરીને થવું.

---

# પ્રકરણ ૧.

## કરારને પરસ્પરોનો સંમત્ત હોવોજોઇએ એ વિશે.

પક્ષકારોનુ સંમત્ત. ૪. હરેક કરાર કર્યો એટલે તેમાં ઓછામાં ઓછાં બે પક્ષકાર હોવા જોઇએ અને તે બંનેએ સ્વેચ્છાથી સંમત્ત આપવો જોઇએ એમ કર્યા શિવાય બંનેમાંથી કોઇને પણ કંઈ હક મળતો નથી, અથવા કોઇનું નુકસાન ભરી લેવાને કોઈ પાત્ર થતો નથી. જેમકે એક મનુષ્યે દુકાનમાં જઇને હું અમુક માલના ચાર રૂપીઆ આપીશ એમ કહ્યું, પરંતુ દુકાનદારે તે કબુલ ના કરતાં ૭ રૂપીઆ લેઇશ એમ કહ્યું, ત્યારે તે મનુષ્ય કાંઈ નહીં બોલતાં ચાલ્યો ગયો. આ ઠેકાણે તે દુકાનદારે સંમત્ત નહીં આપ્યાને લીધે તે બંનેજણાએ કાંઇજ કરાર કર્યો નથી એમ સમજવું. અને જો તે દુકાનદારે તે મનુષ્ય ઉપર ફિર્યાદ કરી તો તે ચાલનાર નથી.

સંમત્ત આપવાની રીત. ૫. સંમત્ત આપવાની રીતો ઘણી છે; તે એવી કે મોઢેથી કહેવું, લખીને બતાવવું, માથું હલાવીને અથવા બીજું કાંઈ ચિન્હ કરીને સમજાવવું, ઇત્યાદિ.

---

* એનો શબ્દાર્થ ન લેતાં પ્રતિવાદીનુ હિત કિંવા વાદીનુ અનહિત એમ સમજવું.

૬. કેટલીક વાતમાં સંમત્ત ઉઘાડી રીતે નહીં આપ્યા છતાં આજુબાજુની વાત લક્ષમાં લાવીને સંમત્ત છે એમ અનુમાન કરવામાં આવે છે. ઊ૦ મારી વસ્તુ કોઈ મારી રૂબરૂ વેચે છે એમ મેં દીઠાછતાં તેને હું કાંઈ હરકત કરતો નથી, તો તે વસ્તુ વેચવાનો મારો સંમત્ત છે એમ અનુમાન થાય છે. તેમજ ધણીએ સ્ત્રી તે ઘરમાંથી બહાર કહાડી મુકયાછતાં તેણે પોતાની તરફથી સંસારને સારૂ કરાર વગેરે વ્યવહાર કરવાને સ્ત્રીને અધિકાર આપ્યો છે એમ અનુમાન કરવામાં આવે. આ વિશે આગલ સવિસ્તર વિચાર કરેલો છે. ગર્ભિત સંમત્ત.

૭. પ્રત્યેક કરારને બંનેજણનો સંમત્ત થવો જોઇએ. તોપણ હું અમુક કરીશ એવી તે પ્રત્યેકની કબુલત જોઇએ એમ નથી. કેટલાએક કરારમાં એક પક્ષકાર પોતાને બાંધી નહીં લેતાં બીજા પાસેથી માત્ર કબુલત કરાવી લેછે, અને કેટલાક કરારમાં બંને પરસ્પર વચન આપીને પરસ્પરોને બાંધી લેછે. તેમાં પેહેલા પ્રકારના કરારને **એકતરફીકરાર** અને બીજા પ્રકારના કરારને **દુતરફીકરાર** એમ કહેવું. જો બેમાંથી એક જણેજ બીજા સાથે એવો કરાર કર્યો હશે કે, "હું મારૂં ઘર તને ચાર દિવસમાં આપીશ" તો તે એક-તરફી કરાર સમજવો; પરંતુ "તું ચાર હજાર રૂપીઆ આપીશ ત્યારે હું મારૂં ઘર ચાર દિવસમાં આપીશ" એવો કરાર કર્યો હોય તો તે દુતરફી કરાર સમજવો. વેચાણનો કરાર, શહીઆરે વ્યાપાર કરવાનો કરાર, ઇત્યાદિ એ દુત-રફી કરારનાં ઉદાહરણો છે. કારણ કે એ ઠેકાણે તું અ-મુકં કરીશ તો હું અમુક કરીશ એવા પ્રકારનો પરસ્પર કરા-ર હોય છે. બંને પક્ષકારો ઉપર જવાબ-દારીની જરૂરી નથી.

---

# પ્રકરણ ૨.

## વાદી પ્રતિવાદી એઓને કરાર કરવાનો અધિકાર.

સાધારણ નિયમ.

૮. સાધારણ નિયમ એવો છે કે કરાર કરવાને સર્વ લાયક છે; પરંતુ જન્મભૂમિ, વર્ત્તણૂક, માનસિકસ્થિતિ, તથા કાંઈ સંબંધ એ કારણ ઉપરથી કેટલાક મનુષ્યને કરાર કરવાને કેટલેક દરજ્જે ના લાયક માનેલા છે તે આ પ્રમાણે.

પરદેશનાં મનુષ્ય.

૯. (૧) **પરદેશના માણસને** પોતાની જન્મભૂમિના કારણથી કરાર કરવા સારૂં કેટલીક વાતે ના લાયક ગણેલો છે. તે માણસ જે દેશનો હોય તે દેશની સરકાર અને ઇંગ્રેજસરકાર એ બે વચ્ચે મિત્રાઈ હોય તો તે માણસ આ દેશના લોકો પ્રમાણે કરાર વગેરે વ્યવહાર કરવા સારૂ લાયક છે. પણ ઇંગ્લિશ કાયદા પ્રમાણે નિરંતર માલકી ઉત્પન્ન થાય એવી રીતે સ્થાવર મિલકત વેચાતી લેવાને તેને અધિકાર નથી. સ્થાવર મિલકત વેચાતી લેનાર ઇંગ્રેજ સરકારની સાથે નિરંતર પ્રજા ધર્મથી રહેનારો હોવો જોઇએ.

અહીંનો કાયદો.

૧૦. સ્થાવર મિલકત વેચાતી લેવાનો પરદેશી માણસના હક સંબંધી ઇંગ્લિશ કાયદાનો મજકુર હિંદુસ્તાનને લાગુ નથી એવું મદ્રાસ હાઇકોરટે ઠરાવેલું છે.

લઢાઈ.

૧૧. જો કરાર વગેરે વ્યવહાર કર્યાપછી પરદેશની સરકાર સાથે લઢાઈ સરૂ થઈ તો જ્યાંસુધી તે લઢાઈ ચાલુ હોય ત્યાંસુધી અહીંની કોરટમાં પરદેશી માણસની ફિર્યાદ ચાલશે નહીં. લઢાઈ ચાલુ રહે છે ત્યાંસુધી તે માણસનો ફિર્યાદ કરવાનો હક મોકુફ રહે છે, અને એ દરમ્યાન ઇંગ્રેજ સરકારે તેનો તે હક લેઈ લીધો ન હોય તો તે સલાહ થયાપછી તેને તે પાછો મળે છે.[1]

---

[1] કેટલાક ઇંગ્લિશ ગ્રંથકારોનો અભિપ્રાય એવો છે કે કરારની વાત આગળ ઉપર થવાની હોય તોપણ લઢાઇનો આરંભ થયો એટલે તે કરાર સમૂળગો રદ થાય છે.

૧૨. લઢાઈ ચાલતી વખત પરદેશના માણસને અહીં- યાના લોકો સાથે કરાર વગેરે કરવાનો અધિકાર નથી; તો- પણ અહીંના લોકો તેના દેશમાં લઢાઈના કારણથી રોકઈ ગયા હોય કિંવા તે દેશમાંથી પોતાના દેશમાં પાછા આવતા હોય તેમની સાથે અન્નવસ્ત્રાદિ અવશ્ય પદાર્થોને વાસ્તે કરાર કરવાને તેને અધિકાર છે; અને તે અહીંની કોરટની હદમાં રહેતો હોય તો બીજાની તેના ઉપર ફિર્યાદ ચાલશે. પરંતુ લઢાઈ ચાલુ છે ત્યાંસુધી અહીંની કોરટમાં તે કોઇના ઉપર ફિર્યાદ કરી સકતો નથી.

લઢાઈના કારણથી પારકા દેશમાં રોકાએલ લોકો.

૧૩. (૨) ફેલન્સ એટલે જેને મોટો કલંક લગાડેલો હોય એવા સાહસકર્મો કરવાથી અપરાધી ઠરેલા મનુષ્ય પોતાના આ- ચરણ ઉપરથી કરાર વગેરે વ્યવહાર કરવાને ના લાયક માનેલા છે. ખૂન વગેરે સાહસકર્મ કરવાથી જેને અપરાધી ઠરાવેલો હોય કિંવા રાજ્ય રક્ષણ બહિષ્કૃત (ઈo આઉટલા) કરેલો હોય તે જીવતાછતાં મરી ગયો છે એમ માનીને તેની સર્વ માલ મિલકત સરકાર લેછે. અને લોકો ઉપર ફિર્યાદ કરવાના વગેરે જે તેના હક હોય તે સર્વ સરકારને મળે છે.[1] એ ઉપરથી એવા માણસને કરાર વગેરે કરવાને મૂળથીજ અ- ધિકાર નથી એ સ્પષ્ટ જણાય છે. અને અપરાધ કરતાં પેહેલાં તેણે કરાર કરેલો હોય તો તે ઉપરથી આગળ તેના ઉપર બીજાની ફિર્યાદ ચાલશે તોપણ તેની બીજાની ઉપર ફિર્યાદ ચાલનાર નથી. પરંતુ ન્યાયાધીશે જ્યાંસુધી તેને અ- પરાધી ઠરાવેલો નથી, ત્યાંસુધી કરાર વગેરે કરવાને તેને હર- કત નથી. માટે કોઈ તોહોમત આવ્યાથી કેદમાં પડ્યાપછે. પરંતુ અપરાધી ઠરતાં પેહેલાં પોતાની મિલકત બીજાને વેચે કિંવા બીજી રીતે તેની વ્યવસ્થા કરેતો એવું વેચાણ કિંવા વ્યવસ્થા તે પાછળથી અપરાધી ઠરવા ઉપરથી રદ થતું નથી.

ફેલન્સ.

---

[1] એવો કાયદો છે તોપણ સરકાર અપરાધીની માલ- મતા લેતા નથી એ આપણે હમેશ જોઇએ છીએ.

માફી. ૧૪. વળી કોઈ અપરાધી ઠરયાછતાં સરકારે તેને માફી આપી તો તેને પોતાના પ્રથમના હક પાછા મળે છે.

લગ્ન થએલી સ્ત્રીઓ. ૧૫. (૩) લગ્ન થએલી સ્ત્રીઓ પોતાના ધણીના તાબામાં છે માટે તે કરાર વગેરે વ્યવહાર કરવાને ના લાયક માનેલી છે. એવી સ્ત્રીઓને મુખતીઆરની પ્રમાણે પોતાના ધણીને માટે કિંવા બીજા કોઇને માટે કરાર વગેરે કરવાને હરકત નથી; પરંતુ તે પોતાને વાસ્તે એવો વ્યવહાર કરવાને સ્વતંત્ર નથી.

ઇંગ્લિશ એક્વિટી અને હિંદુશાસ્ત્ર. ૧૬. ઇંગ્લિશ એક્વિટી પ્રમાણે અને તેમજ હિંદુશાસ્ત્ર પ્રમાણે લગ્ન થએલી સ્ત્રીએ પોતાના ધણીની આજ્ઞાથી કિંવા તે ધણીનો સંસાર ચલાવવા સારૂ કરજ વગેરે કરેલું ના હોય તો તે વિશે તે સ્ત્રી પોતે જવાબદાર થાય છે, અને કરજ વગેરે તેની માલ મિલકતથી અપાવવું એમ છે. નીચે જે નિયમ કહ્યા છે તે સર્વ ઇંગ્લિશ લૉના સમજવા.

ઇંગ્લિશ લૉ. ૧૭. ઘણીક વાતોમાં ધણી તથા સ્ત્રી, એ એક માનેલાં છે, તેથી બંનેની વચમાં કોઈ પ્રકારનો વ્યવહાર (કરાર વગેરે) થઈ સકતો નથી. તેમજ ધણીએ કહ્યાવિના સ્ત્રીએ પરબારચા માણસ સાથે કાંઈ કરાર કર્યો હોય તો તે કરાર ઉપરથી કોઇના ઉપર પણ ફિર્યાદ ચાલવાની નથી. ધણીએ કહ્યા ઉપરથી સ્ત્રીએ કાંઈ વ્યવહાર કરેલો હોય તો તેના ધણી ઉપર ફિર્યાદ ચાલશે. વળી ધણીએ સ્ત્રીને તેનો કાંઈ અપરાધ નહીંછતાં વિના કારણે કાઢી મુકી હોય અને તે કારણથી તે સ્ત્રીને પરભરચા વ્યાપારી સાથે કરાર વગેરે વ્યવહાર કરવો પડ્યો હોય તો તે કરાર બાબત તેના ધણીઉપર ફિર્યાદ ચાલશે. પરંતુ સ્ત્રીની ચાલ ખોટી હોવાને લીધે ધણીએ તેને કાઢી મુકી હોય કિંવા તે પોતાની ખુશીથી ધણીથી જુદી રહેતી હોય તો, ધણીના સંમત્ત વિના વ્યવહાર કર્યો હોય, તો તે ધણી તે વિશે જવાબદાર થતો નથી.

કારપોરેશન. ૧૮. (૪) કારપોરસન એટલે કેટલાએક માણસ કાંઈ

વ્યાપાર કિંવા કામ કરવાના હેતુથી એકત્ર થઈને તથા પોતાની મંડળીને એક નામ આપીને સર્વ કામ તે નામથી તથા અમુક રીતે ચલાવવું એવો નિશ્ચય કરીને સરકારના હુકમથી કામ ચલાવે છે. આવી મંડળીનો સર્વ વ્યવહાર બહુ કરીને લેખથી થાય છે, અને લેખ ઉપર મંડળીના નામની મોહોર મારેલી હોય છે.—આ વિશે આગળ વધારે વિચાર કરેલો છે.

૧૯. (૫) **અપ્રાપ્તવ્યવહાર** એટલે નાની ઉમરના માણસને ઉમર લાયક થએલાં માણસ પ્રમાણે કરાર વગેરે વ્યવહાર કરવાનો અધિકાર નથી. કોઈ માણસને કેટલા વરસનો થતા લગી નાની ઉમરનો સમજવો એ વિશે જુદા જુદા દેશમાં જુદા જુદા ઠરાવ છે. ઇંગ્લિશ કાયદા પ્રમાણે એકવીસ વર્ષ લગી, મુસલમાની કાયદા પ્રમાણે સોળ વર્ષ પેહેલાં પાકી ઉમરનાં ચિન્હ દેખાતાં સુધી, નહીં તો હિંદુશાસ્ત્ર પ્રમાણે સોળ વર્ષ સુધી માણુસને નાની ઉમરનો ગણાય છે.[1] અપ્રાપ્તવ્યવહાર.

૨૦. ઇંગ્લિશ કાયદા પ્રમાણે નાની ઉમરના માણસે કરેલા કરાર તેના હિતના હોય તો તે વિશે તે જવાબદાર છે. માટે જો કોઈ નાની ઉમરના ઇંગ્રેજે અન્ન વસ્ત્રને સારૂ કરાર કર્યો તો તે બાબત તેના ઉપર ફિર્યાદ ચાલશે. નાની ઉમરના માણસને વિચારશક્તિ તથા ડહાપણ કમી હોવાને લીધે વ્યાપાર વગેરે વ્યવહાર કરવાને તે નાલાયક માનેલો છે. માટે તેણે હુંડી સીકારી હોય કિંવા જામીન થયો હોય તો તેના ઉપર ફિર્યાદ ચાલતી નથી. તેની જવાબદારી.

૨૧. તેમજ પોતાના દરરોજ પેહેરવાનાં વસ્ત્ર, દાગીના એ વેચાણ આપવાનો કરાર નાની ઉમરના માણસે કર્યો

---

[1] કેટલાક વ્યવહારમાં માણસને ક્યાં લગી નાની ઉમરનો ગણવો એ વિષે સરકાર આક્ટ ઠરાવે તો તે માણસને તે વ્યવહાર સારૂ તેમાં લખેલીમુદત લગી નાની ઉમરનો ગણવો.

હોય તે રદ થાય છે. એજ પ્રમાણે જો કોઇ નાની ઉમરના માણસે નાણું કરજાઉ લીધું હોય. (અને તે કદાચિત અન્ન વસ્ત્રાદિક અવશ્ય પદાર્થ લેવાસારૂ કરજ લીધું હોય તોપણ) તે બાબત તેના ઉપર ફિર્યાદ ચાલનાર નથી. કારણકે તે એ નાણાંનો નકામી રીતે ઉપયોગ કરશે એવો સંભવ છે, માટે તેણે કરેલા વ્યવહાર ઉપર કોરટથી મુદલ ભરૂસો રખાતો નથી. પરંતુ બીજા કોઈ પુખ્ત ઉમરના માણસે તે નાની ઉમરના માણસના ઉપર પોષણનેસારૂ નાણું લીધું હોય તો તે પુખ્ત ઉમરના માણસ ઉપર ફિર્યાદ ચાલશે.

૨૨. નાની ઉમરના માણસે કાંઈ હિસાબની બાકી કહાડી હોય તો તેના ઉપર ફિર્યાદ ચાલતી નથી. કારણકે તે ઉમરલાયક થાય ત્યાંસુધી તે હિસાબ સમજતો નથી એમ કોરટ સમજે છે.

૨૩. નાની ઉમરના માણસને વકીલ નીમવાને અધિકાર નથી.

૨૪. વ્યાપાર સંબંધી કાંઇ કામ કીધા બાબત કિંવા ઘર ભાડે આપ્યા લીધા બાબત નાની ઉમરના માણસ ઉપર ફિર્યાદ ચાલતી નથી. કારણ પોતાને અનહિત કરનારો એવો કાંઈ પણ વ્યવહાર નાની ઉમરનું માણસ કરીશકતું નથી.

૨૫. નાની ઉમરના માણસે ઘર, જમીન કિંવા રેલવે કંપનીના કિંવા બ્યાંકના શેર (એટલે ભાગ) વેચાણ લીધા તો નાની ઉમર છતાં કિંવા ઉમરલાયક થયા પછે તુરતજ તે વેચાણ રદ કરવાનો અધિકાર તેને છે, અને ઉમરલાયક થયા પછે પણ જો તે વેચાણ રદ નહીં કરે તો, પાછળથી રદ કરવામાં આવનાર નથી. માટે નાની ઉમરનો છતાં શેર બાબતના હફતાની જે માગણી કરેલી હોય તે સર્વ ભરવી પડશે. "જે બાબત હફતો માગ્યો તે વખત હું નાની ઉમરનો હતો" એવું કારણ પાછળથી બતાવવું ઉપયોગી નથી.

૨૬. ઉપર એમ કહ્યું છે કે, નાની ઉમરના મનુષ્યે કરેલો કરાર જો તેના હિતનો હોય તે કોર્ટ મંજુર ગણેછે. પરંતુ હિતનો ના હોયતો તેના ઉપર ફિર્યાદ ચાલનાર નથી. તથાપિ પેહેલા પ્રકારના કરાર વિશે તે માણસ નાની ઉમરનો છે ત્યાંસુધી તેના ઉપર ફિર્યાદ ચાલશે નહીં. પણ તે માણસ નાની ઉમરનો છતાં પુખ્ત ઉમરના માણસ ઉપર ફિર્યાદ કરી સકેછે. એક નાની ઉમરના માણસે પોતાના પાલન કરનારની મારફત એક પુખ્ત ઉમરના મનુષ્ય ઉપર ફિર્યાદ કરી કે, "મેં પ્રતિવાદીને દશ રૂપીઆ આપ્યા અને અમો બંને જણાએ એવી કબુલાત કરી કે, મારે તેની સાત વરસ સુધી ચાકરી કરવી, અને તે બદલ તેણે મને અન્ન વસ્ત્ર આપવું તથા તેણે મને કાંઈ વિદ્યા શિખવવી એવું છતાં તે હાલમાં તેમ કરતો નથી." ત્યારે પ્રતિવાદીએ એવી તકરાર કરી કે, આ ઠેકાણે હિત અનહિત જોતાં કરારને પુરૂ કારણ નથી[1]; કારણકે મેં તે કરાર ઉપરથી ફિર્યાદ કરી હોત તો વાદી નાની ઉમરનો હોવાને લીધે તે દાવો રદ કરવામાં આવત." પછે કોર્ટે એવું ઠરાવ્યું કે, એ કરાર ઉપરથી નાની ઉમરના માણસ ઉપર ફિર્યાદ થઇ સકતી નથી તોપણ તે કરાર ઉપરથી પુખ્ત ઉમરના માણસ ઉપર ફિર્યાદ કરવાને હરકત નથી.

૨૭. હવે, ઉપર જે નિયમ કહ્યો તે વાસ્તવિક ન્યાય નહીં. કારણકે જ્યારે કોઇ એક કરાર ઉપરથી નાની ઉમરના માણસ ઉપર ફિર્યાદ ચાલે નહીં એમ હોય, તો તે નાની ઉમરના માણસની બીજાની ઉપર પણ ફિર્યાદ ચાલે નહીં. માટે એક્વિટીમાં નાની ઉમરના મનુષ્યે કોઇ ઉપર કરારની રૂઇએ ફિર્યાદ કરી હોય તો ચાલતી નથી.

૨૮. અન્ન, વસ્ત્ર વગેરે જે અવસ્ય પદાર્થ તે નાની ઉમરના માણસને કોઇએ પુરાં કરી આપ્યાં હોય, તો તે બાબત તેના ઉપર

1 એ બાબત આગળ વિચાર કરેલો છે.

ફિર્યાદ ચાલશે, એમ ઉપર કહ્યું, પરંતુ તે, પોતાના માબાપની પાસે રહેતો હોય તો તે માબાપના મત્ત શિવાય તેને તે પદાર્થ આપેલા હોય તો તે ફિર્યાદ ચાલનાર નથી. જો તેણે કાપડવાળા પાસેથી કાપડ વેચાથી લેઇને પોતાના બાપને ઘેર આણ્યું, અને બાપે તે જોતાંવાંતજ તેને પાછું મોકલવાનું કહ્યું, તો એ કાપડની કીમતને સારૂ કાપડવાળાની ફિર્યાદ ચાલનાર નથી. પરંતુ તે કાપડ તે છોકરાએ આંણેલું છે એ બાપને માહિત છતાં અથવા તે છોકરાને વાપરતાં જોઇને તેને બાપે કાંઇ કહ્યું નહીં, તો તે ઉપરથી કાપડ વેચાથી લેવાનુ બાપનુ સંમત્ત છે એમ સમજવું. અને એવી વાતમાં બાપ મુખ્ય અને છોકરો તેનો મુનીમ એમ સમજીને મુખ્ય અને મુનીમ એઓના વિશેના નિયમ પ્રમાણે કાપડની કીમતને સારૂ બાપ ઉપર ફિર્યાદ ચાલશે. પરંતુ છોકરા ઉપર કોઈ દિવસ ચાલવાની નથી. નાની ઉમરના છોકરાને બાપે બોર્ડીંગ સ્કુલમાં મોકલ્યો હોય તો અન્ન વસ્ત્ર તથા શિખવવાની મેહેનત બાબત ગુરૂની ફિર્યાદ છોકરા ઉપર ચાલનાર નથી પણ બાપ ઉપર ચાલશે.

૨૯. જો નાની ઉમરના છોકરાને માબાપ ન હોય કિંવા હોય પણ તેનાથી જુદા રહેતા હોય, અને તેને અન્ન વસ્ત્ર આપતા ન હોય તો નાની ઉમરના છોકરા પાસેથી અન્ન વસ્ત્રને સારૂ પ્રમાણિકપણેથી યોગ્ય કરાર કરી લેવાનો બીજાને અધિકાર છે. કારણ કે એ પ્રમાણે સુગમપણું રાખ્યુ ના હોય તો છોકરાને અન્ન વસ્ત્રાદિ પદાર્થ મળવાની અડચણ પડે, અને ઉમરલાયક માણસ કરતાં પણ તેની સ્થિતિ ઘણીજ માઠી થાય. પરંતુ નાનો ઉમરના માણસે અમુક વસ્તુની અમુકજ કીમત આપવાનું કબુલ કર્યું હતું માટે તે કીમત અપાવવી એવી સામાપક્ષકારની તકરાર ચાલવાની નથી. જે તેને અન્ન વસ્ત્ર વગેરે અવશ્ય પદાર્થ પૂરા પાડ્યા હોય, તેને તે પદાર્થની વાસ્તવિક કીમત માત્ર મળશે.

૩૦. નાની ઉમરના માણસે ઘર ભાડે લીધું હોય તો ભાડા બાબત તે જવાબદાર થાય છે. પરંતુ ભાડું અઘટિત હોય, કિંવા તે માણસની યોગ્યતા જોવા જઇએ તો એવડા મોટા કિંવા સારા ઘરની ગરજ નોતી એમ જણાય તો, કિંવા વ્યાપાર ચલાવવાને સારૂ તે ઘર લીધું હોય, તો, તે નાની ઉમરનો મનુષ્ય જવાબદાર થતો નથી. નાની ઉમરના માણસે પોતાનાં બઇરાં છોકરાંને વાસ્તે જે અન્ન વસ્ત્ર વગેરે પદાર્થ વેચાથી લીધા હોય, તેમને વાસ્તે પણ ઉપરના નિયમ લાગુ છે, એમ સમજવું.

૩૧. ઉપર જે લખ્યું તે ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે, અન્ન વસ્ત્ર વગેરે જે પદાર્થ અવશ્ય છે, તે બાબત નાની ઉમરનો માણસ પુખ્ત ઉમર થયાપછી જવાબદાર છે. હવે, વિચાર કરીને જોતાં કેટલાક પદાર્થ તો જીવવાને વાસ્તે અવશ્યજ છે. જેમ કે અન્ન, વસ્ત્ર, પાણી, રહેવાને જગા, વિદ્યા વગેરે; અને કેટલાક પદાર્થની બીલકુલજ જરૂર નથી. જેમ કે, ભારે કીમતનુ જવાહીર. દરરોજ મોટી મોટી જ્યાફતો, ઐશઆરામ, સૈકડો હાથી, ઘોડા વગેરે. પરંતુ કેટલાક પદાર્થ એવા છે કે તે અવશ્ય છે કે નહીં તે માણસની સ્થિતિ ઉપરથી ઠરાવવું જોઇએ. નાની ઉમરના મનુષ્યની પદવી પ્રમાણે તેને બારીક કિંવા જાડાં વસ્ત્ર જોઇએ. તેની યોગ્યતા તથા ઉમરલાયક થએથી વિદ્યાભ્યાસનું ખર્ચ આપવાને જેવું સામર્થ્ય હોય, તેવી તેની વિદ્યા હોવી જોઇએ. લોકોમાં તેની જેવી આબરૂ હોય તે પ્રમાણે તેની પાસે નોકર વગેરે જોઇએ, તથા માંદો પડયો હોય તો તેના રોગ તથા ઉમરલાયક થએથી ઔષધની કીમત આપવાનુ સામર્થ્ય જેવું હોય તેવું ઔષધ જોઇએ. આ ઉપરથી ભિક્ષા માગનારના છોકરાને નિશાળે જવાને ઘોડો, પેહેરવાને શાલજોડો, ઔષધ લેવાને સો રૂપીઆની હીમગર્ભ માત્રા વગેરે આ અવશ્ય પદાર્થ ના કહેવાય; પરંતુ મોટા જાગીરદારના કિંવા રાજાના છોકરાને

અવશ્ય પદાર્થ કિયા.

એ સર્વ પદાર્થ તથા તે કરતાં વધારે કીમતના પદાર્થ અવશ્ય છે.

નાની ઉમરના મનુષ્યની ઉમરલાયક થએથી જવાબદારી.

૩૨. જે વસ્તુ અવશ્ય નથી તે બાબત નાની ઉમરના મનુષ્ય ઉપર ફિર્યાદ ચાલનાર નથી, એમ ઉપર કહ્યું, હવે, એવી વસ્તુ તે ઉમરલાયક થયાપછે તેની પાસે છતાં તે પાછી આપતો ન હોય કિંવા તેની કીમત આપવાને કબુલ થતો ન હોય તો તે નાની ઉમરના મનુષ્ય ઉપર તે વસ્તુ બાબત ફિર્યાદ ચાલશે. કારણ કે ઉપર લખેલા નિયમ જુઠા તથા લુચ્ચા લોકોથકી નાની ઉમરના માણસનુ રક્ષણ થવાને સારૂ કરેલા છે; પરંતુ તેણેકરીને નાની ઉમરના માણસને વિનાકારણે બીજાનો નાશ કરવાનુ ફાવે એવા હેતુથી તે કરેલો નથી. નાની ઉમરછતાં જે માલ વેચાથી લીધો હોય તેની ઉમરલાયક થએથી જરૂર ન હોય તો તે પાછો આપવો, કિંવા તેની કીમત આપવી એ વાજબી છે.

કાયમકીધાથી જવાબદારી.

૩૩. તેમજ જે કરાર ઉપરથી નાની ઉમરના માણસ ઉપર ફિર્યાદ ચાલતી નથી તે કરાર તે માણસે ઉમરલાયક થએથી કબુલ કીધો, તો તે કાયમ થાય છે; અને તે ઉપરથી તે માણસ ઉપર ફિર્યાદ ચાલશે. સને ૧૮૪૦ના ૧૪મા આક્ટ પ્રમાણે કરાર માન્ય કીધાનો કબુલત લખેલી હોવીજોઇએ.[1] તે લેખમાં મીતી, કિંવા વ્યવહારનુ સવિસ્તર વર્ણન, કિંવા સાહુકારનું નામ, કિંવા કરજની રકમ વગેરે લખેલું ન હોય તોપણ તે બાબત મોઢાનો પુરાવો ચાલે. પણ કબુલત લખેલી છતાં તે ઉપર કબુલત લખી આપનારની સહી હોવી જોઇએ, બીજાની સહી ઉપયોગી નહીં. માટે કે એક નાની ઉમરના માણસે કરજ કરીને ઉમરલાયક થએથી તે કાયમ રાખવાસારૂ બીજાને અધિકાર આપ્યો, અને તે ઉપરથી તે બીજા ધણીએ સાહુકારને કરજાઉ ચીઠી પોતાની સહીથી લખી આપી તોપણ એવી ચીઠી ઉપર-

---

૧ ઇંગ્લિશ લૉ જે મુકદમાને લાગુ છે તેને માત્ર આક્ટ લાગે છે.

થી क ઉપર ફિર્યાદ ચાલનાર નથી; કારણ કે સને ૧૮૪૦ના ૧૪મા આક્ટ પ્રમાણે તે કરજાઉ ચીઠી ઉપર कनीज सही થવી જોઇએ. જો કોઈ નાની ઉમરનો છતાં હુંડી શીકારશે, અને ઉમરલાયક થએથી હુંડીની પીઠે લખેલા શેરાનીચે સહી કરશે, તો તેના ઉપર ફિર્યાદ ચાલશે. જો કોઈ માણસે નાની ઉમરછતાં કરજ કહાડીને, હું " તે કરજ આપીશ" એમ ઉમરલાયક થયા પછે પોતાની સહીથી લખીઆપ્યું, તો તે કરજ આપવું જોઇએ. જો अ નાની ઉમરનો છતાં લાયક ઉમરવાળા ब મનુષ્ય સાથે કાંઈ વ્યવહાર કરીને તે બાબત अએ પોતાની નાની ઉમરછતાં હિસાબની બાકી કહાડી, અને ઉમરલાયક થએથી તેણે તે બાકી નીચે સહી કરી, તો अ ઉપર बની ફિર્યાદ ચાલશે. પરંતુ નાની ઉમરના મનુષ્યે કરેલી કબુલતમાં કાંઈ શરત હોય તો તે પૂરી થયા વિના ब। ફિર્યાદ કરી સકાય નહીં. જેમ કે કોઈ એવું લખી આપે કે, "હું નાની ઉમરનો છતાં તમારી પાસેથી ૫૦૦ રૂપીઆ લીધા ખરા; પરંતુ મારાથી હવડાં અપાતા નથી, મને જ્યારે રૂ૫૦ ના દર માહાની નોકરી મળશે ત્યારે હું તમામ કરજ ચુકાવી આપીશ. સહી. क, ख" એવે ઠેકાણે. क, ख, ને ૫૦ રૂપીઆના દર માહાની નોકરી મળે ત્યાંસુધી તેના ઉપર ફિર્યાદ ચાલનાર નથી.

કપટનો પરિણામ.

૩૪. પરંતુ એવા પ્રકારનું વચન કિંવા કબુલત ફિર્યાદ કરતાં પેહેલાં આપેલી જોઇએ. વળી એવી કબુલત કપટથી કરી લીધી હોય તો તે ઉપયોગી નથી. જેમ કે, પ્રતિવાદી નાની ઉમરનોછતાં વાદીએ તેને કાંઈ અવશ્ય ના હોય એવા પદાર્થ વેચાથી આપીને તેની યાદ કરી મુકી હતી; પરંતુ પ્રતિવાદી કબુલત કરી આપે ત્યાંસુધી તેને તે યાદ ના બતાવતાં તેની પાસેથી કબુલત કરાવી લીધી. અને પછે ફિર્યાદ કરી. આ ઠેકાણે પ્રતિવાદી પાસેથી કબુલત કરાવી લેતાં તેને યાદ બતાવી હોત તો તેણે કદી તે કબુલત

લખી આપી ના હોત. માટે વાદીને પોતાના કપટથી ફાયદો લેવા દેવો ન જોઇએ; તેમજ પ્રતિવાદીના મનમાં ભય ઉત્પન્ન કરીને કિંવા તેને અટકાવી રાખીને તેની પાસેથી કબુલત લખી લીધી હોય તો તે નકામી છે.

કેફ ચડેલા મનુષ્યો.

૩૫. (૧) જો કોઈ માણસે કેફ કરેલી છે એમ જાણીને બીજો કોઈ તેની પાસેથી કાંઈ કરાર કરી લેતો તે વ્યવહાર કપટથી થયો એમ સમજવું, અને એવા કરાર ઉપરથી તે કેફ ખાધેલા માણસ ઉપર ફિર્યાદ ચાલનાર નથી. માટે પ્રતિવાદીએ હુંડી સીકાર્યા બાબત તેના ઉપર વાદીએ ફિર્યાદ કરવા ઉપરથી પ્રતિવાદી જો કોર્ટને એમ કહેશે કે, "મેં જે વખત હુંડી સીકારી તે વખત મને એટલી બધી કેફ ચઢી હતી કે હું શું કરૂંછું તેનું તે વખત મને ભાન નોતું" તો પ્રતિવાદીની તકરાર કોર્ટ માન્ય કરશે. પરંતુ જો કેફ કીધા છતાં તેને દેહનું ભાન હોય અને બીજાની સહાયતાવિના સહી વગેરે કરી સકાતી હોય, તો એવે પ્રસંગે હુંડી સીકારી હોય કિંવા બીજો કાંઈ વ્યવહાર કરેલો હોય તો તેના ઉપર ફિર્યાદ ચાલવાને હરક્ત નથી. વળી જો એમ માન્યુ કે પ્રતિવાદીએ કેફ કરેલીછતાં વ્યવહાર કરતી વખતે તેને દેહનું ભાન હતું તોપણ પ્રતિવાદી જો એમ કહેશે કે "મેં કેફ કરેલી હતી એ વાદીને માલુમછતાં તેણે મને ફસાવ્યો," કિંવા એમ કહેશે કે "એવે સમયે હું ફશી જઇશ એમ જાણીને મારી પાસેથી કરાર કરાવી લીધો." કિંવા એમ કહેશે કે "હું આ કરાર કરી આપું એટલા વાસ્તે મને તેણે કેફ ખવરાવ્યો" તો કરાર રદ થશે.

૩૬. આ રીતે બીજાના કપટ થકી કેફી માણસનું રક્ષણ થાય છે તોપણ તે બીજાની સાથે કપટથી વ્યવહાર કરશે તો જવાબદારીથી છુટો થવાને સારૂ તેનો કેફ કીધાનો સબબ ચાલનાર નથી. માટે જો કોઈ માણસ પુષ્કળ દારૂ પીને દુકાનમાંથી માલ વેચાથી લેશે, અને શુદ્ધિમાં આવ્યા

પછે તે માલ પાછો નહીં આપતાં વાપરશે, તો તે માલબાબત તેના ઉપર ફિર્યાદ ચાલશે. અને એવી ફિર્યાદમાં આ વ્યવહાર કરતી વખત મેં દારૂ પીધો હતો માટે મારા ઉપર ફિર્યાદ ચાલે નહીં, એવું પ્રતિવાદીનુ બોલવું વ્યર્થ સમજવું.

૩૭. (૭) કરાર કરતી વખત જો કોઈ માણસ ગાંડો હોય અને તે જાણીને બીજાએ તેને કોઈ પણ રીતે ફસાવ્યો એમ જણાઈ આવે, તો તે કરાર કપટથી કરી લીધો માટે રદ થાય છે; પરંતુ તે ગાંડો છે એ વાત જાણ્યાવિના પ્રમાણિકપણેથી તેની સાથે બીજાએ વ્યવહાર કર્યો હોયતો તે રદ થતો નથી. માટે કોઈ ગાંડાને પ્રમાણિકપણેથી માલ વેચ્યો હોય, અથવા તેને વાસ્તે કાંઈ કામ કર્યું હોય તો તે બાબત તેના ઉપર ફિર્યાદ ચાલશે. કારણ કે હું તે વખત ગાંડો હતો એવો સબબ કહીને પ્રમાણિકપણેથી થયેલો વ્યવહાર કપટથી રદ કરવાને તે ગાંડાને અધિકાર નથી. ગાંડા.

૩૮. કાંઈ વ્યવહાર ગાંડાના હિતનો હોય તો તે ગાંડો સાવધછતાં તે વ્યવહાર થયો એમ અનુમાન કરવું.

૩૯. કોઈ માણસ ગાંડોછતાં તેણે ભાવીકરાર (એટલે જે કરાર ઉપરથી કાંઈ વાત કરાવવાની, તે સર્વ કિંવા તે મધ્યેની કાંઈક કરાવવાની છે એવો કરાર) કર્યાછતાં તે મધ્યેની સર્વ વાત બનતાં પેહેલાં શુદ્ધિમાં આવ્યાથી તેણે કરાર કરતી વખત હું ગાંડો હતો એમ બીજા પક્ષકારને કહીને પોતાને કરારના બંધનમાંથી મુક્ત કરી લેવાને તેનો અધિકાર છે. સારી સ્થિતિમાંછતાં કરાર કરીને પછે ગાંડો થયો હોય તો તે કરાર રદ થતો નથી.

૪૦. એગ્જીક્યુટર (એટલે કોઈ માણસ પોતાની પાછળ પોતાની માલમિલકતની વ્યવસ્થા કરવા સારૂ મૃત્યુપત્રમાં જે મનુષ્ય નીમે તે) અને આડમિનિસ્ટ્રેટર (એટલે કોઈ માણસ મરીગયા પછે તેને એગ્સીક્યુટર ન હોય ત્યારે તેની માલમિલકતની વ્યવસ્થા કરવા સારૂ સરકાર જે માણસ એગ્જીક્યુટર તથા આડમિનિસ્ટ્રેટર.

નીમ છે તે ) આ વિશે ભાગ ૪ નું પ્રકરણ ૧ જુવો.

નાદાર.

૪૧. (૯) નાદારવિશે ભાગ ૪ નું પ્રકરણ ૨ તથા ભાગ ૭ પ્રકણ ૩ જુવો.

મુખ્ય તથા મુનીમ

૪૨. મુખ્ય અને તેના મુનીમ એ બાબત ભાગ ૪ નું પ્રકરણ ૩ જુવો.

ભાગદાર.

૪૩. (૧૧) સહીઆરાવિશે ભાગ ૪ પ્રકરણ ૪ અને ૫ જુવો.

મૂળ જવાબદાર તથા જામીન.

૪૪. ( ૧૨ ) મૂળ જવાબદાર અને જામીન એ વિશે ભાગ ૫ પ્રકરણ ૧ જુવો.

---

## પ્રકરણ ૩.

### કાયદાસર ઉદ્દેશ.

કરાર શી બાબતના થાય છે.

૪૫. સર્વે કરાર જોવા જોઇએ તો પદાર્થ અથવા કૃતિ સંબંધી હોય છે; કેટલાક કરાર હું અમુક પદાર્થ આપીશ, કિંવા લઇશ એવા પ્રકારના હોય છે, અને કેટલાક કરાર હું અમુક કામ કરીશ. કિંવા કરનાર નહીં એ પ્રકારના હોય છે. તોપણ સર્વ પદાર્થ વિશે અથવા સર્વ પ્રકારના કામ વિશે કરાર કરી સકાય છે, એમ નથી. જે વાત વિશે ક્રય[1] વિક્રયાદી[2] વ્યવહાર કરવાને સૃષ્ટિ નિયમ ઉપરથી કિંવા કાયદા ઉપરથી હરકત નથી, તેજ બાબત કરાર કરી સકાય છે. ઉ૦ સૂર્ય, ચંદ્ર, તારા, ધર્મશાળા, દેવળો, સ્મશાનો, અને જે પદાર્થ દેશમાં લાવવાને કાયદાથી મનાઈ હોય એવા પદાર્થ વિશે કરાર વગેરે વ્યવહાર થતા નથી.

૪૬. આગળ ઉત્પન્ન થવાના પદાર્થ વિશે તેમજ પોતાનો હક વગેરે બીજાને આપવા વિશે કરાર કરી સકાય છે. એટલુંજ નથી પરંતુ હાલ આપણી પાસે નથી એવા પદાર્થ વેચવા વિશે કરાર કરી સકાય છે.

---

[1] લેવું. [2] વેચવું.

૪૭. સૃષ્ટિ નિયમ ઉપરથી જે કરવાને અઘટિત તે કરવાનો કરાર રદ સમજવો. જેમકે હું આકાશને આંગળી અડકાડું તો મને બે લાખ રૂપીઆ આપવા. આ કરાર અઘટિત હોવાને લીધે રદ થાય. પરંતુ મૂળમાં વાત થવા સરખી હોય અને પક્ષકારથી બની સકતી ના હોય તો કરાર રદ થઈ સકતો નથી. ઉ૦ હું કાલે અમદાવાદથી ચાર લક્ષ ખાંડી રૂ મુંબાઈ મોકલીશ; એવા કરાર કીધાછતાં જો કદાપિ સર્વ શેહેરમાં તથા આસપાસના ગામોમાં એટલું રૂ મળવા સરખું ન હોય તોપણ મારે ગમે તેમ કરીને કરાર પુરો કરવો જોઈએ, નહીં તો નુકસાન ભરી આપવું જોઈએ. પરંતુ જેને મેં વચન આપ્યું તેને એ વાત કરાર કરતી વખત માહીત હોય તો કરાર વ્યર્થ સમજવો. સૃષ્ટિ નિયમ વિરૂદ્ધ કરાર.

૪૮. નીતિ વિરૂદ્ધ, કિંવા કાયદા વિરૂદ્ધ, કિંવા કોર્ટે માન્ય કીધેલા દેશાચાર વિરૂદ્ધ કાંઈ કામ કરવાને સારૂ જો કરાર કર્યો હોય તો તે કાયદા વિરૂદ્ધ છે એમ સમજીને કોર્ટ વાદીની ફિર્યાદ સાંભળનાર નથી. પરંતુ કરાર કાયદા વિરૂદ્ધ છે એવું પુરાવવિના કોરટ ગણનાર નથી. તાથપિ નીતિ વિરૂદ્ધ કિંવા કાયદા વિરૂદ્ધ જે વાત હોય તે કરાર ઉપરથી કોર્ટની નજરમાં આવે તો તે કરાર ઉપરથી કરેલી ફિર્યાદ રદ થશે. નીતિ વિરૂદ્ધ તથા કાયદા વિરૂદ્ધ કરાર.

૪૯. જે કરારથી વ્યભિચાર વધે છે તે કરાર નીતિ વિરૂદ્ધ હોવાને લીધે રદ થાય છે. માટે જો કોઈએ પોતાને વ્યભિચાર કરવા દેવા બાબત એક કસબણ સાથે કાંઈ નાણું આપવાનો કરાર કર્યો તો તે વ્યર્થ છે, તેથી તે ઉપરથી ફિર્યાદ ચાલવાની નથી.[1] તેમજ જો કોઈએ વ્યભિચારિણીને વ્યભિચાર.

---

[1] પરંતુ પ્રથમ તેણે પોતાની સાથે વ્યભિચાર કરવા દીધો એ કારણથી તેને પેટે આપવા વિશે સાધારણ કરાર કર્યો હોય તો તે ઉપરથી ફિર્યાદ ચાલશે, કારણકે, એવા કરારથી વ્યભિચાર વધવાનો સંભવ નથી.

દૂરાચારને માટે પોતાનું ઘર જાણી જોઇને આપ્યું તો ભાડાને વાસ્તે ફિર્યાદ ચાલનાર નથી. તેમજ જો કોઈ વ્યભિચારિણીને જોઇને લોકોનું મન ચળાવવાને માટે તેને તરેહ તરેહનાં ઊંચાં લુગડાં, સાડી, બંડ વગેરે કોઈ વ્યાપારીએ વેચ્યાં, અને વેચતી વખતે તેને જો એવું માહિત હોય, કે તે સ્ત્રીના વ્યભિચારથી જે પ્રાપ્તિ થનાર તેમાંથી તેને કાપડની કીમત મળનાર છે, તો તેની કાપડની કીમતની ફિર્યાદ ચાલનાર નથી.

વિભત્સ પુસ્તકો વગેરે.

૫૦. તેમજ કોઇએ વિભત્સ ચિત્ર, કિંવા અનંગરંગ સરખું પુસ્તક વેચ્યું, કિંવા છાપ્યું, કિંવા પ્રસિદ્ધ કીધું, કિંવા છાપીને પ્રસિદ્ધ કીધું, તો તેની કીમત બાબત ફિર્યાદ ચાલનાર નથી; એટલુંજ નહીં, પરંતુ છાપખાનાના તમામ મજુરોને તેઓની મજુરી મળનાર નથી.

રાજ્યનીતિ વિરૂદ્ધ કરાર.

૫૧. જે કરારથી સરકારી કામ કરવાને હરકત આવે છે, કિંવા જેકરાર સરકારી હોદ્દો વેચવા વિશે હોય, તે સર્વે રાજ્યનીતિ વિરૂદ્ધ હોવાને લીધે રદ થાય છે. માટે જો કોઈ સરકારી કામદારે બીજાને સરકારી હોદ્દો આપવા વિશે તેની પાસેથી કાંઈ લેવાસારૂ કબુલત કરી લીધી, તો તે વ્યર્થ થાય છે. તેમજ પોતાને સરકારી હોદ્દો મળવાને વાસ્તે કોઇને મધ્યસ્થ કરીને તેની મેહેનત બદલ તે મધ્યસ્થને કાંઈ બક્ષીસ આપવાનો કરાર કીધો, તો તે ફોગટ સમજવો; કારણ કે જો એવા કરાર કોરટે માન્ય કીધા તો તેણેકરીને સરકારી કામ અયોગ્ય માણસને મળે, અને સરકારી કામ બરોબર ચાલે નહીં.

મૃત્યુપત્ર.

૫૨. પોતાને અનુકુળ એવું મૃત્યુપત્ર કરાવી આપવા બાબત બીજાને કહીને તેને તે બાબત કાંઇ આપવાનું કબુલ કીધું હોય, તો તે કબુલત વ્યર્થ સમજવી. કારણ કે, એ ઉપરથી મૃત્યુપત્ર કરનારની ઇચ્છા પ્રમાણે તે મૃત્યુપત્ર થતું નથી. અને મૃત્યુપત્રથી જેને ફાયદો થવાનો તેને થતો નથી.

૫૩. કોઇએ પોતાની દીકરી બીજાના દીકરાને આપતી વખત તેની પાસેથી નાણું લેવાસારૂ, કિંવા બીજી રીતે પોતાનો ફાયદો કરી લેવા કબુલત કરાવી લીધી હોય, તો તે રદ સમજવી; કારણકે, લગ્નનો સંબંધ થવાને છોકરો તથા છોકરી એઓની પરસ્પર ઉપર પ્રીતિ થવી જોઇએ; તેમ ન થતાં બાપે પોતાની છોકરીના હિત ઉપર લક્ષ ન આપતાં વધારે નાણાં આપનારને તેને વેચી લીધા સરખું[1] થાય છે. એકિવિટીમાં એવા કરાર ઉપરથી છોકરીના બાપને કિંવા તેના પાલન કરનારને જે નાણું આપ્યું હોય તે પાછું આપવામાં આવે છે. લગ્નની દલાલી.

૫૪. જેની સાથે પોતાનો કાંઈ સંબંધ નથી કિંવા જેમાં પોતાને હાથ નાંખવાનું કારણ નથી, એવો મુકદમો ચલાવવા સારૂ ખરચને માટે આપવા વિશે, કિંવા બીજી કોઇ રીતે મદદ કરવાવિશે કરાર એવી રીતે કર્યો હોય કે મુકદમો સફળ થાય તો જે નાણું અથવા મિલકત આવે તેમાંથી કાંઇ ભાગ લેવો, અને નિષ્ફળ થાય તો ધીરેલું નાણું અથવા મદદ સર્વ ફોગટ સમજી તે વિશે ફિર્યાદ કરવી નહીં, તો તે કરાર રદ છે. કારણકે તેને લીધે દેશમાં ટંટો માત્ર વધે છે. જેમકે, જો કોઇ વકીલ પોતાના અસીલ પાસેથી ફી નહીં લેતાં તેનો મુકદમો ચલાવવા વિશે પોતાની ગાંઠના નાણાં આપીને સદરહુ રીતનો કરાર કરી લીધો, તો તે રદ થાયછે. પરંતુ જો પોતાનો તે મુકદમા સાથે કાંઇ સંબંધ હોય, કિંવા છે, એમ જાણવાને કાંઇ સારો આધાર હોય, તો પોતે કરેલો કરાર કેવળ ટંટો ચલાવવાસારૂ કર્યો છે એમ થતું નથી, માટે તે ઉપરથી ફિર્યાદ ચાલશે. ટંટો વધારવા વિશેના કરાર.

૫૫. જે કરારથી ન્યાય કરવાને અડચણ આવે છે તે પણ કરાર રાજ્યનીતિ વિરૂદ્ધ હોવાને લીધે રદ માનેલા ન્યાયને હરકત કરનારા કરાર.

---

[1] હિંદુશાસ્ત્ર પ્રમાણે છોકરાના તથા છોકરીના લગ્ન વિશે તેના માબાપને કરાર કરવાનો અધિકાર છે.

છે. જેમકે, અમુકજ પક્ષકારની તરફથી સાક્ષી પુરવા વિશે, સાક્ષી નહીં પુરવા વિશે કરાર, પ્રણેજ બારે સાહસ અપરાધ છુપાવવાનો કરાર વગેરે એ સર્વે રદ છે. પરંતુ કરજને માટે, કિંવા હક સ્થાપિત કરવા માટે દીવાની કોરટમાં ફિર્યાદ કીધી હોય તો તે નહીં ચલાવવા વિશે, કિંવા માલઉપરથી જપતી ઉઠાવવા વિશે, કરાર કરવાને હરકત નથી; માટે એવા કરાર ઉપરથી ફિર્યાદ કરી હોય તો તે ચાલશે. વળી ફોજદારી મુકદમો દીવાનીમાં ચાલવા સરખો હોય તો તે ફોજદારીમાં નહીં ચલાવવા વિશે કરાર કરી સકાય છે. જેમકે કોઇએ ભુક્કી મારી, તો તેના ઉપર દિવાનીમાં તથા ફોજદારીમાં ફિર્યાદ કરી સકાય છે; માટે જો કોઇએ એવો મુકદમો પ્રથમ ફોજદારીમાં લેઇ જઇને પછે ત્યાંથી કાઢી લેવા વિશે તે કરાર કરી લેશે, તો તે ઉપરથી ફિર્યાદ ચાલશે. સને ૧૮૬૦ના ૪૫મા આકટની ૨૧૪મી કલમ નીચેનો અપવાદ જુવો.

કર્તવ્ય કામ ન કરવાવિશે કરાર.

૫૬. કાયદા પ્રમાણેજ કામ પોતે કરવું જોઇએ. તે નહીં કરવા વિશેનો કરાર રદ સમજવો.

નાદાર થનારાના કરાર.

૫૭. નાદાર થનાર મનુષ્ય પોતાના સાહુકારો મધ્યેથી કેટલાકનું નુકસાન કરીને પોતાના ફાયદાને વાસ્તે બાકીના સાહુકારો સાથે કરાર કર્યો હોય તો તે રદ થાય છે. માટે જો કોઇએ પોતાની મિલકત છુપાવી નાદાર થવા ફિર્યાદ કરી હોય ને એ વાત તેના એક સાહુકારને ખબર હોવાથી તેનું મોં બંધ કરવાસારૂ તેની સાથે એ નાદાર થવા ઇચ્છનાર માણસે કરાર કર્યો હોય તો તે રદ છે. કેમકે એવા કરારથી બાકીના સાહુકારને નુકસાન પહોચે છે.

વેપારને હરકત લાવવા વિશે કરાર.

૫૮. જે કરારથી કાંઈ ઉદ્યોગ કિંવા વ્યાપાર એ સર્વેને પ્રતિબંધ થાયછે, તે પણ કરાર રાજ્યનીતિ વિરૂદ્ધ છે. માટે જો કોઇએ એમ લખી આપ્યું કે "મને બે હજાર રૂપીઆ આપે તો હું મારૂં વૈદ્યપણાનું કામ ૧૦ વરસ સુધી કરનાર

નથી" તો એવા કરાર ઉપરથી તેને ૯૦ વરસ પેહેલાં ગમે ત્યારે વૈદ્યપણું કરવાને હરકત નથી. કારણકે એ કરારથી તે વૈદ્યનો ઉદ્યોગ બીલકુલ બંધ થાય છે; માટે એ કરાર રદ સમજવો. પરંતુ વ્યાપારને અયોગ્ય પ્રતિબંધ નહીં થવા સરખા કરાર હોય, તો તે ઉપરથી ફિર્યાદ ચાલશે. જેમ કે "મને બે હજાર રૂપીઆ આપે તો હું ત્રણ વરસ સુધી બજારમાં અમુક ઠેકાણે અમુક વ્યાપાર કરનાર નથી." એ કરારમાં વ્યાપાર નહીં ચલાવવાની મુદત, તથા તે કેટલા પ્રદેશમાં ચાલવાનો નથી એ બંને વાતો અયોગ્ય નહીં હોવાને લીધે કરાર રદ થતો નથી, કારણકે આવા કામમાં મુદત અયોગ્ય નથી, અને મુદત પુરી થાય ત્યાંસુધી તેને બીજે ઠેકાણે વ્યાપાર કરવાને તથા મુદત પુરી થએથી તેજ ઠેકાણે વ્યાપાર કરવાને હરકત નથી. અને વાસ્તવિક જોતાં એ કરારથી વ્યાપાર વધવાનો સંભવ છે તે એવો કે, કરાર કરનારનો વ્યાપાર કરાર કરી લેનાર ચલાવે છે; અને તે શિવાય કરાર કરનારને પણ બીજી તરેથી અથવા બીજે ઠેકાણે વ્યાપાર ચલાવવાને છુટ છે.

૫૯. કોઈ એક વ્યાપાર સર્વસ્વ રીતે અમુક મનુષ્યેજ કરવા એ વિશે જે કરાર તે રદ છે. જો કોઈ માણસ શેહેરમાંના સર્વે દાણાવાળા પાસેથી એવો કરાર કરી લે કે. "અમને હજાર રૂપીઆ આપે તો અમે શેહેરમાં જે દાણો લાવીએ તે બીજાને નહીં વેચતાં તને વેચું, તો તે કરાર વ્યર્થ છે. ઇજારો.

૬૦. સરકારે પ્રસિદ્ધ કરેલા કાયદાવિરૂદ્ધ કામ કરવા-બાબતના કરાર વ્યર્થ સમજવા. કાયદાવિરૂદ્ધ કરાર.

૬૧. એ કારણ ઉપરથી સને ૧૮૪૮ ના ૨૧મા આકટની પેહેલી કલમ ઉપરથી જુગાર રમવા વિશે અથવા શર્ત મારવા વિશે મોઢાના કિંવા લખેલા કરાર ઉપરથી ફિર્યાદ ચાલતી નથી. સટ્ટો એ જુગારનોજ એક પ્રકાર છે એમ સમજવું. સને ૧૮૪૮નો આકટ ૨૧.

સને ૧૮૬૫ નો આક્ટ ૩ (મુંબઈ.)

૬૨. મુંબઈ કૌન્સીલના સને ૧૮૬૫ના ત્રીજા આક્ટમાં એવો ઠરાવ છે કે જુગારના અથવા શરતના કરાર કરવાને મદદ આપવા વિશે કરેલા કરાર ને તે કરાર પુરો થવાની મજબુતી વાસ્તે કરેલા કરાર રદ સમજવા. તેમજ જુગારના કિંવા શરતના કરાર સંબંધીનુ કમીશન અથવા દલાલી વસુલ કરવાસારૂ અથવા તે જાણીં બુજીને આપી હોય તો તે પાછી લેવાસારૂ ફિર્યાદ ચાલનાર નહીં.

સને ૧૮૪૪ નો આક્ટ ૫.

૬૩. સને ૧૮૪૪ના પાંચમા આક્ટની પેહેલી કલમ ઉપરથી સરકારની રજા વિના કરેલી સર્વ સોરઠીથી લોકોને ઇજા થાય છે, માટે એવી સોરઠી વિશેના કરાર રદ સમજવા.

જુગાર રમવાસારૂ આપેલુ કરજ.

૬૪. તેમજ જુગાર રમવાસારૂ કિંવા સોરઠી કહાડવાસારૂ આપણે બીજાને કરજ આપ્યું તો તે કરજ ઉપરથી ફિર્યાદ કરીસકાતી નથી. કારણ કે તેને એવા કામ સારૂ કરજ આપવાથી તેને કાયદાવિરૂદ્ધ ચાલવાની આપણે મદદ કીધી એમ થાય છે.

વ્યાજ.

૬૫. સને ૧૮૨૭ના ૫ મા કાયદાની ૧૦-૧૧-૧૨ એ કલમોમાં તથા ત્રીજા જ્યાર્જ રાજાના તેરમા વરસમાં ફરમાવેલા ૩૦મા કાયદામાં અમુક દર કરતાં વધારે વ્યાજ લેવું નહીં એમ કહ્યું હતું. તે ઉપરથી ખતમાં વધારે વ્યાજ લખ્યું હોય તો તે ઉપરથી તેટલું વ્યાજ મળે નહીં. પરંતુ વ્યાજ બાબતના સર્વ કાયદા સને ૧૮૫૫ના ૨૮મા આક્ટથી રદ થએલા છે.

હિંદુશાસ્ત્ર.

૬૬. હિંદુશાસ્ત્ર પ્રમાણે લેણદારને દામ દુપટ કરતાં વધારે મળતું નથી. એ સને ૧૮૫૫ ના ૨૮ મા આક્ટથી રદ થતું નથી.

સને ૧૮૩૯ નો આક્ટ ૨૦.

૬૭. સને ૧૮૩૯ના ૨૦મા આક્ટ પ્રમાણે સરકારે હક તથા જકાત લેવાનું બંધ કર્યું હોય તો તેવો હક વેચાણ આપવા લેવા વિશેના કરાર રદ થાય છે.

સને ૧૮૪૩ નો

૬૮. સને ૧૮૪૩ના ૫. મા આક્ટ પ્રમાણે ગુલામ વે-

થાણ લેવા આપવાના કરાર રદ છે. આકટ ૫.

૬૯. ઉપર લખેલા સર્વ નિયમ ઉપરથી જે કરાર રદ થાય છે એમ કહ્યું તે જ્યાંસુધી પુરા થયા નથી ત્યાંસુધી પક્ષકારને કરાર તોડવાનો અધિકાર છે. તોપણ જો એક પક્ષકારે બીજા પક્ષકારને તે કરાર પ્રમાણે નાણું વગેરે આપ્યું તો કરાર રદ છે, માટે નાણું વગેરે પાછું લેવાસારૂ સાધારણપણે ફિર્યાદ ચાલનાર નથી. પરંતુ એવા કરારમાં જે રાજ્યનીતિને અથવા ૯૩-૯૪-૯૫-૯૬-૯૭-તથા ૯૮ એ કલમોમાં કહેલા પક્ષકારોને બાધક હોય તે ઉપરથી આપેલાં નાણાં વિશે ફિર્યાદ ચાલે. લક્ષમાં રાખવા-જેવી સાધારણ વાત.

---

# પ્રકરણ ૪.

## પુરૂં કારણ.

૭૦. પ્રત્યેક કરારથી વાદીને અનહિત કિંવા નુકસાન કિંવા ઉપદ્રવ થવો જોઇએ, કિંવા તેને અડચણ કિંવા મેહેનત પડવી જોઇએ. અથવા પ્રતિવાદીને હિત કિંવા ફાયદો થવો જોઇએ. જો "ઘર બાંધી આપીશ," એવું મેં બીજાને લખી આપ્યું, તો તે ઉપરથી ઘરબાંધી અપાવવાની મારા ઉપર ફિર્યાદ ચાલનાર નથી; કારણકે અહિયાં વાદીનું અનહિત કિંવા પ્રતિવાદીનું (એટલે મારૂં) હિત થતું નથી; પરંતુ "તું મને હજાર રૂપીઆ આપીશ તો હું તને ઘર બાંધીઆપીશ." એવું જો મેં બીજાને લખી આપ્યું અને તે કરાર એ બીજાએ કબુલ કર્યો તો તે ઉપરથી ફિર્યાદ ચાલશે; કારણકે કરાર પુરો થયાથી મને હજાર રૂપીઆ મળવાથી મારૂં હિત થશે માટે તેના મારા ઉપર ઘર બંધાવી લેવાની ફિર્યાદ ચાલશે. તેમજ મેં ઘર બાંધી આપ્યાથી પુરૂં કારણ એટલે શું.

તેનું હિત થાય છે. માટે મારી તેના ઉપર હજાર રૂપીઆ લેવાની ફિર્યાદ ચાલશે.

ઇંગ્લિશ કાયદો.

૭૧. ઇંગ્લિશ કાયદા પ્રમાણે "સ્પેસલટી" અને "સરકાર મારફત કરાર[1]", એને પુરૂ કારણ છે કિંવા નહીં, એ જોવાની જરૂર નથી. પરંતુ સાધારણ કરારને પુરૂ કારણ છે કિંવા નથી, એ જોવું પડેછે[2] એનુ કારણ એવું છે કે કોઇએ અવિચારથી કરાર કર્યો હોય તો તેને તેથકી વિનાકારણે નુકસાની થાય નહીં.

વાદીને અડચણ કિંવા મેહેનત.

૭૨. જે કરારથી એક પક્ષકારને મેહેનત પડી અને બીજા પક્ષકારને કાંઇ હિત થતું નથી, તેને પણ પુરૂ કારણ છે એમ જાણવું. જેમ કે "નારાયણ ઉપર તમે દીવાનીમાં બીલકુલ કિંવા કેટલાક દિવસ સુધી ફિર્યાદ નહીં કરો તો તમને હું ત્રણસેં રૂપીઆ આપીશ;" કિંવા "તમારી પાસે અમુક ખત છે તે જો મારે સ્વાધીન કરશો તો, હું પાંચસેં રૂપીઆ આપીશ." એવા કરાર ઉપરથી ફિર્યાદ નહીં કરવાથી કિંવા ખત મારે સ્વાધીન થવાથી મારૂ હિત થયું નહીં હોય તોપણ એવો કરાર પુરા કારણ ઉપરથી થયો એમ જાણવું; કારણ કે, એમાં પક્ષકારને હિત થયું નથી તોપણ બીજાએ મેહેનત કરવાની અડચણ વેઠી છે.

ભરૂંસે પુરૂ કારણ થાય છે.

૭૩. જો કોઈ બીજાનુ કાંઈ કામ કરવાનુ મફત કબુલ કરે, અને તેની આળસને લીધે તે બીજાનુ કાંઈ નુકસાન થાય, તો નુકસાન ભરી લેવાની ફિર્યાદ ચાલશે; જેમકે, એક મનુષ્યે પોતાનો કામનો સામાન પોતાના મિત્રની સાથે બીજે ગામ મોકલ્યો, અને રસ્તામાં તે સામાન રઝળતો ગમેતે ઠેકાણે મુકયાથી કાંઈ નાશ થયો, તો નુકસાન ભરી લેવાની તે મિત્ર ઉપર ફિર્યાદ કરી હોય તો ચાલે. એવા કામમાં જો પ્રતિવાદી

---

૧ આ વિશે ત્રીજા ભાગમાં કહ્યું છે.

૨. આ નિયમ ઉપર લક્ષ આપવો અવશ્યછતાં હાલમાં ઘણાક ન્યાયાધીશ પુરૂ લક્ષ આપતા નથી.

કહેશે કે મેં મિત્રને વાસ્તે કામ મફત કરવાનુ કબુલ કર્યું હતું તેનાથી મને કાંઈ લાભ થવાનો નહોતો, માટે મારા ઉપર ફિર્યાદ ચાલશે નહીં;" તો એ તકરાર વ્યર્થ થશે. કારણ કે, પ્રતિવાદીને કામ કબુલ કરવાની અગત્ય નહોતી, અને તે કામ મફત કરવા વિશે કોઈએ તેના ઉપર બલાત્કાર કર્યો નહોતો, તોપણ જ્યારે એણે તે કામ કરવાનું એક વખત કબુલ કીધું, ત્યારે તે તેને બરોબર રીતે છેવટ પોચાડવું જરૂર હતું. વાદીએ પોતાના મિત્ર ઉપર ભરૂસો રાખ્યો તેજ એ ફિર્યાદીમાં નુકસાન ભરી આપવાના ગર્ભિત કરારને પુરૂ કારણ છે.

૭૪. જે કારણ ઉપરથી કરાર કર્યો છે તે કારણ કરાર કરતાં પેહેલાનુ હોય તો તે કરારને પુરૂ કારણ નથી, એમ સમજવું, કેમકે કરારનુ કારણ પ્રથમનુ હોવાને લીધે તેથી જે હિત અનહિત થવાનુ તે થવું બાકી રહ્યું નથી; માટે કરાર કરવાને લાલચ રહી નથી. જેમ કે, "હું બે વરસ પેહેલાં માંદો પડ્યો હતો ત્યારે તમે મને ઔષધ વગેરે આપ્યું, માટે હાલ હું તમને પચાસ રૂપીઆ આપવાનુ કબુલ કરૂછું," એ ઉપરથી મારા ઉપર ફિર્યાદ ચાલનાર નહીં. કારણ કે, મારી પાસેથી ઔષધને માટે પાંચસે રૂપીઆ લેવામાં આવશે એમ સમજીને તેણે મને ઔષધ આપ્યું નથી. ભૂતકૃત્ય પુરૂ કારણ થતુ નથી.

૭૫. પરંતુ જો મેં પ્રથમ કહેવા ઉપરથી કોઈએ મને ઔષધ આપ્યું હોય, તો ઉપરના પ્રકારના કરાર ઉપરથી ફિર્યાદ ચાલે; કારણ કે, મને ઔષધ આપવાનુ મેં એને પ્રથમ કહ્યું ના હોત તો, કદાચિત તે મને ઔષધ આપવાને પ્રવૃત્ત થયો ના હોત. તેમજ એક ચાકર પોતાના ધણીનું કામ કરતાં તેના ઉપર મારામારી કીધાનુ તોહોમત આવ્યા ઉપરથી તેને પકડીને તુરંગમાં નાંખ્યો, ત્યારે તેના ધણીના કામમાં હરકત થાય નહીં, માટે તેના ધણીના બે મિત્રોએ જામીન થઈને તેને છોડાવ્યો. એ ઉપકાર સંભારીને, ધણીએ પોતાના બે મિત્રોને પચાસ રૂપીઆ આપવાનુ કબુલ કીધું. એવું હોય તો જો પરંતુ વિનતી પૂર્વક હોય તો થાય છે.

તેણે ધણી ઉપર પચાસ રૂપીઆ માટે ફિર્યાદ કરી, તો તે ચાલનાર નથી. કારણ કે, ચાકરને છોડાવવા વિશે ધણીએ પોતાના મિત્રને કહ્યું નોતું.

ભવિષ્ય કારણ વગેરે.

૭૬. કરારનુ કારણ કરતી વખત કિંવા કર્યાપછે થવાનુ હશે, તો તે કરારનુ પુરૂ કારણ થાયછે. જેમ કે " તમે મારી પાઘડી હવડાં બાંધી આપવાને તૈયારછો, માટે હું તમને એક આનો આપુંછું " એમાં એક આનો આપવો તથા પાઘડી બાંધવી એ બંને કામ એક વખત થવાનાં, માટે કરારને પુરૂ કારણ છે. તેમજ હું ગામ જઇને બે મહિને આવું ત્યારે મારી પાઘડી એક વરસ સુધી બાંધી આપવાનુ તમે કબુલ કર્યાથી હું તમને કાલે પાંચ રૂપીઆ આપીશ. એમાં કરારનુ કારણ એટલે પાઘડી બાંધવાનુ કૃત્ય આગળ થવાનુ છે માટે કરારને પુરૂ કારણ છે.

ગર્ભિત વિનતિ.

૭૭. હવે, પાછળ થએલી વાત કદી વિનતિપૂર્વક થએલી ના હોય તો પણ કેટલીક વાતોમાં વચન આપનારાએ પ્રથમ વિનતિ કરી એમ અનુમાન થાય છે; એટલુંજ નથી, પણ કેટલેક ઠેકાણે વાસ્તવિક જોતાં કરાર નહીં થયા છતાં તે થયો હશે એમ કોર્ટ અનુમાન કરે છે.

કાયદા ઉપરથી બંધાએલો હોવાને લીધે.

૭૮. (૧) કોઈ એકને જે કાંઈ વાત કાયદા પ્રમાણે કરવી જોઇએ તે બીજાએ પોતાની ઇચ્છાથી કરી, અને પછે તે બાબત, પેહેલા માણસે બીજા માણસને કાંઈ આપવાનું કબુલ કર્યું, તો બીજાએ જે વાત પોતાની ઇચ્છાથી કરી તે પેહેલા માણસે પ્રથમથી વિનતિ કીધા ઉપરથી કરી એમ કોર્ટ અનુમાન કરે છે. "જેમ કે મારા કરજાઉ ખતને માટે તમે મારા લેણદારને સાતસેં રૂપીઆ આપ્યા હતા તે બાબત હું હવડાં તમને સાતસેં રૂપીઆ આપવાનું કબુલ કરૂંછું" એ કરારમાં લેણદારને રૂપીઆ આપવાને મેં પ્રથમ કહ્યું નહોતું તોપણ મેં પ્રથમ વિનતિ કરી એમ કોર્ટ અનુમાન કરે છે.

૭૯. (૨) નીતિ પ્રમાણે કોઇ એકને જે વાત કરવી અવશ્ય છે, તે બીજાએ પોતાની ઇચ્છાથી કરી, અને પછે તે બદલ પેહેલા માણસે તે બીજા માણસને આપવાનું કબુલ કર્યું, તો બીજાએ જે વાત પોતાની ઇચ્છાથી કરી તે પેહેલા માણસે પ્રથમ વિનતિ કર્યા ઉપરથી કરી, એમ કોર્ટ અનુમાન કરે છે. જેમ કે કોઈ નાની ઉમરનો છતાં જો બીજાએ તેનું પાલન પોષણ કર્યું હોય, અને તે બાબત તે ઉમરલાયક થએથી કાંઇ રૂપીઆ આપવાનું કબુલ કરશે, તો તે કબુલતનું કારણ ભૂતકાળનું છે, તોપણ તે નાની ઉમરનોછતાં નાની ઉમરનો નહોતો, અને તેણે વિનતિ કીધા ઉપરથી તેણે તેનું પાલન કીધું, એમ અનુમાન કરીને કોર્ટ ફિર્યાદ સાંભળે છે. નીતિ પ્રમાણે બાંધેલો હોવાને લીધે.

૮૦. (૩) કોઇ એકને જે કાંઇ વાત કાયદા પ્રમાણે કરવી જોઇએ, તે બીજાને માથે કરવાનું પડ્યા પછે, તે બાબત પેહેલા માણસે, જો કે કબુલત આપી નથી તોપણ પેહેલા માણસે બીજા માણસને તે વાત કરવા વિશે પ્રથમ વિનતિ કરી, તથા નુકસાન ભરી આપવા વિશે કબુલત કીધી, એમ કોર્ટ અનુમાન કરે છે. જેમ કે, જો હું બીજાનો જામીન થયાને લીધે સાહુકારે મારા ઉપર ફિર્યાદ કરી, ને અસલ દેણદારના કરજનાં નાણાં મારી પાસેથી લીધાં, તો તે અસલ દેણદારની સાથે મારો વાસ્તવિક કાંઈ કરાર નહીંછતાં પણ તેના ઉપર મારી ફિર્યાદ ચાલશે. કારણ કે, કાયદા પ્રમાણે દેણદારને કરજનાં નાણાં આપવાની ફરજ છે, માટે દેણદારે સાહુકારનાં નાણાં આપવા વિશે મને પ્રથમ કહ્યું; અને મારૂ જે નુકસાન થયું તે ભરી આપવાનું તે પછે કબુલ કર્યું, એમ કોર્ટ અનુમાન કરે છે. કાયદા પ્રમાણે બંધાએલાછતાં ત્રાહિતને બંધન થાય તો.

૮૧. (૪) જો કોઇએ પોતાની ઇચ્છાથી બીજાનું કાંઇ કામ કીધું, અને તેનો બીજાએ ઉપભોગ કીધો, તો તે ઉપભોગને વાસ્તે બીજા માણસ ઉપર ફિર્યાદ ચાલશે. જેમ કે, મેં પ્રથમ બીજાને બસેં રૂપીઆનો કીનખાબ આપવાનુ કબુલ ફાયદો કરીલીધો હોય તો.

કર્યું, અને પછી મારી પાસે કીનખાબ નહીં હોવાને લીધે મેં તેને બસેં રૂપીઆની ગજીઆણી મોકલી. ત્યારે તેણે તેનો પોતાને વાસ્તે પાયજામો કર્યો, એ ઉપરથી તેની પાસેથી બસેં રૂપીઆ લેવા વિશેની મારી ફિર્યાદ ચાલશે. કારણ કે, તેણે મને ગજીઆણી મોકલવાનું કહ્યું નોતું, તોપણ તેનો ઉપભોગ લીધા ઉપરથી કોર્ટ એમ અનુમાન કરશે કે, ગજીઆણી મોકલવાને મને તેણે વિનતિ કરી હતી.

૮૨. જે ચાર પ્રકારમાં પ્રથમ વિનતિ કરી છે એવું કોર્ટ સમજે છે એમ ઉપર કહ્યું, તેમાં પેહેલા, અને બીજા કરારમાં સ્પષ્ટ કબુલત હોવીજોઇએ; પરંતુ ત્રીજા અને ચોથા પ્રકારમાં તેવી કબુલતની જરૂર નથી.

---

# પ્રકરણ ૫.

## કપટનો અભાવ.

કપટ. ૮૩. કોઇપણ કરારમાં કપટ હોય તો તે કરાર રદ થાય છે; માટે કરાર કરતી વખત બંને પક્ષકારનાં મન નિષ્કપટ હોવાં જોઇએ.

તેના બે પ્રકાર. ૮૪. કપટના બે પ્રકાર છે. (૧) વાસ્તવિક કપટ; અને (૨) અનુમિત કપટ. બીજાને કાંઈ ખોટું થાય એવા હેતુથી જાણી જોઇને કાંઈ કરવું, બોલવું, કિંવા જે કરવાનું તે ન કરવું, એ વાસ્તવિક કપટ છે. દુષ્ટ વાસના મનમાં ના લાવતાં પોતાનું સારૂં થાય એજ હેતુથી કાંઈ કરવું, બોલવું, કિંવા જે કર્તવ્ય તે ન કરવું, એ વાસ્તવિક કપટ નથી તોપણ તેથી સર્વ લોકોનું કિંવા કદાચિત પક્ષકારોનુ અનહિત થતું હોય તો તેમાં કપટ છે, એમ કોર્ટ અનુમાન કરે છે, એ અનુમિત. કપટ છે. પાછળ ત્રીજા પ્રકરણમાં દેશાચાર વિરૂદ્ધ, નીતિવિરૂદ્ધ, વગેરે એવા જે કરાર કહ્યા તે અનુમિત કપટના કારણ ઉપરથી રદ છે એમ સમજવું.

૮૫. વાસ્તવિક કપટના બે પ્રકાર છે. (૧) જેની સાથે કપટ કર્યું હોય તેની સ્થિતિ ઉપર લક્ષ નહીં આપતાં કેવળ કપટ કરનારની વર્તણૂક વિશેજ વિચાર કરી જોતાં જે કપટ જોવામાં આવે છે તે. અને (૨) જેની સાથે કપટ કર્યું હોય તેની જે વિશેષે સ્થિતિ હોય તેનેવિશે મુખ્યત્વેકરીને વિચાર કરીજોતાં જે કપટ જોવામાં આવે છે તે. વાસ્તવિક કપટના બે પ્રકાર.

૮૬. કરાર કરતી વખત કોઈ પક્ષકારે કપટ બુદ્ધિથી અન્યથાવર્ણન કર્યું હોય, કિંવા ખરી વાત છુપાવી હોય તે કરાર રદ થાય છે. જેમકે, જો કોઈએકને પોતાનો ઘોડો વેચવાનો હોય, અને વેચતી વખત તે ઘોડો દશ વરસનોછતાં તથા તેને કાંઈ ખોડ પણ છે, એમ માહિતછતાં તે માણસ ઘોડો વેચાણ લેનારને એમ કહેશે કે, "મારો ઘોડો પાંચ વરસનો છે, અને કાંઈ ખોડ નથી." તો વેચનારના બોલવા ઉપર વેચાણ રાખનારે વિશ્વાસ રાખીને તે ઘોડો વેચાણ લીધા પછે વેચનારનું બોલવું ખોટું પડ્યાથી વેચાણ લેનારે કરાર રદ સમજીને ઘોડો પાછો આપવો, અને તેની કીમતના પૈસા પાછા લેવા. અન્યથા વર્ણન તથા છુપાવવું.

૮૭. કોઈપણ વસ્તુ વેચતી વખત વેચાણ લેનારને તે બાબત જે ખબર નહીં હોવાને લીધે કીમતમાં પુષ્કળ ફેર પડવા સરખું હોય, અને તે વેચનારને માહિત હોય તો તે બાબત વેચાણ લેનારને ખબર કરવી. માહિતછતાં ખોટું કહ્યાથી, કિંવા માહિત નહીંછતાં માહિત છે એમ બતાવીને ઉલટું કહ્યાથી, તથા તેથી વેચાણ લેનારને નુકસાન થએથી, નુકસાની બાબત ફિર્યાદ ચાલશે. તેમજ મારે એક હીરો વેચાથી લેવાનો છે. એમ એકને કહેવાથી તેણે તરમરીનો કટકો લાવીને હીરો છે એમ કહીને મને વેચાણ આપ્યો, તો તે ઉપરથી મારૂ નુકસાન થાય તે બાબત મારી ફિર્યાદ ચાલશે.

૮૮. વેચનારને જે વાત માહિત હોય તે વેચાણ રાખનારને કહેવી એમ ઉપર કહ્યું; પરંતુ વેચાણ લેનારને એવી વેચનારે સાવધ રહેવું.

કાંઈ વાત માહિત હોવાછતાં તે વેચાણ આપનારને કહેવાની જરૂર નથી. જેમ કે, કોઇએકની જમીનનો તળે સોનાની ખાણ છે, અને તે કારણથી પુષ્કળ મિલકત થવાસરખું છે, એમ મને માહિતછતાં તેને એ વિશે કાંઈ નહીં કહેતાં જમીન વેચાણ લીધી, તો તેને લીધે વેચાણ રદ થનાર નથી. કારણ કે વેચાણ આપનારે સાવધ રહેવું એવો કાયદામાંનો એક નિયમ છે.

વેચાણ લેનારે સાવધ રહેવું.

૧૯. જે વાત વેચનાર તથા વેચાણ લેનાર એ બંનેને માલુમ છે કિંવા માલુમ થવા સરખી છે તે વાત વિશે અન્યથા[1] વર્ણન કીધાછતાં કાંઈ હરકત નથી. જેમકે, ધોળા ઘોડાને કાળો ઘોડો કહ્યાછતાં વેચાણ લેનારો ફસી પડે એમ નથી. તેમજ દાણાવાળાની દુકાને જઇને તેની પાસેથી આંબામોરના ચોખા માગ્યાછતાં તેણે બીજી જાતના ચોખાનો ઢગલો બતાવીને આ આંબામોરના ચોખા એમ કહ્યું, અને મેં તે ચોખા વેચાણ લીધા તો તે વેચાણ કાયમ રહે છે. કારણ કે ચોખા આંબામોરના છે કિંવા નથી, એ બંનેના જાણવામાં આવે એવું છે; અને પોતાના માલનાં વખાણ કરવાની વ્યાપારિયોમાં ચાલ પડીગયેલી છે, અને વેચાણ લેનારે સાવધ રહેવું એવો કાયદામાંનો એક નિયમ[2] છે. પરંતુ તે દાણાવાળાએ ઢગલાની અંદર ખોટા ચોખા મુકીને ઉપર આંબામોરના ચોખા રાખ્યા હોય, તો વેચાણ રદ થશે; કારણ કે ઢગલામાં કપટથી ખોટા ચોખા ભેળવ્યા છે, એ વેચાણ લેનારને ખબર પડવા સરખું નથી.

---

૧ જેવું હોય તે કરતાં જુદીરીતે કહેવું.

૨ પરંતુ જો વેચાણલેનારે "આંબામોરના ચોખા કેવા હોય છે તે મને ખબર નથી, માટે તું મને વિશ્વાસપણેથી આંબામોરના ચોખા આપ્ય" એમ કહ્યાછતાં પણ વેચનારે જાણીજોઇને ગમે તેવા ચોખા આપ્યા હોય તો વેચાણલેનારે નજરમાં આવે તો તે વેચાણ રદ કરવું.

૯૦. કપટથી અન્યથાવર્ણન કીધાછતાં જે પરિણામ થાય છે તેજ પરિણામ કપટથી કંઈ વાત છુપાવ્યાથી થાય છે, એમ જાણવું. છુપાવવું.

૯૧. વેચેલી ચીજની કીમત તે ચીજને પોસાય એવી નહીંછતાં તેમાં થોડોક તફાવત હોય, તો તે વ્યાપાર કપટથી થયો એમ થતું નથી. પરંતુ તેમાં ઘણોજ ભારે તફાવત હોય, તો તે વ્યાપાર કપટથી થયો હોય, એમ કોર્ટ અનુમાન કરે છે. જેમ કે સો રૂપીઆનો શાલજોડો નેવુ રૂપીઆ માટે વેચ્યો, તો વેચાણ કપટથી થયું એમ થતું નથી, પરંતુ જો તે શાલજોડો પંદર રૂપીઆ માટે વેચ્યો, તો વ્યાપાર કપટથી થયો, એમ કોર્ટ અનુમાન કરેછે. વિલક્ષણ તફાવત.

૯૨. કોઈ ત્રાહિત માણસના સંમતથી કાંઈ વાત કરવી એવો પક્ષકારે કરાર કરેલો હોય, તો તે ત્રાહિતના સંમતથી તે વાત થવી જોઇએ. પરંતુ જો તે ત્રાહિત કપટ બુદ્ધિથી સંમત આપતો ન હોય, તો તેણે સંમત આપ્યો એમ સમજીને એક્વિટીમાં એ વાત કરવાને પરવાનગી મળે છે. ત્રાહિતનો સંમત.

૯૩. વાસ્તવિક કપટનો બીજો પ્રકાર એવો છે કે, જેની સાથે કપટ કીધું તેની જે વિશેષ સ્થિતિ હોય તે વિશે મુખ્યત્વેકરીને વિચારકરી જોતાં જે કપટ જોવામાં આવે તે. વાસ્તવિક કપટનો બીજો પ્રકાર.

૯૪. જે જન્મથી ગાંડો હોય તે, કિંવા જે જન્મ્યા પછે ગાંડો થયો હોય તે, કિંવા બુદ્ધિ ભ્રષ્ટ, એવા બીજા જે કોઈ હોય તે, એઓએ કરાર વગેરે વ્યવહાર ઘણી ગંભીર વૃત્તિથી કર્યા હોય, તથાપિ તે વ્યવહારમાં વિશ્વાસઘાત કિંવા કોઇપ્રકારનો અન્યાય થયો છે, કિંવા તે વ્યવહારથી બુદ્ધિ ભ્રષ્ટ માણસનુ અનહિત થયું છે એમ જણાઈ આવે, તો તે વ્યવહાર ઉપરથી ફિર્યાદ ચાલતી નથી. ગાંડો.

૯૫. દેહભાન જતું રહે એટલી કોઇએ કેફ કરેલી છે, એમ જાણીને કિંવા ખસુસ કરીને તેને તેટલી કેફ આપીને તેની સાથે બીજો કાંઈ વ્યવહાર કરે તો તે વ્યવહાર રદ થાયછે. કેફ ચડેલો માણસ.

**થોડી સમજના મનુષ્યો.**

૯૬. થોડી સમજના માણસોના કરાર વગેરે વ્યવહાર ઉપરથી તેઓને બીજાએ યુક્તિથી, કિંવા જુઠું બોલીને, કિંવા બળાત્કારથી ફસાવ્યા એમ જણાઈ આવે, તો તે વ્યવહાર રદ થાય છે.

**જબરજસ્તી વગેરે.**

૯૭. જો કોઈ માણસ પોતાની ખુશીમાં આવે તે રીતે કરી નહીંસકે એવા કારણથી પોતાનું સંરક્ષણ કરી ન સકતો હોય, તો કોર્ટ તેનું સંરક્ષણ કરે છે. માટે જો કોઇને માર મારવાની, કિંવા બીજા પ્રકારની બીહીક બતાવીને, કિંવા તેને પુરીમુકીને, કિંવા તેનો માલ અટકાવી રાખીને તેની પાસેથી કરાર કરી લીધો, તો તે રદ થાય છે. તેમજ કોઈ વાત વિશે ધણો અટકી પડ્યો છે, કિંવા ધણીજ ભારે વિપત્તિમાં છે એવા માણસ પાસેથી કાંઈ કરાર કરી લીધો, તો તે કરાર જબરદસ્તીથી કરી લીધાનો સંશય ઉત્પન્ન થાય છે, અને તે વિશે થોડોક પુરાવો મળ્યો હોયતો તે કરાર રદ થાય છે.

**અપ્રાપ્તવ્યવહાર.**

૯૮. [1]અપ્રાપ્તવ્યવહારના કરાર. જો તેના હિતના ન હોય, તો તે રદ થાય છે.

**અનુમિત કપટના ચાર પ્રકાર.**

૯૯. હવે, અનુમિત કપટના ચાર પ્રકારછે.

(૧) વ્યવહાર રાજ્યનીતિને બાધક હોવાને લીધે તે ઉપરથી માનેલું કપટ.

(૨) પક્ષકારોમાં વિશ્વાસપણાનો સંબંધ હોવા ઉપરથી માનેલું કપટ.

(૩) ફસીપડવાને જે વિશેષ કરીને પાત્ર છે, તેઓની સ્થિતિ ઊપરથી માનેલું કપટ.

(૪) બીજા તથા ત્રીજા પ્રકારમાં નહીં આવનારા માણસોની સ્થિતિ ઊપરથી માનેલું કપટ.

**પેહેલો પ્રકાર.**

૧૦૦. (૧) નીતિવિરૂદ્ધ. કિંવા કાયદા વિરૂદ્ધ. કિંવા

---

[1]વ્યવહાર કરવા યોગ્ય, વય જેનું થયું નથી તે. હિંદુશાસ્ત્રમાં સોળ વરસસુધી અપ્રાપ્તવ્યવહાર ગણાય છે.

કોર્ટે માન્ય કરેલા દેશચાલ વિરૂદ્ધ કાંઈ કામ કરવાને માટે જે કરાર કર્યા હોય, તે પક્ષકારના હિતનો હોય તોપણ તેણે કરીને લોકોનું નુકસાન થવા સરખું હોય, તો તે રદ થાય છે.

૧૦૧. એ વિશેના ઉદાહરણો પાછળ ત્રીજા પ્રકરણમાં જોવાં. ઉદાહરણો.

૧૦૨. (૨) જો કોઇએકે બીજા ઉપર જેટલો વિશ્વાસ રાખવો ઘટે તેટલો રાખ્યો, કિંવા પેહેલા માણસની સાથે બીજાના વિશ્વાસુપણાનો સંબંધ હોવાને લીધે બીજાનો પેહેલા ઉપર વિશેષ પ્રકારે અમલ ચાલતો હોય અને એવો વિશ્વાસ રાખ્યાને લીધે, કિંવા અમલ ચાલતો રહ્યાને લીધે, બીજાએ પેહેલાનું નુકસાન કીધું, અને પોતાને ફાયદો કરી લીધો, તો આ ઠેકાણે તેવો વિશ્વાસ રાખ્યો નહોત, કિંવા વિશ્વાસપણાનો સંબંધ ન હોત, તો વ્યવહાર નિર્દોષ થાત, તોપણ આ ઠેકાણે વિશ્વાસ રાખ્યાથી તથા વિશ્વાસપણાનો સંબંધ હોવાથી તે બીજા માણસને કોર્ટ ફાયદો કરી લેવા દેનાર નહીં. બીજો પ્રકાર.

૧૦૩. (૧) છોકરાએ પોતાના બાપના હિતનેસારૂ, કિંવા બાપને ઠેકાણેજ માણસ હોય તેના હિતનેસારૂ કરેલો કરાર વિશ્વાસુપણેથી થયો નહીં હોય, તો તે રદ થાય છે; પરંતુ એવા કરારથી ત્રાહિતને કાંઇ હક મળ્યો હોય, તો તે રદ થતો નથી. જેમકે, જો કાકાએ પોતાના તાબામાંનું ભતરીજાનું ઘર પોતાના નામથી કરીલીધું, તો તે વ્યવહાર રદ થઇને ભતરીજાને પોતાનું ઘર પાછું મળે છે. પરંતુ તે કાકાએ તે ઘર પોતાના નામથી કરીલેઇને વેચ્યું હોય, તો ઘરની માલકી ત્રાહિતને મળી તેથી ભતરીજાને પોતાનું ઘર મળનાર નહીં; તથાપિ તેના પોતાના કાકાપાસેથી નુકસાન ભરી લેવાનો તેને હક રહેછે. બાપ અને દીકરો.

૧૦૪. (૨) જો કોઈ અજાણતા માણસને પાલન કરનાર નીમેલો હોય, તો પાલન કરનારે તે માણસના હિતને માટે કરેલો કરાર વિશ્વાસુપણે થયો ન હોય, તો તે રદ થાયછે. એટલુંજ નહીં, પણ પાલનકરનારનો પાલન કરવાનો સંબંધ અજાણતો અને પાલન કરનાર.

તુટ્યાપછે પણ પાલન કરનારની તે માણસને શરમ પડવાનો સંભવ છે, ત્યાંસુધી મુખ્યત્વેકરીને પાલન કરનારના હાથમાં તે માણસનું હિત કિંવા અનહિત કરવાનું હોય તો, એવા પ્રકારનો કરાર રદ થાય છે. પરંતુ કરાર કરતી વખત જો પાલન કરનારો તે માણસની સાથે ઘણોજ વિશ્વાસપણેથી ચાલ્યો હોય, અને તે માણસે શું કરવું તે ઘણોજ વિચાર કરીને કીધેલું હોય, તો માત્ર તે કરાર રદ થનાર નહીં. વળી એવા કરાર પાલનકરનાર અને તે માણસ એઓની વચે રદ થાય, તથાપિ તે કરાર ઉપરથી ત્રાહિતને કાંઈ હક મળેલા હોય તે રદ થતા નથી.

વકીલ તથા અસીલ. ૧૦૫. (૩) વકીલ પોતાના અસીલનો કજીઓ ચાલતાં છતાં, કિંવા કજીયાનો નીકાલ થયાપછે થોડાજ દિવસમાં, અસીલની પાસેથી પોતાના ફાયદાનો કરાર કરી લે, તો તે નિષ્કપટપણેથી કરી લીધો હોય, અથવા અમલના જોરથી કરી લીધો ન હોય, તો તે કાયમ રહેછે. કજીઓ ચાલુછતાં વકીલને બક્ષીસ આપી હોય તો તે પાછી લેવામાં આવે છે.

મુખ્ય તથા મુનીમ. ૧૦૬. (૪) મુખ્ય તથા મુનીમ એઓને પણ ઉપરના નિયમ લાગુ છે; માટે મુનીમે મુખ્યનું કામ, કપટ કીધા વિશે સંશય, ઉત્પન્ન નહીં થાય, એવું કરેલું જોઇએ, એ વિશે આગળ વિશેષ કહેલું છે.

વૈદ્ય તથા રોગી. ૧૦૭. (૫) ઉપરના નિયમ વૈદ્ય તથા તેના રોગીને પણ લાગુ થાય છે.

જીમ્મેદાર તથા જીમ્મતી. ૧૦૮. (૬) ઉપરનાનિયમ જીમ્મેદાર[1], તથા જીમ્મતી, એઓને પણ લાગુ થાયછે. માટે જીમ્મેદારે પોતાના જીમ્મતી સાથે પોતાના ફાયદાનેસારૂ કાંઈ વ્યવહાર કરવો નહીં, વાસ્તે

---

[1] જો કોઇએક માણસે બીજાના ફાયદાને સારૂ ત્રીજાની પાસે કાંઈ પૈસા કિંવા માલમતા મુકી હોય, તો પેહેલા માણસને "જીમ્મા આપનાર," બીજાને "જીમ્મતી," અને ત્રીજાને "જીમ્મેદાર," એ રીતે કહેવા.

જો તેણે પોતાના જીમ્મતીની જમીન વેચાથી લીધી, તો તે લીલામમાંથી લીધી હોય તોપણ તે વેચાણમાં જીમ્મતીને, પોતાનું હિત તથા અનહિત નહીં બતાવતાં, વેચાણ રદ કરવાનો અધિકાર છે.

૧૦૯. (૭) નાદાર, કિંવા દેવાળિયો, અને તેના મુખ્ત્યાર; માલક તથા તેના માલનું લીલામ કરનારો; સાહુકાર તથા તેનો કરજદાર વગેરે, એઓને પણ ઉપરના નિયમ લાગુ છે. નાદાર અને તેના મુખત્યાર વગેરે.

૧૧૦. (૮) એગ્જીક્યુટર, કિંવા આડમિનિસ્ટ્રેટર, અને માલિક, એઓને પણ ઉપરના નિયમ લાગુ છે. એગ્જીક્યુટર તથા માલિક.

૧૧૧. (૯) મૂળજવાબદાર, અને જામીન એઓને પણ ઉપરના નિયમ લાગુ છે; માટે જો પ્રથમ દેણદારે પોતાના સાહુકારને જામીન આપીને કરારનામું લખી આપ્યું, અને પછે જામીનને નહીં જણાવતાં તે કરારવિરૂદ્ધ બીજું કરારનામું લખી આપ્યું, તો જામીન ઉપરની જવાબદારી ઉડી જશે. એ વિશે આગળ વિશેષ કહેલું છે. મૂળ જવાબદાર તથા જામીન.

૧૧૨. [૩] અનુમિત કપટનો ત્રીજો પ્રકાર એવો છે કે કોઇ એકની વિચારશક્તિ ઉપર લક્ષ નહીં આપતાં તેની વિશેષ સ્થિતિ ઉપરથી સેહેજ અયોગ્ય ફાયદો કરીલેવા સર્જ્યું હોય, અને તેની સાથે વ્યવહાર કીધો, તો, આ ઠેકાણે જો કદી એવી સ્થિતિમાં નહીં હોય એવા પક્ષકારો મધ્યે તે થયો હોતતો તે નિર્દોષ રહ્યો હોત તોપણ, કોર્ટ તે વ્યવહાર કબુલ કરતા નથી. ત્રીજો પ્રકાર.

૧૧૩. (૧) આગળ ઉપર વારસ થવાની જેને આશા છે એવો કોઇએક મનુષ્ય અડચણમાં છતાં તેની સાથે બીજાએ વ્યવહાર કીધો, તો તે પ્રમાણિકપણે થયોછે, કિંવા નહીં, એ જોવા વિશે કોર્ટ ઘણી સાવધાની રાખેછે; પણ તે બીજો માણસ એમ સાબીત કરે, કે કરાર કરવાને પુરૂં કારણ છે. અથવા પેહેલા માણસ, કે જેનો વારસ અપેક્ષક વારસ.

થવાની તેને આશા છે. તેને જણાવ્યાને તથા તેનો સંમત્ત લેઇને કરાર કીધો છે, તો કરાર કાયમ રહેછે. કારણકે, જે ગરજવાન, કિંવા અવિચારી, કિંવા નાની ઉમરનો હોય છે, તેને પોતાને આગળ કેટલું મળવાનું છે તેની બરોબર અજમાશ હોતી નથી; માટે મતલબી લોકોથી તેને ફસવા દેવો નહીં. વળી, જેનો વારસ થવાની આશા હોય તેનો હેતુ સિદ્ધ થાય, અને તે અપેક્ષક[1] વારસે પોતાની અડચણ પારકા માણસને નહીં જણાવતાં ઘરના માણસનેજ જણાવવી, એવો કાયદાનો ઉદ્દેશ છે.

૧૧૪. જેનો વારસ થવાની આશા છે તેનો કંઈ કરારમાં સંમત્ત હોય, તો તે કરાર રદ થતો નથી એમ ઉપર કહ્યું. પરંતુ જો તેને અપેક્ષક વારસને અડચણમાંથી કહાડવાનું સામર્થ્ય નહોય, તો તેનો સંમત્ત લીધાથી કરાર કાયમ રહેશે, એમ પણ કેહેવાતું નથી; કારણકે તે પણ પોતે અડચણમાં હોવાને લીધે કદાચિત ના ખુશીથી પોતાનો સંમત્ત આપે.

૧૧૫. (૨) તેમજ "મને હવડાં પાંચસેં રૂપીઆ આપો તો મારો મામો મરણ પામેથી મને પચીશહજાર રૂપીઆની માલમતા મળવાની તેમાંથી તમને વીસહજાર રૂપીઆ આપવાને હું કબુલ કરૂંછું સહી. ક, ખ." એવો કોઇએ કરાર કર્યો હોય, તો તે ઉપરથી વીસહજાર રૂપીઆ નહીં મળતાં વાસ્તવિક રકમ મળશે.

૧૧૬. (૩) જો અપેક્ષક વારસને કોઈ વ્યાપારીએ પોતાનો માલ ચોગણી પાંચગણી એટલે ઘણી અયોગ્ય કીમતે વેચ્યો હોય, તો તેને તે માલની વાસ્તવિક કીમત માત્ર મળશે.

ખલાશીઓ.

૧૧૭. (૪) ઇંગ્રેજ ખલાશીઓ ઘણા ઉડાઉ તથા ભોળા હોયછે, માટે કોર્ટ તેઓનું વિશેષે કરીને જેટલું સંરક્ષણ

---

[1] આગળ ઉપર વારસો મળવાની આશા રાખતો હોય તે.

સાલ તેટલું કરેછે: આપણા દેશમાં કોઈ ખલાસીઓ એવા પ્રકારના હોય, તો તેઓનું પણ તે પ્રમાણેજ કોર્ટે સંરક્ષણ કરવું જોઇએ.

૧૧૮. [૪] અનુમિત કપટનો ચોથો પ્રકાર એવો છે કે, જો કોઈ બીજાને નાશ કરવાનો હેતુ નહીં રાખતાં નિષ્કપટથી કાંઈ બોલ્યો, કીધું, કિંવા કીધું નહીં, અને તેણેકરીને બીજાને અપકાર થયો, તો એમાં કપટ છે એમ માનીને કોર્ટ તે બીજાની ફિર્યાદ સાંભળેછે. ચોથો પ્રકાર.

૧૧૯. (૧) જો કોઈ પોતાનો માલ બીજાને પોતાની સમક્ષ વેચવા દેશે, કિંવા તે માલ પોતાનો નથી, એમ ખરીદી કરનારને જણાય એવી રીતે મશકરીથી કાંઇ કરશે, અને પછે અસ્વામી વિક્રય થયો, એટલે માલ ઉપર વેચનારની માલકી નહીંછતાં વેચાણ થયું, એમ કોર્ટમાં કહેશે, તો વેચાણ રદ થનાર નથી. અસ્વામિવિક્રય.

૧૨૦. (૨) "તું લીલામમાં કાંઇએક પદાર્થ જે કીમતથી માગીશ તે કરતાં વધારે કીમતથી તે પદાર્થ હું માગનાર નથી." એવા કરાર રદ સમજવા કારણકે, તેણેકરીને માલની કીમત ઓછી ઉપજ્યાથી માલિકનું નુકશાન થાયછે. અને લીલામ કરવાનો હેતુ સિદ્ધ જતો નથી. તેમજ માલિક, કિંવા લીલામ કરનારે માલની કીમત વધારે આવવાસારૂ લીલામ કરતી વખત માલની કીમત ચઢાવવા વિશે કોઇને કહ્યું, તો તે માલ વેચાણ લેનારને વેચાણ રદ કરવાનો અધિકાર છે; કારણકે એવો અધિકાર નહીં આપ્યો તો ઘણા લોકો ફસી પડશે. લીલામ.

૧૨૧. (૩) કેટલાક સાહુકારોએ પોતાના દેણદાર પાસેથી કરજના પૈસા લેવાસારૂ કાંઈ તોડજોડ (બંદોબસ્ત) કરવા ઉપરથી તે મધ્યેના એકજણે બાકી રહેલા સાહુકારોને નહીં જણાવતાં પોતાના દેણદાર પાસેથી બંદોબસ્ત કરીને પ્રત્યેક દેણદારને જે આપવાનું ઠર્યું હોય, તે કરતાં કાંઈ વધારે તોડજોડનો કરાર.

લીધું, કિંવા સર્વ તેજે કરાર લખી આપ્યો હોય, તે શિવાય વધારે ફાયદો કરી લેવાસારૂ બીજો કાંઈ કરાર લખી લીધો, તો જે વધારે લીધું હોય તે તેને પાછું આપવું પડશે, અથવા જે કરાર લખી લીધો હશે તે રદ થશે; કારણ કે સર્વ જ- ણાએ બંદોબસ્ત કરીને કરજના પૈસા અમુક રીતે લેવા અને તેણેકરીને પ્રત્યેકે અમુક નુકસાન ખમવું એવું કબુલ કર્યાં પછી, તેમાના કોઇએકને બાકીના સાહુકારો કરતાં વધારે લેવા દેવું, એ વાજબી નથી; અને એમ કરવાથી એકજ- ણાવડે બાકીના લેણદારોને કપટથી ફસાવી દીધા એમ થાય છે.

ધરેણીયું ઘર વેચાણ લેવું.

૧૨૨. (૪) કાંઈ મિલકત બીજાની પાસે ધરેણે છે, અ- થવા તે ઉપર બીજાનો કોઇએક પ્રકારનો હક છે, એવું મા- હિતછતાં તે મિલકત વેચાથી લીધી, તો ધરેણીયું છોડાવ્યા શિવાય, કિંવા બીજાનો હક કહાડી નાખ્યા શિવાય, ખરીદ ક- રનારને તે મિલકત ઉપર ધણીપણું મળતું નથી.

એગ્જીક્યુટરે ક- રેલું યોગ્ય વે- ચાણ.

૧૨૩. (૫) તેમજ એગ્જીક્યુટર, કિંવા આડમિનિસ્ટ્રેટરને સ્વાધિન કરેલી મિલકત તે અયોગ્ય કામને સારૂ વેચે છે એવું જાણીને કોઈ તે વેચાણ લેશે તો તે વેચાણ કોર્ટમાં રદ થશે.

કાંઇક ખરો અ- ને કાંઇક ખોટો એવો કરાર.

૧૨૪. કરારનું કારણ કિંવા કરવાનો ઉદ્દેશ કાયદાવિરૂદ્ધ હોય, તો રદ થાય છે, એમ ઉપર કહ્યું; તથાપિ કરારને પુરૂં કારણછતાં તેનો ઉદ્દેશ કેટલેક દરજે કાયદાસર અને કેટલેક દરજે કાયદાવિરૂદ્ધ હોય તો, જે કાયદાસર ઉદ્દેશ અને કા- યદાવિરૂદ્ધ ઉદ્દેશ, એ બંને જુદા પાડવાસરખા હોય, તો કાયદાસર ઉદ્દેશ જેટલો કરાર કાયમ રહીને, તેનો બાકીનો ભાગ રદ થાય છે. જેમકે, "તમે મને બસેં રૂપીઆ કરજ આપ્યા હતા, તે બાબત બસેં રૂપીઆ, અને મારેવાસ્તે તમે કોર્ટમાં ખોટી સાક્ષી પુર્યાં બદલ ત્રણસેં રૂપીઆ, એમ મળીને એકંદર પાંચસેં રૂપીઆ હું તમને આપવાને કબુલ કરૂંછું;" એ કરાર કરજ વસુલ કરવા જેટલો કાયમ રહીને બાકીનો રદ થાય છે. જો કોઈ પૈસા લેઈ ધંધો કરનારી,

દળવું; ખાંડવું વગેરે ઘરનું કામ કરીને તે ઘરધણી સાથે વ્યભિચાર કરવાની કબુલાતથી ચાકરીએ રહેશે, તો તેના પગારનેસારૂ કોર્ટમાં ફિર્યાદ ચાલનાર નથી; કારણ કે એ કરારમાંથી કાયદાસર ઉદ્દેશ, અને કાયદાવિરૂદ્ધ ઉદ્દેશ એ બંને જુદા પાડવા સરખું નથી.

---

# પ્રકરણ ૬.

## કાયદામાં કાંઈ વિશેષ રીતિ કહી હોય તે રીતિને અનુસરીને હોવું.

૧૨૫. અમુકરીતે કરાર કરવો એમ કાયદામાં કહેલું હોય તો તે રીતે કરાર થવો જોઇએ, જેમકે, ઇંગ્લિશ કાયદા પ્રમાણે સ્થાવરમિલકત સંબંધી ઘણુંકરીને સર્વે "ડીડસ[1]" એટલે સીકાની સાથે કરી આવેલા કરારનામાં લખેલાં હોવાં જોઇએ. કેટલાંક જામીનખતાં લખેલાં હોવાં જોઇએ. સને ૧૮૬૨ ના આક્ટ ૧૦ પ્રમાણે ઘણાક કરારો યોગ્ય કીમતના છાપેલા કાગળ ઉપર હોવાજોઇએ. છાપના કાયદા વિશે આ ગ્રંથને છેવટે પૂર્ણી આપી છે તે જોવી.

કરાર કાયદાની રીતને અનુસરીને હોવા જોઇએ.

---

# ભાગ ૨.

## કરારના બે પ્રકાર.

૧૨૬. મનુષ્યોમાં વ્યવહાર હોય છે તે વ્યવહાર મધ્યે વ્યવહાર કરનારનો હેતુ શો હતો તે, તેઓના લેખ ઉપરથી કિંવા ભાષણ ઉપરથી કિંવા વર્તણૂક ઉપરથી સમજાય છે. જ્યારે તેઓનો હેતુ તેઓના લેખ ઉપરથી કિંવા ભાષણ ઉપરથી સમજાય, ત્યારે તે કરારને સ્પષ્ટ કરાર એમ કહેવું.

સ્પષ્ટ તથા ગર્ભિત કરાર.

---

[1] આ વિશે ભાગ ત્રીજો જોવો.

અને જ્યારે તેઓની વર્તણૂક ઉપરથી સમજાય, ત્યારે તે ક-રારને ગર્ભિત કરાર એમ કહેવું; જેમકે જો મેં એક દુકાનમાં જઇને માલની કીમત નહીં ઠરાવતાં તે વેચાણ લીધો. તો તેની વાજબી કીમત મારે આપવી પડશે. આ ઠેકાણે તે માલની વાસ્તવિક કીમત આપવાવિશે મેં કરાર કીધો એમ મારી વર્તણૂક ઉપરથી સમજાય છે.

ગર્ભિત કરાર માનવાનું કારણ.

૧૨૭. એ ઉપરથી એ સેહેજ ધ્યાનમાં આવશે કે, એવે ઠેકાણે કરાર કીધાનું અનુમાન નહીં કીધાથી પુષ્કળ અન્યાય થશે. માટે જો પક્ષકારોએ પોતાનો કરાર ઉઘાડી રીતે બોલીને કિંવા લખીને બતાવ્યો નહીં, તોપણ કોર્ટ ન્યાય દૃષ્ટિએ પક્ષકારોની વર્તણૂક ઉપરથી વિચાર કરીને એમ સ-મજે છે કે તેનો કરાર કરવાનો હેતુ હતો; અને તે પ્રમાણે તેણે કરાર કીધો.

૧૨૮, જો મેં કાંઈ સ્પષ્ટ કરાર નહીં કરતાં કોઇને મારૂ કામ કરવાને કહ્યું, અને તેણે મારૂ તે કામ કીધું, તો વાસ્તવિક જોતાં તેની મેહેનતનું જે આપવું યોગ્ય તે મારે આપવું પડશે. કોઇ બીજાનો ઘોડો બેસવાને લાવશે, તો તેની પાસે છે ત્યાંસુધી તેના દાણા પાણીની તજવીજ તેણે રાખવી જોઇએ.

૧૨૯. મુંબઇથી સુરત લેઈ જવાસારૂ વહાણનો વીમો ઉતરાવ્યો હોય, તો સફર કરવાને વહાણ યોગ્ય છે એમ મુંબઇથી નિકળતી વખત વાહણવાળાએ કબુલ કર્યું હતું એમ સમજવું. તેમજ દેણદારે કહેવા ઉપરથી કાંઈ તેનો જામીન થાય, તો જામીનને સાહુકારના પૈસા ભરવાપડ્યાથી દેણદારે જામીનને નુકસાન ભરી આપવા વિશે કરાર કર્યો છે, એમ સમજવું.

૧૩૦. જો કોઈ બીજાને કાંઈ વસ્તુ બક્ષીસ આપશે તો તે વસ્તુનો કોઇ પણ રીતે ઉપભોગ લેવાને બક્ષીસ લેનારને હરકત થનાર નથી, એવો બક્ષીસ આપનારે કરાર કર્યો છે એમ સમજવું.

૧૩૧. જો કોઈએ અમદાવાદમાં રસણિયાનો વ્યાપાર બીજાને વેચ્યો, તો તે વ્યાપાર અમદાવાદમાં નહીં ચલાવવા વિશે કરાર તે વ્યાપારનો હક વેચનારે કીધો એમ સમજવું.

૧૩૨. ઘરધણીએ પોતાનું ઘર બીજાને ભાડે આપવાનું કબુલ કીધાથી ઘર ભાડુવાતને સ્વાધીન કરવા વિશે, તથા કોઈ રીતે તેને હરકત નહીં થવા વિશે ઘરધણીએ કરાર કીધો એમ સમજવું.

૧૩૩. જો કોઈ પોતાના મકાન મધ્યેની એક કોટડી બીજાને ભાડે આપે, તો તે મકાન મધ્યેનો કુવો, કોટડીમાં જવાનો રસ્તો, ખાળ તથા તહારતખાનું, એ સર્વનો ઉપયોગ કરવા દેવા વિશે ઘરધણીએ કબુલ કીધું છે, એમ સમજવું.

૧૩૪. જો કોઈ કાંઇ કામ કરવાનું કબુલ કરેતો તેને તે અકલ હુંસિયારીથી તથા યોગ્ય કાંળજીથી કરવું જોઇએ. માટે વકીલે પોતાના અસીલના કામમાં કાંઈ આળસ કીધું હોય, તો તેથી થએલું નુકસાન ભરી આપવાની જવાબદારી તેના ઉપર રહે છે. તેમજ આગ ગાડી ચલાવનારા, વહાણ હાંકનારા, વૈદ્ય, ચિત્રકહાડનાર વગેરે, એઓએ પોતાના કામમાં આળસ કીધાથી થએલું નુકસાન ભરી આપવા વિશે જવાબદાર થાય છે. વળી તેમજ મિત્રાઇના સંબંધો કાંઈ કામ કરવાનું કબુલ કરીને તેણે તે બાબત બેપરવાઇ કીધી હોય તો તેથી થએલું નુકસાન વિશે તે જવાબદાર થાય. છે.

૧૩૫. ધણીએ વિનાકારણે પોતાની સ્ત્રીને બહાર કહાડી મુકી, તો તેજે અન્ન વસ્ત્રાદિ અવશ્ય પદાર્થ વેચાણ લેશે, તે વિશે તે જવાબદાર થશે.[1]

૧૩૬. જો બીજાને ચાકર રાખીને પગાર આપવાને

---

[1] હિંદુ શાસ્ત્ર પ્રમાણે ધણીએ સ્ત્રીને કોઇ પણ કારણથી બહાર કહાડી મુકી હોય, તો અન્ન વસ્ત્રાદિ અવસ્ય પદાર્થ વિશે તેણે જે કરાર કર્યો હોય તે વિશે તે ધણી જવાબદાર થાય છે.

તે કબુલ કરે તો તેણે તેને કામ નીમી આપીને તે કામ કરતાં વચમાં હરકત નાંખવી નહીં; ને હરકત નાંખેતો ચાકરે કામ નહીં કીધાના સબબ ઉપરથી પગાર આપવાનું બંધ થનાર નહીં.

૧૩૭. સાધારણ નિયમ એવો છે કે, જે બીજાનું કામ કરે છે, તે પૈસાની લાલચથી કરે છે. માટે જો પગાર આપવા વિશે સ્પષ્ટ કરાર કીધો નહીં હોય, તો કામ કરાવી લેનારે યોગ્ય પગાર આપવાનું કબુલ કીધું છે, એમ અનુમાન કરવું. પરંતુ જો પૈસા ઉપર લાલચ નહીં રાખતાં મેહેનત કેવળ ખુશીથી કિંવા મિત્રાઇના સંબંધથી કીધી હોય, તો તે મેહેનતનું ફળ જે લેશે, તેને તે બાબત પગાર આપવાની જરૂર નથી. જેમ કે, ગામમાં આગ લાગી હોય, તો તે હોલવવામાં જે મદદ કરે-છે, તેઓની પોતાની મેહેનત બદલ ફિર્યાદ ચાલનાર નહીં. તેમજ બારિસ્ટરે પોતાના અસીલસાથે સ્પષ્ટ કરાર કીધો નહીં હોય, તો તેની પોતાની મેહેનત બદલ અસીલ ઉપર ફિર્યાદ ચાલનાર નહીં; અને અસીલે સ્પષ્ટ કરાર કીધા શિવાય ફી ભરી હોય, તો બારિસ્ટરે કામ નહીં કીધા બાબત તેના ઉપર અસીલની ફિર્યાદ ચાલનાર નહીં.

૧૩૮. "હું તમારી ચાકરી કરવાને કબુલ કરૂંછું, અને, તે બદલ મને તમે જે આપશો તે હું લેઇશ," એવો કોઇએ કરાર કીધો હોય, તો તે ઉપરથી તેને કાંઈ પણ ચાકરી કીધા બદલ આપવું જોઇએ. માટે તેને આપવાનું કોર્ટને યોગ્ય જણાય તે આપવું જોઇએ.

૧૩૯. કરાર પ્રમાણે કાંઈ વાત થયા પછે, બંને પક્ષકારોના સંમતથી, અથવા કરારની કબુલત પ્રમાણે એક પક્ષકારે કરાર તોડ્યો, તો તે કરાર ઉપરથી જે વાત બની હોય, તે બાબત ફિર્યાદ ચાલશે. જેમ કે "મને પાંચસેં રૂપીઆ આપેથી હું તમારા ઘર ઉપર મેડો બાંધીશ. પરંતુ તમે ઘરનો પાયો જેવો મજબુત કહોછો તેવો હોવો જોઇએ." એવો મેંકરાર કીધાથી અડધું કામ પુરૂ થયું નથી, એટલામાં

પાયો મજબુત નથી એમ જણાયું, તો મેં એ કરાર રદ કરવો, અને મેં જેટલું કામ કરેલું હોય તેટલા બાબત ફિર્યાદ કરવી.

૧૪૦. જો કોઈ દુકાનમાંથી કાંઈ માલ મંગાવ્યા ઉપરથી દુકાનદારને માલ નહીં મોકલતાં બીજોજ તે માલ મોકલે, અને તે મોકલેલો માલ દુકાનદારને યોગ્ય મુદતમાં પાછો મોકવામાં આવે નહીં, તો તે માલની યોગ્ય કીમત આપવા બાબત માલ માગનાર માણસે કરાર કીધો છે, એમ કોર્ટ સમજે છે.

૧૪૧. વેચાણ મધ્યે ગર્ભિત કરાર હોય છે. જેમ કે, માલ વેચાણ આપવાનો કરાર થયાથી તે માલ વેચાણ લેનારને સ્વાધીન કરવો, અને તેની કીમત આપવી એ ગર્ભિત છે. તેમજ વેચાણનો કરાર થયાપછે, કેટલેક દિવસે માલ વેચાણ લેનારને સ્વાધીન કરવો, એવો કરાર કર્યો હોય, તો વેચનારે પોતાના ઘરમાં માલ છે, ત્યાં સુધી તે સંભાળવા વિશે સારી ખબરદારી રાખવી જોઇએ.

૧૪૨. માલ વેચતી વખતે વેચનારે જે વાત કહેવી જોઇએ તે તેણે કહેવી એ ગર્ભિત છે.

૧૪૩. કોઈએક કપટથી માલ લેઇ ગયો હોય, તો તેણે તે માલ ખરીદ કીધો છે, એમ સમજીને માલકે તે ઉપર તેની કીમતને સારૂ ફિર્યાદ કરવી. જેમ કે “ મેં પોતાનો વ્યાપાર આજથી બંધ કર્યો છે; માટે મારા નાની ઉમરના છોકરા સાથે કોઇએ વ્યવહાર કર્યો હોય, તે વિશે હું જવાબદાર થતો નથી, ” એમ એક વેપારીએ સર્વ લોકોને જાહેર કરીને, તે છોકરા પાસે વ્યવહાર કરાવ્યો, અને પોતે છાનીરીતે તેથી ફાયદો કરી લીધો, તો તે બાબત બાપ ઉપર ફિર્યાદ ચાલશે.

૧૪૪. કોઈ માણસ નાદાર છે એમ જાણીને તેને બીજાની પાસેથી માલ વેચાણ અપાવીને તે માલ તે નાદાર પાસેથી પોતે લીધો, તો તે બાબત તે માણસ ઉપર ફિર્યાદ ચાલશે.

૧૪૫. કોઇએ બીજાને વાસ્તે તેના કહેવા ઉપરથી પૈસા

ખરચ્યા, તો તે બક્ષીસ આપ્યું નહોય તો તે બાબત ફિર્યાદ ચાલશે; એ વિશે જમાનીનું પ્રકરણ જોવું. અહીં એ લક્ષમાં રાખવું કે, કોઇએ પોતાને સગાને કાંઈ આપ્યું હોય, તો તે તેને બક્ષીસ આપ્યું; અને પારકા મનુષ્યને આપ્યું હોય, તો તે તેને ઉછીનું આપ્યું, એમ કોર્ટ સમજે છે. જેમ કે, બાપે છો-કરાનું કરજ આપ્યું હોય, તો તે ઘણુંકરીને કેવળ દાન, કિંવા બક્ષીસ આપ્યું એમ કોર્ટ માને છે; પરંતુ ત્રાહિતની સાથે એ પ્રમાણે વ્યવહાર થયો હોય, તો તે બાબત ફિર્યાદ ચાલવાને હરકત નથી.

૧૪૬. જ્યારે કેટલાંક માણસો એકઠાં થઇને કોઈ કામ કરે છે, ત્યારે તેઉને પરસ્પર સાથે સ્પષ્ટ કરાર ન હોય તો પ્રત્યેક ઉપર જવાબદારી રહે છે; અને તેઓમાંથી, જો કોઈ એકને સર્વેનું કરજ આપવું પડે, તો તેણે બાકી રહેલાના હિતને માટે પૈસા ભર્યા, માટે તે બાબત બાકી રહેલા લોકો ઉપર તેની ફિર્યાદ ચાલશે. જેમ કે પાંચ આસામી મળીને પ્રવાસ કરતાં રસ્તામાં એક દુકાનમાં જઇને દાણા વેચાથી લીધા, તો સર્વે લીધેલા દાણાની કીમત આપવાની જવાબદારી પ્રત્યેકની ઉપર રહે છે, માટે જો સર્વેને વાસ્તે દાણાની કીમત ભરવાનું તેનામાંથી કોઈ એકને માથે પડ્યું હોય, તો બાકીની આસામીના જે હિસ્સા હોય, તે વસુલ કરવા વિશે તેની ફિર્યાદ ચાલશે; તેમજ જો પાંચ આસામીએ પોતાના કામમાં એક વકીલ નીમ્યો, અને તે બાબત એકનેજ સર્વ ફી આપવી પડી, તો તે ચાર આસામીના હિસ્સા વસુલ કરવાસારૂ ફિર્યાદ ચાલશે.

૧૪૭. કોઈ એકને કાયદા પ્રમાણે જે કરવું જરૂર હતું, તે બીજાને કરવું જરૂર પડ્યું, તો એમ કરવાથી જે નુકસાન થયું હોય તે ભરી લેવાસારૂ જો કાંઈ સ્પષ્ટ કરાર ન હોય તોપણ ફિર્યાદ ચાલશે. એ વિશે ૮૦ મી કલમ જોવી.

૧૪૮. જો કાંઈ બનેલી વાત માહિત નહીં હોવાને લીધે કોઇએ બીજાને પૈસા આપ્યા, તો તે તેને પાછા મળે છે.

પરંતુ તે વાત માહિતછતાં, જો કોઇએ બીજાને પૈસા આપ્યા, તો તે તેને પાછા મળતા નથી. એ વિષે કાયદામાં એવો એક નિયમ છે કે, થએલી વાતબાબત કોઈ અજ્ઞાન હોય, તો તેને માફી મળે છે; પરંતુ જે કાયદા બાબત અજ્ઞાન હોય, તો તેને માફી મળતી નથી. જેમ કે, માલ વેચાણ લેવાના કરારમાં વેચાણ લેનારે, માલ વીસ ખાંડી છે, એમ ન જાણીને તે પ્રમાણે તેણે પૈસા ચુકાવી આપ્યા, અને તે પછે તેને પોતાનો ચૂક માલુમ પડો, તો તેણે બાકીનાં નાણાં પાછાં લેવા વિષે ફિર્યાદ કરી હોય તો ચાલશે. તેમજ નાણાં ગણી આપતી વખત વધારે આપ્યાં, તો તે પાછાં લેવામાં આવશે. પરંતુ ૧૧૧ મી કલમમાં કહ્યાપ્રમાણે મૂળ જવાબદારે જામીનને હરકત થાય એવો કરાર તેના શાહુકારને લખી આપ્યો છે, એ વાત જામીનને માહિતછતાં તે મૂળ જવાબદારનું કરજ તેના શાહુકારને ભરે, તો તે તેને પાછું મળનાર નથી. કેમકે તેના ઉપરની જવાબદારી ગઈ છે, એ કાયદાની વાત તેને માહિત હોવી જોઇએ.

૧૪૯. કોઇએ જબરદસ્તીથી ભુલથાપ દેઇને, કિંવા કાંઈ અન્યાય કરીને બીજા પાસેથી પૈસા લીધા હોય, તો તેને પાછા આપવા જોઇએ. જેમ કે, ગાડી રંગનારને રંગામણી વગેરેના પૈસા મળ્યા નથી ત્યાંસુધી ગાડી અટકાવી રાખવાનો તેને અધિકાર છે; પરંતુ જો તે ગાડી રંગનારે ગાડીના માલિક સાથે પ્રથમ કબુલ કરેલા પૈસા કરતાં વધારે પૈસા માગ્યા, અને ગાડીની ઘણી જરૂર હોવાને લીધે માલિકે તેને વધારે પૈસા આપ્યા, તો જાસ્તી આપેલા પૈસા બાબત માલિકની ફિર્યાદ ચાલશે. તેમજ આગ ગાડીવાળાએ દસ્તુર કરતાં વધારે પૈસા માગ્યા, અને તે કોઇએ આપ્યા, તો તે પાછા લેવામાં આવશે. તેમજ નાજરે કોઈ ગેરસખસનો માલ જપત કરીને તેને એવી દેહેસત બતાવી કે "મને કાંઈ પૈસા નહીં આપો તો માલ વેચાઈ જશે," અને એવી

દહેસતથી તેણે નાજરને પૈસા આપ્યા, તો તે પાછા મળવાની ફિર્યાદ ચાલશે.

૧૫૦. અમલધારે જે કાયદા પ્રમાણે કરવું જરૂર છે તે કરવા માટે તેણે પૈસા લીધા હોય, તો તેને તે પાછા આપવા પડશે. જેમ કે, જો ખૂતનો ખબર પચો લાગવાસારૂ કોજદારે કોઈ પાસેથી કાંઈ પૈસા લીધા, તો તેની પાસેથી તે પાછા લેવા વિશે, ફિર્યાદ ચાલશે.

૧૫૧. જે કામ કરવાસારૂ, કિંવા જે કરાર ઉપર પૈસા ભરવાનુ કબુલ કરેલું હોય, તે કામ, કિંવા તે કરાર નહીં થયો, તો જે પૈસા ભર્યા હશે તે પાછા આપવા પડશે.

૧૫૨. નીતિવિરૂદ્ધ, તથા કાયદાવિરૂદ્ધ કરાર ઉપરથી, એક પક્ષકારે બીજા પક્ષકારને પૈસા ભર્યા તો કરાર મધ્યેની સર્વ વાત બનતાં પહેલાં પૈસા પાછા લેવાની ફિર્યાદ કરી હોય તો ચાલશે; પરંતુ કરારમાંહની સઘળી વાત બની હોય તો ફિર્યાદ ચાલનાર નથી. જેમકે, "આગગાડી આ વરસમાં ચાલુ થએથી હું તમને પાંચસેં રૂપીઆ આપીશ, નહીંતો તું મને પાંચસેં રૂપીઆ આપે." એવા મેં કરાર કીધા પછે આગગાડી ચાલુ થતા પહેલાંજ મેં તેને પાંચસેં રૂપીઆ આપ્યા, તો આગગાડી ચાલુ થતાં પહેલાં મેં કરાર રદ કરીને પૈસા પાછા લેવાની ફિર્યાદ કરી હોય તો ચાલશે; પરંતુ આગગાડી ચાલુ થયા પછે એવી ફિર્યાદ ચાલનાર નથી; કારણ કે, કાયદા વિરૂદ્ધ એવી જે વાત કરવાનો કરાર કર્યા છે, તે થતાં પહેલાં પક્ષકારને એવા કરાર કીધા વિશે, ખોટું લાગ્યાથી કરારના બંધનમાંથી છૂટવાનો રસ્તો રાખેલો છે; પરંતુ તે કાયદા વિરૂદ્ધ વાત એક વખત થઈ એટલે બંને પક્ષકારો અપરાધી થાય છે, માટે તે બંનેમાંથી કોઇની પણ ફિર્યાદ ચાલનાર નથી. વાસ્તે જો પ્રતિવાદી શરત મારવાના પૈસા આપતો નથી માટે વાદીએ એના ઉપર ફિર્યાદ કરી, તો તે ચાલનાર નથી. એવિશે કાયદામાં એવો એક નિયમ

છે કે, બંને પક્ષકારો અપરાધિ હોય તો પ્રતિવાદીનો પક્ષ સબળ સમજવો.

૧૫૩. પરંતુ કપટથકી જે માણસનું સંરક્ષણ કરવાનો કાયદાનો હેતુ છે, તેને અનહિતકારક એવી કાયદા વિરૂદ્ધ વાત કરવા વિશે કરાર થયો હોય, અને તે વાત બની તોપણ તેણે જે પૈસા આપ્યા હશે, તે તેને પાછા મળે છે. આ ઠેકાણે બંને પક્ષકાર અપરાધી છે એમ કોર્ટ સમજતા નથી. માટે જો કોઈ કરજદાર પોતાના કરજ વિશે લેણદાર સાથે નિકાલ કરતી વખત તે મધ્યેનો કોઈ લેણદાર તે નિકાલ કબુલ કરે એટલા વાસ્તે તેને કાંઈ પૈસા આપ્યા તો તે પૈસા ફિર્યાદ કરીને પાછા લેવામાં આવશે.

૧૫૪. જીમ્મેદાર પાસે પોતાની જીમ્મતના કાંઈ પૈસા હોય તો, તે લેવાનો તે જીમ્મતીનો હક છે.

---

# ભાગ ૩.

## કરાર કરવાની રીત.

૧૫૫. ઇંગ્લિશ કાયદા પ્રમાણે કરાર કરવાના ત્રણ પ્રકાર છે. ન્યાયાધીશની મારફત કિંવા બીજા કોઈ સરકારી અમલદારની મારફત જે કરાર થાય છે, તે **સરકાર મારફત કરાર** થાય છે. જેમકે, કોર્ટના હુકમનામાં, સરકારે લખાવી લિધેલાં હાજરજામીન, ખત વગેરે. જે કરાર લખેલા છે, ને તે ઉપર પક્ષકારોના સિકા હોય છે, તેને ઇંગ્રેજી ભાષામાં **ડીડસ** કિંવા **સ્પેશલ્ટીઝ** એમ કહે છે. જે કરાર ઉપર કહેલા બે પ્રકારમાં નહીં આવતાં લખેલા કિંવા મોઢાના હોય છે, તેને **સાધારણ કરાર** કહે છે.[૧] કરારના પ્રકાર

---

[૧] આપણા લોકોમાં પહેલા તથા ત્રીજા પ્રકારના કરાર માત્ર જોવામાં આવે છે.

જવાબદારી. ૧૫૬. આ ત્રણ પ્રકારના કરાર ઉપરથી પક્ષકારો ઉપર જુદા જુદા પ્રકારની જવાબદારી ઉત્પન્ન થાય છે.

ત્રણ પ્રકારના કરારના ગુણ. ૧૫૭. સરકાર મારફત કરાર સરકારની રૂબરૂ થાય છે તેથી તે ઉત્તમ પ્રકારના છે. સ્પેશલ્ટી એ કરાર મધ્યમ પ્રકારના છે; સાધારણ કરાર સરકાર મારફત થયા પ્રમાણે શ્રેષ્ટ નથી. અને સ્પેશલ્ટી પ્રમાણે વિચાર કરીને થાય છે એમ પ્રથમ દર્શની સમજવા જેવા નથી. માટે તે કનિષ્ટ પ્રકારના છે, એમ માનેલું છે.

સમાવેશ. ૧૫૮. પ્રથમ કનિષ્ટ પ્રકારનો કરાર કરીને પછે તેજ બાબત સ્પેશલ્ટી કિંવા સરકાર મારફત કરાર કીધો હોય, તો પ્રથમનો કનિષ્ટ કરાર રદ થાય છે. તેમજ પ્રથમ સ્પેશલ્ટી કરાર કરીને પછે સરકાર મારફત કરાર થયો હોય, તો પ્રથમનો સ્પેશલ્ટી કરાર રદ થાય છે. પરંતુ પ્રથમ સરકાર મારફત કરાર કિંવા સ્પેશલ્ટી કરાર થયો, અને પછી તેજ બાબત સાધારણ કરાર કર્યો હોય, તો પ્રથમનો સરકાર મારફત કરાર કિંવા સ્પેશલ્ટી કરાર રદ થતો નથી. એ વિશે થોડામાં આ સાધારણ નિયમ ધ્યાનમાં રાખવો કે, એકજ વાત વિશે બે કરાર હોય, તો તેમાં જે મોટો હોય તેમાં નાનાનો સમાવેશ થાય છે.

પ્રતિબંધ. ૧૫૯. સરકાર મારફત કરાર અથવા સ્પેશલ્ટી કરાર કરવાથી કરારમાં જેમજરૂર લખેલો હોય, તેના વિરૂદ્ધ બોલવાનો પક્ષકારોને અધિકાર નથી. જો કોઇએ એવા પ્રકારના કરારમાં એમ લખ્યું હોય કે, મને પાંચસેં રૂપીઆ પહોંચ્યા, તો રૂપીઆ મૂળમાંજ પહોંચ્યા નથી, કિંવા પાંચસેં કરતાં ઓછા પહોંચ્યા, એમ તેનાથી કહી સકાય નહીં.[1] પરંતુ

---

[1] પરંતુ સ્પેશલ્ટી કિંવા સરકાર મારફત કરાર કપટથી થયો હોય, તો તેના અંગે પ્રતિબંધ કરવાનો જે ગુણ હોવાનો તે નાશ થાય છે; માટે પક્ષકારે કપટ કીધાનો પુરાવો આપીને કરાર રદ કરાવવો.

સાધારણ કરાર કર્યા હોય તો તેમાંની કાંઈ વાત રદ કરવા સારૂ બહારનો પુરાવો આપી સકાય.[1]

૧૯૦ જેરીતે સાધારણ કરારને પુરૂં કારણ છે એમ બતાવવું પડે છે, તે રીતે સરકાર મારફત કરાર અને સ્પેશલ્ટી કરારને પરકારણ છે એમ બતાવવાની જરૂર નથી. કારણ કે, એવા કરારમાં પુરૂં કારણ છે એમ કોર્ટ અનુમાન કરે છે. પુરૂં કારણ.

૧૯૧. સ્પેશલ્ટી કરાર કરી આપનારે સ્પેશલ્ટી ઉપર પોતાનો સિકો કરીને તે કરારનામું સ્પેશલ્ટી કરી લેનારને સ્વાધીન કરવું જોઇએ. સ્પેશલ્ટી કરાર સ્વાધીન કરવો.

---

# ભાગ ૪.

## કરાર કરનાર પક્ષકાર.

૧૯૨. કરાર કરનાર પક્ષકારોમાંથી કેટલાકને વિશે પેહેલા ભાગના બીજા પ્રકરણમાં વિચાર કરેલો છે. હવે બાકી રહેલા પક્ષકારો વિશે વિચાર કરવાનો છે. કરાર કરનાર પક્ષકારો.

---

# પ્રકરણ ૧.

## એગ્જીક્યુટર્સ તથા આડમિનિસ્ટ્રેટર્સ.

૧૯૩. ઇંગ્લિશ કાયદા પ્રમાણે માલિકના હિતને માટે એગ્જીક્યુટર્સ તથા આડમિનિસ્ટ્રેટર્સ એઓને કરાર કરવાનો અધિકાર છે. પરંતુ કરાર કરતી વખત તેઓએ ઘણુંજ પ્રમાણિક રીતે ચાલવું જોઇએ. સને ૧૮૬૦ નો ૨૭ મો આકટ જુવો. એગ્જીક્યુટર્સ તથા આડમિનિસ્ટ્રેટર્સ.

---

[1] સને ૧૮૨૭ ના કાયદા ૫ માની કલમ ૯ જોવી.

# પ્રકરણ ૨.

## નાદાર.

નાદારીને લીધે માલ મત્તા ઉપરથી હક જાય છે.

૧૬૪. વિક્ટોરિયા રાણીના દશમા અને અગિયારમા વરસમાં થએલા એકવીસમા કાયદા, તથા સને ૧૮૬૫ ના ૨૮ મા આક્ટ પ્રમાણે મુંબાઈ ટાપુમાં કોઇ નાદાર થયો હોય, તો તેનો સર્સ હક તેના અસૈનીને અથવા ટ્રસ્ટીને મળે છે. માટે તે નાદાર થયાપછે, તેનો કરાર કરવાનો અધિકાર, કિંવા તેણે નાદાર થતાં પેહેલાં બીજાની સાથે કાંઇ કરાર કીધા હોય, તો તે ઉપરથી બીજા ઉપર ફિર્યાદ કરવાનો હક રદ થાય છે.

પરંતુ શરીર રક્ષણ વગેરે હક જતો નથી.

૧૬૫. પરંતુ જો કોઇએ તેના શરીરને ઉપદ્રવકીધો, કિંવા તેની સ્વતંત્રતાને હરકત કીધી, તો તે નાદારને પોતાના નામથી ફિર્યાદ કરવાનો અધિકાર છે. કારણ કે, કોઈ માણસ નાદારથયાથી તેની માલમિલકત ઉપરનો હક માત્ર બીજાને મળે છે. પરંતુ બાકીના હક તેની તરફજ રહે છે.

---

# પ્રકરણ ૩.

## મુખ્ય અને મુનીમ.

મુનીમની અવશ્યતા.

૧૬૬. આ જગતમાં કેટલાંક કામ એવાં છે કે, તેમાંનાં કેટલાંક કામ એકજ માણસ કરવાનું કહે, તો તે સિદ્ધ થવાના નહીં. માટે બીજાની સહાયતાની જરૂર પડે છે. જે કોઈ બીજાને પોતાને વાસ્તે કામ કરવાનું કહે છે તેને **મુખ્ય** એમ કહેવું. અને જેને કામ કરવાનું કહ્યું હોય, તેને **મુનીમ** એમ કહેવું.

મુનીમ નીમવાનો અધિકાર.

૧૬૭. જેને જાતે વ્યવહાર કરવાનો અધિકાર છે. તેજ બીજાને મુનીમ નીમી સકે છે: માટે પરદેશના લોક, ફેલન્સ. લગ્ન થએલી સ્ત્રીઓ, અપ્રાપ્ત વ્યવહાર, ગાંડા, વગેરે પેહેલા

ભાગના બીજા પ્રકરણમાં કહ્યાપ્રમાણે જે, વ્યવહાર કરવાને ઘણેક દરજ્જે નલાયક છે, તે મુનીમ નીમવાને પણ નલાયક છે.[1]

૧૬૮. પોતાની તરફ઼ બીજાએ જે કામ સોપ્યું હોય, તે કામ સંબંધી પેહેલા મુનીમને,મુખ્યની તરફથી બીજો મુનીમ નીમવાનો અધિકાર નથી; માટે મુનીમે બીજો મુનીમ નીમ્યો હોય, તો તે બીજો મુનીમ, મુખ્યને જવાબદાર નહીંછતાં પેહેલોજ મુનીમ જવાબદાર રહે છે. મુનીમથી પોતાનો અધિકાર બીજાને આપી સકાતો નથી.

૧૬૯. મુનીમના બે પ્રકાર હોય છે; (૧) જેને સ્પષ્ટ રીતે મુનીમ નીમ્યો હોય તે, અને (૨) વ્યવહાર ઉપરથી મુનીમ હોય એવું જેને વિશે કોઈ અનુમાન કરે છે તે. તેઓ મધ્યેથી પેહેલા પ્રકારના મુનીમ [૧] વિશેષ કામ કરવાસારૂ નીમેલો હોય છે. [૨] કિંવા કાંઈ એક વ્યાપાર સંબંધી કામ કરવાસારૂ નીમેલો હોય. [૩] કિંવા મુખ્યને જે કામ કરવાનો અધિકાર છે, તે સર્વ કામ કરવાસારૂ નીમેલો હોય છે. મુખ્યને જે જે કામો કરવાનો અધિકાર છે, તે સર્વ કામો કરવાસારૂ કોઈ મુનીમ નીમતું નથી, એટલાજ વાસ્તે એવા મુનીમ વિશે વિશેષ કહ્યું નથી. મુનીમના બે પ્રકાર. (૧) વિશેષ મુનીમ (૨) સાધારણ મુનીમ. (૩) સર્વ સંબંધી મુનીમ.

૧૭૦. મુખ્ય અને મુનીમ એઓના વિશે નીચેના ક્રમથી વિચાર કરેલો છે. વિષયના ભાગ.

(૧) મુખ્યના પોતાના મુનીમ ઉપર હક.

(૨) મુનીમના પોતાના મુખ્ય ઉપર હક.

(૩) મુનીમના વ્યવહાર ઉપરથી ત્રાહિતના મુખ્ય ઉપર હક.

(૪) મુખ્યના ત્રાહિત ઉપર હક.

(૫) મુનીમના ત્રાહિત ઉપર હક.

(૬) ત્રાહિતના મુનીમ ઉપર હક.

---

[1] પરંતુ બીજાએ એવા માણસને મુનીમ નીમ્યો હોય, તો તેણે મુનીમના સંબંધથી કામ કરવાને હરકત નથી.

### (૧) મુખ્યના પોતાના મુનીમ ઉપર હક.

મુનીમનું કામ. ૧૭૧. મુખ્યે પોતાના મુનીમને કાયદાસર જે કામ કરવાનાં કહ્યાં હોય, તે અને તે વિશે જે કરવાનું જરૂર પડે તે સર્વ મુનીમે કરવું જોઇએ. મુનીમને એકજ કામ કરવાનો અધિકાર આપ્યો હોય, તો તેણે તેટલુંજ કામ કરવું. કાંઈ વ્યાપાર સંબંધી કામ કરવાને કહ્યું હોય, તો તે વ્યાપાર સંબંધી જે કામ કરવા અવશ્ય હોય, તે સર્વ કામ કરવાં જોઇએ, અને તે કામ કરવાને જેટલી અકલ, હુંશિયારી જોઇએ તેટલી મુનીમમાં હોવી જોઇએ, ને તેટલી અકલ હુંશિયારી રાખીને તે કામ કરવું જોઇએ.

અધિકાર બહાર કરેલા કામ ઉપરથી જવાબદારી. ૧૭૨. મુનીમને મુખ્યે જે અધિકાર આપ્યો હોય તેની મર્યાદ મુકીને તેણે કાંઈ કામ કર્યું હોય, અને તે કામમાં કાંઈ નુકસાન થયું હોય, તો તે મુનીમેજ ભોગવવું જોઇએ; પરંતુ તે કામમાં કાંઈ ફાયદો થયો હોય, તો તે ઉપર મુખ્યનો હક પહોંચે; તેમજ મુનીમે પોતાના અધિકાર ઉપરાંત કાંઈ કામ કીધું, અને પછે મુખ્યે તે માન્ય કીધું, તો મુનીમ જવાબદારીમાંથી છુટે છે.

અજ્ઞાન મુનીમની જવાબદારી. ૧૭૩. કાંઇએક કામ પોતાને સારીરીતે કરતાં આવડશે નહીં એમ માહિતછતાં, અને તે વાત મુખ્યને નહીં જણાવતાં કોઈ કામ કરવાનું કબુલ કરે, તો એવા મુનીમે કરેલા કામની જવાબદારી તેના ઉપર રહે છે.

મુનીમે વિશ્વાસુપણેથી ચાલવું. ૧૭૪. જેના ઉપર આપણે વિશ્વાસ રાખીએછીએ, તેણે કહેલું કામ ઘણા વિશ્વાસુપણાથી કરવું જોઇએ, માટે પોતાનો કાંઈ માલ વેચવાસારૂ મુખ્યે કોઇએક મુનીમ નીમ્યો, તો તે માલવિશે મુનીમને જે માલુમ હોય, તે સર્વ મુખ્યે કહ્યા વિના તેણે માલ વેચાણ લેવો નહીં. તેમજ મુખ્યે પોતાને વાસ્તે કાંઈ જીનસ વેચાણ લેવાને કહ્યું હોય, અને મુનીમને પોતાનો માલ વેચાણ આપવાનો હોય, તો તે માલ પોતાનો છે એમ મુખ્યને કહેવું જોઇએ. તેમજ વકીલનો પોતાના

અસીલ સાથે સંબંધ છે, ત્યાંસુધી વકીલ તેની સાથે વેચાણ વગેરે વ્યવહાર ઘણા વિશ્વાસુપણેથી કરવા. કારણ કે, એમ કર્યું ના હોય, તો મુનીમે કપટ કીધાનો સંશય ઉત્પન્ન થાય છે.

૧૭૫. મુખ્યે પોતાને સારૂ કાંઈ માલ વેચાણ લાવવા સારૂ મુનીમને નીમ્યો હોય, અને તે માલ સસ્તો મળતો હોય તે કારણથી મુનીમ પોતાને વાસ્તે વેચાણ લેશે, તો તે માલ મુખ્યને વેચાણ આપવો પડશે; કારણ કે, તે તેણે મુખ્યનેસારૂ વેચાણ લીધો એમ અનુમાન થાય છે.

૧૭૬. મુનીમે પોતાના મુખ્યનો હિસાબ બરોબર રાખીને તેને વારંવાર બતાવતાં રહેવો જોઇએ. તેણે મુખ્યની પૂંજી લેઇને પોતાનેસારૂ વ્યાપાર કીધો હોય તેમાંથી જે નફો થશે, તે ઉપર મુખ્યનો હક પહોંચે છે. મુખ્યના પૈસા વ્યાજે મુકવાના હોય, અને તેમ ના કરે તો મુનીમે નુકસાન ભરી આપવું.

મુનીમે હિસાબ આપવો.

૧૭૭. મુનીમની આળસને લીધે મુખ્યને નુકસાન થયું હોય, તો મુનીમ જવાબદાર થાય છે. માટે વકીલે પોતાના અસીલના કામમાં આળસ કર્યું હોય, તો સને ૧૮૨૭ ના બીજા કાયદા પ્રમાણે અસીલની તેના ઉપર ફિર્યાદ ચાલશે. પરંતુ મુનીમે પોતાના મુખ્યનું કામ જેટલી ચીવટથી કરવું જોઇએ તેટલી ચીવટથી કરવાછતાં કાંઈ નુકસાન થયું હોય, તો તે નુકસાનનો તે જવાબદાર થતો નથી, માટે મુખ્યે જે માલ મુનીમને વેચવાસારૂ સોંપ્યો હોય, તે ચોરીએ ગયો, કિંવા બળી ગયો, તો મુનીમ જવાબદાર થતો નથી; તેમજ મુનીમે પોતાના પૈસા જે પેઢીમાં વ્યાજે મુક્યા હોય તે પેઢીમાં તેણે પોતાના મુખ્યના પૈસા મુખ્યના નામથી વિશ્વાસપણાથી વ્યાજે મુક્યા હોય, પછે તે પેઢીએ દેવાળું કહાડ્યું હોય, તો મુખ્યના પૈસા વિશે મુનીમ જવાબદાર થતો નથી; પરંતુ મુનીમે પોતાના તથા મુખ્યના પૈસા પોતાના એકલાના નામ ઉપર મુક્યા હોય, તો તે જવાબદાર થાય છે; કારણ કે, એવી જવાબ-

મુનીમે અકલ હુંશિયારીથી ચાલવું.

દારી મુનીમ ઉપર રાખી ના હોય, તો તેને કપટ કરવાનું ફાવે, તે એમકે, પેઢી ચાલુ રહી હોય, ને વ્યાજ મળતું હોય, તો તે એમ કહે કે, મૂળથીજ આ પૈસા મારા છે; માટે તેનું સર્વે વ્યાજ હું લેઈશ, અને પેઢીએ દેવાળું કહાડ્યું હોય, તો તે એમ કહેશે કે, તેમાં જે પૈસા મારા મુખ્યના હતા, તેનું હું નુકસાન ભોગવનાર નથી.

વેચાણ. ૧૭૮. મુખ્યે પોતાનો માલ વેચવાસારૂ મુનીમ નીમ્યો હોય, તો તે માલ જે કિમતે, જે ઠેકાણે તથા જે રીતે વેચવાને કહ્યું હોય, તે કીમતથી તે ઠેકાણે અને તે રીતે તેણે તે માલ વેચવો. જરૂર હોય તો તે માલનો વીમો ઉતરાવી મુકવો. મુખ્યના કહ્યાપ્રમાણે માલ નહીં વેચતાં બીજીરીતે વેચવાથી ફાયદો થવાસરખું હોય, તોપણ તે રીતે માલ વેચવાનો મુનીમને અધિકાર નથી; પરંતુ જો મુખ્ય એવું વેચાણ કબુલ કરે તો હરકત નથી.

જામીન થનાર મુનીમ. ૧૭૯. મુખ્યે કાંઇ માલ પોતાના મુનીમને ફક્ત વેચવા સારૂ આપ્યો હોય, અને મુનીમે તે વિશ્વાસુપણેથી વેચ્યો, તો પછે તે માલ વેચાણલેનાર મનુષ્ય પાસેથી કીમત ન આવે, તો તે વિશે મુનીમ જવાબદાર થતો નથી. પરંતુ મુખ્યે પોતાનો માલ મુનીમને એવી શરતથી આપ્યો હોય કે, માલ વેચાણ લેનાર તેની કિમત આપે કિંવા ન આપે, તથાપિ મુખ્યને તે માલની અમુક મુદતમાં અમુક કીમત મુનીમે આપવી, અને મુનીમે પોતાનો કાંઈ ફાયદો જોઇને તેમ કરવાને કબુલ કીધું હોય, તો તે નીમેલી કીમત વિશે મુનીમ જવાબદાર થાય છે.

અધિકાર પ્રમાણે ખરીદ ન કરે તો. ૧૮૦. પોતાને વાસ્તે કાંઈ માલ વેચાણ લેવાસારૂ કોઈએકે બીજાને કહ્યું હોય, તો તેણે કહ્યાપ્રમાણે માલ વેચાણ લેવો, અને જો મુખ્યે કહ્યાપ્રમાણે માલ વેચાણ નહીં લેતાં બીજીરીતે વેચાણ લીધા હોય, તો મુખ્યે તે માલ જોઇતો હોય તો રાખવો, નહીંતો પાછો આપવો, અને માલ વેચાણ લેવાસારૂ મુનીમને જે પૈસા આપ્યા હોય, તે વસુલ કરવા-

સારૂ મુનીમને નફા-ટોટાનો ધણી કરીને મુખ્યે પોતે તે માલ વેચવો. પરંતુ એમ કરતાં પેહેલાં વેચાણ કબુલ નહીં રાખ્યાનું મુખ્યે મુનીમને જણાવવું જોઇએ. કારણ કે, વેચાણ થઆપછી ઘણા દિવસ જવા દીધાથી મુખ્યે વેચાણ કબુલ રાખ્યું એમ અનુમાન થાય છે.

૧૮૧. ઉપર જે કહ્યું તે વિષે એટલું લક્ષમાં રાખવું કે, મુનીમને પોતાની મેહેનતબદલ પૈસા આપવાનો કરાર કર્યો હોય, તો તેણે મુનીમ થઇને કહેલું કામ કરવું જોઇએ. પરંતુ મહેનતબદલ પૈસા આપવાનો કરાર નહીંછતાં કેવળ સ્નેહના સંબંધથી, કિંવા બીજા કાંઇ કારણથી કામ મફત કરવાને કહ્યું હોય, તો મુનીમે એવું કામ કબુલ કર્યું, તો તેણે તે કામ સિદ્ધિયે પહોંચાડવું જોઇએ. તથાપિ કોઇએ મુનીમને મહેનતબદલ કાંઇ આપવાનું કબુલ કર્યાછતાં તેને જેટલી ચીવટથી કામ કરવું પડે, તેટલી ચીવટથી તે કામ કરવું પડે એમ નથી. લક્ષમાં રાખવા જેવી વાત.

## (૨) મુનીમના પોતાના મુખ્ય ઉપર હક.

૧૮૨. મુખ્યનો મૂળ ધર્મ એવો છે કે, પોતાના મુનીમને મહેનત બદલ જે આપવાનું કબુલ કર્યું હોય, તે તેને આપવું. સ્પષ્ટ કાંઇ કબુલ કર્યું ના હોય, તો દસ્તુર પ્રમાણે જે આપવાનું યોગ્ય તે આપવું. પરંતુ તેને જે કામ કરવાનું કહ્યું તે કાયદાથી વિરૂદ્ધ હોય, કિંવા તે કાયદાસર છે, પરંતુ તેણે તે બરોબરરીતે નહીં કીધાથી મુખ્યને કાંઇ ફાયદો થયો ના હોય, તો તે મુનીમને પોતાની મહેનતના પૈસા મળનાર નથી. જે રીતે કામ કરવું જોઇએ તે રીતે તેણે કર્યું હોય, તો જો પાછળથી મુખ્યને નુકસાન પહોંચે તોપણ તેને પોતાની મહેનતના પૈસા મળવાને હરકત નથી. મુનીમને પ્રાપ્તિ.

૧૮૩. પોતાના મુખ્યનું કામ સારી રીતે કરવાસારૂ મુનીમને જે ખરચ કરવું જરૂર પડશે, તે સર્વ મુખ્ય પાસેથી લેવાનો તેનો હક છે. જેમકે મુંબાઇથી મદ્રાસ માલ મુનીમે અવશ્ય હોય તે ખર્ચ કરવો.

લેઈજવાસારૂ મુનીમ નીમ્યો હોય, તો ગાડીનુ ભાડું, માર્ગમાં ચોરની બીકસારૂ સિપાઈ વગેરે રાખવાનું ખરચ વગેરે સર્વે ખરચ મુખ્યે આપવું જોઈએ. પરંતુ મુનીમ કાંઈ ગફલત કરવાથી, મુખ્યને નુકસાન થશે તે નહીં થવાવિશે તેને કાંઈ ખરચ કરવું પડ્યું હોય, તો તે ખરચ મુનીમને મુખ્ય પાસેથી મળવાનું નથી. જેમ કે, મુનીમને આગગાડીએ માલ લેઈ જવાસારૂ કહ્યાછતાં તેમ નહીં કરતાં ભાડાના છકડા કરીને માલ લેઈ ગયો, અને રસ્તામાં ચોરની બીકથી કોળીઓને આપવાસારૂ પૈસા ખરચ્યા, તો તે પૈસા મુખ્ય પાસેથી મળનાર નથી.

હરકતની જવાબદારી મુખ્ય ઉપર રહેછે.

૧૮૪. મુખ્યના કાયદાસર હુકમ ઉપરથી મુનીમ કામ કરતો હોય તેમછતાં કાંઈ હરકત પડી, તો તે વિશે મુખ્ય જવાબદાર થાય છે. મુખ્યનું કામ કરતી વખત જે મુનીમ કરે તે સર્વે મુખ્યે કીધું એમ થાય છે, માટે તે વિશે મુખ્ય જવાબદાર સમજવો. મુખ્યે કહેલું કામ કાયદાવિરૂદ્ધ હોય તોજ, માત્ર મુખ્ય ઉપર મુનીમનો દાવો ચાલે નહીં. કારણ કે એવા કામમાં બંને સરખા અપરાધી થાય છે.

## (૩) મુનીમના વ્યવહાર ઉપરથી મુખ્ય ઉપર ત્રાહિતના હક.

અધિકાર પ્રમાણે મુનીમ ચાલ્યો હોય, તો મુખ્ય ઉપર જવાબદારી.

૧૮૫. મુખ્યના નામની ત્રાહિતની સાથે મુનીમે કરાર કર્યો હોય, તો તે ઉપરથી મુખ્ય ઉપર ફિર્યાદ ચાલશે. પરંતુ એવો કરાર કરવાને મુખ્યે મુનીમને સ્પષ્ટરીતે અધિકાર આપ્યો હતો, કિંવા મુનીમને એવો અધિકાર આપ્યો હશે, એમ અનુમાન કરવાને કારણ છે, એ વિશે પુરાવો આપવો જોઈએ. મુનીમને સ્પષ્ટરીતે અધિકાર આપ્યો હતો, એ ત્રાહિતને માહિતછતાં તેણે તે મુનીમની સાથે તેને અધિકાર બહાર કરાર કીધો, તો તેવિશે મુખ્ય ઉપર ફિર્યાદ ચાલનાર નથી. જેમકે, મુખ્યે પોતાના મુનીમને પોતાનેવાસ્તે એક હીરો વેચાણ લેવાનું કહ્યું છે, એમ એક સાહુકારને મા-

હિતછતાં તેણે મુનીમને એક હીરો તથા એક માણક એવા બે પદાર્થ આપ્યા, તો તે મુખ્યના હાથમાં ન આવ્યાથી તે જવાબદાર થતો નથી. પરંતુ તે સાહુકારે મુનીમને એક હીરોજ આપ્યો, તો તે પછે જો હીરો મુખ્યને સ્વાધીન થયો નહીં, તોપણ મુખ્ય તે હીરાની કીમત વિશે જવાબદાર થાય છે. મુનીમને સ્પષ્ટરીતે અધિકાર આપ્યો છે, એમ ખરે-ખરૂં માહિત નહીંછતાં ફક્ત મુખ્યની વર્તણૂક ઉપરથી મુ-નીમને અધિકાર આપ્યો છે, એમ સમજીને તે મુનીમ સાથે ત્રાહિતે વ્યાપાર કર્યો હોય, તો તે ત્રાહિતની મુખ્ય ઉપર ફિર્યાદ ચાલશે, કિંવા નહીં, એ, મુનીમ મુખ્યના હુકમથી કિયા પ્રકારનું કામ કેટલા દિવસથી કેઇરીતે કરતો આવ્યો છે, એ વિશે વિચાર કરીને ઠરાવવું જોઇએ. જેમકે, મારા હુકમથી મારો ચાકર બે વર્ષસુધી કોઇએકની દુકાનેથી કાંઇ માલ મારે નામે ઉધાર લાવ્યાછતાં એક દિવસે મારા હુકમવિના પોતા-નાજ ઉપયોગનેસારૂ તે દુકાનેથી તેવો માલ લેઇને નાસી ગયો, તો તે બાબત તે દુકાનદારની મારા ઉપર ફિર્યાદ ચાલશે. કારણ કે, જે બે વરસસુધી મારા હુકમથી માલ લાવતો હતો, તેને મેં અમુકદિવસે માલ લાવવાનો હુકમ આપ્યો નથી, એ દુ-કાનદારના સમજ્યામાં આવે એવું નથી; માટે જ્યારે મારે, અને દુકાનદાર એ બંનેમાંથી એકજણે નુકસાન ભોગવવું જોઇએ, ત્યારે તે મારે ભોગવવું એ ન્યાય છે. એજ કારણ ઉપરથી, જ્યારે કોઈ પોતાના હમેશના મુનીમને એમ કહેશે કે, "તું આજથી જો વ્યાપાર કરીશ તે વિશે તુંજ જવાબદાર," કિંવા તે મુનીમને બીલકુલ કહાડી મુકે, અને તે પછે તે મુનીમે ધણીના નામથી હમેશના દુકાનેથી માલ વેચાણ લી-ધો, તો તે માલની કીમત બાબત મુખ્ય ઉપર ફિર્યાદ ચાલશે. કારણ કે, મુખ્યે પોતાના મુનીમનો અધિકાર કહાડી નાંખ્યો છે, એ દુકાનદારને જણાયું નથી. પરંતુ તે દુકાનદારને માહિત હોય, તો તેની મુનીમ ઉપરજ ફિર્યાદ ચાલશે.

ઉધાર માલ. ૧૮૬. જ્યારે કોઈ દરરોજ પોતાના મુનીમ પાસે રોકડેથી માલ મંગાવતો હોય, અને તે મુનીમ કોઈ એક દિવસે માલ ઉધાર લાવીને તે નાસીગ યો, તો તે વિશે મુખ્ય જવાબદાર થતો નથી.

વિશેષ મુનીમ. ૧૮૭. મુનીમનું હમેશનું કામ હોય તે બાબત મુખ્ય જવાબદાર થાય છે; પેઢી ઉપર નીમેલા મુનીમને પેઢી સંબંધી પૈસા ભર્યા હોય, તો તે પૈસા મુખ્યને આપ્યા એમ થાય છે. પરંતુ જો ઘરનું ભાડું વસુલ કરવાસારૂ વિશેષ મુનીમ નીમ્યા-છતાં તેને ઘરનું ભાડું નહીં આપતાં તે પેઢીના નીમેલા મુનીમને આપ્યું, અને તે મુખ્યને પહોંચ્યું નહીં, તો તે ભાડા બાબત મુખ્યની ભાડુવાત ઉપર ફિર્યાદ ચાલશે.

સારાંશ. ૧૮૮. ઉપર જે કહ્યું તે ઉપરથી એ સ્પષ્ટ દેખાય છે કે, મુખ્ય, અને મુનીમ એઓનો પોત પોતાને માટે ગમે તેવા કરાર હોય, તથાપિ ત્રાહિતની સાથે મુખ્યે મુનીમ પાસેથી જે કરાર કરાવ્યા હોય, તે સર્વ મુખ્યને માન્ય છે એમ સમ-જવું જોઇએ.

ઇંગ્લિશ લાઁ. ૧૮૯. ઇંગ્લિશ લા પ્રમાણે જે ઉપરથી મુખ્ય ઉપર જવાબદારી રહે એવા પ્રકારે મુનીમને ત્રાહિતની સાથે સ્પેશલ્ટી કરાર કરવાનો હોય, તો મુખ્યે મુનીમને સ્પેશલ્ટીથી અધિકાર આપેલો જોઇએ. એ શિવાય ત્રાહિતને કરી આપેલી સ્પેશલ્ટી મુખ્યનાજ નામની હોય, તો લા કોર્ટમાં મુખ્ય ઉપર ફિર્યાદ ચાલશે; પરંતુ સ્પેશલ્ટી મુખ્યના નામની નહીંછતાં તેણે મુનીમે કરેલા કામથી પોતાને ફાયદો કરી લીધો હોય, તો તે બાબત એક્વિટીમાં ફિર્યાદ ચાલવાને હરકતથી.

અહિયાંનો કાયદો. ૧૯૦. અહીંની કોર્ટમાં એક્વિટી કોર્ટનું પણ કામ ચાલે છે; માટે મુનીમે મુખ્યને માટે હરેક પ્રકારના જે કરાર કર્યા હોય, તે ઉપરથી મુખ્ય ઉપર જવાબદારી રહે છે.

મુખ્ય ઉપર વિશ્વાસ ન રા- ૧૯૧. પ્રથમ મુખ્ય માહિતછતાં તેના ઉપર વિશ્વાસ નહીં રાખતાં કોઇએ મુનીમને કાંઈ માલ વેચાણ આપ્યો, અને પછે

મુનીમ તે માલની કીમત આપવાને અસમર્થ છે. એમ જોઈને તે માલધણીએ તે બાબત મુખ્ય ઉપર ફિર્યાદ કરી, તો તે ચાલનાર નથી; પરંતુ મુખ્યે તે માલનો ઉપયોગ કરીને તેની કીમત આપી ન હોય, તો મુખ્ય ઉપર ફિર્યાદ ચાલશે. ખતાં મુનીમ ઉપર જવાબદારી રાખી હોય તો.

૧૯૨. મુનીમનેજ મુખ્ય સમજીને કોઈ વેપારીએ તેની સાથે વ્યવહાર કર્યો હોય, અને મુનીમ પણ મુખ્યની રીતે ચાલ્યો હોય, તો તે વ્યાપારીને ખરો મુખ્ય કોણ, એ પાછળથી સમજ્યામાં આવે, તો તેણે તે મુખ્યનું નામ પોતાના ચોપડામાં દાખલ કરીને તેના ઉપર ફિર્યાદ કરી હોય, તો ચાલે; પરંતુ મુનીમે બ્યાપારી સાથે જેટલા દિવસમાં કરાર પુરો કરવાને કબુલ કર્યું હોય, તેટલા દિવસની માંહે મુખ્યે તે કરાર પ્રમાણે પોતાના ઉપર આવવાની જવાબદારી કહાડી નાંખી હોય, તો તે વ્યાપારની મુખ્ય ઉપર ફિર્યાદ ચાલનાર નહીં. જેમ કે, અ યે બ ને બજારમાંથી કાંઈ માલ પંદર દિવસે કીમત આપવાની બોલીથી વેચાથી લાવવાનું કહ્યું; અને તે પછે બ તે માલ બજારમાંથી વેચાણ લેતીવખત અ નો મુનીમ છે એવું તેણે માલધણીને સમજાવ્યું નથી, તો પછે મુખ્ય કોઈ જુદો છે, એમ માલધણીને પંદર દિવસનીમાંહ સમજવામાં આવ્યું હોય, તો એ વ્યવહારમાં અ ને ફાયદો થવાથી માલની કીમત માટે અ ઉપર ફિર્યાદ ચાલશે. પરંતુ પંદર દિવસ પછે માલની કીમતના પૈસા અ યે બ ને સ્વાધીન કીધાબાદ માલધણીને એમ માલુમ પડ્યું કે, બ ત અ નો મુનીમ હતો, તો મુખ્ય ઉપર ફિર્યાદ ચાલનાર નહીં. પરંતુ બ ઉપર ફિર્યાદ ચાલશે. તથાપિ અ એ માલની કીમત પંદર દિવસની માંહજ પોતાના મુનીમને સ્વાધીન કરી હોય, તો મુખ્ય ઉપરની જવાબદારી જતી નથી. મુનીમની સાથે કરાર કર્યા પછે ખરો મુખ્ય સમજવામાં આવે તો.

૧૯૩. ઉપર જે નિયમ કહ્યા, તેમાં મુખ્ય મૂળતત્વ એ છે કે, જે બીજા પાસેથી કાંઈ કરાવે છે, તે એ પોતે કરે છે, એમ થાય છે, એજ કારણમાટે જો કોઇ નોકરે પોતાના ધ- કોઈબીજાપાસે જે કાંઇ કરાવે છે તે તેણે

પોતે કર્યું એમ થાય છે.

ધણીનું કામ કરતી વખતે ત્રાહિતને ઇજા દીધી, તો નુકસાન બાબત ધણી ઉપર પણ દીવાનીમાં ફિર્યાદ ચાલે છે; પરંતુ ફોજદારીમાં ધણી ઉપર ફિર્યાદ ચાલનાર નથી. કારણકે, જે જાણીબુજીને કાંઈ ગુન્હો કરે છે તેના ઉપરજ ફોજદારીમાં ફિર્યાદ ચાલે છે.

સને ૧૮૪૦નો ૧૩મો આકટ.

૧૯૪. સને ૧૮૪૦ના ૧૩મા આકટમાં કેટલાક પ્રકારના મુનીમો વિશે કહેલું છે. પરંતુ તે આકટ ઇંગ્લિશ લોકોનેજ લાગુ હોવાને લીધે તે બાબત અહીં વિશેષ કહ્યું નથી.

મુનીમનો અધિકાર બંધ થવાની રીતિ.

૧૯૫. ત્રાહિતની મુખ્ય ઉપર ફિર્યાદ ચાલશે એવી રીતે વ્યવહાર કરવાને મુનીમને અધિકાર છે, એમ ઉપર કહ્યું છે. આ અધિકાર ઘણીક રીતે રદ થાય છે. મુખ્યે પોતાના મુનીમને સ્પષ્ટ રીતે, "તું આજથી મારી તરફથી કાંઇ કામ કરીશ નહીં." એમ કહ્યું કિંવા, મુનીમે પોતાના સંમતથી તેની સાથે પોતાનો સંબંધ તોડ્યો, કિંવા મુખ્ય મરી ગયો, કિંવા, તેણે દેવાળુ કહાડ્યું, કિંવા તે ગાંડો થયો, તો મુનીમનું મુનીમપણું રદ થાય છે.

### ૪. મુખ્યના ત્રાહિત ઉપર અધિકાર.

મુનીમે કરેલા કરાર મુખ્યે કબુલ કરીને ત્રાહિત ઉપર ફિર્યાદ કરવી.

૧૯૬. જે રીતે મુનીમે કરેલા કરાર ઉપરથી મુખ્ય ઉપર ફિર્યાદ ચાલે છે, તે રીતે મુખ્યની પણ ત્રાહિત ઉપર ફિર્યાદ ચાલે છે. મુખ્યે પોતાના મુનીમને કહ્યા નછતાં જો મુનીમે ત્રાહિત સાથે કાંઈ કરાર કર્યો, તોપણ મુખ્યની મરજી હોય, તો તે કરાર કબુલ કરી ત્રાહિત ઉપર ફિર્યાદ કરવી; પણ આવો કરાર કબુલ કરતી વખત તેમાંની સર્વ વાત માન્ય કરવી જોઇએ, એમ નકરતાં કરારનો જેટલો ભાગ પોતાના હિતનો હોય, તેટલો કબુલ કરીને બાકીનો રદ કરવાને મુખ્યને અધિકાર નથી.

મુનીમે પોતાના નામથી કરાર કર્યો હોય, તો મુખ્યની ત્રાહિ-

૧૯૭. મુખ્યનું નામ ન જણાવતાં મુનીમે જો પોતાનાજ નામથી ત્રાહિત સાથે કરાર કીધા હોય, તોપણ મુખ્યની નજરમાં આવે, તો તેણે ત્રાહિત ઉપર એવા કરાર ઉપરથી ફિર્યાદ કરવી. તેમજ જો કોઇએ પોતાની પાસે બીજાએ મુકેલા પૈસા

ત્રાહિતને પોતાનાજ નામથી કરજ આપ્યા, તો જેના પૈસા હોય તેની ફિર્યાદ તે ત્રાહિત ઉપર ચાલશે. — ત ઉપર ફિર્યાદ ચાલશે.

૧૯૮. પરંતુ એવા કરાર ઉપરથી મુનીમે પોતાના નામથી ફિર્યાદ કરી હોય, તો ત્રાહિતને જે તકરારો લેવાનો અધિકાર હોય છે, તે સર્વ તકરાર મુખ્યે ફિર્યાદ કરી હોય, તોપણ લેવાનો અધિકાર છે. જેમકે, **અ**યે પોતાના મુખ્યનું નામ નહીં જણવતાં પોતેજ મુખ્ય એમ બતાવીને **બ**ને કાંઇ માલ ઉધારે વેચાથી આપ્યો, તો તે માલ વેચાથી લેતી વખત **બ**એ એવો વિચાર કર્યો કે, "તે માલની કીમતને સારૂ મારા ઉપર **અ**યે ફિર્યાદ કરી, તો **અ**ની પાસે મારૂં લહેણું છે તેમાંથી માલની કીમત લેવી, એવી ઉલટી તકરાર કરીશ" પછે. **બ** માલની કીમત આપતો નથી માટે **અ**ના મુખ્યે **બ** ઉપર ફિર્યાદ કરી હોય, તો **બ**યે ઉપર કહેલી તકરાર લીધી હોય તો ચાલે. — પરંતુ.

૧૯૯. આ નિયમ ત્રાહિતના સંરક્ષણને માટે કરેલો છે. કારણ કે, જો ત્રાહિતને પ્રથમ એવું માલુમ હોત કે, કોઈ માણસ બીજાને વાસ્તે આપણી સાથે કરાર કરે છે, તો કદાચિત તે તેની સાથે કરાર ના કરત, માટે જો ત્રાહિતને એમ માલુમ હોય કે, જે માણસ આપણી સાથે મુખ્યના સંબંધને લીધે કરાર કરે છે, તે વાસ્તવિક જોતાં બીજાનો મુનીમ છે, તો એવા ત્રાહિતને ઉપરનો નિયમ લાગુ પડનાર નહીં. — નિયમનું કારણ.

૨૦૦. મુનીમને પૈસા આપ્યા હોય, તે તેના મુખ્યને આપ્યા એમ થાય છે. તેમજ મુનીમે ત્રાહિતને મુખ્યના નામર્થ પૈસા આપ્યા હોય, તો તે મુખ્યે આપ્યા એમ ગણાય છે. — મુનીમને આપેલા પૈસા મુખ્યને આપ્યા એમ ગણાયછે.

૨૦૧. મુનીમે પોતાના કામમાં કાંઈ કપટ કરીને ત્રાહિતને ફસાવ્યો, કિંવા મુખ્યે કાંઈ કપટ સિદ્ધ કરવાસારૂ મુનીમને નીમ્યો હોય, ને તેનાથી બીજા કોઇને ઈજા પહોંચી, તો તે વિશે મુખ્ય જંવાબદાર થાય છે. મુખ્ય અને મુનીમ — મુનીમના કપટ ઉપરથી મુખ્યની જવાબદારી.

એમાંથી કોઇએ કપટ કર્યું નથી, તો મુખ્ય ઉપર ફિર્યાદ ચાલનાર નથી. જેમકે, જો એકે પોતાનું ઘર બીજાને વેચવાસારૂ એક મુનીમ નીમ્યો; પછે જ્યારે વેચાણલેનારે તે મુનીમને એવું પુછ્યું કે, આ ઘરની આસપાસ ખરાબ લોકોની વસ્તી છે શું? ત્યારે મુનીમને ખરાબ વસ્તી છે એવું કાંઈ માહિત નહીં હોવાનેલીધે તેણે "નથી" એમ કહ્યું; તે ઉપરથી ત્રાહિતે તે ઘર વેચાણ લીધું, પરંતુ વેચાણ ખતમાં તે બાબત કાંઈ લખ્યું નથી; પછે તે ઘરની આસપાસ કસબણોનાં ઘર છે, એમ જાણવામાં આવ્યાથી જો ઘરધણી ઉપર ફિર્યાદ કરી, તો આસપાસ કસબણોનાં ઘર છે એવી મુખ્યની માહિતી તથા મુનીમનું નિષ્કપટ ભાષણ એ બંને ભેગુ કરીને કપટથી વ્યાપાર થયો એમ બતાવીને ફિર્યાદ ચાલનાર નથી. પરંતુ મુનીમને તે વાત માહિત નહીં હોવાને લીધે વેચાણ લેનારને ઘર બાબત તેને કાંઈ પુછશે, તો તે આપણા ફાયદાનો જવાબ દેશે, એમ જાણીને મુખ્યે તેને નીમ્યો હોય, અથવા મુનીમને તે વાત માહિત છતાં તેણે કપટથી ખોટું કહ્યું હોય, તો તે કપટ છે માટે કરાર રદ થશે.

### (૫) મુનીમના ત્રાહિત ઉપર હક.

મુનીમને પ્રગટ કર્યા નહીંછતાં મુનીમનો ત્રાહિત ઉપર ફિર્યાદ કરવાનો હક.

૨૦૨. પોતે મુનીમ છે, એમ બતાવીને મુનીમે ત્રાહિત સાથે વ્યવહાર કર્યો હોય, તો તે ત્રાહિત ઉપર મુનીમની ફિર્યાદ ચાલશે.

પરંતુ.

૨૦૩. પરંતુ પોતે મુખ્યછતાં હું બીજાનો મુનીમછું, અને તેને વાસ્તે વ્યવહાર કરૂંછું. એમ કહીને ત્રાહિત સાથે કાંઈ વ્યવહાર કીધા હોય, અને તે ઉપરથી કરાર મધ્યેની વાતો માંહની કેટલીક વાત બની હોય, તો તે કરાર પુરો કરી લેવાસારૂ તે મુનીમછું એમ બોલનારની ફિર્યાદ ચાલશે જેમકે, " હું અનો મુનીમછું, અને તેનેસારૂ, રૂની પાંચસેં ગાંસડીઓ તારી પાસેથી વેચાણ લેવાને આવ્યોછું, " એમ બ, કને

કહીને તેની સાથે અ ના નામથી કરાર કરે છે. પછે બસેં ગાંસડીઓ બને સ્વાધીન થયા પછી. બ મુનીમ નથી પણ મુખ્ય છે એમ તેને જાણવામાં આવ્યાથી, ક એ રૂ મોકલવાનુ બંધ કીધું, તો ક ઉપર બની ફિર્યાદ ચાલશે. પરંતુ રૂ મોકલતાં પેહેલાં, જો કને એમ સમજાયું હોયકે, આ વ્યવહારમાં બજ મુખ્ય છે, તો તે કરાર રદ કરાવી સકાય છે. તેમજ અ પાસેથી કાંઈ અકલનું કામ (જેમકે તસવીર કહાડવાનું કામ) કરી લેવાસારૂ બ એ ક પાસેથી પૈસા લેવાનો કરાર કર્યો, તો "તે કામ હું કરવાને તૈયારછું માટે મને પૈસા આપો." એવી બની તકરાર ચાલનાર નથી.

૨૦૪. જો મુનીમે મુખ્યના નામથી કરેલા કરારમાં મુનીમને કાંઈ ફાયદો હોય, તો ગ્રાહિત ઉપર મુખ્યના નામથી ફિર્યાદ ન કરતાં પોતાનાજ નામથી કરી હોય, તો હરકત નથી. જેમકે, લીલામ કરનારને વેચાણના જે પૈસા ઉત્પન્ન થાય છે તેમાંથી તેને કાંઈ મળે છે તેને માટે વેચાણ લેનાર ઉપર માલધણીના નામથી ફિર્યાદ નહીં કરતાં પોતાના નામથી તેણે ફિર્યાદ કરી હોય તો ચાલશે. મુખ્યના નામના કરારમાં મુનીમને ફાયદો હોય તો મુનીમે ફિર્યાદ કરી હોય, તો ચાલે.

૨૦૫. ઇંગ્લિશલા પ્રમાણે મુનીમે પોતાના નામથી સ્પેશલ્ટી કરાર કીધા હોય, તો ગ્રાહિત ઉપર પોતાનાજ નામથી ફિર્યાદ કરવી જોઇએ. ઇંગ્લિશ લા.

### (૬) ગ્રાહિતના મુનીમ ઉપર હક.

૨૦૬. સાધારણ નિયમ એવો છે કે, મુખ્યના નામથી ગ્રાહિતની સાથે મુનીમે કરાર કીધા હોય, તો મુખ્ય ઉપર ફિર્યાદ ચાલે. સાધારણનિયમ.

૨૦૭. તથાપિ કેટલાક કરારોમાં મુનીમ ઉપર જવાબદારી રહે છે. તથાપિ મુનીમ ઉપર જવાબદારી ઉત્પન્ન થાય છે.

૨૦૮. જો ગ્રાહિતને ફસાવવાના હેતુથી, "કરાર કર- ૧ લો પ્રકાર.

વાસારૂ મને અમુક માણસે અધિકાર આપ્યો છે." એમ કહીને તે ત્રાહિત સાથે કાંઈ વ્યવહાર કરશે, તો એવા વ્યવહાર ઉપરથી તે મુનીમકશું, એમ બોલનાર ઉપર ફિર્યાદ ચાલશે.

૨ જો પ્રકાર. ૨૦૯. "મને બીજાએ અમુક કરાર કરવાસારૂ અધિકાર આપ્યો નથી. પરંતુ એવો કરાર તેને વાસ્તે કરીને પછી તેને જણાવ્યાથી તે, એ કરાર કબુલ કરશે" એમ કહીને જો તેના નામથી કોઇએ ત્રાહિત સાથે કરાર કર્યો, અને પછે મુખ્યે તે કરાર કબુલ કર્યો નહીં, તો ત્રાહિતની ફિર્યાદ મુનીમના સંબંધથી કરાર કરનાર ઉપર ચાલશે.

૩ જો પ્રકાર. ૨૧૦. પોતાને બીજાની તરફથી કાંઈ કરાર કરવાનો અધિકાર છે એમ ખરેખરૂં સમજીને કોઇએ ત્રાહિત સાથે કરાર કર્યો, પરંતુ ખરેખરૂ જોતાં એવો તેને અધિકાર નોતો, એમ પાછળથી જાણવામાં આવ્યાથી તેના ઉપર ફિર્યાદ ચાલશે.

૪ થો પ્રકાર ઇંગ્લિશ લા. ૨૧૧. ઇંગ્લિશ લા પ્રમાણે મુખ્ય જો પરગામ હોય, તો ત્રાહિતની મુનીમ ઉપર ફિર્યાદ ચાલે.

૫ મો પ્રકાર. ૨૧૨. ત્રાહિતે મુખ્યને આપવાના પૈસા મુનીમને સ્વાધીન કર્યા પછી, તે તેની પાસેથી પાછા લેવાના હોય તો, જ્યાંસુધી તે મુનીમે તે પૈસા પોતાના મુખ્યને સ્વાધીન કીધા ન હોય, કિંવા તેના હિસાબમાં જમે કર્યા ન હોય, ત્યાંસુધી તે મુનીમ ઉપર તે વિશે ફિર્યાદ કરવાને હરકત નથી. પરંતુ મુખ્યને વાસ્તે, મુનીમે કાયદા વિરૂદ્ધ કામ ઉપરથી પૈસા લીધા હોય, તો, તેણે તે પોતાના મુખ્યને સ્વાધીન કીધા હોય, તોપણ તે મુનીમ ઉપરની જવાબદારી રદ થતી નથી. કારણ કે કાયદા વિરૂદ્ધ કામ કરવાસારૂ મુનીમ થવાને કોઇને અધિકાર નથી. માટે જો કોઇ કેદી તુરંગમાં રહ્યા બાબત તેની પાસેથી નાજરે ભાડું વસુલ કરીને તેના પૈસા સરકારમાં જમે કર્યા હોય, તોપણ તે પાછા લેવા વિશે કેદીની નાજર ઉપર ફિર્યાદ ચાલશે.

---

# પ્રકરણ ૪.

## ભાગદારી.[1]

### (૧) ભાગદારી એટલે શું?

૨૧૩. જો બે કિંવા અધિક માણસો એકઠા થઇને, તથા કાંઈ કામ કરીને જે નફો થશે તે પોતાનીમાંહ વહેંચી લેવા એવો તેઓએ કરાર કર્યો, તો તે વ્યવહારને ભાગીદારી એમ કહેછે, અને તે માણસોને ભાગદાર એમ કહે છે. જેમકે, જો, **ક** અને **ખ**, એ બંને જણાએ પોતાની પુંજી એકઠી કરીને કાંઈ માલ વેચાથી લઇને તે પોતે બંનેજણાએ વહેંચી લીધો, તો તે ભાગદારી કહેવાય નહીં. પરંતુ જો તેઓએ તે માલ પાછો વેચીને જે નફો આવે તે વહેંચી લીધો, તો તે ભાગદારી કહેવાય છે. **ક** અને **ખ**, એ બંને ભાગદાર કહેવાય છે.

ભાગીદારી એટલે શું?

૨૧૪. જો ભાગદારે ભાગદારીનું કામ કરવાસારૂ કોઈ મુનીમ નીમીને તેને પોતાના નફામાંથી દરસેંકડે ચાર રૂપીઆ પ્રમાણે તેની મેહેનતબદલ તેને આપવાનું કબુલ કર્યું, તો તે મુનીમને ભાગદાર સમજવો નહીં. કારણ કે, તે મુનીમની પ્રાપ્તિ નફાપ્રમાણે કમી જ્યાસ્તી થવાની છે, તોપણ તે પ્રાપ્તિને નફો, કિંવા નફાનો હિસ્સો એમ કહી સકાતું નથી, કિંવા નફાનો હિસ્સો એમ સમજીને તે મુનીમ પોતાનો પગાર લેતો નથી. વળી જે રીતે ભાગદારોને ભાગદારી વિશેનો હિસાબ જોવાનો, કિંવા હિસાબ ન બતાવ્યા ઉપરથી ફિર્યાદ કરવાનો અધિકાર છે, તેવો તે મુનીમને નથી.

નફાપ્રમાણે મુનીમને પ્રાપ્તિ થયાથી તે ભાગદાર થતો નથી.

૨૧૫. કોઈ ભાગદારે નુકસાન માથે નહીં રાખતાં કેવળ નફાનોજ હિસ્સો લેવા વિશે કરાર કર્યો હોય, તોપણ તે

નુકસાન ન ભોગવતાં નફાનોજ

---

[1] મુખ્ય અને મુનીમને જે નિયમ લાગુ છે તેજ ઘણીએક વાતમાં ભાગીદારોને લાગુ છે.

હિસ્સો લેવાનો કોઇયે કરાર કર્યો, તો તે ભાગદાર થાય છે.

ભાગદાર થાય છે. કારણ કે, કેટલાક માણસ ઘણાં હુંસિયાર, અને ગરીબ હોવાને લીધે તેઓને ભાગદારીમાં લેઇને વ્યાપારી લોક તેઓને નુકસાનના માલિક નહીં કરતાં ફક્ત નફાનોજ કાંઇ હિસ્સો આપવા વિશે કરાર કરે છે, તે ભાગદાર થાય છે.

## (૨) ભાગદારી કેવી થાય છે.

ભાગદારોનો સંમત.

૨૧૬. જે માણસો ભાગદાર થવાના તે સર્વેજણાનો સંમત્ત હોય, તો તેઓની ભાગદારી થાય છે.

ભાગદારોનો કરાર લખેલો હોય, તો તેમાંહનો મજકુર.

૨૧૭. ભાગદારીનો કરાર લખેલોજ હોવો જોઇએ એમ નથી; મોઢાનો હોય તોપણ ચાલે છે; પણ તે લખેલો હોય, તો મુખ્યત્વે કરીને નીચે લખેલોમ જકુર તેમાં હોવો જોઇએ.— ભાગદારીનો ઉદ્દેશ. ભાગદારી ક્યારથી, અને કેટલા દિવસ સુધી ચાલવાની ઠરાવેલી છે, ભાગદારીમાં કેટલા પૈસા નાંખ્યા છે, નફો નુકસાન શી રીતે વહેંચી લેવું, કામ કેઇરીતે ચલાવવાનું, હિસાબ કેઇરીતે, અને કોણે રાખવો; તંટા ઉત્પન્ન થાય, તો તેનો કેઈ રીતે નીકાલ કરવો; વગેરે.

મરનાર ભાગદારનો વારસ ભાગદાર ક્યારે થાય છે.

૨૧૮. નવો ભાગદાર લેવાનો હોય, તો પ્રથમના સર્વ ભાગદારોનો સંમત્ત હોવો જોઇએ[૧]; માટે એક ભાગદાર મરી જાય, તો તેને બદલે તેનો વારસ બાકીના સર્વ ભાગદારોના સંમત્ત શિવાય ભાગદાર થઈ સકતો નથી. કોઈ એક ભાગદારની હયાતીમાં ભાગદારીના સંબંધથી જે વ્યવહાર થયો હોય, તે વિશે માત્ર તે મરી ગયાપછી તેનો વારસ નફા નુકસાનનો માલિક થાય છે; તે મરી ગયાપછી જે વ્યવહાર થયો હોય, તે સાથે તેનાવા રસનો સંબંધ નથી; પરંતુ ભાગીદારીના કરાર પત્રમાં એવું લખેલું હોય કે, તેમાંથી કોઈ ભાગદાર મરી ગયો હોય, તો તેની જગોએ તેનો વારસ કબુલ કરવો એ

---

[૧] હિંદુ શાસ્ત્ર પ્રમાણે જો કોઇ ભાગદાર પોતાનું કામ ચલાવવાને અસમર્થ હોય, તો તેણે નફા તોટો જોવા વગેરે કામ બીજા પાસે કરાવવું.

વારસને ભાગદાર થવા વિશે બાકીના ભાગદારોનો સંમત લેવાની ગરજ નથી.

૨૧૯. ભાગદાર ત્રણ પ્રકારના હોય છે:— ત્રણ પ્રકારના ભાગદાર.

**૧. પ્રસિદ્ધ ભાગદાર, ૨. ગુપ્ત ભાગદાર, ૩. નામનો ભાગદાર.**

ભાગીદારીમાં રહીને પ્રસિદ્ધપણે જે કામ કરે છે, તે પ્રસિદ્ધ ભાગદાર; જે માણસ ભાગદારી સાથે પોતાનો સંબંધ ગુપ્તપણે રાખે છે, તે ગુપ્ત ભાગદાર. અને જે નફા નુકસાન વિશે ભાગદારોની સાથે પોતાનો કાંઇ સંબંધ ન રાખતાં હું ભાગદાર છું, એમ બતાવે છે, તે નામનો ભાગદાર છે, એમ સમજવું.

**(૩) ભાગદારોના પોત પોતાની અંદરના હક.**

૨૨૦. જેમ મુખ્ય, અને મુનીમ એ બંનેની માંહ થએલા કરાર તેમનેજ લાગુ થાય છે, અને અજાણ્યા ત્રાહિતે મુનીમ સાથે કરેલા વ્યવહારને તે લાગુ પડતા નથી, તેમ ભાગદારોએ પોતપોતાની માંહ કરેલા કરાર તેમનેજ લાગુ પડે છે, અને ત્રાહિતે તેમની સાથે કરેલા વ્યવહારને તે લાગુ પડતા નથી. જેમ કે, કોઇ ભાગદારીમાં ફકત નામનો ભાગદાર થયો હોય, તો તેના ઉપર ભાગદારી ઉપરથી અજાણ્યા ત્રાહિતની ફિર્યાદ ચાલે છે, તોપણ નફા નુકસાન બાબત તેના ઉપર તે ભાગદારોમાંના પ્રસિદ્ધ ભાગદારોની ફિર્યાદ ચાલતી નથી. પરંતુ ગુપ્ત ભાગદાર ઉપર નફા નુકસાન બાબત પ્રસિદ્ધ ભાગદારોની ફિર્યાદ ચાલે છે. ભાગદારોના પોતપોતાની અંદરના હક.

૨૨૧. માલમતા વિશે તથા નફાનુકસાન વિશે કાંઈ વિશેષ કરાર નહોય, તો તેમાં સર્વ ભાગદારોના સરખા હિસ્સા છે એમ સમજવું[1]. અને એ વિશે કાંઇ વિશેષ કરાર હોય, તો તે પ્રમાણે તે નફાનુકસાનના ધણી થાય છે. નફાનુકસાનની વહેંચણ.

---

[1] હિંદુશાસ્ત્ર પ્રમાણે ભાગદારોના શહાણપણ પ્રમાણે તેને હિસ્સો મળે એમ છે.

ભાગદારીનું કામ પ્રમાણિક રીતે કરવું જોઇએ.

૨૨૨. સર્વ ભાગદારોએ પોતપોતાની માંહ ભાગદારી સંબંધી કામ ઘણું પ્રમાણિકપણેથી કરવું જોઇએ. માટે જેમ, મુનીમ પોતાના મુખ્યનો માલ વેચાણ લીધો, કિંવા પોતાનો માલ તેને વેચાણ આપ્યો, તો તે અપ્રમાણિકપણે ચાલ્યા વિશે સંશય ઉત્પન્ન થાય છે, એમ ૧૭૪-૧૭૫-૧૭૬ અને ૧૭૭ મી કલમોમાં કહ્યું, તેમજ જો ભાગદારોએ પોતપોતાની સાથે એવા વ્યવહાર કર્યા હોય, તો તેમાં તેવા સંશય ઉત્પન્ન થાય છે. માટે પોતપોતાની માંહ કરાર વગેરે વ્યવહાર કરતી વખત તેમને ઘણું પ્રમાણિકપણે ચાલવું જોઇએ.

હિંદુશાસ્ત્ર.

૨૨૩. હિંદુશાસ્ત્ર પ્રમાણે ભાગદારીના કામમાં કોઈ ભાગદારોની વર્તણૂક ખોટી માલુમ પડે, તો તેને બાકીના ભાગદારોએ ભાગદારીમાંથી કહાડવો.

ઇંગ્લિશ લાં.

૨૨૪. ઇંગ્લિશ લાં પ્રમાણે જ્યાંસુધી ભાગદારી ચાલે છે, ત્યાંસુધી એક ભાગદારથી બીજા ભાગદાર ઉપર ભાગદારી સંબંધી ફિર્યાદ કરી શકાતી નથી; કારણકે ફિર્યાદ કરવી તે ભાગીદારીના નામથી કરવી જોઇએ, અને તેમ કર્યાથી વાદીએ પોતાના ઉપરજ ફિર્યાદ કરી એમ થાય છે. પરંતુ નીચે લખ્યાપ્રમાણે **એકિવટીમાં** એવી ફિર્યાદ ચાલે છે.

ભાગદાર પ્રમાણિકપણે ન ચાલે તો.

૨૨૫. ભાગદારીના કરાર પ્રમાણે કોઈ ભાગદાર ન ચાલ્યો હોય, તો બાકીના ભાગદારોએ પોતે ભાગદારીમાંથી મુક્ત[1] થવાસારૂ ફિર્યાદ કરવી. કિંવા, તેણે આગળ સારી રીતે ચાલવા વિશે સને ૧૮૫૯ ના ૮ મા આકટની ૯૨ અને ૯૩ મી કલમો પ્રમાણે કોર્ટને અરજી કરવી. તેમજ કોઇ ભાગદારે પોતાનો હિસાબ બરાબર રાખ્યો નથી, કિંવા તેમાં કાંઈ કપટ કર્યું છે, એવો સંશય આવે, તો બાકીના ભાગદારોએ તેનો હિસાબ જોવો; અને હિસાબ ન બતાવે, તો તેના ઉપર ફિર્યાદ કરવી, અને ભાગદારીમાંથી મુક્ત કરવા વિશે ફિર્યાદ અરજીમાં મજકુર લખવો. પરંતુ કોર્ટની

---

[1] છુટો.

નજરમાં એમ આવે કે, હિસાબ ખોટી રીતે રાખ્યો હોય, તો બાકીના ભાગદાર ભાગદારી તોડવા વિશે અરજ કરશે, અને તેમ કરવાથી આપણે ભાગદારીમાંથી મુક્ત થઇશું, એમ સમજીને કોઇ ભાગદારે હિસાબ બરોબર રાખ્યો નથી, તો ભાગદારી નહીં તોડતાં હિસાબ બતાવવાસારૂ કોર્ટે હુકમ કરવો.

૨૨૬. ભાગદારી તોડવા વિશે હુકમ કરવાથી જો સર્વે હિસાબની તપાસણી થાય ત્યાં સુધી સને ૧૮૫૯ ના ૮ મા આકટની કલમ ૯૨ મો પ્રમાણે કોઇ વહિવટદાર નીમવો એમ કોર્ટને જણાય, તો તેમ કરવું; અને ભાગદારી વિશેનું સર્વ કામ પુરૂ થએથી, માલમતા વેચીને જે પૈસા વસુલ થાય, તે ભાગદારો મધ્યે તેમના કરાર પ્રમાણે હિસે રસીદ વહેંચી આપવા, અને હિસ્સા વિશે કાંઇ કરાર ન હોય, તો સર્વેને સરખે ભાગે વહેંચી આપવા. કોર્ટે વહિવટદાર નીમવો.

૨૨૭. એક ભાગદારી તુટયા[1] પછે બીજી ભાગદારી કરીને જુની ભાગદારીમાંની માલમતા નવા ભાગદારોએ વાપરી, અને કાંઈ નફો થયો, તો તે પેહેલા ભાગદારોનો સમજવો; પરંતુ કાંઈ નુકસાન થયું, તો તે નવા ભાગદારોએજ ભોગવવું. કોઈ ભાગદાર મરીગયાથી ભાગદારી તુટી, અને પ્રથમની ભાગદારીમાંની માલમતાનો નવા ભાગદારોએ ઉપયોગ કરવાથી નફો થયો, તો પ્રથમના ભાગદારોને વહેંચી આપવો જોઇએ, માટે તે મરનાર ભાગદારના વારસને પણ નફાનો હિસ્સો આપવો જોઇએ. ભાગદારોની માલમતાથી થએલો નફો તેમનેજ મળે છે.

## (૪) ત્રાહિતના સંબંધથી ભાગદારોની જવાબદારી.

૨૨૮. મુનીમે પોતાના મુખ્યનેસારૂ કરેલા વ્યવહાર ઉપરથી જેમ ત્રાહિતનો હક મુખ્ય ઉપર ચાલે છે, તેમ એક ત્રાહિતના સંબંધથી ભાગદારો-

[1] ભાગદારી તોડવાની રીત આગળ કહેલી છે.

ની જવાબદારી. ભાગદારે ભાગીદારી સંબંધી ત્રાહિત સાથે જે કરાર કર્યા હોય, તે ઉપરથી ભાગદારી ઉપર એટલે સર્વ ભાગદાર ઉપર ફિર્યાદ ચાલે છે; કારણકે ત્રાહિતના સંબંધથી જોતાં ભાગદારીના કામ વિશે ભાગદારો મધ્યેનો પ્રત્યેક ભાગદાર, બાકીના ભાગદારોનો મુનીમ છે એમ સમજવું; પછે એ ભાગદારોમાંનો તે પ્રસિદ્ધ ભાગદાર હો, કિંવા ગુપ્ત હો, કિંવા નામનો હો.

ભાગદારીમાંથી દૂર થયા પછી ભાગદારે લોકોને જાહેર ખબર આપવી.

૨૨૯. ભાગદારોના પોતપોતાના કરાર પ્રમાણે એક જણે જ સર્વ ભાગદારોનું કામ ચલાવવું એમ હોય, તોપણ ત્રાહિતને એ માહિત ન હોય, તો તેની સર્વ ભાગદારો ઉપર ફિર્યાદ ચાલશે. માટે ભાગદારીમાંથી જે દૂર થાય, તેઓએ પોતે જુદા થયાનુ પ્રસિદ્ધ રીતે લોકોને જણવવું જોઇએ; ગુપ્ત ભાગદાર લોકોને માહિત હોતા નથી, માટે તે ભાગદારોમાંથી નિકળી ગયા હોય, તો તેમને પોતે જુદા થયાનું પ્રસિદ્ધ કરવાની જરૂરી નથી. તથાપિ ગુપ્ત ભાગદાર ત્રાહિતને માહિત હોય, તો તે ત્રાહિતને જણવવું જોઇએ.

ભાગદારે ભાગદારી સંબંધી કામ કર્યું હોય, તો સર્વે ઉપર ફિર્યાદ ચાલેછે.

૨૩૦. કોઈ ભાગદારે ભાગદારી સંબંધી કામ બાબત માત્ર ત્રાહિત સાથે વ્યવહાર કર્યા હોય, તો તે ઉપરથી ત્રાહિતની સર્વ ભાગદાર ઉપર ફિર્યાદ ચાલે.

કરાર કરવાની વખતના ભાગદાર ઉપર માત્ર ફિર્યાદ ચાલે છે.

૨૩૧. કોઈ ભાગદાર ત્રાહિત સાથે ભાગદારો સંબંધી કામ બાબત વ્યવહાર કરતી વખત ભાગદારીમાં જે ભાગદાર હોય, તેઓના ઉપર માત્ર તે વ્યવહાર વિશે ત્રાહિતની ફિર્યાદ ચાલે. પરંતુ વ્યવહાર થતાં પેહેલાં કોઈ માણસ ભાગદાર હતો, કિંવા વ્યવહાર થયાપછે કોઈ માણસ ભાગદાર થયો, તો એ વિશે તેઓના ઉપર ફિર્યાદ ચાલે નહીં.

ભાગદારીનું તથા ભાગદારનું ખાસગી કરજ આપવાનીરીત.

૨૩૨. ભાગદારીનું કરજ પ્રથમ ભાગદારીની માલમતામાંથી અપાવવું; પછે ભાગદારીનું કરજ વસુલથતાં બાકી કાંઈ માલમતા રહી હોય, તેના હિસ્સા કરીને ભાગદારોના ખાસગી સાહુકારનું કરજ અપાવવું; તેમજ ભાગદારોની ખાસગી

મિલકતમાંથી તેમનું ખાસગીનું કરજ પ્રથમ અપાવવું; પછે બાકીકાંઇ મિલકત રહી હોય, તો તેમનું ભાગદારી સંબંધીનું કરજ અપાવવું.

૨૩૩. સાહુકારે ગમે તો મરનાર ભાગદારના વારસ ઉપર ફિર્યાદ કરવી, અને તે ફિર્યાદ ઉપરથી વારસને સાહુકારને પૈસા આપવા પડ્યા હોય, તો આપેલા પૈસાના હિસ્સા બાકીના ભાગદારો પાસેથી લેવાસારૂ તેઓના ઉપર તે વારસે ફિર્યાદ કરવી.

મરનાર ભાગદારના વારસ ઉપર ફિર્યાદ.

### (૫) ભાગદારોના ત્રાહિત ઉપર હક.

૨૩૪. જેમ એક ભાગદારે ત્રાહિતની સાથે કરાર કર્યો હોય, તો તે ઉપરથી બાકીના ભાગદારો ઉપર ફિર્યાદ ચાલે છે, તેમ તે બાકીના ભાગદારોની પણ તે ત્રાહિત ઉપર ફિર્યાદ ચાલે. માટે જો એક ભાગદારે ભાગદારીમાંના પૈસા ત્રાહિતને કરજે આપ્યા, તો તે પાછા લેવાસારૂ સર્વ ભાગદારોએ ફિર્યાદ કરી હોય, તો ચાલે.

એક ભાગદારના કરાર ઉપરથી સર્વે ફિર્યાદ કરવી.

૨૩૫. પરંતુ મુનીમે ત્રાહિત સાથે કરેલા કરાર ઉપરથી મુખ્યે તે ત્રાહિત ઉપર ફિર્યાદ કરી હોય, તો ત્રાહિતને જે તકરાર લેવાનો અધિકાર હોય છે, તેજ અધિકાર, સર્વ ભાગદારોએ ત્રાહિત ઉપર ફિર્યાદ કરી હોય તો, તે ત્રાહિત ને રહે છે.[1]

પરંતુ.

૨૩૬. ત્રાહિત પાસેથી આવવાનું કરજ એક ભાગદારે વસુલ લીધું, તો તે સર્વ ભાગદારોને પહોંચ્યું એમ થાય છે.

ત્રાહિતે કરજના પૈસા એક ભાગદારને આપ્યા-તો ચાલે.

### (૬) ભાગીદારી કેવી તુટે છે.

૨૩૭. ભાગદારી તુટવાના અનેક પ્રકાર છે.

ભાગદારી તુટવાના પ્રકાર.

૨૩૮. ૧ જે મુદતસુધી ભાગદારી ચલાવવી એવો કરાર હોય, તે મુદત પુરી થઈ, એટલે ભાગદારી તુટે છે.

પેહેલો પ્રકાર.

૨૩૯. ૨ ભાગદારીના કરારમાં મુદત નીમી ન હોય, તો

બીજો પ્રકાર.

---

[1] ૧૯૮ મા કલમ જુવો.

કોઈ પણ એક ભાગદારની મરજીમાં આવે ત્યારે તેણે બાકીના ભાગદારોને જણાવીને ભાગદારી તોડી હોય, તો તુટે.

ત્રીજો પ્રકાર. ૨૪૦. ૩ ભાગદારી તોડવાનું સર્વ ભાગદારોની મરજીમાં આવે અને તેમણે તોડી હોય, તો ચાલે.

ચોથો પ્રકાર. ૨૪૧. ૪ જે કામસારૂ ભાગદારી થઈ હોય, તે કામ થવાનું અશક્ય હોય, અથવા તે કામમાં હદ ઉપરાંત ગડબડ થઈ હોય, તો ભાગદારી કોર્ટના હુકમથી તુટે છે.

પાંચમો પ્રકાર. ૨૪૨. ૫ ભાગદારો મધ્યેનો કોઇએક ગાંડો થયો, અને તે સારો થવાની આશા રહી નથી, તો કોર્ટે હુકમ કર્યો હોય, તો ભાગદારી તુટે.

છઠો પ્રકાર. ૨૪૩. ૬ જો કોઈ ભાગદાર બાકીના ભાગદારોને હિસાબ બતાવતો ન હોય, કિંવા બીજીરીતે ખોટીરીતે ચાલતો હોય, તો કોર્ટે હુકમ કર્યો હોય, તો ભાગદારી તુટે.

સાતમો પ્રકાર. ૨૪૪. ૭ જો કોઈ ભાગદાર દેવાળીઓ કિંવા રાજ્ય રક્ષણ બહિષ્કૃત કિંવા ફૈલન થયો, તો ભાગદારી તુટી એમ સમજવું કારણ કે, ભાગદાર દેવાળીઓ કિંવા નાદાર થયો હોય,તો તે વ્યાપાર ચાલવાને નાલાયક થાય છે; અને તે રાજ્ય રક્ષણ બહિષ્કૃત કિંવા ફૈલન ઠર્યો હોય, તો તેના તો સઘળાજ હક ડુબે છે.

આઠમો પ્રકાર. ૨૪૫. ૮ જો કોઈ ભાગદાર મૃત્યુ પામ્યો, તો ભાગદારી તુટે છે. અને જો ભાગદારીના કરાર પ્રમાણે તે મરનાર ભાગદારની જગાએ તેનો વારસ થયો, તો પ્રથમની ભાગદારી રદ થઇને તે નવી ભાગદારી થાય છે.

નવમો પ્રકાર. ૨૪૬. ૯ જો કોઈ ભાગદાર કુંવારી સ્ત્રી હોય, તો ઇંગ્લિશ લૉ પ્રમાણે તેનું લગ્ન થએથી ભાગદારી તુટે છે. કારણ કે, તેનું લગ્ન થએથી જો ભાગદાર ન તુટે, તો ધણી તથા ધણીઆણી એક હોવાને લીધે, તેનો ધણી બાકીના ભાગદારોના મત શિવાય તે સ્ત્રીને ઠેકાણે ભાગદાર થઇજાય.

ભાગદારી તુ- ૨૪૭. ઉપર કહેલી રીત પ્રમાણે ભાગદારોના પરસ્પર

સંબંધથી ભાગદારી તુટે છે. પરંતુ ભાગદારી તુટ્યાનું જ્યાં સુધી ત્રાહિતને જણાવ્યું નથી, ત્યાંસુધી પ્રથમ પ્રમાણેજ સર્વ ભાગદાર ત્રાહિતને જવાબદાર રહે છે.

ટ્યાનું ત્રાહિતને જણાવવુંજોઇએ.

---

# પ્રકરણ ૫.

## જાઇંટસ્ટાક કંપની, અને કારપોરેશન.

### જાઇંટસ્ટાક કંપની વિશે.

#### (૧) જાઇંસ્ટટાક કંપની એટલે શું.

જાઇંટસ્ટાક કંપની એટલે શું.

૨૪૮. કોઈ કોઈ વખતે સેંકડો માણસો એકઠા થાયછે, અને પોતાની સર્વેની પુંજી એક ઠેકાણે કરીને વ્યાપાર કરવાનો કરાર કરે છે, ત્યારે એવી મંડળીને જાઇંટસ્ટાક કંપની એમ કહે છે.[1] ઉપરના પ્રકરણમાં કહેલા નિયમ પ્રમાણે એવી મંડળીમાંથી એક ભાગદારની ગેર ચાલનેમાટે સેંકડો લોકોને જવાબદાર કરવા એ યોગ્ય નથી, માટે સરકાર એવી મંડળીને સારૂ વખતે વખતે કાયદા બાંધે છે. આ વિશે હિંદુસ્તાનનો સને ૧૮૫૭ નો ૧૯ મો કાયદો ૨૬ થઇને તે બાબત સને ૧૮૬૬ નો ૧૦ મો કાયદો થયો છે, તે જોવો.

જાઇંટસ્ટાક કંપનીના ત્રણ પ્રકાર.

૨૪૯. આ કયદામાં જાઇંટસ્ટાક કંપની ત્રણ પ્રકારની કહી છેઃ—૧. **જાઇંટસ્ટાક કંપની લિમિટેડ બાઇ શેર્સ** ૨. **જાઇંટસ્ટાક કંપની લિમિટેડ બાઇ ગ્યારંટી.** ૩. **જાઇંટસ્ટાક કંપની અન લિમિટેડ.** જે જાઇંટસ્ટાક કંપનીમાં પ્રત્યેક ભાગદારની જવાબદારી તેના શેરની કીમતની રકમ

---

[1] કંપની **લિમિટેડ બાઇ શેર્સ** કરવી હોય, તો તે કંપની કેવી રીતની હોવી જોઇએ, એ વિશે સન ૧૮૬૬ ના કાયદા ૧૦ માની કલમ ૧૫૬ મી જોવી.

સુધીની હોવી એવો કરાર હોયછે, તેને જાઇંટસ્ટાક કંપની લિમિટેડ બાઈ શેર્સ કહે છે. જે જાઇંટસ્ટાક કંપનીમાં પ્રત્યેક ભાગદારની એવી કબુલાત હોય છે કે, કંપનીને કાંઈ નુકસાન પહોંચે, તો હું અમુક રકમ સુધી જવાબદાર (જામીન) થઇશ, તેને "જાઇંટસ્ટાક કંપની લિમિટેડ બાઈ ગ્યારંટી" એમ કહે છે. અને જે જાઇંટસ્ટાક કંપનીમાં ભાગદારોનો એવો કરાર હોયછે કે, કંપનીને જે નુકસાન થાય તે સર્વ ભાગદારોએ સરખે ભાગે ભોગવવું, તેને જાઇંટસ્ટાક કંપની અન લિમિટેડ કહે છે.

## ૨. જાઇંટસ્ટાક કંપની કેવી રીતે થાય છે અને તુટેછે, તે વિશે.

કંપનીમાંના આસામી.

૨૫૦. ઉપરનો કાયદો લાગુ થવાસારૂં કંપનીમાં ઓછામાં ઓછાં સાત માણસ હોવાં જોઇએ. અને જો કંપનીનું કામ સરાફી હોય, અને તેમાં દશ કરતાં વધારે ભાગદાર હોય, અથવા કંપનીને બીજા પ્રકારનો વેપાર કરવાનું હોય, અને તેમાં વીસ કરતાં વધારે ભાગદાર હોય, તો એવી કંપનીને ઉપર કહેલા કાયદા પ્રમાણે ચાલવું જોઇએ; નહીંતો તે કંપનીનો સઘળો વ્યવહાર કાયદાવિરૂદ્ધ ગણાયછે; અને સને ૧૮૫૭ ના ૧૯ મા કાયદા પ્રમાણેતો, કંપનીમા સર્વ ભાગદારોને ફિર્યાદમાં દાખલ ન કરતાં ગમે તેટલા ભાગદારો ઉપર કંપનીના સર્વ કરજનું જોખમ પડતું હતું[૧].

૨૫૧. પરંતુ જે કંપનીની જવાબદારી પારલામેન્ટ સભાના કાયદાથી, કિંવા રાણી સાહેબના પેટન્ટથી લિમિટેડ થઈ હોય, અને ઉપર કહેલા કાયદાની ૧૯૬ મી કલમ

---

[૧]સને ૧૮૬૬ ના ૧૦ મા કાયદાથી આ કાયદો રદ થયો છે, અને આવી કંપની ઉપર ફિર્યાદ કેવી રીતે કરવાથી ચાલશે, એ વિશે આ કાયદામાં કાંઈ પણ કહ્યું નથી.

પ્રમાણે તે 'જાઇંટસ્ટાક,' કંપની ન હોય, તો તે કંપની, એ કાયદા પ્રમાણે નોંધાય નહીં. તેમજ જે કંપનીની જવાબદારી પારલામેન્ટ સભાના કાયદાથી, અથવા રાણીસાહેબના પેટન્ટથી 'લિમિટેડ, થઇ હોય, તે કંપની 'અન લિમિટેડ કરીને, અથવા 'લિમિટેડ બાઈ ગારેન્ટી' કરીને એ કાયદા પ્રમાણે નોંધાય નહીં. વળી જે કંપની ઉપર કહેલા કાયદાની ૧૯૯ મી કલમ પ્રમાણે 'જાઇંટસ્ટાક' કંપની ન હોય, તે કંપની 'લિમિટેડ બાય શેર્સ' કરીને એ કાયદા પ્રમાણે નોંધાય નહીં[1].

૨૫૨. કંપનીના ભાગદારોએ મેમોરેન્ડમ ઓફ્ આસોસીએશન્ એટલે કંપનીની યાદ કરીને તે ઉપર પોતાની સહીઓ કરવી જોઇએ, અને તેમાં કંપનીનું નામ, કામ ચલવાનું ઠેકાણું, પુંજી, કંપની કહાડવાનો ઉદ્દેશ, ભાગદારોની જવાબદારીનો પ્રકાર વગેરે મજકુર હોવો જોઇએ, તે આવી યાદીને ઘણુંકરીને કંપનીનું એક કરારપત્ર જોડેલું હોય છે. તે કરારપત્રમાં પુંજીના "શેર્સ" એટલે ભાગ, કામ ચલાવવાની રીત, ડૈરેક્ટરો, એટલે કંપનીના મુખ્ય કારભારી, તેઓના અધિકાર, તેઓની પોતાની કામ ચલાવવાની રીત, હિસાબ રાખવાની તથા તપાસવાની રીત, તથા ભાગદારોને નફો વહેંચી આપવાની રીત, એ વિષે મજકુર હોય છે. એવું કરારપત્ર તે યાદીને જોડેલું ન હોય, તો ઉપર કહેલા કાયદાના એક પરિશિષ્ટમાં જે નિયમ કહ્યા છે, તે એ કંપનીને લાગુ થાય છે. કંપનીનું મત, અને કરારપત્ર.

૨૫૩. કંપનીનું કરારપત્ર જાઇંટસ્ટાક કંપનીના રજીષ્ટરની પાસે નોંધવાસારૂં જવું જોઇએ; અને તે નોંધીને આવ્યાપછે, જેમ કોઈ પ્રત્યેક ભાગદારે (ઇં૰ શેરહોલ્ડરે) એ કરારપત્ર પ્રમાણે ચાલવા વિષે કરાર કર્યો છે, એવીરીતે કરારપત્રથી કરારપત્રની નોંધ.

---

[1] જે કંપની ઉપર કહ્યાપ્રમાણે નોંધવા જેવી હોય, તે કંપની નોંધાવાસારૂ તેના ભાગદારોનું બહુ મત હોવું જોઇએ.

કંપનીને તથા સર્વ ભાગદારોને બંધન થાય છે.

**ડૈરેક્ટરો.**

૨૫૪. કંપનીનું કામ ચલાવવાસારૂ ડૈરેક્ટરો નીમવા, અને તેઓએ સરકારે કરેલા કાયદા, કંપનીનું કરારપત્ર, અને વખતે વખતે ભાગદારો એકઠા થઇને જે ઠરાવ કરે, તેમને અનુસરીને સર્વ કામ ચલાવવું જોઇએ.

**ભાગદાર કોણ.**

૨૫૫. જે માણસોએ કંપનીના મેમોરેન્ડમ ઓફ આસોશીએસન એટલે કંપનીની યાદીમાં ભાગદાર તરીકે સહીઓ કરી હશે તે, અને જે માણસોએ ભાગદાર થવાનું કબુલ કર્યાથી તેમનાં નામ ભાગદારોની યાદીમાં લખેલાં હશે, તે સર્વને તે કંપનીના ભાગદાર સમજવા. કોઈ બીજાને વાસ્તે ભાગદાર થવા વિશે કંપનીને નામ લખી આપ્યું હોય, તોપણ જેનું નામ યાદીમાં દાખલ થાય છે, તેજ "શેરો"નો ધણી છે, એમ સમજવું.[1]

**શેર બીજાને આપી સકાય.**

૨૫૬. જો કોઈ ભાગદાર પોતાના "શેર" ઉપરથી માલકી બીજાને આપવાને ચહાય, તો કંપનીના કાંઈ ઠરાવ હોય, તો તે પ્રમાણે તેણે ડૈરેક્ટરોની સંમત્તીથી, પોતાના "શેર" તે બીજાના નામ ઉપર ચડાવવા.

**જરૂર પડેતો ભાગદારે તપાસણીદાર ઠરાવવા વગેરે.**

૨૫૭. ડૈરેક્ટરોએ કંપનીનો હિસાબ વગેરે કેવા રાખ્યો છે તે જોવાની જરૂર પડે, તો ભાગદારોએ એકઠા થઇને તપાસણીદાર નીમવા. તેમજ જરૂર માલુમ પડે, તો ઉપર કહેલા કાયદાની ૧૪૫ કલમ પ્રમાણે કંપનીનું કામ સંકેલવા વિશે ઠરાવીને લીકવીડેટરો એટલે કંપનીનું કામ સંકેલવા વિશે, બીજાનું કરજ આપવા વગેરે જે કામ કરવાનું હોય, તે કરવા સારૂ ભાગદારો મધ્યેથી ગમે તેને નીમવા.

---

૧ કોઇએ કંપનીના શેર વેચાતા લેવાનું કબુલ કર્યાછતાં પછી તે માણસ એ શેર કંપનીના રજીસ્ટરમાં પોતાના નામ ઉપર ચઢાવી નહીં લે, તો શેર વેચનારે તેના ઉપર ફિર્યાદ કરી કોર્ટની મારફત તેના નામ ઉપર વેચેલા શેર ચઢાવવા. પરંતુ સાધારણ નિયમ પ્રમાણે શેર વેચાતી લેનાર કરારાદિ વ્યવહાર કરવાસારૂ લાયક હોવો જોઇએ.

૨૫૮. ઉપર કહેલા કાયદાની ૫૬ તથા ૫૭ ની કલમો પ્રમાણે કંપનીના ભાગદાર કંપનીના હિસાબ વગેરે તપાસવા વિશે મુંબઈ સરકારને અરજ કરે, તો તે અરજ ઉપરથી તપાસણીદાર ઠરાવવાનો મુંબઈ સરકારને અધિકાર છે. નહીંતો મુંબઈ સરકારને અરજ કરવી.

૨૫૯. કંપનીનું કામ સંકેલવા વિશે જો કોઈ ભાગદારોએ, અથવા કંપનીના કોઈ લેણદારે ઉપર કહેલા કાયદાની ૧૦૪મી કલમમાં કહ્યાપ્રમાણે કોર્ટને અરજ કરી, તો એ કાયદાની ૧૦૧ કલમાં લખેલા કારોણોમાંનું કાંઈ કારણ જણાઈ આવ્યું હોય, તો કોર્ટે કંપનીનું કામ સંકેલવા વિશે હુકમ કરવો. અને લિક્વિડેટરો નીમવા. તે કારણ આ પ્રમાણેઃ— કંપનીનું કામ સમેટવા વિશે કોર્ટે હુકમ કરવો.

૧. ૨૫૭ કલમમાં કહ્યાપ્રમાણે કંપની તોડવાનો ઠરાવ થયો હોય તોઃ

૨. કંપની થઇ ત્યારથી એક વરસનીમાંહે કામ સરૂ થયું ના હોય તો, અથવા કંપનીનું કામ ચાલુ થએથી કોઇ વખતે એક વરસસુધી કામ બંધ પડ્યું હોય તોઃ

૩. ભાગદારોની સંખ્યા સાતથી કમી હોય તોઃ

૪. કંપનીને પોતાનું કરજ આપવાનું સામર્થ્ય રહ્યું ન હોય તોઃ

૫. કંપનીનું કામ સંકેલ્યાથી બહુ સારૂ થશે એવું કોર્ટની નજરમાં આવે તોઃ

૨૬૦. કોરટે કંપનીનું કામ સંકેલવા વિશે હુકમ કર્યા પછી તે કંપની ઉપર જે મુકરદમા વગેરે ચાલતા હોય, તે સર્વ મોકુફ રહે છે; અને કોરટના હુકમ શિવાય તે કંપની ઉપર કોઈ પણ પ્રકારનો દાવો ચાલતો નથી. કંપનીને અથવા કંપની ઉપર ફિર્યાદ કરવી હોય, તો તેમાં ડેરેકટરોને સામેલ ન ગણતાં, લિક્વિડેટરોને સામેલ કરવા. કંપનીનું કામ સંકેલવાથી પરિણામ.

૨૬૧. લિક્વિડેટરોએ કાયદામાં કહેલી રીત પ્રમાણે કંપનીનું કામ તપાસવું; ભાગદારોના તથા કંપનીના લેણદા- લીકવીડેટરોનું કામ.

રોના પરસ્પર હકનો કોર્ટ મારફતે નિર્ણય કરવો, અને જરૂર પડે તો, કોર્ટ મારફતે ભાગદારોને ફરમાવી, તેમની પાસેથી તેમની જવાબદારી પ્રમાણે પૈસા વસુલ કરવા. લિક્વિડેઠરો કાયદા પ્રમાણે કામ ન કરે, તો તેઓ દંડને પાત્ર થાય છે.

કંપની ક્યારે તુટે છે.

૨૬૨. કંપનીના લેણદેણનો પુરી રીતે નિકાલ થયા પછી તે કંપની તુટી એવી મતલબનો કોર્ટ હુકમ કરવો, એટલે હુકમ કર્યાની તારીખથી તે કંપની તુટી એમ થાય છે.

૨૬૩. ૨૫૭ તથા ૨૫૮ એ બે કલમોમાં કહ્યા પ્રમાણે કંપનીનો હિસાબ વગેરે તપાસ્યાથી કંપની ઉપર કાંઈ કરજ નિકળ્યુ હોય, તો તે વિષે કંપની તુટતી વખત, જે ભાગદાર હોય તે, અને કંપની તુટતાં પેહેલાં એક વરસની માંહે જે ભાગદારે કંપની છોડી હોય, તે કંપની છોડ્યા પેહેલાના કરજ બાબત જવાબદાર થાય છે. પરંતુ કંપની લિમિટેડ બાઈ શેર્સ હોય, તો પ્રત્યેક ભાગદારને પોતાના શેરોના પૈસામાંથી જેટલા પૈસા ભરવાના રહ્યા હોય, તેટલી રકમ સુધી માત્ર તેના ઉપર જોખમ પડેછે; અને કંપની લિમિટેડ બાઈ ગ્યારંટી હોય, તો પ્રત્યેક ભાગદાર, જેટલી રકમસુધી જામીન રહ્યો હોય, તેટલી રકમ કરતાં જાસ્તી રકમ સારૂ, તે જવાબદાર થતો નથી. પરંતુ કંપની અનલિમિટેડ હોય,તો તેને જે નુકસાન પહોંચ્યું હોય, તેટલું ભરી આપવાસારૂ ભાગદારોએ પોતપોતાના હિસ્સા પ્રમાણે રૂપીઆ ભરવા[1].

---

૧ આયુષ ઉપર વીમો ઉતારવાસારૂ અનલિમિટેડ કંપની થઈ હોય, અને તેણે હરેક વીમો ઉતારતી વખતે કરારમાં સ્પષ્ટ રીતે એવું લખ્યું હોય કે, કંપનીના જરજોખમ સારૂ કંપની ફકત પોતાની થાપણમાંથી જવાબદાર થશે, અને ભાગદારોની ખાનગી મિલકત ઉપર કોઈનો દાવો પહોંચશે નહીં, તો એવું કરવા માટે કંપનીને કાયદાની હરકત નથી.

## (૩) ભાગદારોના પોતપોતાની અંદરના હક તથા જવાબદારી.

૨૬૪. સાધારણ પણે ભાગદારોના પોતપોતાની અંદરના હક, તથા જવાબદારી, તેમણે કરેલી યાદી, તથા કરાર પત્ર ઉપરથી ઠરે છે. સાધારણ નિયમ.

૨૬૫. પ્રત્યેક ભાગદારને શેર લીધા બાબતનું સર્ટિફિકેટ આપવું જોઇએ. ભાગદારને પોતાના નામના શેરો બીજાના નામના કરીને તેને આપવાનો અધિકાર છે. માગેલા હફતા ભરાયા હોય, તો તેને ભાગદારોની સભામાં જઇને પોતાનું મત આપવાનો અધિકાર છે, તેને સર્વ ભાગદારનાં નામનું નોંધણીપત્ર તથા કંપનીના કામ સંબંધી જે કાગળપત્ર હોય, તે કંપનીના નિયમ પ્રમાણે જોવાનો અધિકાર છે; વગેરે. હક.

૨૬૬. કંપનીના આકટમાં કહેલી રીતિ વિરૂદ્ધ કાંઈ કંપની કામ ચલાવે તો, તે અને આવી રીતે કામ ચલાવવામાં તેના મુખ્ય કારભારીઓની (ડૈરેકટર અથવા મેનેજરની) કાંઈ કસુર હોય, તો તેઓ પણ જ્યાંસુધી તે કાયદાવિરૂદ્ધ થએલી બીના સુધારે નહીં, ત્યાંસુધી દરરોજ તે પ્રત્યેક પચાસ રૂપીઆના દંડને પાત્ર થાય છે. ડૈરેકટરોને તથા કંપનીને દંડ.

૨૬૭. માગેલા હફતાના પૈસા ન ભર્યા હોય, તો તે બાબત ભાગદારો ઉપર ડૈરેકટરોની ફિર્યાદ ચાલે. અને કરારપત્રમાં ડૈરેકટરોને અધિકાર આપ્યો હોય, તો તે પ્રમાણે ડૈરેકટરોને તે ભાગદારોનો શેર ઉપરનો હક ડુબાવી દેવાનો અધિકાર છે. જવાબદારી.

## (૪) ત્રાહિતના સંબંધથી ભાગદારોના હક તથા જવાબદારી.

૨૬૮. સાધારણ ભાગદારી પ્રમાણે જાઇંટસ્ટાક કંપનીએ કરેલા કરારથી જે ફાયદા થાય છે, તે ઉપર કંપનીના સર્વે ભાગદારોનો હક છે. સાધારણ નિયમ.

એક ભાગદારના કરાર ઉપરથી કંપની ઉપર ક્યારે ફિર્યાદ ચાલે છે.

૨૬૯. કંપનીમાંના કોઈ ભાગદારે જાહિત સાથે કરેલા કરારથી જે ફાયદો થાય છે, તે ઉપર જે રીતે બાકીના ભાગદારોના પણ હક ચાલેછે, તેજ રીતે તે કરારથી જે નુકસાન થાય છે, તે વિશે પણ તેઓ જવાબદાર થાય છે. પરંતુ એવા કરાર જાઇંટસ્ટાક કંપનીનું કામ ચાલતા છતાં કરેલા હોવા જોઇએ.[1]

ડૈરેકટરનાજ કરાર કંપનીને માન્ય હોય છે.

૨૭૦. કંપનીનું સર્વ કામ ડૈરેકટરો કરે છે, માટે કોઈ ભાગદાર ડૈરેકટર નહીં છતાં, તેણે જાહિત સાથે કંપનીના કામ બાબત, કરાર કર્યા હોય, તો તે કરાર કંપનીએ સ્પષ્ટપણે માન્ય કીધા શિવાય તે વિશે કંપની જવાબદાર થતી નથી.

કંપનીનીમોહોર.

૨૭૧. કંપનીના કામ બાબત જે ઘણા મહત્વના કરાર કર્યાં હોય, તે ઉપર ડૈરેકટરોએ તે કંપનીની મોહોર કરવી જોઇએ.

## (૨) કારપોરેશન વિશે.

કારપોરેશન એટલે શું.

૨૭૨. કારપોરેશન એટલે શું. એ વિશે ૧૮ મી કલમ જોવી.

કારપોરેશન કેહેવીરીતે થાયછે.

૨૭૩. કારપોરેશન સરકારી કાયદાથી અથવા રાણીની સનંદથી થાય છે. અને તેને ઘણુંકરીને જાઇંટસ્ટાક કંપનોના નિયમ લાગુ પડે છે.

કારપોરેશન કેઈ રીતે તુટે છે.

૨૭૪. કારપોરેશન આ નીચેનાં કારણથી તુટે છે.

૧. સરકારી કાયદાથી.

૨. કારપોરેશનમાંથી આસામી મરી જવાથી.

૩. કારપોરેશનની ગૈરવર્ત્તણૂકને લીધે તેની સનંદ રદ કરવાથી.

૪. કારપોરેશન નાદાર થવાથી.

---

[1] તથાપિ એ વિશે પ્રત્યેક ભાગીદાર ઉપર જુદી જુદી ફિર્યાદ ચાલે નહીં. ફિર્યાદ કરવાની તે કંપનીના નામથી કંપનીજ ઉપર કરવી જોઇએ.

૫. કારપોરેશન કરનારે તે તોડવાથી.

૨૭૫. કારપોરેશન તોડવાથી તેનું લોકો પાસે જે લેહેણું હોય, તે તથા તેને લોકોનું કરજ હોય, તે બંને બુડે છે. કારપોરેશનનું કરજ.

---

# ભાગ ૫.

## જુદા જુદા પ્રકારના વિષયો સંબંધી કરાર

૨૭૬. જે જુદા જુદા પ્રકારના વિષયો સંબંધી કરાર થયા છે, તેમાંથી મુખ્યત્વેકરીને જે પ્રકાર આપણા જોવામાં આવે છે, તે વિશે નીચે વિચાર કરેલો છે. અનેક વિષયો સંબંધી કરાર.

---

# પ્રકરણ ૧.

## જામીની વિશે.

૨૭૭. કરાર કરનાર પાસેથી કરારમાંની જે કાંઈ વાત કરી લેવાની હોય, તે થવાનો સંભવ વધારવાને વાસ્તે જામીન લેવાનો ચાલ છે; અને તે જામીન જે કરાર કરેછે, તે જામીનીનો કરાર છે. જો **અ** યે કોઈ સાહુકાર પાસેથી ૫૦૦ રૂપીઆ કરજ લેઇને તેને ખત લખી આપ્યું, અને તેજ વખત **અ** ના કહેવા ઉપરથી **બ** યે તે સાહુકારને એવા જામીની કબાલો લખી આપ્યો કે, "નીમેલી મુદતમાં **અ** યે રૂપીઆનું ભરણું નહીં કીધું, તો હું કરીશ." તો આ ઠેકાણે **અ** મૂળજવાબદાર, **બ** જામીન, અને **બ** યે સાહુકારને જે કરારપત્ર લખી આપ્યું, તે જામીન ખત છે. જામીની એટલે શું.

૨૭૮. હિંદુશાસ્ત્ર પ્રમાણે જામીન ત્રણ પ્રકારના છે. ૧ હાજરજામીન, એટલે જરૂર પડે ત્યારે મૂળ જવાબદારને હાજર કરવા વિશે જામીન. ૨ વિશ્વાસ જામીન, એ- હિંદુશાસ્ત્ર.

કે મૂળ જવાબદારને પૈસા કરજે આપવાસારૂ સાહુકારને દિલાસો[1] દેનારો જામીન. ને માલ જામીન, એટલે મૂળ જવાબદારે માલ પાછો આપવા વિશે જામીન.

જામીનીના કરારની પરીક્ષા.

૨૭૯. કોઇએક કરાર જામીનીનો થવાસારૂ તે કરાર જામીન થનારે સાહુકારની સાથેજ કરેલો હોવો જોઇએ, અને તેને લીધે મૂળ જવાબદાર, તથા જામીન એ બંને ઉપર એકજ વખતે જવાબદારી રહેવી જોઇએ. જેમકે, તું મારા મિત્રને ૫૦૦ રૂપીઆ આપીને વ્યાપારમાં મદદ કરવાનું કબુલ કરીશ, તો તને તેથી જે નુકસાન થશે, તે હું ભરી આપીશ, આ કરાર જામીનીનો છે.

જામીની જેવા દેખીતા કરાર.

૨૮૦. કેટલાએક પ્રકારના કરાર જામીનીના નહીં છતાં તેવા છે, એમ ભાસે છે. તે આ પ્રમાણેઃ—

(૧) મારી પાસે તારૂ જે લેહેણું છે, તે મને છોડી દેઇશ, તો તારે જે બીજાનું દેવું છે, તે હું તેને આપીશ.

(૨) જ્યારે તારા દેણદારના પૈસા મારે હાથ આવશે, ત્યારે તેમાંથી તારૂં જે તેની પાસે લેહેણું છે, તે હું તને આપીશ.

(૩) તારે અમુક વ્યાપારીને જે કરજ આપવાનું છે, તે હું તેને આપીશ.

(૪) અમુક વ્યાપારી તને મદદ આપશે, એ વિશે હું જામીન થાઉછું.

(૫) તેં પોતાનો જે માલ વેચવાસારૂ મને સ્વાધીન કર્યો છે, તે હું ૫૦ રૂપીએ વેચીશ. ૫૦ રૂપીએ નહીં વેચ્યાથી તને ૫૦ રૂપીઆ આપવા વિશે હું જામીન થાઉછું.

તથાપિ ઉપરના કરાર ઉપરથી ફિર્યાદ ચાલે છે

૨૮૧. ૨૮૦ મી કલમમાં કહેલા કરાર જામીનીના કરાર માત્ર નથી. તથાપિ તે કાયદેસર થયા હોય, તો બીજા કરાર પ્રમાણે તે ઉપરથી ફિર્યાદ ચાલશે.

---

[1] વિશ્વાસ આપવો.

૨૮૨. ઇંગ્લિશ લા પ્રમાણે જામીનીના કરાર લખેલા હોવા જોઇએ; તેમ ન હોય, તો તે ઉપરથી ઇંગ્લિશ કોર્ટમાં ફિર્યાદ ચાલતી નથી. ઇંગ્લિશ લા.

૨૮૩. હિંદુશાસ્ત્ર પ્રમાણે જામીનીના કરાર લખેલા જોઇએ એમ નથી; પરંતુ લખેલા હોય, તો સારૂ, એમ માનેલું છે. હિંદુશાસ્ત્ર.

૨૮૪. ઇંગ્લિશ લા પ્રમાણે જામીન થવાને કોઇને પ્રતિબંધ નથી; પરંતુ હિંદુશાસ્ત્ર પ્રમાણે ધણી, શત્રુ, ધણીએ કામ ઉપર નીમેલો માણુસ, અટકાવી મુકેલો માણુસ, દંડેલો માણુસ, જેના ઉપર પાતકનો દોષ છે તે, વારસ, નૈષ્ઠિક બ્રહ્મચારી, જે રાજ્યકાર્ય વિશે નીમાએલો તે, સન્યાસી, જેનો બાપ જીવતો છે તે, "કૃપણ," અને જેને કોઇ ઓળખતું ન હોય તે, એઓનેસ્વાર્થ સાધનને વિશે જામીન લેવા નહીં. જામીન કોણે થવું.

૨૮૫. જામીને સાહુકારની સાથે જેવા કરાર કર્યા હોય, તે રીતે તેના ઉપર જવાબદારી પહોંચે છે. જામીન દારની જવાબદારી.

૨૮૬. હિંદુશાસ્ત્ર પ્રમાણે હાજર જામીન મૂળ જવાબદારને હાજર ન કરે, અને હાજર ન કરવાનું કાંઇ યોગ્ય કારણ ન બતાવે, કિંવા, વિશ્વાસ જામીનનો વિશ્વાસ ખોટો પડે, તો તે જામીન પાસેથી સહુકારના પૈસા અપાવવા. માલજામીનના પુત્ર પાસેથી પણ સહુકારના પૈસા અપાવવા. પરંતુ જામીન થવાસારૂ મૂળજવાબદાર પાસેથી જામીને કાંઇ લીધું હોય, તો જામીનના પુત્ર પાસેથી પણ સાહુકારના પૈસા અપાવવા. હિંદુશાસ્ત્ર.

૨૮૭. જામીનીના કરારનું પુરૂં કારણ હોય, તો તે ઉપરથી જામીન ઉપર ફિર્યાદ ચાલે; એટલાવાસ્તે જો કોઇ એવા કરાર કરે કે, "હાલ જે તમારો નોકર છે, તેણે તમારી નોકરી બરાબર કરે નહીં, તો હું તમને તે બાબત ૫૦૦ રૂપીઆ આપીશ." તો એ કરારને પુરૂં કારણ નથી. કારણકે, જામીનના કહેવા ઉપરથી તમેનોકર રાખ્યો નથી, જામીનના કરારને પુરૂંકારણ.

તે પ્રથમથીજ નોકર હતો. પરંતુ જો ધણી પોતાના નોકરને નોકરીમાંથી કહાડી મુકે છે, એમ જોઇને તેને નોકરીમાં રહેવા દેવા વિશે કોઈ જામીન થયો, તો, એ કરારને પુરૂં કારણ હોવાને લીધે તે ઉપરથી જામીન ઉપર ફિર્યાદ ચાલશે.

કારણભૂત કૃત્ય હોયતો.

૨૮૮. જો કોઇએ એવો કરાર કર્યો કે "તમે મારા મિત્રને બે વરસ ઉપર ઘણી મદદ કરી હતી, માટે મારો મિત્ર હવડાં તમને કાંઈ નહીં આપે, તો તે બાબત હું તમને ૪૦ રૂપીઆ આપીશ." તો એ કરાર રદ સમજવો. કારણકે, જામીન થવાનું કારણ ભૂતકૃત્ય[1] છે. પરંતુ જો એવો કરાર કર્યો હોય કે, "તમે મારા મિત્રને બે વરસ પેહેલાં ઘણી મદદ કરી, અને તેવી હવડાં પણ કરશો, તો તેથી જે નુકસાન તમને થશે, તે ભરી આપવા વિશે હું જામીન થાઉછું," તો એવા કરાર ઉપરથી ફિર્યાદ ચાલવાને હરકત નથી.

ચાલુજવાબદારી.

૨૮૯. જો કોઇએ એમ કરાર કર્યો કે, "તમે મારા મિત્રને ૫૦૦ રૂપીઆસુધી કરજ આપો, અને તે બદલ હું જામીન થાઉછું," તો સાહુકારે જામીનના ભરૂસા ઉપર તેના મિત્રને ૫૦૦ રૂપીઆ આપ્યા, તે મિત્રે ભરી દેઇને ફરીથી તે સાહુકાર પાસેથી ૫૦૦ રૂપીઆ લીધા, અને નાશી ગયો, તો તે જામીને સાહુકારનું નુકસાન ભરી આપવું જોઇએ. કારણ કે, પ્રથમનાજ ૫૦૦ રૂપીઆ વાસ્તે તે સાહુકાર જામીન થયો હતો, એવું તે કરાર ઉપરથી જણાતું નથી. તેવોજ એ જામીનનો હેતુ હતો, તો તેણે સાહુકારને પ્રથમથીજ તેપ્રમાણે સ્પષ્ટ કહેવું હતું.

ભાગદારીથી આપેલા જામીન.

૨૯૦. ૨૮૮મી કલમમાં કહ્યા પ્રમાણે ભાગદારીએ કોઈ સાહુકાર જામીન આપ્યો, તો તે ભાગદારી ચાલે છે, ત્યાંસુધી માત્ર તે જામીન ઉપર જવાબદારી રહે છે.

---

૧ પાછળ થઇ ગએલું.

૨૯૧. જો એક કરજદારને માટે બે, કિંવા વધારે મનુષ્ય જામીન થયા, અને તે જામીનોને કરજ આપવું પડ્યું, તો તેઓએ નુકસાન એકસરખું ભોગવવું; પરંતુ મૂળ જવાબદારની સર્વ જવાબદારી પ્રત્યેક જામીને પોતાના ઉપર લેવાનો કરાર કર્યો હોય, તો સાહુકારે ગમે તે જામીન ઉપર હુકમનામુ બજાવવું. એક કરતાં વધારે જામીન થાયતો.

૨૯૨. જામીન ઉપર જોખમ વધે એવા પ્રકારનો કરાર સાહુકારે તે જામીનને નહીં પુછતાં પોતાના કરજદાર પાસેથી કરી લીધો, તો જામીન ઉપરની જવાબદારી રદ થાય છે. મૂળ જવાબદારે પૈસા બે મહિનામાં નહીં ભર્યા, તો હું ભરીશ, એવો જામીનનો કરાર હોય, અને જો સાહુકારે પોતાના દેણદારને રૂપીઆ ભરવાને વાસ્તે તે જામીનની સંમતી શિવાય વધારે મુદત આપવાનો કરાર કીધો, તો જામીનની જવાબદારી રદ થાય છે. જામીનના હક.

૨૯૩. જો દેણદાર વિશે સાહુકારને એવી કાંઈ વાત માહિત હોય કે, તે જામીનના જાણવામાં આવી હોત, તો તે દેણદારનો તે જામીન થાત નહીં; અને એવી વાત સાહુકારે જાણીબુજીને છુપાવી રાખી, કિંવા કપટથી કાંઈ ખોટીજ વાત કહી, તો જામીનીનો કરાર પ્રથમથીજ રદ સમજવો. સાહુકારનું કપટ.

૨૯૪. મૂળ જવાબદારે પોતાનો કરાર ઠરાવેલી મુદતમાં પુરો ન કર્યો, તો જામીનને તે કરાર પુરો કરી લેવાસારૂ મૂળ જવાબદાર ઉપર ફિર્યાદ કરવી; અને જો તે ફિર્યાદમાં મૂળ જવાબદાર એમ કહેશે કે, હજીસુધી જામીને સાહુકારને મારો કરાર પુરો કરી આપ્યો નથી, તો તેનું એમ કહેવું ચાલનાર નહીં. કારણ કે, કરાર પુરો કરવાની મુદત પુરી થતાંજ કરાર પુરો કરી આપવા વિશે જામીન ઉપર જવાબદારી ઉત્પન્ન થાય છે, માટે તે જવાબદારીમાંથી મુક્ત થવાનો તેનો હક છે. મૂળ જવાબદાર ઉપર એકદમ ફિર્યાદ કરવાનો જામીનનો હક.

*હિંદુશાસ્ત્ર.*

૨૯૫. હિંદુશાસ્ત્ર પ્રમાણે જો મૂળ જવાબદારને સારૂ જામીનને પૈસા ભરવા પડ્યા, તો તે જામીનને દેણદાર પાસેથી ભરેલા પૈસાના દામદુપટ નાણાં મળે છે.

*જામીને પૈસા ભર્યાં હોય, તો શાહુકારે ખતપત્ર જામીનને આપવાં.*

૨૯૬. જો કોઈ જામીનને મૂળ જવાબદારના પૈસા આપવા પડ્યા, તો સાહુકારની પાસે દેણદારના જે ખત પત્ર હોય, તે સર્વ તેણે જામીનને આપવા જોઇએ.

*એકજ જામીને સર્વ પૈસા ભર્યા હોય, તો તેણે બાકીના જામીનો પાસેથી હિસ્સા લેવા.*

*પરંતુ.*

૨૯૭. જો બે કિંવા વધારે જામીનમાંથી કોઇએકને પોતાના હિસ્સા કરતાં વધારે પૈસા ભરવા પડ્યા, તો જાસ્તી પૈસા બાબત તેની બાકીના જામીનો ઉપર ફિર્યાદ ચાલશે. માટે જો સર્વ કરજ એકજ જામીનને ભરવું પડ્યું, તો તેમાંથી તેણે પોતાનો હિસ્સો બાદ કરીને બાકીના પૈસા વસુલ કરવાસારૂ, બીજા જામીન ઉપર ફિર્યાદ કરવી. પરંતુ જે જામીન બીજા જામીનોના કહેવા ઉપરથી જામીન થયો હોય, તે જામીન ઉપર જેમણે તેને જામીન થવાનું કહ્યું હોય, તેમની હિસ્સા સારૂ ફિર્યાદ ચાલનાર નહીં.

*એક જામીન નાદાર થએથી તેની જવાબદારી બાકીના ઉપર પડશે.*

૨૯૮. જો કોઈ જામીન નાદાર થયો, તો બાકીના જામીનોએ તેની જવાબદારી વહેંચી લેવી.

*એક જામીન મરી ગયાથી બાકીના જામીન ઉપર જવાબદારી.*

૨૯૯. જો કોઈ જામીન મરી ગયો, અને જામીની એવા પ્રકારની હોય કે, મૂળ જવાબદારની સર્વ જવાબદારી પ્રત્યેક જામીને પોતાના ઉપર લેવાનો કરાર કર્યો છે, તો તે મરનાર જામીનના વારસ જવાબદાર થાય છે. પરંતુ જામીની તેવા પ્રકારની ન હોય, તો બાકીના જામીને મરનાર જામીનનો હિસ્સો ભરી આપવો.

---

## પ્રકરણ ૨.

### વેચાણ વિશે.

*વેચાણ એટલે શું.*

૩૦૦. પૈસા આપીને બીજાની વસ્તુ લીધી હોય, તો તે વેચાણ થાય છે.

૩૦૧. જે સ્થાવરજંગમ માલ ઉપર માણસનું ધણીપણું થવાને હરકત નથી, તે માલનું વેચાણ થવાને હરકત નથી; માટે નદી, સમુદ્ર, પ્રેત, વગેરે પદાર્થનું વેચાણ થતું નથી. વેચવા જોગ પદાર્થ.

૩૦૨. પદાર્થ ઉપરથી વેચનારની માલકી જઇને વેચાણ રાખનારની માલકી ઉત્પન્ન થવાસારૂ વેચવાનો પદાર્થ વેચનારની પાસે હોવો જોઇએ, કિંવા તેને આગળ ઉપર મળે એવો હોવો જોઇએ; એમ નહીંછતાં જે વેચાણ થાય છે, તે આગળ ઉપર તે પદાર્થ વેચનારની પાસે આવ્યાથી વેચાણ લેનારને તે વેચાણ આપવાનો કરાર છે, એમ સમજવું. જેમકે, મારા ઘરમાં જે ગાય છે તે તમને ૧૫ રૂપીઆ માટે વેચવાનું હું કબુલ કરૂંછું. આ ઠેકાણે મારી પાસે ગાય હોય, અને તેને વેચી હોય, તો તે તુરતજ બીજાની થાય છે; પરંતુ જો એવો કરાર કર્યો કે, હું આજ ક ની પાસેથી ગાય વેચાણ લેવાનોછું, તે તમને ૧૫ રૂપીઆ માટે વેચાણ આપુંછું, તો એવા કરારથી વેચેલી ગાય તુરતજ વેચાણ લેનારની થતી નથી. પરંતુ જ્યારે તે ગાય વેચનારના હાથમાં આવે, ત્યારે વેચાણ લેનારને તે ગાય વેચાણ આપવાનો કરાર વેચનારાએ કર્યો છે, એમ થાય છે. બીઆ પ્રકારના પદાર્થ ઉપર વેચાણ લેનારના માલિકી લાગલાજ ઉત્પન્ન થાય છે.

૩૦૩. ઉપર કહ્યા પ્રમાણે જ્યારે કાંઈ વસ્તુ તુરતજ વેચાણ લેનારની થાય છે, ત્યારે તે વેચાણ પુરૂં થયું, એમ સમજવું. જેમકે, વેચવાનો પદાર્થ એકબાજુએ કહાડીને તેની કીમત ઠરાવીને તથા વેચાણ સંબંધી વેચનારે જે કાંઈ કરવાનું હોય, તે સર્વ કીધાથી વેચાણ પુર્ણ થાય છે.[1] પૂર્ણ વેચાણ.

---

[1] સને ૧૮૫૯ના આઠમા આકટ પ્રમાણે હુકમનામું બજાવ્યા ઉપરથી વેચાણ થાય છે, તે માલ સ્થાવર હોય, તો વેચાણ થયાની તારીખથી એક મહિનામાં અને જંગમ હોય, તો લાગલુંજ કાયમ થાય છે.

અપૂર્ણ વેચાણ.

૩૦૪. વેચનારને વેચાણ સંબંધી જે કરવું અવશ્ય હોય, તે કરવાનું રહ્યું હોય, તો વેચાણ પુરૂ થતું નથી. જેમકે, કોઈ દાણાવાળાએ પોતાના દાણાના કોઠારમાંથી પાંચખાંડી ધાન્ય વેચવાનો કરાર કીધો, તો જ્યાંસુધી તે પાંચખાંડી ધાન્ય તોળીને જુદુ કહાડ્યું નથી, ત્યાંસુધી વેચાણ લેનારની તે ધાન્ય ઉપર માલકી ઉત્પન્ન થતી નથી. કારણકે, દાણાવાળાએ ધાન્યના ઢગલામાંથી કીઓભાગ વેચ્યો, એ સમજાતું નથી. માટે પાંચખાંડી ધાન્ય જુદુ કહાડીને વેચાણ લેનારને સ્વાધીન કરતાં પહેલાં જો કોઠાર બળી ગયો, તો તે નુકસાન દાણાવાળાએ ભોગવવું. તેમજ વેચવાનો માલ જુદો કહાડ્યો હોય, તથાપિ જો માલની કીમત ઠરાવી ન હોય, તો વેચાણ પૂર્ણ થતું નથી. માટે કીમત ઠરતાં પેહેલાં જુદો મુકેલો માલ બળી ગયો, તો વેચનારે તેનું નુકસાન ભોગવવું. પરંતુ અમુક ધાન્ય અમુક ભાવથી આપવાના હેતુથી જુદુ કહાડીને મુક્યું હોય, તો વેચાણ પૂર્ણ થાય છે. કારણકે, ભાવ સમજ્યાથી ધાન્યની કીમત સમજાય છે, અને એમ થયાછતાં માલ બળી ગયો હોય, તો વેચાણ લેનારે નુકસાન ભોગવવું. ધાન્યનો ભાવ ઠર્યાછતાં ધાન્ય કેટલું છે, એ ઠર્યું ન હોય, તો વેચાણ પુરૂં થતું નથી. કારણ કે, ભાવ સમજાયાથી વેચેલા સર્વ ધાન્યની કીમત સમજાતી નથી.

વેચેલો માલ બળીજાય તો જવાબદારી.

૩૦૫. ઉપર કહ્યા પ્રમાણે વેચાણ પુરૂં થતાંજ વેચેલા માલ ઉપર વેચાણ લેનારની માલકી ઉત્પન્ન થાય છે; માટે વેચાણ પુરૂં થયાપછી વેચાણ લેનારે, વેચાણ લીધેલો માલ પોતાને ઘેર લાવતાં પેહેલાં તે અકસ્માત બળી ગયો, તો તેનું નુકસાન વેચાણ લેનારેજ ભોગવવું જોઇએ. વેચાણ પુરૂં ન હોય, તો માલ બળી ગયાનું નુકસાન વેચનારે ભોગવીને વેચાણ લેનારને તેવા જાતનો બીજો માલ આપવો જોઇએ.

એક વખત વેચાણ પુરૂં થયાપછી, જો માલ વેચનારની પાસે રહ્યો, તો તે વેચનારો, તે માલનો અમાનતદાર સમજવો.

૩૦૬. આ ઠેકાણે આ વાત લક્ષમાં રાખવી કે, માલની કીમત વગેરે ઠરાવ્યા પછી વેચાણ લેનારે માલની કીમત તુરત આપી નહીં, તો એટલાજ કારણથી વેચાણ અપૂર્ણ થાયછે, એમ સમજવું નહીં. એવા કારણથી એક વખત વેચેલી વસ્તુ વેચનારો બીજાને આપી શકતો નથી[1]. તેમજ જો વેચનારનો કાંઈ અપરાધ નહીં છતાં માલ બળી ગયો, તોપણ કીમતને સારૂ વેચનારની ફિર્યાદ ચાલે. પરંતુ માલની કીમત આપે ત્યાંસુધી માલ ઉપર વેચાણ લેનારની માલકી થાય નહીં, એવો કરાર હોય, તો જ્યાંસુધી વેચાણ લેનાર કીમત આપે નહીં, ત્યાંસુધી તે માલ વેચાણ લેનારનો થતો નથી. બજારમાં ભાજીપાલાનું વેચાણ થાયછે, તે એવા પ્રકારનું થાય છે.

માલની કીમત નહીં આપ્યાથી વેચાણ લેનારની જવાબદારી જતી નથી.

૩૦૭. હિંદુશાસ્ત્ર પ્રમાણે વેચાણ લેનારે બહાનું આપ્યા પછી, વેચાણનો કરાર તોડ્યો, તો તેને બહાનું પાછું મળવાનું નહીં. પરંતુ જો વેચાણનો કરાર વેચનારે તોડ્યો, તો તે બહાનાના બમણા પૈસા વેચાણ લેનારને આપવા જોઇએ. તેમજ વેચાણ લેનારો વેચાણ થયાપછી, માલ પોતાને સ્વાધીન કરી લેતો ન હોય, તો કરાર રદ થયો, એમ સમજીને વેચનારે માલ વાજબી રીતે પાછો વેચવો, અને નુકસાન થાય, તો તે પેહેલા વેચાણ લેનાર પાસેથી ભરી લેવું.

હિંદુશાસ્ત્ર.

૩૦૮. મુસલમાની કાયદા પ્રમાણે વેચાણ લીધેલા માલની કીમતમાં કાંઈ અનિશ્ચિત વાત બને તો, એટલે

મુસલમાની કાયદો.

---

[1] માલ વેચાણ આપ્યો ત્યારથી, અથવા માલની કીમત જે દિવસે આપ્યાનો કરાર કર્યો હોય, તે દિવસથી માલની કીમત મળવાને પુષ્કળ વખત લાગી હોય, તો વેચાણનો કરાર રદ કરીને વેચનારે માલ બીજાને વેચવો.

જેમકે, જેઠમાં વરસાત આવે, કિંવા પવન થાય, ત્યારે આપવાનો ઠરાવ કર્યો હોય, તો એવી આડ ચાલવાની નહીં.

માલ વેચવાનો અધિકારકોનેછે.

૩૦૯. જે માલનો જે માલક હોય, તે માલ વેચવાનો તે માલકને અધિકારછે, એ સાધારણ નિયમ સમજવો[1].

મુસલમાનીકાયદો

૩૧૦. મુસલમાની કાયદા પ્રમાણે વેચાણ લીધેલો માલ વેચાણ લેનારને સ્વાધીન થયા શિવાય, તે વેચવાનો વેચાણલેનારને અધિકાર નથી.

હિંદુશાસ્ત્ર.

૩૧૧. હિંદુશાસ્ત્ર પ્રમાણે કુટુંબમાં જે મુખ્ય હોય, તેનેજ અવિભક્ત[2] માલ બીજાને વેચવાનો અધિકાર છે.

ખુલ્લા બજારમાં વેચાણ.

૩૧૨. ૩૦૯ મી કલમમાં કહેલા સાધારણ નિયમ ઉપરથી એ સ્પષ્ટ છે કે, કોઈ બીજાનો માલ વેચ્યો હોય, તો એવા વેચાણથી વેચાણ લેનારને તે માલ ઉપર માલકી મળતી નથી; પરંતુ તે વેચાણ ખુલ્લા બજારમાં થયું હોય, તો તેના ઉપર વેચાણ લેનારને માલકી મળે છે.

ઇંગ્લિશ કાયદો.

૩૧૩. ઇંગ્લિશ કાયદા પ્રમાણે જે બજારમાં, કિંવા દુકાનમાં અમુક પ્રકારનો માલ વેચાય છે, ત્યાં તે પ્રકારનો માલ ત્યાંના હમેશના વેચનારે વેચ્યો હોય, તો તેનું ખુલ્લા બજારમાં વેચાણ થયું, એમ થાય છે. જેમકે, જો કોઇ વિદ્યાર્થીએ પોતાને ઘેર પુસ્તક વેચનારને બોલાવીને તેને એક પુસ્તક વેચ્યું, તો તે ખુલ્લા બજારમાં વેચ્યું એમ થતું નથી. કારણકે, પુસ્તક વેચવું એ વિદ્યાર્થીનો ધંધો નથી, અને તેનું ઘર પુસ્તક વેચવાની દુકાન નથી; માટે એવી રીતે વેચેલું પુસ્તક વિદ્યાર્થીનું ન હોય, તો વેચાણ લેનારે તે પુસ્તક તેના મૂળ માલિકને પાછું આપવું જોઇએ. પરંતુ જો તે પુસ્તક

---

[1] અમુક માલ જપ્ત કરવા વિષે કોરટે નાજરને હુકમ કર્યાપછી માલિકે તે માલ ખુલ્લા બજારમાં વેચ્યો હોય, તો તેણે કરીને તે વેચેલો માલ જપ્ત કરવા વિષે નાજરને કાંઈ હરકત પડતી નથી.

[2] વહેંચણ કર્યા વગરનો ( મજીઆરાનો. )

લેનારે પોતાની દુકાનમાં લેઈ જઈને કોઈને વેચ્યું, તો તે વેચાણ ખુલ્લા બજારમાં થયું, એમ થાય છે; માટે એવા વેચાણથી લીધેલું પુસ્તક તેના મૂળ માલિકને પાછું મળતું નથી[1].

હિંદુશાસ્ત્ર.

૩૧૪. હિંદુશાસ્ત્ર પ્રમાણે આબરૂદાર માણસની સમક્ષ વેચાણ થયું હોય, તો તે ખુલ્લા બજારમાં થયું, એમ થાય છે; તથાપિ ખુલ્લા બજારમાંથી કાંઈ માલ વેચાણ લાવ્યા પછી જો કોઈ તીજોજ મનુષ્ય તે માલનો માલિક છે એમ માલુમ પડે, તો તે માલિકને તે માલ પાછો આપવો જોઈએ, અને વેચાણ આપનારો, તે માલિકને બતાવે, તો તે માલિક પાસેથી વેચાણ લેનારને માલની અડધી કીમત જેટલા પૈસા મળે છે, નહીં તો તેની પાસેથી કાંઈ મળતું નથી.

કેટલીક વાતમાં ખુલ્લા બજારમાં વેચાણ થયાથી પણ માલિકી મળતી નથી.

૩૧૫. કોઈ વાતમાં વેચાણ ખુલ્લા બજારમાં થયાછતાં પણ વેચાણ લેનારને માલ ઉપર પૂર્ણમાલિકી મળતી નથી. જેમકે, વેચેલો માલ રાજાનો હોય, કિંવા તે વેચનારનો નથી, એમ વેચાણ લેનારને માહિત હોય, કિંવા તે ખુલ્લા બજારમાંની દુકાનની પાછળ ખરીદ કર્યો હોય, કિંવા દુકાનના કમાડ બંધ કરીને, કિંવા રાત્રીના વખતે તે ખરીદ કર્યો હોય; તો તે માલના મૂળ ધણીની ફિર્યાદ ઉપરથી તે માલ તેને પાછો મળે છે.

કેટલીક વાતમાં વેચાણ ખુલ્લા બજારમાં થયું ન હોય, તોપણ પૂર્ણ માલિકી મળે છે.

૩૧૬. કોઈ વાતમાં વેચાણ ખુલ્લા બજારમાં થયું ન હોય, તોપણ વેચાણ લેનારને માલ ઉપર પૂર્ણ માલકી મળે છે. જેમકે, (૧) કોઈ માલ વેચાણ લેઈને તેની કીમત બદલ ખોટી બ્યાંકનોટ, કિંવા જેના પૈસા મળવા જોગ નથી, એવી હુંડી કપટથી આપી, અને પછી માલ વેચાણ લેનારે તે માલ તીજાને વેચ્યો, તો તે તીજાને તે માલ ઉપર

[1] પરંતુ ચોથા જ્યાર્જ રાજાના ૯ મા વરસમાં ફરમાવેલા ૭૪ મા કાયદા પ્રમાણે માલ ચોરીનો નિકળે, તો ચોરીનો ગુનો સાબીત થએથી માલ પાછો આપવો પડે છે.

પૂર્ણ માલિકી મળે છે. (૨) માલના ચાર પાંચ માલિક

છતાં તેઓએ પોતાનામાંથી, એકની પાસે તે માલ મુક્યો હોય, અને તેણે તે માલ બાકીના માણસોને ન પુછતાં ગ્રાહિતને વેચ્યો, તો ગ્રાહિતને તે માલ ઉપર પૂર્ણ માલિકી મળે છે. (૩) કોઇએ પોતાનો માલ અમુક કીમતે, અને અમુક રીતે વેચવાસારૂ મુનીમ નીમ્યો હોય, અને તેણે ગ્રાહિતને માલકમી કીમતથી, અથવા ગેર રીતે વેચ્યો, તો તે માલ ઉપર ગ્રાહિતને પૂર્ણ માલિકી મળે છે. (૪) કોઇએ બીજાનો માલ ત્રીજાને વેચ્યો, અને વેચતી વખત માલધણી હાજર છતાં તેણે વેચાણમાં હરકત નહીં કરી, તો તે તીજાને પુર્ણ માલિકી મળે છે. (૫) હુંડિયો ખુલ્લા બજારમાં વેચી ન હોય, તોપણ વેચાણ લેનારને તેના ઉપર પૂર્ણ માલિકી મળે છે.

કરાર કેવી તરેહનો જોઇએ. હિંદુશાસ્ત્ર.

૩૧૭. હિંદુશાસ્ત્ર પ્રમાણે વેચાણનો કરારલખેલો હોવો જોઇએ, એમ નથી; તથાપિ લખેલો હોય, તો સારૂ, એમ માનેલું છે.

ઇંગ્લિશ લા.

૩૧૮. ઇંગ્લિશ લા પ્રમાણે, સો રૂપીઆ કરતાં વધારે કીમતના માલનું વેચાણ થયું હોય, તો કરાર લખેલો જોઇએ, અને તે ઉપર વેચાણ લેનારની સહી થવી જોઇએ. પરંતુ કાંઈ બહાનું આપ્યું હોય, કિંવા વેચેલા માલમાંથી કાંઈ માલ વેચાણ લેનારે પોતાના તાબામાં લીધો હોય, કિંવા માલ બાબત તેણે બધા કિંવા થોડા પૈસા ભર્યા હોય, તો વેચાણ થયાવિશે મુખજુબાની પુરાવો લેવાને હરકત નથી.

વેચનારે શું કરવું જોઇએ.

૩૧૯. વેચાણનો કરાર પુરો થયાથી, વેચનારે મુખ્યત્વે કરીને બે વાતો કરવી જોઇએ. તે એકઃ—(૧) જે રીતે, તથા જે વખતે માલ આપવાનો કરાર થયો હોય, તે રીતે, તથા તે વખતે વેચનારે વેચેલો માલ વેચાણ લેનારને સ્વાધીન કરવો જોઇએ. (૨) માલ કરાર પ્રમાણે જે પ્રકારનો જોઇએ તેવો હોવો જોઇએ.

**૧ સાધારણ નિયમ.**

૩૨૦. (૧) માલ વેચાણ લેનારને સ્વાધીન કરવા વિશે સાધારણ નિયમ એવા છે કે, તેને જે કરવું અવશ્ય તે સર્વે તેણે કીધા પછી, એટલે કીમત વગેરે આપ્યા પછી તુરતજ, કિંવા યોગ્ય મુદતમાં વેચનારે માલ વેચાણ લેનારને સ્વાધીન કરવો; નહીંતો તે બાબત તેના ઉપર ફિર્યાદ ચાલશે.

**માલ વેચાણ લેનારને સ્વાધીન કરવાની રીત.**

૩૨૧. માલ વેચાણ લેનારને સ્વાધીન કરવો, એટલે વેચેલો માલ તેના હાથમાંજ આપવો જોઇએ એમ નથી; માલ વખારમાં હોય, તો તે વખારની કુંચી આપ્યાથી તે માલ સ્વાધીન કીધો એમ થાય છે. તેમજ વેચાણનો કરાર થતી વખત માલ ત્રાહિતના ઘરમાં હોય, તો વેચાણ લેનારને માલ આપવા વિશે, વેચનારે ત્રાહિતના નામ ઉપર ચીઠી આપ્યાથી તે માલ વેચાણ લેનારને સ્વાધીન કીધો, એમ થાયછે.

**ઉધાર વેચેલો માલ પણ નીમેલ વખતે સ્વાધીન કરવો જોઇએ.**

૩૨૨. કોઇ બીજાને માલ ઉધારે વેચ્યો હોય, તો કીમત આપવાની મુદત પેહેલાં કીમતનેસારૂ વેચનારને માલ અટકાવી રાખવાનો અધિકાર નથી. તેમજ વેચેલો માલ વેચાણ લેનારને સ્વાધીન કર્યા પછી વેચાણ આપનારને તે માલ પાછો લેવાનો અધિકાર નથી. પરંતુ માલની કીમત આપતાં પેહેલાં વેચાણ લેનારો નાદાર થયો, તો માલ તેને સ્વાધીન થતાં પેહેલાં રસ્તામાં માલ અટકાવવાનો વેચનારને હક છે. આ વિશે ભાગ ૭ પ્રકરણ ૧ લું જુવો.

**૨ માલ કરાર પ્રમાણે હોવો જોઇએ.**

૩૨૩. (૨) વેચેલો માલ અમુક પ્રકારનો હોય, કિંવા છે એમ વેચનારે સ્પષ્ટ, કિંવા ગર્ભિ તરીતે કરારમાં કબુલ કર્યું હોય, તો માલ તે પ્રકારનો હોવો જોઇએ.

**સ્પષ્ટખાત્રી.**

૩૨૪. વેચાણ સમયે જે ભાષણ થયું હોય, તે સર્વ કરારનો ભાગ સમજવો, એવો બંને પક્ષકારનો હેતુ હોય, તો તે ભાષણ, તે વેચાણવિશે સ્પષ્ટ ખાત્રી (ઈ૦ "એક્સપ્રેસવારંટી") સમજવી. જેમકે, "આ ઘોડો તુરકીચાલ ઘણી સારી ચાલે છે, તેના હું ૫૦૦ રૂપીઆ લેઇશ." એમ

વેચનારના કહેવા ઉપરથી વેચાણ લેનારે તે ઉપર ભરૂંસો રાખીને, તે ઘોડો વેચાણ લીધાપછી, તે ઘોડો તુરકીચાલ ચાલતો નથી, તેથી તે પાછો આપવા માંડે, તો વેચનારે તે પાછો લેવો જોઇએ. આ ઠેકાણે ઘોડો તુરકીચાલ ચાલનારો હોવો જોઇએ, એવો બંને પક્ષકારનો હેતુ હતો, એમ ખુલ્લું જણાય છે. હવે જો વેચનારે એમ કહ્યું હોય કે, "આ તુરકીચાલ ચાલનારો ઘોડો મેં અમુક સરદાર પાસેથી વેચાણ લીધો છે, અને એની કીંમત હું ૨૦૦ રૂપીઆ કરતાં ઓછી લેનાર નથી," અને તુરકી ઘોડો પોતાને ઉપયોગી પડશે, એવા હેતુથી વેચાણલેનારે ઘોડો વેચાણ લીધા પછી, તે ઘોડો વેચનારે તે સરદાર પાસેથી વેચાણ લીધો નથી, એમ જાણવામાં આવ્યાથી, એ વેચાણલેનારો તે ઘોડો પાછો આપવા માંડે, અને વેચનારે પાછો લીધો નહીં, તો ચાલે. કારણ કે, તે ઘોડો તે સરદાર પાસેથી લીધેલો હોય તોજ, તે વેચાણ લેવાનો હતો, એમ વેચાણલેનારનો હેતુ જણાતો નથી.

કિંમતમાં ફરક પડવા જોગ વર્ણન.

૩૨૫. સારાંશ વેચનારના જે ભાષણ ઉપરથી, કિંવા પદાર્થનાજ વર્ણન ઉપરથી કીમતમાં, વેચાણલેનારના મતમાં ઘણો તફાવત પડવા સરખું હોય, અને જે ભાષણ ઉપર, કિંવા વર્ણન ઉપર, વેચાણલેનાર વિશ્વાસ રાખીને માલ વેચાણલે, તે ભાષણ કિંવા વર્ણન ખાત્રીનું છે, એમ સમજવું; માટે વેચવાના માલ વિશે વેચનારો, કિંવા વેચાણ લેનારો, એ બંનેને જે વાત માહિત હોય, કિંવા વેચાણલેનારને સહેજ માહિત થવા સરખી જે વાત હોય, તે વિશે વેચનારે કાંઈ વર્ણન કર્યું હોય, તે ખાત્રીનું થતું નથી. જેમકે, જો ધોળો ઘોડો વેચતી વખત, વેચનાર એમ કહેશે કે, "આ ઘોડો કાળો છે," તો કાળો ઘોડો સમજીને લીધો, પરંતુ વાસ્તવિક જોતાં ઘોડો ધોળો છે, એમ વેચાણલેનારાથી પાછળથી બોલી સકાય નહીં. કારણ કે, વેચાણ

લેતી વખત વેચાણ લેનારે સાવધ રહેવું, એવો કાયદામાં એક નિયમ છે.

૩૨૬. વેચાણનો કરાર લખેલો હોય, તો વેચાણ વિશેની ખાત્રી પણ લખેલી હોવી જોઇએ. વેચાણનો કરાર થતાં પેહેલાં ખાત્રી મોઢાની કરી હોય, તો ખાત્રી કરી હતી, એમ સિદ્ધ કરવાને મોઢાનો પુરાવ ચાલતો નથી.

વેચાણનો કરાર લખેલો હોય, તો ખાત્રી લખેલી હોવી જોઇએ.

૩૨૭. વેચાણનો કરાર થયાપછે વેચેલા માલવિશે કાંઈ વર્ણન, કિંવા ભાષણ થયું, તો તે વ્યર્થ સમજવું. કારણ કે, એવા નવા કરારને પુરૂં કારણ નથી.

વેચાણ થયા પછી ખાત્રી કરી હોય તો વ્યર્થ સમજવી.

૩૨૮. વેચાણનો કરાર થતી વખત, વેચનાર જે ખાત્રી કરે છે, તે કરારનો ભાગ સમજવો; અને તે ખાત્રી ખોટી હોય, તો જો તે વેચનારે નિષ્કપટથી કરી હોય, તોપણ તેબાબત વેચાણ લેનારની ફિર્યાદ ચાલશે.

નિષ્કપટથી કરેલી ખાત્રી ખોટી હોય, તો ફિર્યાદ ચાલે.

૩૨૯. જે પદાર્થ વેચવાનો તેની માલિકી વિશે, કિંવા ગુણ વિશે, કિંવા વજન, માપ વિશે, વેચાણ થતી વખત ખાત્રી કરવામાં આવે છે.

ખાત્રી કેઈ કેઈ વાત વિશે કરવામાં આવે છે.

૩૩૦. હિંદુશાસ્ત્ર પ્રમાણે તથા મુસલમાની કાયદા પ્રમાણે વેચેલા માલ ઉપર વેચનારની માલકી વિશેની, તથા તે માલનો ગુણ વજન, કિંવા માપ, એ વિશેની ખાત્રી ગર્ભિત હોય છે.

હિંદુશાસ્ત્ર તથા મુસલમાની કાયદો.

૩૩૧. પરંતુ ઇંગ્લિશ કાયદા પ્રમાણે, વેચાણનો કરાર થતી વખત વેચાણ લેનારે સાવધ રહેવું, એવો સાધારણ નિયમ છે; માટે ઘર વેચાણ લેતી વખત તે ઉપર વેચનારની માલકી નહીં છતાં કોઇએ તે ઘર વેચાણ લીધું, તો તે ઘરનો ખરો માલિક આવે, તો તે માલિકને ઘર પાછું આપવું જોઇએ. કોઈ બીજા પાસેથી ઘર ભાડે લીધાપછી તે ઘરનો ખરો ધણી આવીને તે ઘર માગવા માંડે, તો ભાડુવાતે તે ઘર ખાલી કરી આપવું જોઇએ. તેમજ વેચનારના ભાષણ ઉપર ભરૂસો નહીં રાખતાં કોઇએ માલ વેચાણ લીધો,

ઇંગ્લિશ કાયદો.

અને પછી તેને પસંદ આવ્યો નહીં, તો તેવિશે વેચનાર ઉપર ફિર્યાદ ચાલનાર નહીં.

વેચનાર ઉપરજ ભરૂસો રાખ્યો હોયતો ફિર્યાદ ચાલે છે.

૩૩૨. પરંતુ કેઈ પ્રકારનો, અને શા કારણને માટે, માલ જોઇએજીએ, તે વેચાણલેનારે વેચનારને કહીને તેના ભરૂસા ઉપર કાંઈ માલ વેચાણ લીધો, તો આગળ તે માલ જોઇએ તેવો નથી; એમ માલુમ પડ્યાથી વેચાણ આપનાર ઉપર વેચાણ લેનારની ફિર્યાદ ચાલશે.

કારીગરે કહ્યા પ્રમાણે જીનસ તૈયાર ન કરી હોય, તો તેના ઉપર ફિર્યાદ ચાલે છે.

૩૩૩. વેચતી વખત માલ જેવો હોય, તેવોજ તે વેચવાનો કરાર હોય, તો વેચાણ થયા પછી આગળ ઉપર તે માલમાં કાંઈ દોષ માલુમ પડે, તો તે બાબત વેચનાર જવાબદાર થતો નથી. પરંતુ કોઈ કારીગરને કાંઈ વસ્તુ કરવાની કહી, તો તે વસ્તુ વેચાણ લેનારે કહેલા પ્રકારની હોય, અને સાધારણપણે તેનો જે રીતે ઉપયોગ કરવાનો તે રીતે તેનો ઉપયોગ કરવામાં આવે, એવી તે હોવી જોઇએ. જેમ કે, જો કોઈ કારીગરને ગાડી કરવાનું કહ્યું હોય, તો ગાડીને જે પ્રકારનું લાકડું જોઇએ, તે પ્રકારનું ન લેતાં ગમેતેવી જાતનું લાકડું લેઇને ગાડી કરી હોય, અને તેથી વેચાણલેનારને કાંઈ નુકસાન થાય, તો તેબાબત તે કારીગર ઉપર ફિર્યાદ ચાલશે.

ઇંગ્લિશ લા વિશે વિશેષ વિચાર.

૩૩૪. ઇંગ્લિશ લા પ્રમાણે વેચેલા માલ વિશે વેચનારે કાંઈ ખાત્રી કરી ન હોય, કિંવા તે સંબંધી કપટથી કાંઈ ખોટું વર્ણન કર્યું ન હોય, અને આગળ ઉપર તે માલ ઉપર માલિકી, કિંવા તેના ગુણ, કિંવા તેનું વજન, કિંવા માપ એ વિશે કાંઈ હરકત પડે, તો વેચનાર જવાબદાર થતો નથી, એમ ઉપર કહ્યું; પરંતુ એમ થવાથી વેચનારની વેચેલા પદાર્થ ઉપર માલિકી નહીં હોવાને લીધે વેચાણ લેનારનું ઘણું નુકસાન થાય છે. માટે ઉપર કહેલા નિયમનો એવો અર્થ સમજવોકે, વેચનારના કબજામાં માલ હોય, તો તે માલ ઉપર પોતાની માલિકી વિશે જે ભાષણ કરે તે મા-

લિકીને વિશે ખાત્રી છે એમ સમજવું.

૩૩૫. વેચાણના કરારમાં કાંઈ અનિશ્ચિત માલ આગળ ઉપર વેચવાનો ઉદ્દેશ બતાવ્યો હોય, તો ઇંગ્લિશ લા પ્રમાણે પણ એવા કરારમાં માલની માલિકી વિશે વેચનારે ખાત્રી કરી, એમ થાય છે. માટે એવા માલ ઉપર વેચનારની માલિકી નથી, એમ વેચાણ લેનારને માલ સ્વાધીન થતાં પહેલાં માલુમ પડ્યું, તો તે વેચાણ લેનારે મરજી હોય, તો તે માલ લેવા નહીં, અને જો માલ સ્વાધીન થયાછતાં તે ખરા માલિકે તેની પાસેથી લીધા, તો વેચનારને માલની કીમત આપવી નહીં; અને કીમત આપી હોય, તો તે પાછી લેવાની ફિર્યાદ કરવી. અનિશ્ચિત માલના વેચાણના કરારમાં માલિકી વિશે ખાત્રી હોય છે.

૩૩૬. વેચાણનો કરાર થયાપછી વેચાણ લેનારે મુખ્યત્વે કરીને બે કામ કરવાં જોઈએ. ૧ વેચાણ લીધેલો માલ પોતાને સ્વાધીન કરી લેવા. ૨ અને તેની કીમત આપવી. વેચાણ લેનારે શું કરવું જોઈએ.

૩૩૭. ૧ વેચનારે જે કરવું અવશ્ય હોય, તે તેણે કર્યાપછી જો વેચાણ લેનારો માલ પોતાને સ્વાધીન કરીલેતો ન હોય, તો વેચાણથી વેચાણ લેનારની માલિકી ઉત્પન્ન થઈ હોય, તો વેચાણ લેનારને એવું જણાવવું કે, "તું માલ નહીં લઈ જાય, તો હું તે વેચીનાખીશ, અને નફા નુકસાન વિશે તને જવાબદાર કરીશ" અથવા માલધણીએ વેચાણ લેનાર ઉપર કીમતને સારૂ એકદમ ફિર્યાદ કરવી. વેચાણથી માલ ઉપર વેચાણ લેનારની માલિકી ઉત્પન્ન થઈ ન હોય, તો વેચાણ લેનારે પોતાને સ્વાધીન માલ નહીં લીધાના કારણથી વેચનારને જે નુકસાન થયું હોય, તે ભરી લેવાસારૂ ફિર્યાદ કરવી. વેચાણ લેનારો માલ પોતાના તાબામાં લેતો ન હોય, તો ઉપાય.

૩૩૮. પરંતુ વેચેલો માલ વેચાણ લેનારને સ્વાધીન અમુકજ ઠેકાણે કરવાનો કરાર હોય, તો તેજ ઠેકાણે તેને આપવાસારૂ માલ લેઈ ગયા શિવાય કીમતનેસારૂ વેચનારની ફિર્યાદ ચાલનાર નહીં; એવા કરાર ન હોય, તો વેચાણ માલ જ્યહાં આપવાને કબૂલ કર્યા હોય, ત્યહાં આપવો જોઈયે.

લેનારેજ તે માલ પોતાને ઘેર લાવવો જોઇએ.

**માલ તપાસવાનો હક.**

૩૩૯. વેચાણ લેવાનો માલ અમુક પ્રકારનોજ જોઇએ એવો કરાર હોય, તો વેચાણ લેનારને માલ તપાસીને લેવાનો અધિકાર છે. પરંતુ તપાસ કરવાથી માલ પસંદ પડ્યો, કિંવા નહીં, એ યોગ્ય મુદતમાં વેચનારને જણાવવું જોઇએ. જેમકે, ઉંચી જાતનો કીનખાબ લેવા વિશેનો કરાર હોય, અને વેચનારે પોતાના મત પ્રમાણે એક ઉંચી જાતના કીનખાબનો તાકો વેચાણ લેનારની પાસે મોકલ્યો, તો તે તેને જોઇતો હતો, તેવો છે કિંવા નથી, તે વેચાણ લેનારે જોઇને તે તાકો ન પસંદ હોય, તો વેચનારને જલદીથી જણાવવું, અને તાકો પાછો મોકલવો. નહીંતો તે તેણે વેચાણ લીધો એમ થાય છે.

**વિભાજ્ય તથા અવિભાજ્ય વેચાણ.**

૩૪૦. જો કોઇને એકજ વખતે જુદી જુદી જાતના પદાર્થ મંગાવ્યા, તો તે સર્વ પદાર્થ સંબંધી વેચાણનો એકજ કરાર થયો, એમ સમજવું, અને વેચનારે તે સર્વ પદાર્થ એકદમ મોકલ્યા નહીં, તો વેચાણ લેનારે મરજીમાં આવે, તો મોકલેલા પદાર્થોમાંથી એકે પણ પદાર્થ રાખી લેવો નહીં. પરંતુ જો તેણે કાંઇ પદાર્થ રાખી લીધા, તો પ્રત્યેક પદાર્થ વેચાણ લેવા વિશે જુદો કરાર થયો, એમ સમજવું, અને વેચાણ લેનારે મંગાવેલા પદાર્થમાંથી જેટલા પદાર્થ વેચનારો મોકલી દેશે, તેટલા વેચાણ લેનારે વેચાણ લેવા જોઇએ. જેમકે, કોઇ એક દુકાનમાં જઇને જો કાપડના ચાર તાકા, ઔષધના ચાર શિસા, કાગળના દશ દસ્તા, એક ઘડીઆળ, એટલા પદાર્થ ઘેર મોકલવા વિશે દુકાનદારને કોઇએ કહ્યું, અને દુકાનદારે ચાર શીસા, અને દશ દસ્તા કાગળ એટલાજ પદાર્થ મોકલ્યા, તો વેચાણ લેનારની મરજીમાં આવે, તો તે તેણે પાછા આપવા, પરંતુ જો તે તેણે રાખી લીધા, તો પછી દુકાનદારે એક ઘડીઆળ મોકલી હોય, તો તેપણ તેણે રાખી લેવી જોઇએ. કારણકે, મંગાવેલા પદાર્થમાંથી કાંઇ પદાર્થ

વેચાણ લેનારે રાખી લીધા, તો તેની એવી વર્તણૂક ઉપરથી પ્રત્યેક પદાર્થ વેચાણ લેવા વિશે તેનો કરાર કરતી વખત ઉદ્દેશ હતો, એમ અનુમાન થાય છે.

૩૪૧. લીલામમાં કેટલાક પદાર્થ જુદા જુદા લીધા હોય, તો પ્રત્યેક પદાર્થ વેચાણ લીધા વિશે જુદો કરાર કર્યો, એમ સમજવું. માટે લીલામમાં જણસ વેચાણ લેનારે જુદા વેચાણથી, કાંઈ પદાર્થ લીધાથી તેમાંથી કેટલાક વેચાણના પદાર્થ લીલામ કરનાર આપતો ન હોય, તથાપિ બાકીના પદાર્થ વેચાણ લેનારે વેચાણ લેવા જોઇએ, અને લીલામ કરનાર જે વેચેલા પદાર્થ આપતો ન હોય, તે બાબત વેચાણ લેનારે મરજી હોય, તો ફિર્યાદ કરવી. લીલામમાંથી વેચાણ.

૩૪૨. જો વેચાણ થતીવખત માલની કીમત ઠરાવી ન હોય, તો તેની જે યોગ્ય કીમત થાય, તે વેચાણ આપનારને મળે. પ્રથમ કીમત ઠરાવી ન હોય, તો યોગ્ય કીમત મળે.

૩૪૩. વેચેલા માલની કીમત શી હતી, એ વિશે વેચનારો પુરાવો આપીસકતો ન હોય, તો વેચેલો માલ જે જાતિનો હતો, તે જાતિના ઘણાજ હલકા પ્રકારના માલની કીમત માત્ર વેચનારને વેચાણ રાખનાર પાસેથી કોર્ટ અપાવશે. પરંતુ તે વાતનો પુરાવો વેચાણ લેનારે કપટથી છુપાવ્યો હોય, તો વેચેલો માલ જે જાતિનો હતો, તે જાતિના ઘણા ઉત્તમપ્રકારના માલની કીમત વેચનારને કોર્ટ અપાવશે. જેમકે, કોઇ વાણીઆની દુકાને જઇને તેની પાસેથી એક કુલ્લું ભરીને ઘી, એવી કબુલતથી લીધુંકે, તે ઘીની જે યોગ્ય કીમત હશે, તે વાણીઆને આપવી, અને વાણીઆને કીમત લાવી આપતા પહેલાં તે બળી ગયું, તો વેચાણ થતીવખત ઘીની યોગ્ય કીમત અમુક હતી, એ ઠરાવવાને વાણીઆએ કોર્ટમાં બરોબર પુરાવ નહીં આપ્યો, તો તેને અતિશય હલકી પ્રતિના ઘીની કીમત મળશે. પરંતુ જો વેચાણ લેનારે ઘી, પોતાને ઘેર લાવીને રાખ્યૂ હોય, અને ઘી બળી યોગ્ય કીમત વિશે અનુમાન.

ગયું એવું કપટથી કોટને કહ્યું, તો અતિ ઉત્તમપ્રકારના ઘીની જે કીમત હોય, તે તેણે વાણીઆને આપવી પડશે. કારણકે, કાયદામાં એવો એક નિયમ છે કે, અપકૃતિ કરનારોજ સર્વં પ્રકારે દોષી છે, એમ સમજવું.

કિંમત આપવા લેવાની રીત.

૩૪૪. વેચેલા માલની કીમત કેઇરીતે આપવી, તથા લેવી, એ વિશે ૬ઠા ભાગમાં કહ્યું છે.

વેચાણનો કરાર પુરો ન કરવા વિશે સબબ.

૩૪૫. વેચાણના કરારમાં કપટ હોય, તો તે કરાર રદ થાય છે. વેચનારે વેચાણ લેનારને કાંઇ અવશ્ય વાત વિશે ફસાવવા જેવું કપટ કીધાનું માલુમ પડ્યું હોય, તો વેચાણ લેનારે નજરમાં આવે, તો કરારના બંધનમાંથી મુક્તથવું.

કપટ.

પરંતુ વેચનારે વેચાણ લેનારને અવશ્ય વાત વિશે ફસાવ્યો ન હોય, તો કરાર રદ થતો નથી. જેમકે, બંદર ઉપરથી શેહેરમાં માલ લાવતીવખત માલધણીએ જકાત આપવી એવો કાયદો છે, એમછતાં માલ બંદર ઉપર છતાં માલધણીએ તે બીજાને વેચ્યો, તો તેણે જકાત ન આપી તે કારણથી વેચાણ રદ થતું નથી. તેમજ માજીસ્ટ્રેટ પાસેથી પરવાનો લીધા શિવાય શહેરમાં કોઇએ અફીણ વેચવું નહીં; એમછતાં કોઈ બીજાને પરવાના શિવાય કાંઈ અફીણ વેચવાનો કરાર કર્યો, તો પરવાનો નહીં હોવાને લીધે, વેચાણનો કરાર રદ થતો નથી. કારણકે, વેચનારે જે કપટ કર્યું છે, તેનો કરારની સાથે કાંઇ સંબંધ નથી.

ખાત્રી કેવળ ખોટી હોય તો.

૩૪૬. માલ વેચતી વખત વેચનારે જો કાંઈ ખાત્રી કરી હોય, અને તે પછે તે ખોટી ઠરે, તો જે વખત વેચનારો વેચાણલેનાર ઉપર કીમતને સારૂ ફિર્યાદ કરે, તે વખત વેચાણલેનારે નજરમાં આવે, તો માલની કીમત કમી કરાવવી. અથવા ખાત્રી ખોટી ઠર્યાથી જે નુકસાન તેને થયું, તેને સારૂ તેણે જુદી ફિર્યાદ કરવી.

પરંતુ.

૩૪૭. વેચનારે ખાત્રી કપટથી કરી ન હોય, તો વેચાણલેનારથી કરાર રદ કરી સકાય નહીં. પરંતુ ખાત્રી

ખોટી થઈ હોય, તો વેચનારને માલ પાછો આપવો, એવો પ્રથમ કરાર કર્યો હોય, તો વેચાણનો કરાર રદ થાય છે. જો એવો કરાર કર્યો ન હોય, અને વેચનારે માલ એક વખત પાછો લીધો, તો બંને પક્ષકારના સંમતથી વેચાણનો કરાર રદ થાયછે, એ સ્પષ્ટ છે. તેમજ જો અમુક મુદતમાં અમુક પ્રકારનો પદાર્થ તૈયાર કરી આપવાનો કરાર કર્યાછતાં તે મુદતમાં તે પ્રકારનો પદાર્થ તૈયાર કરી આપ્યો નહીં, તો અર્થાતજ વેચાણનો કરાર રદ થાય છે.

૩૪૮. હિંદુશાસ્ત્ર પ્રમાણે વેચેલા માલમાં કાંઈ દોષ જણાય, તો વેચાણલેનારે માલ પાછો આપવો; પરંતુ વેચાણમાં વેચનારે કપટ કર્યું ન હોય, તો વેચાણલેનારે માલ જલદીથી પાછો આપવો જોઈએ; અને વેચનારે કપટ કર્યું હોય, તો વેચાણરાખનારો માલ જ્યારે પાછો આપે ત્યારે વેચનારે પાછો લેવો જોઈએ. હિંદુશાસ્ત્ર.

૩૪૯. મુસલમાની કાયદા પ્રમાણે જો વેચેલા પદાર્થના વજનમાં, કિંવા માપમાં, કિંવા ગુણમાં તફાવત હોય, તો વેચાણલેનારે માલ મરજીમાં આવે, તો ત્રણ દિવસમાં પાછો આપવો. પરંતુ માલ ખરાબ થયો હોય, તો તે પાછો આપી સકાય નહીં. મુસલમાનીકાયદો.

---

# પ્રકરણ ૩.

## પરેણિયાં.

૩૫૦ વેચાણથી વેચાણલેનારની તરફ માલિકી પુરી રીતે જાય છે. એમ પાછલા પ્રકરણમાં કહ્યું, હવે કેટલીએક વાતમાં બીજા પાસેથી પૈસા લેઈને તે બદલ તેને જાયુ માલિકી નહીં આપતાં કાંઈ મુદતસુધી માલિકી આપવી, અથવા કબજો આપવો, અથવા એ બંને નહીં આપતાં માલ ઉપર એકલો એનો હક રાખવો એ ઘણું ઠીક પડેછે. પરેણું એટલે શું.

એમ કીધું હોય, તો તે વ્યવહારને ધરેણિયું એમ કહે છે. કરજદારને ધરેણે મુકનાર, અને લેણદારને ધરેણે લેનાર, એમ કહે છે.

ઇંગલિશ લા.

૩૫૧. ઇંગ્લિશ લા પ્રમાણે, જે ધરેણિયાથી ધરેણિયા ઉપરની માલિકી કેટલીક મુદ્દતસુધી કરજ આપનારને મળે છે, તેને "માર્ટગેજ" કહે છે. જે ધરેણિયાથી એકલો કબજો મળે છે, તેને "પ્લેજ" કહે છે; અને જે ધરેણિયાથી એમાંથી કાંઇએ ન મળતાં માલ ઉપર લેણદારનો હક માત્ર રાખવામાં આવે છે, તેને "હૈપોથીકેશન" કહે છે. માર્ટગેજ કર્યું હોય, તો જે દિવસે ધરેણિયું છોડાવવાનું કબુલ કર્યું હોય, તે દિવસે તે છોડાવીને લીધું નહીં, તો દેણદારે એકજ દિવસ વિલંબ કીધો, અને ધરેણે મુંકેલો માલ ઘણીજ વધારે કીમતનો હોય, તોપણ ધરેણિયું ડુબે છે; પરંતુ એ ઘણું સખત હોવાને લીધે, એક્વિટીમાં એ વ્યવહાર પ્લેજ પ્રમાણે સમજીને દેણદારની માલિકી જતી નથી.

માલ ઉપર ફકત હક શી રીતે ઉત્પન્ન કરી સકાય છે.

૩૫૨. જો સ્થાવર માલ ઉપર લેણદારનો એકલો હક રાખવાનો હોય, તો તે સ્થાવર માલની માલકી વિશેના દસ્તાવેજ હવાલે કીધાથી, તેનો હક ઉત્પન્ન થાય છે; અને ત્રાહિતની સાથે, તે પછી થએલા વ્યવહાર ઉપરથી તેનો એવા માલ ઉપર હક પહોંચતો નથી. પરંતુ એ પ્રમાણે જંગમ માલ ઉપર લેણદારનો હક રાખી સકાતો નથી; એવો માલ કોઇના કબજામાં હોવાથીજ, તેની તે માલ ઉપર માલિકી છે, એમ લોકોના મનમાં આવવાનો સંભવ છે. વળી એવો માલ ધરેણે મુકેલો છે, એવી રીતે તે માલ નોંધાવવામાં પણ આવતો નથી. કેમકે, તેલ, ઘી, ધાન્ય, વગેરે જંગમ પદાર્થ એવા છે કે, ધરેણે મુકેલુજ તેલ, ઘી, વગેરે, કોયું એ ઓલખી કાહાડી સકાતું નથી.

ઇંગલિશ લા.

૩૫૩. માટે ઇંગ્લિશ લા પ્રમાણે દેણદારે જે માલ વિશે હૈપાથિકેસનનો વ્યવહાર કર્યો હોય, તે માલ તેણે જો ત્રાહિતને

આપ્યો, તો તે માલ ઉપર લેણુદારનો હક રહેતો નથી.

૩૫૪. માલની માલિકી વિષેના દસ્તાવેજ લેણુદારની પાસે મુક્યાથી તે માલ ઘરેણે મુક્યો એમ થાય છે; પરંતુ તે દસ્તાવેજ ઘરેણિયું ઉત્પન્ન કરવાના હેતુથી મુકેલા જોઈએ. કારણ કે, જો એવા દસ્તાવેજ ઘરેણિયું ખત તૈયાર કરવા સારૂ, કિંવા માલ ત્રાહિતને વેચવાસારૂ, લેણુદાર પાસે મુક્યા હોય, તો તેણે કરીને માલ ઘરેણે મુક્યો એમ થતું નથી. ઘરેણે મુકવાનો હેતુ હોય તોજ ઘરેણે થાય છે.

૩૫૫. લેણુદારની પાસે દેણુદારે જે ઘરેણે મુક્યું હોય, તે ઘરેણે મુકતાં પેહેલાં કરજ કહાડ્યા બાબત, કિંવા ઘરેણે મુકતો વખત કરજ કહાડ્યા બાબત, કિંવા એવુંછતાં, આગળ ઉપર કહાડવા બાબત, આપેલું હોય છે. આ આ ગળ્યા ઉદાહરણો ઉપરથી સ્પષ્ટ સમજાશે. કેઈ કેઈ વખતે કહાડેલા કરજ બાબત ઘરેણિયું થાય છે.

"મેં તમારી પાસે બે વરસ પેહેલાં ૫૦૦ રૂપીઆ લીધા હતા, તે બદલ હાલ હું મારૂં ઘર તમને ઘરેણે લખી આપુંછું."

"હું હવડાં તમારી પાસેથી ૫૦૦ રૂપીઆ લેઉછું, તે બદલ હું મારૂં ઘર ઘરેણે મુકુછું."

"મેં તમારી પાસેથી બે વરસ પેહેલાં ૩૦૦ રૂપીઆ લીધા હતા તે, અને હવડાં બસેં રૂપીઆ લેઉછું. એ બંને બદલ હું મારૂં ખેતર ઘરેણે મુકુછું."

"મેં તમારી પાસેથી બે વરસ પેહેલાં પાંચ રૂપીઆ લીધા હતા, અને આગળ ઉપર છ મહિને ૧૦ રૂપીઆ લેવાનો-છું, તે બંને બદલ હાલ હું મારી પેઠણપાઘડી ઘરેણે મુકુછું."

"હું હવડાં તમારી પાસેથી ૨૫ રૂપીઆ લેઉછું તે, અને એક વરસ પછી ૧૦ રૂપીઆ લેવાનોછું તે, એ બંને બદલ હું સુનાની કંઠી ઘરેણે મુકુછું."

"મેં એક વરસ પેહેલાં ૧૦ રૂપીઆ લીધા હતા તે, અને હાલ ૧૦ રૂપીઆ લેઉછું તે, અને આગળ ઉપર

છ મહિને ૧૦ રૂપીઆ લેવાનોછું, એ સર્વે બદલ હું હીરાની વીંટી ઘરેણે મુકુછું."

ઘરેણિયાના પ્રકાર.–ઇંગ્લિશ લા.

૩૫૬. ઇંગ્લિશ લા પ્રમાણે માર્ટગેજ, પ્લેજ, અને હેપોથિકેશન, એવા જે ત્રણ પ્રકાર કહ્યા, તેમાં હાલમાં ઇંગ્લિશ એક્વિટી પ્રમાણે કાંઈ ભેદ નથી.

હિંદુશાસ્ત્ર.

૩૫૭. હિંદુશાસ્ત્ર પ્રમાણે ઘરેણે મુકેલા પદાર્થના સ્વરૂપ ઉપરથી ઘરેણિયાના બે પ્રકાર કરેલા છે. ગોપ્ય, અને ભોગ્ય. જેનો ઉપભોગ ન લેતાં જે ફકત જતન કરીને રાખવાને આપ્યું હોય, તે ઘરેણિયાને ગોપ્ય ઘરેણિયું એમ કહેછે. અને જે ઘરેણિયું જતન કરીને તેનો ઉપભોગ કરવાની છુટી હોય છે, તેને ભોગ્ય ઘરેણિયું એમ કહેછે.

કૃતકાળ તથા અકૃતકાળ.

૩૫૮. ઘરેણિયું છોડાવીને પાછું લેવા વિશેના કરાર ઉપરથી તેના બે પ્રકાર કરેલા છે. કૃતકાળ, તથા અકૃતકાળ, અમુક વખતે જો ઘરેણિયું છોડાવ્યું નહીં, તો ઘરેણિયું ડુબે, એવા કરાર ઘરેણે મુકતી વખતજ કર્યો હોય, તો તે કૃતકાળ ઘરેણિયું; અને ઘરેણિયું અમુક મુદતે છોડાવવાનો કરાર નહીં છતાં, દેણદારે નજરમાં આવે ત્યારે, કરજ લીધેલા પૈસા આપીને ઘરેણિયું છોડાવી લેવું એવા કરાર કર્યો હોય, તે અકૃતકાળ ઘરેણિયું છે.

ઘરેણિયાની સિદ્ધિ ક્યારે થાય છે.

૩૫૯. હિંદુશાસ્ત્ર પ્રમાણે ઉપભોગથી ઘરેણિયું પુરૂં થાયછે; માટે જો એકજ પદાર્થ બંને જણાએ ઘરેણે લીધો હોય, અને તે પદાર્થનો એકજણે ઉપભોગ લીધો, અને બીજો ઉપભોગ લેતો ન હોય, તો ઉપભોગ લેનારે તે પદાર્થ પાછળથી ઘરેણે લીધો હોય, તોપણ તેનો તે ઉપર પ્રથમ હક પહોંચે છે.[1]

મુસલમાની કાયદો.

૩૬૦ મુસલમાની કાયદામાં પણ એવું કહ્યું છે કે, ઉપભોગ વિના ઘરેણિયું પુરૂં થતું નથી.

---

[1] તથાપિ સન ૧૮૬૪ નો ૨૦ મો આક્ટ જોવો.

૩૬૧. ધરેણે લીધેલા પદાર્થનો ઉપભોગ લેવાસારૂ ધરેણે લેનારેજ પોતે તે પદાર્થનો ઉપભોગ લેવો જોઇએ, એમ કાંઈ નથી, તેની તરફથી જે કાંઈ ભાડુવાત હોય, તે તે ગીરો પદાર્થનો માલિક હો, કિંવા બીજો કોઇ હો, તથાપિ જો તે, તે પદાર્થનો ઉપભોગ લેતો હોય, તો ધરેણે લેનારજ તે પદાર્થનો ઉપભોગ લેછે, એમ થાયછે. ઉપભોગ લેવો એટલે શું.

૩૬૨. ઇંલિગ્શ એક્વિટી પ્રમાણે ધરેણે રાખનારનો ધરેણે મુકવાનો હેતુ સ્પષ્ટ માલુમ પડ્યો, એટલે ધરેણિયું પુરૂં થાયછે. ધરેણે લેનારે ધરેણિયાનો ઉપભોગ લેવા જોઇએ એવું કાંઈ નથી. ધરેણે લેનારની તરફથી ધરેણે મુકનારે પોતેજ તે ધરેણિયાનો ઉપભોગ લીધા હોય, તો ચાલે, અને ભાડાબાડા વિશે તે બંનેની વચમાં કાંઈ કરાર થયો ન હોય, તો તેનો ધરેણે લેનારને હિસાબ નબતાવતાં તેણે પોતેજ તે સર્વ લેવું. ઇંગ્લિશ એક્વિટી.

૩૬૩. જે કોઈ જે પદાર્થના માલિક હોય છે, તેને તે પદાર્થ ધરેણે મુકવાનો હક હોયછે. એ સાધારણ નિયમ સમજવો; માટે ધરેણે લેનારની ધરેણિયા ઉપર પુરી માલિકી નથી; તેથી તેને ધરેણિયા માલ પાછો ધરેણે મુકવાનો, અથવા વેચવાનો અધિકાર નથી. ધરેણે મુકવાનો હક કોને છે.

૩૬૪. હિંદુશાસ્ત્ર પ્રમાણે, મુદતનો કરાર કરેલું ધરેણિયું મુદત વીતી, અથવા નાણાં બમણાં થયાં હોય, તો ડુલે છે. માટે એવી રીતે ધરેણિયું ડુલતાં પેહેલાં તે પાછું ધરેણે મુકવાનો પ્રથમના ધરેણે લેનારને અધિકાર નથી; પરંતુ ધરેણે માલ ઉપર ધરેણે લેનારનો જેટલો હક હોય, તેટલો હક માત્ર તેને બીજાની પાસે ધરેણે મુકવાને હરકત નથી, એવું જણાય છે. હિંદુશાસ્ત્ર.

૩૬૫. મુખ્યને જે પદાર્થ ધરેણે મુકવાનો અધિકાર હોય છે, તે ધરેણે મુકવાનો મુનીમને પણ અધિકર છે. સદરદીવાની અદાલતમાં સને ૧૮૪૯માં એવો ઠરાવ થયો મુનીમ.

છે કે, દાયવિભાગ થયાપછી પણ મોટા ભાઈના અપરોક્ષ[1] નાના ભાઈને વડીલો પાર્જીત મિલકત ઘરેણે મુકવાનો અધિકાર છે.

સન ૧૮૪૦નો આક્ટ ૧૩.

૩૯૬. સને ૧૮૪૦ના ૧૩ મા આક્ટમાં કહ્યા પ્રમાણે મુનીમે પોતાના મુખ્યનો પદાર્થ ઘરેણે મુકયો, તો તે મુનીમને તે ઘરેણે આપવાનો અધિકાર નોહોતો, એમ ઘરેણે લેનારને માહિત ન હોય, તો તે મુનીમનો તે પદાર્થ ઉપર જેટલો હક હતો, તેટલો માત્ર ઘરેણે લેનારને મળેછે.[2] જે મુકદમામાં ઇંગ્લિશ લા લાગુ પડે છે, તેને માત્ર આ આક્ટ લાગુ છે.

હિંદુશાસ્ત્ર.

૩૯૭. સાધારણ નિયમ પ્રમાણે માલિકને પોતાનો માલ ઘરેણે મુકવાનો અધિકાર છે. તથાપિ તે પણ કેટલીક વાતમાં ઘરેણે મુકવાને ના લાયક થાયછે. જેમકે, અવિભકત[3] કુટુંબમાંની સ્ત્રીને કુટુંબના ઉપર પોષણને માટે સ્થાવર માલ ઘરેણે મુકવાનું ઘણું અવશ્ય ન હોય, અને કુટુંબમાં કોઈ સમજુ પુરુષ હોય, તો સ્થાવર માલ ઘરેણે મુકવાનો અધિકાર નથી. તેમજ પોતાના ઘણા નજદીકના સગાં વિશે કાંઈ તજવીજ કરયા શિવાય વિધવા સ્ત્રીને પોતાનું સ્ત્રી ધન બીજાને આપવાનો અધિકાર નથી.

ઘરેણે મુકી સકાય એવા પદાર્થ.

૩૯૮. જે પદાર્થ વેચી શકાય છે, તે ઘરેણે પણ મુકી સકાય છે[4].

હિંદુશાસ્ત્ર.

૩૯૯. ઘરેણે મુકવાનો પદાર્થ ઘરેણે લેનારના કબજામાં આપી શકવાસારૂ એ પાદાર્થ નિશ્ચિત હોવો જોઇએ. કારણકે, હિંદુશાસ્ત્ર પ્રમાણે ભોગવટા શિવાય ઘરેણિયું સિદ્ધ થઇ

[1] ગેર હાજરીમાં.

[2] પરંતુ એવા મુનીમે તે પદાર્થ વેચ્યાછતાં વેચાણ લેનારને તે પદાર્થ ઉપર પૂરી માલિકી મળે છે.

[3] વેહેચણ થયા વગરનું.

[4] ૩૦૧ મી કલમ જોવી.

સકતું નથી, તે ઉપરથી સદરદીવાની અદાલતના કેટલાક નિવાડામાં એવું ઠરેલું છે કે, આગળ થવાનો પાક ધરેણે મુકવાનો કરાર કર્યો હોય, તો તે રદ છે.

૩૭૦. ઇંગ્લિશ લૉ પ્રમાણે, માર્ટગેજથી માલિકી જાય છે, અને કરાર પ્રમાણે પૈસા નહીં ભરવાથી ધરેણિયું ડુબે છે, તથાપિ એક્વિટીમાં એવા વ્યવહારમાં ધરેણે લેનારને ફક્ત ભોગવટાનો હક મળે છે. પરંતુ એવો વ્યવહાર ખરેખરો ધરેણિયાનો હોવો જોઇએ. કારણકે, જો વિશ્વાસુપણાથી કાંઈ પદાર્થનું વેચાણ એવી કબુલતથી થયું હોય કે, વેચનારે તે પદાર્થની કીમત પાછી આપીને તે પદાર્થ પાછો પોતે વેચાણ લેવો, તો એ વ્યવહાર ધરેણિયાનો થતો નથી. એવા વ્યવહારમાં ખરીદી પત્રથી માલ વેચ્યો છે, કિંવા કરજ બદલ તે તારણમાં મુક્યો છે, એ વિશે વિચાર કરવો જોઇએ. એ બાબત વેચાણ લેનારે પદાર્થની જે કીમત આપી હોય, તે તથા તેની વાસ્તવિક કીમત હોય તેની વચમાં મનસ્વી તફાવત છે, કિંવા નથી, અથવા વેચાણ આપનારને-તે ભાડાનો હિસાબ આપતો આવ્યો છે, કિંવા નહીં, અથવા વેચાણ લેનારે વ્યાજ જેટલા પૈસા પોતે રાખીને બાકીના વેચાણ આપનારને આપ્યા છે, કિંવા નહીં, એ વગેરે વાતો તરફ લક્ષ આપવું, અને એમ છે, એવું માલુમ પડે, તો તે વ્યવહાર ધરેણિયાનો છે, એમ સમજવું.

ધરેણિયાનું પરિણામ.

ઇંગ્લિશ લૉ.

પરંતુ.

૩૭૧. હિંદુશાસ્ત્રમાં એવો નિયમ છે કે, નાણાં બમણાં થયાં છતાં ધરેણિયું છોડાવ્યું નહીં, તો તે ડુબે છે; તેમજ મુદત બાંધીને મુકેલું ધરેણિયું મુદત વીતેથી ડુબે છે, ભોગ્ય ધરેણિયું કદી ડુબતું નથી.

હિંદુશાસ્ત્ર.

૩૭૨. ધરેણિયા પદાર્થ ઉપર એકદમ ધરેણે લેનારની માલકિ થવા દેવી એ વાજબી નહીં હોવાથી ઇંગ્લાંડમાં એક્વિટીની કોર્ટ, અને અહીં ન્યાયની કોર્ટોએ ધરેણે મુકં-

ધરેણિયું ડુબ્યા પછી પણ તે છોડાવવાનો હક.

નારનો મુદત વીતી ગયાં પછી પણ ઘરેણિયું છોડાવવાનો હક રાખેલો છે, અને ઇંગ્લિશ ભાષામાં એક્વિટી આવ રિડેમ્પશન એવું કહે છે.

હિંદુશાસ્ત્ર.

૩૭૩. હિંદુશાસ્ત્ર પ્રમાણે, ઘરેણિયું ડુલ્યા પછી પણ ઘરેણે મુકનારની નજરમાં આવે, તો તેણે બે સપ્તક એટલે ૧૪ દિવસની માંહ ઘરેણિયું છોડાવી લેવું; પરંતુ ઘરેણિયું તેનાજ તાબામાં હોય, તો ૧૪ દિવસની મુદત વિત્યા પછી પણ જ્યારે ગમે ત્યારે છોડાવે; અથવા જો ઘરેણિયું મુકતી વખતજ એવા કરાર હોય કે, નાણાં બમણાં થયાં, તો નાણાં બમણાં આપવાં, પણ ઘરેણિયું ડુલે નહીં; અથવા ઘરેણે લેનારના સ્વચ્છ અંતઃકરણને લીધે ઘરેણે મુકનારે થોડું દ્રવ્ય લેઈને વધારે કીમતનું ઘરેણે મુક્યું હોય; અથવા ઘરેણે મુકનારના સ્વચ્છ અંતઃકરણને લીધે ઘરેણે લેનારે વધારે દ્રવ્ય આપીને થોડીજ કીમતનું ઘરેણિયું લીધું હોય, તો ઘરેણે મુકનારે ૧૪ દિવસની મુદત વીત્યા પછી પણ ગમે ત્યારે તે છોડાવવું.

સને ૧૮૫૯ નો આકટ ૧ કલમ ૧ રકમ ૧૫.

૩૭૪. પરંતુ સને ૧૮૫૯ના ૧૪ મા આકટની કલમ ૧લીની ૧૫ મી રકમ પ્રમાણે માલ ઘરેણે મુક્યો ત્યારથી, અથવા ઘરેણે લેનારે ઘરેણિયાં વિશે છેવટની લખેલી કબુલત કરી હોય, તે દિવસથી ઘરેણિયાં માલ સ્થાવર હોય, તો ૬૦ વરસમાં, અને જંગમ હોય, તો ૩૦ વરસમાં ઘરેણિયું છોડાવવાનો ઘરેણે મુકનારને અધિકાર છે.

ઘરેણિયું છોડાવવાનો અધિકાર કોને છે.

૩૭૫. ઘરેણે મુકનારો, અથવા તેનો વારસ, અથવા તેનો બીજો કાયદા પ્રમાણે મુખ્તિયાર, અથવા ઘરેણે છોડવવાનો હક જેણે વેચાણ લીધો હોય તે, અથવા ઘરેણે મુકનારના સાહુકાર વગેરે જે માણસોનો ઘરેણિયાં માલ સાથે સંબંધ હોય, તે સર્વે માણસોને ઘરેણિયું છોડવવાનો હક છે.

ઘરેણિયું છોડાવવાના હકની મ-

૩૭૬. ઘરેણે મુકનારે ઘરેણિયા માલ ઉપરજ જે કરજ કહાડ્યું હોય, તે કરજ વસુલ થાય તો તે ઘરેણિયું છુટે છે.

જેમકે, જો અ એ એક વખતે પોતાનો કાંઈ માલ ઘરેણે મુકીને બ ની પાસેથી કરજ કહાડ્યું હોય, અને તેણે બ પાસેથીજ બીજી વખત કાંઈ ઘરેણે નહીં મુકતાં કરજ કહાડ્યું હોય, અને પછી ઘરેણે મુકનારને ઘરેણિયું છોડવવાનું હોય. તો તે ઘરેણિયા ઉપરજ જે કરજ કહાડ્યું હોય, તે આપ્યાથી ઘરેણિયું છુટે છે. પરંતુ ઘરેણે મુકનારના વારસે બંને કરજ આપ્યા શિવાય ઘરેણિયું છુટતું નથી. તેમજ જો ઘરેણે મુકનારે લેનારની પાસે જુદી જુદી વખતે કરેલા બંને કરજ બદલ બે વસ્તુઓ ઘરેણે મુકી હોય, અને ઘરેણે મુકનારે તે બંને ઘરેણિયા છોડાવવાનો હક કોઈ ત્રાહિતને વેચ્યો, તો તે ત્રાહિતને ઘરેણે છોડાવવાનું હોય. તો બંને કરજના પૈસા ભરીને બંને ઘરેણિયાં છોડાવવાં જોઇએ. દાખલા.

૩૭૭. જો ઘરેણે લેનારે ઘરેણે લેતી વખતે, કિંવા લીધાપછી ઘરેણે મુકનારા પાસેથી એવા કરાર કરી લીધા કે, ઘરેણિયું ડુલવાથી તે અમુક માણસે અમુકજ મુદતમાં છોડાવવું, તો એવા કરાર રદ સમજવા. કારણકે, ડુલી ગયા પછી પણ તે છોડાવવાનો જે ઘરેણે મુકનારને કાયદાએ હક આપેલો છે, તે ઘરેણે લેનારના કપટથી, અથવા ઘરેણે મુકનારના અવિચારથી ઘરેણે મુકનારને નુકસાન થાય નહીં, એવા હેતુથી આપેલો છે. ઘરેણે લેનારની સાથે ઘરેણિયું છોડાવવાના હક વિશેનો કરાર રદ.

૩૭૮. તથાપિ ઇંગ્લિશ એકિવટી પ્રમાણે ઘરેણિયું છોડાવવાની મુદત વીત્યાપછી કોર્ટમાં જઇને ઘરેણે મુકનારનો ઘરેણે છોડાવવાનો હક રદ કરવા વિશે કોર્ટને અરજ કરવાનો ઘરેણે લેનારને અધિકાર છે. પરંતુ અહીં સને ૧૮૫૯ ના ૧૪મા આકટની ૧ લી કલમની ૧૫મી રકમમાં કહેલી મુદતમાં એવો હક ઘરેણે લેનારને નથી એવું જણાય છે.[1]

---

[1]આ કલમ પ્રમાણે હાઇકોરટે ચાલવુંજ જોઇએ એમ જણાતુ નથી. આકટ મજકુરની કલમ ૧૯મી જોવી.

હિંદુશાસ્ત્ર.

૩૭૯. હિંદુશાસ્ત્ર પ્રમાણે ભોગ્ય ધરેણિયાનું ઉત્પન્ન ધરેણે લેનારને બમણું પહોચ્યું, અથવા વ્યાજને લીધે દામ દુપટ થયું, તો ધરેણિયું પાછું આપવું, તેમજ ધરેણે લેનારે વ્યાજ વસુલ થાય, એટલોજ માત્ર ધરેણિયાનો ઉપભોગ કરવો, એવો કરાર હોય, તો મુદલ માત્ર આપીને ધરેણિયું પાછું આપવું; પરંતુ ધરેણિયાનો ઉપભોગ વ્યાજ કરતાં વધારે હોય, તો એ બાબતમાં જુદો કરાર કર્યો ન હોય, તો ધરેણે મુકનારે મુદલ પૈસા નહીં આપતાં ધરેણિયું પાછું લેવું, અને ધરેણિયાંનો ઉપભોગ વ્યાજ કરતાં કમી થયો હોય, તો કમીપણું પુરૂ કરવા વિશે વ્યાજ સાથે રૂપીઆ આપીને ધરેણિયું છોડાવવું.

વ્યાજ લેવાનો હક ક્યારે ડુબે છે.

૩૮૦. જો ધરેણે લેનારે કરાર વિરૂદ્ધ ધરેણિયાનો ઉપભોગ લીધો, તો હિંદુશાસ્ત્ર પ્રમાણે તેનો વ્યાજ લેવાનો હક ડુબે છે, તેમજ ધરેણિયું છોડાવવાસારૂ ધરેણે મુકનારે વ્યાજ સાથે પૈસા આપ્યાછતાં તે ધરેણે લેનારે, અથવા તેના કાયદાસર મુખ્તિયારે લીધા નહીં, તો તે દિવસથી વ્યાજ બંધ થાય છે.

ધરેણે લેનારના હક.
હિંદુશાસ્ત્ર.

૩૮૧. હિંદુશાસ્ત્ર પ્રમાણે ધરેણે લેનારને ધરેણિયાનો ઉપભોગ લેવાનો હક હોય છે, પરંતુ તેનું ભાડું વગેરે જે ઉત્પન્ન થાય, તેનો ધરેણે મુકનારને હિસાબ આપવો જોઇએ. કારણ કે, તેને પોતાનું વ્યાજ તથા મુદલ પુરૂ થાય તેટલો માત્ર ઉપભોગ લેવાનો હક છે. ધરેણે મુકેલી જમીન ભાડેથી આપવાનો તેને હક છે. ધરેણિયાનો વ્યવહાર ધરેણે લેનાર, અને ધરેણે મુકનાર એ બંનેના ફાયદાનો હોવાને લીધે, ધરેણે લેનારે ધરેણિયું જતન કરવા સારૂ જે કરવું જરૂર પડે, તે તેણે કરવું. અને તેમ કરવાને જે ખરચ થાય તે ધરેણે મુકનારને નામે ઉધારવું. પરંતુ તેનાજ આળસને લીધે ધરેણિયા માલની ખરાબી, કિંવા નુકસાન થાય, તો તે વિશે ધરેણે લેનારો જવાબદાર થાય છે.

૩૮૨. ઘરેણે મુકનારો ગુજરી જવાથી ઘરેણે લેનારનો ઘરેણિયા ઉપરથી હક જતો નથી. પરંતુ સરંજામ[1] ઘરેણે હોય, તો ઘરેણે મુકનારો જીવતો હોય, ત્યાંસુધી માત્ર તે ઉપર ઘરેણે લેનારનો હક રહે છે. — સદરદીવાની અદાલતનો ઠરાવ.

૩૮૩. હિંદુશાસ્ત્ર પ્રમાણે ઘરેણિયું ડુલ્યા પછી ઘરેણે લેનારે સાક્ષી રાખીને ઘરેણિયું વેચવું, અને જે કીમત ઉપજે તેમાંથી પોતાનું કરજ લેવું, અને બાકી કાંઈ રહ્યું હોય, તે ઘરેણે મુકનારને આપવું; પરંતુ કરજ કરતાં કીમત કમી હોય, તો ઘરેણે મુકનાર પાસેથી બાકીનું કરજ લેવું. — ઘરેણિયું વેચવાનો હક.

૩૮૪. ઇંગ્લિશ કાયદા પ્રમાણે ઘરેણે લેનારને પોતાના કરજના પૈસા વસુલ કરવાના અનેક ઉપાય છે, તેમાંથી નજરમાં આવે તેટલા, કિંવા તે સર્વ ઉપાય એકદમ કરવા. ઘરેણિયા ખતમાં ઘરેણિયું વેચવાનો અધિકાર આપ્યો હોય, તો ઘરેણિયું વેચવું. ઘરેણે મુકનાર પાસેથી કરજના પૈસા કોર્ટની મારફત લેવા, અથવા ઘરેણિયું ડુલવું એવી કોર્ટને અરજ કરવી. અને કોર્ટના હુકમથી ડુલ્યા પછી પણ કરજ કરતાં ઘરેણિયાની કીમત કમી આવશે, એમજ જણાય, તો કરજ વસુલ કરવાની કોર્ટમાં ફિર્યાદ કરવી; પરંતુ એવી ફિર્યાદ થઈ હોય, તો ડુલેલું ઘરેણિયું છોડાવવાનો હક ઘરેણે મુકનારને પાછો મળે છે. — ઇંગ્લિશ કાયદો.

૩૮૫. કાંઈ માલ બે, કિંવા વધારે મનુષ્યોની પાસે ઘરેણે મુક્યો હોય, અને ઘરેણે લેનારને બાકીની સર્વ વાતો લાગુ હોય, તો ઘરેણે લેવાના કાળના અનુક્રમ પ્રમાણે તેઓનો ઘરેણિયા ઉપર હક પહોંચે છે; પરંતુ જો કોઈ ઘરેણે લેનારે કાળના અનુક્રમ પ્રમાણે પ્રથમ ઘરેણે લેનાર નહીંછતાં તેના કબજામાં તે માલ હોય, અથવા તેની પાસે ઘરેણે મુકનારે તે માલની માલિકી વિશેનાં દસ્તાવેજ મુક્યા હોય, તો પ્રથમ તેનો હક પહોંચે છે. — એક ઘરેણિયું ઘણાપાસે હોય, તો પ્રથમ કોનો હક ચાલે છે.

---

[1] લશ્કરની નોકરી બદલ ઇનામ.

સને ૧૮૬૬ નો આકટ. ૨૦

૩૮૬. સને ૧૮૬૬ના ૨૦મા આકટ પ્રમાણે ઘરેણિયો માલ કબજામાં નથી, પરંતુ ઘરેણિયુંખત નોધાવ્યું છે, એવા એક ઘરેણે લેનાર હોય, અને ઘરેણિયો માલ કબજામાં છે, પરંતુ ઘરેણિયું ખત નોધાવ્યું નથી, અથવા નોધાવ્યું હોય, પણ પ્રથમ ઘરેણે લેનારનું ઘરેણિયું ખત નોધાયા પછી નોધેલું છે એ રીતે તે માલનો બીજો ઘરેણે લેનાર હોય, તો એ બેમાંથી પેહેલાનો હક પ્રથમ પહોંચે છે.

બે ઘરેણિયાં જોડી દેવાં.

૩૮૭. કોઈ માલ ત્રણ અથવા વત્તા માણસોને ઘરેણે આપ્યો હોય, અને પ્રથમ ઘરેણે લેનારનો હક બીજા ઘરેણે લેનાર શિવાય બાકીના ઘરેણે લેનારાઓમાંથી કોઇએકે વેચાણ લીધો, તો પ્રથમ વાળાનું ઘરેણિયું, અને તે વેચાણ લેનારનું ઘરેણિયું એક થાય છે. અને ઘરેણિયા માલ ઉપર તે વેચાણ લેનારનો હક પ્રથમ પહોંચે છે. તેમજ જો એક ઘર અનુક્રમે, ક, ખ, ગ, ઘ, ચ, છ, જ, ઝ, ટ, ઠ, એઓને ઘરેણે આપ્યું હોય, અને ગનો ઘરેણિયા હક જએ વેચાણ લીધો, તો વચમાંના ઘરેણેલેનાર ઘ, ચ, છ, તેમના કરતાં પણ પેહેલાં જનો ઘરેણિયા માલ ઉપર હક પહોંચે છે.

ઘરેણિયું તથા બીજું કરજ જોડીદેવું.

૩૮૮. કાંઈ માલ, બે કિંવા વધારે માણસો પાસે ઘરેણે મુકયો હોય, અને ઘરેણે લીધાવિના આપેલા કરજ બાબતે જેની તરફનું હુકમનામું થયું હોય, તેણે તે ઘરેણે લેનારાઓમાંથી કોઈએક પાસેથી ઘરેણિયાં હક વેચાણ લીધો, તો જેનું હુકમનામું છે, તે મૂળથી ઘરેણે લેનારો નથી, માટે વચમાંના ઘરેણે લેનારા કરતાં પ્રથમ તેનો ઘરેણિયાં ઉપર હક ચાલનાર નહીં.[1] જેમકે, એક ઘર અનુક્રમે ક, ખ, એઓને ત્યાં, ગએ ઘરેણે મુકયું હોય, અને ગ ઉપર કર-

---

[1]પરંતુ કએ હુકમનામું વેચાણ લીધું, અને તે વેચાણ લેતી વખત ખના ઘરેણે વિશે તેને કાંઈ માહિત ન હોય, તો કના હુકમનામા ઉપરથી ઉત્પન્ન થયેલો હક ઘરેણિયા ઉપર ખના પેહેલાં ચાલે છે.

જાઉખતથી ધનુ હુકમનામું થયું હોય, અને ધએ ક પાસેથી ઘરેણિયો હક વેચાણ લીધો, તો એવા વેચાણથી ઘરેણિયા ઉપર ધના હુકમનામાથી મળેલો હક ખની પેહેલાં ચાલશે, એમ નહીં.

૩૮૯. જો અ એ પ્રથમ કહાડેલું કરજ અને તે પછી લેવાનું કરજ એ બંને બદલ તેણે બ ને ત્યાં કાંઈ ઘરેણે મુક્યું, અને પછી તેણે તેજ ઘરેણિયું બીજા કોઇને લખી આપ્યું, તો, એ બીજા ઘરેણે લેનારને પ્રથમ ઘરેણે લેનાર એટલે બ પાસેથી ઘરેણિયું છોડાવવાનું હોય તો, બ એ અ ને ઘરેણે આપતાં પેહેલાં આપેલું કરજ અને પાછળથી આપેલું કરજ એ બંને આપવાં જોઇએ.

૩૯૦. જો ઘરેણે મુકનારે ઘરેણિયો માલ બીજાને વેચ્યો, તો તે માલ ઉપર ઘરેણે લેનારનો હક રહીને બાકીનો હક વેચાણ લેનારને મળે છે. તથાપિ ઘરેણે માલ ઘરેણે લેનારના કબજામાં નહીં છતાં વેચાણ લેનારના કબજામાં હોય, તો વેચાણ લેનારને તે માલ ઉપર પૂર્ણ માલિકી મળેછે[1]. પરંતુ એવું છતાં પણ ઘરેણે લેનારે ઘરેણિયું ખત નોંધાવ્યું હોય, તો તેનો હક પ્રથમ ચાલે, એમ જણાય છે. ઘરેણે લેનારનો ત્રાહિત ઉપર હક.

૩૯૧. ઘરેણિયો માલ જપ્ત થયો હોય, તો જપ્તી ઉઠાવવાસારૂ ઘરેણે લેનારની ફિર્યાદ ચાલતી નથી. કારણકે, ઘરેણિયો માલ કોર્ટના હુકમ ઉપરથી જપ્ત થઇને વેચાયો તોપણ તે માલ ઉપરનો ઘરેણે લેનારનો હક સને ૧૮૫૯ ના ૮ મા આકટના ૨૫૯ મી કલમ પ્રમાણે બુડતો નથી. સને ૧૮૫૯ ના આકટની કલમ ૨૫૯.

---

[1] આ નિયમ ગુજરાતપ્રાંતને લાગુ નથી.

# પ્રકરણ ૪.

## સોંપવું.

સોંપવું એટલે શું.

૩૯૨. કાંઈ પદાર્થ જતન કરીને રાખવાસારૂ અથવા તે ઉપર કાંઈ કામ કરવાસારૂ બીજાને સ્વાધીન કીધો હોય, તો તે વ્યવહારને સોંપવું (ઇ૦ બેલમેંટ) એવું કહેવું. જે બીજાને સ્વાધીન કરે, તે સોંપનારો, અને તે જેને સ્વાધીન કરે તેને સોંપેલું લેનારો એમ કહેવું.

સોંપવાના ત્રણ પ્રકાર.

૩૯૩. સોંપવાના કરાર ત્રણ પ્રકારના છે, તે આ પ્રમાણે.

પેહેલો પ્રકાર.

૩૯૪. (૧) સોંપવાના કેટલાક વ્યવહાર ફકત સોંપનારના ફાયદાના હોય છે. જેમકે, જો કોઇને બીજે ગામ જવાનું હોય, તેથી તેણે પોતાની કાંઈ વસ્તુ પોતાના સ્નેહી પાસે મુકી, અને પોતે પાછો આવ્યાપછી સ્નેહીને તેની મેહેનત બદલ કાંઈ ન આપતાં તે વસ્તુ પાછી આપવી, એવો કરાર કર્યો હોય, તો તે ફકત સોંપનારના ફાયદાનો થાય છે. થાંપણ (ઇ૦ ડીપાઝીટ) (મ્યાંડેટ); એ બે કરાર એ પ્રકારના થાય છે.

બીજો પ્રકાર.

૩૯૫. (૨) સોંપવાના કેટલાક વ્યવહાર, ફકત સોંપેલું લેનારના ફાયદાના હોય છે. જેમકે, જો કોઇએ બીજા પાસેથી કાંઇ ઉછીનું આંણ્યું, તો તે વ્યવહાર ફકત સોંપેલું લેનારના ફાયદાનો થાય છે. (ઇ૦ લોન.)

તીજો પ્રકાર.

૩૯૬. (૩) સોંપવાના કેટલાક વ્યવહાર સોંપનાર તથા સોંપેલું લેનાર એ બંનેના પણ ફાયદાના હોય છે, ધરેણે ભાડે આપવું તથા લેવું. એ પ્રકારના વ્યવહાર હોય છે.

મફત સોંપવાનો પ્રકાર.

૩૯૭. ઉપરના ત્રણ પ્રકારોમાંથી પેહેલા બે પ્રકારના કરારથી જે ફાયદો થાય છે, તેને તે બાબત બીજા પક્ષકારને આપવું પડતું નથી, એવા કરાર વિશે માત્ર આ પ્રકરણમાં વિચાર કર્યા છે.

## (૧) થાંપણ.

૩૯૮. જો કોઇની પાસે કાંઈ જણસ મુકી, અને તે જણસ માગતાંજ તેને તેની મેહેનત બદલ કાંઇ ન આપતાં તેણે પાછી આપવી એવી કબુલાત કરી હોય, તો એ થાંપણનો કરાર રદ થાય છે. એવા પ્રકારનો કરાર ફકત સોંપનારના ફાયદાનો હોય છે. માટે માલ જતન કરવાસારૂ તે સોંપેલુ લેનારે ઘણુંજ આળસ્ય કર્યું હોય, તો માત્ર તે નુકસાન વિશે જવાબદાર થાય છે; પરંતુ આકસ્મિક કારણથી નુકસાન થયું હોય, તો અથવા સોંપેલું લેનારે જાણીજોઇને આળસ્ય કીધું હોય, તો તે જવાબદાર થતો નથી. તેની પાસે મુકેલો માલ તેનો હોત, તો તેણે તે સંભાળવાને જેટલી ખબરદારી રાખી હોત, તેટલી ખબરદારી તેણે રાખી એટલે થયું. જેમકે, જો સોંપેલું લેનારો પોતાની હીરાની વીંટીં તાલુ અડકાવીને મુકતો હોય, અને સોંપનારની વીંટી પેટીને તાળુ ન દેતાં એમની એમજ મુકી, તો તે પરાકાષ્ટાનું[1] આળસ્ય છે. માટે તે થાંપણની સાથે, સોંપેલું લેનારનો પણ કાંઇ ભારે કીમતનો માલ ગયો હોય, તોપણ તે જવાબદાર થાય છે. સોંપેલું લેનારના ચાકરે થાંપણ જતન કરવા વિશે ઘણુંજ આળસ્ય કીધું, તો સોંપેલું લેનારો જવાબદાર થતો નથી. પરંતુ જો તેણે જાણીજોઇને એવા ચાકરને ચાકરીએ રાખ્યો હોય, તો તે જવાબદાર થાય છે.

થાંપણ, અને સોંપેલું લેનારની જવાબદારી.

૩૯૯. પરાકાષ્ટાનું આળસ્ય થયું કિંવા નહીં એ જાણવાસારૂ થાંપણનું સ્વરૂપ, થાંપણ તાળુ મારેલી પેટીમાં હોય, અને થાંપણનું સ્વરૂપ સોંપનારે કહ્યું ન હોય, તો પેટીનું બહારનું સ્વરૂપ, થાંપણ જતન કરવાની કાંઈ વિશેષરીતિ સોંપેલું લેનારને માહિત હોય, તો તે વગેરે વાત વિશે વિચાર કરવો જોઇએ. જેમકે, વીંટી હીરાની હોય, અને તે તાળામાં

પરાકાષ્ટાનું આળસ્ય એટલે શું.

---

[1] ઘણુંજ

નહીં મુકતાં ઉઘાડા હઠારીઆમાં મુકી, અથવા ઓરડામાં નહીં મુકતાં વચલા ખંડમાં મુકી, અથવા પેટીમાં શું છે તે માહિત ન હોય, પરંતુ પેટીને મારેલા તાળા ઉપરથી અંદરનો માલ કિયા પ્રકારનો હશે એ તર્કથી સમજાયા પછી તેવો માલ જેવો જતન કરવો તેવો કર્યો નથી; અથવા ઘડીઆળ દુરસ્ત કરનારની પાસે કોઇએ ઘડીઆળ મુકયું, તો ઘડીઆળને રોજ કુંચી આપ્યાથી તે દુરસ્ત રહે છે, એ તેને ખબર છે; માટે જો તેણે ઘડીઆળને રોજ કુંચી આપી નહીં, એ વગેરે કારણથી થાંપણને નુકસાન પહોંચે, તો સોંપેલું લેનારે ઘણુંજ આળસ કીધા સરખું થાય છે.

થાંપણના કરારને પુરૂં કારણ.

૪૦૦. (૭૩) કલમમાં કહ્યા પ્રમાણે સોંપનારો, સોંપેલું લેનાર ઉપર ભરંસો રાખે છે. તે સોંપવાના કરારનું પુરૂં કારણ છે. થાંપણનો વ્યવહાર સોંપેલું લેનારના ફાયદાનો હોતો નથી, માટે થાંપણ સ્વીકારવાનો કરાર થયો હોય, તોપણ સોંપેલું લેનારે મરજીમાં આવે, તો થાંપણ સ્વીકારવી નહીં; પરંતુ તે એક વખત સ્વીકારી હોય, તો તેણે કરાર પ્રમાણે ચાલવું જોઇએ.

થાંપણ માગતાંજ પાછી આપવી જોઇએ.

૪૦૧. માલિકે કિંવા સોંપનારે કિંવા તેની તરફના કોઈ માણસે થાંપણ પાછી માગી, એટલે તે લાગલીજ, તેને પાછી આપવી જોઇએ. પરંતુ જો બંનેએ મળીને કાંઈ થાંપણ મુકી હોય, તો તેમાંથી એકને બીજાની પરવાનગી વિના થાંપણ પાછી મળતી નથી.

પરસ્પર વિરૂદ્ધ દાવો.

૪૦૨. જો એક થાંપણ ઉપર બે માણસના એકબીજા ઉપર દાવા હોય, તો કોરટમાં જેની તરફનું હુકમનામું થાય, તેને સ્વાધીન સોંપેલું લેનારે તે થાંપણ કરવી.

કાયદા વિરૂદ્ધ કામ કરવાસારૂ થાપણ.

૪૦૩. જો શરતમાં ઝીતનારને આપવાસારૂ, અથવા કાયદાવિરૂદ્ધ બીજું કાંઈ કામ કરવાસારૂ, કાંઈ થાંપણ મુકી હોય, તો તે થાંપણ શરત ઝીતનારને આપતાં પહેલાં અથવા

કાયદાવિરૂદ્ધ કામ થતાં પેહેલાં સોંપનારે થાંપણ પાછી માગી હોય, તો તે આપવી જોઇએ.

૪૦૪. સોંપેલું લેનારે થાંપણ પાછી આપતી વખત થાંપણથકી જે ઉત્પન્ન થયું હોય, તે પણ આપવું જોઇએ; જેમકે, એકલી ગાય રાખી હોય, તો ગાય પાછી આપતી વખતે તે દરમિયાન જે વાછડાં થયાં હોય, તે પણ પાછાં આપવાં જોઇએ. થાંપણથકી ઉત્પન્ન થએલો પદાર્થ નાશવંત હોય, તો સોંપેલું લેનારે તે વેચીને તેના પૈસા આવે તે આપવા જોઇએ. જેમકે, ગાય દૂધ દેતી હોય, તો દૂધ વેચીને જે પૈસા આવે તે ગાયની સાથે આપવા જોઇએ.

થાંપણનું ઉત્પન્ન પણ આપવું જોઇએ.

૪૦૫. સોંપેલું લેનારે જે વખત થાંપણ પાછી આપવી જોઇએ, તે વખત તે પાછી આપી નહીં, અને આગળ ઉપર માલને આકસ્મિક કારણથી નુકસાન થયું હોય, તો તે વિષે તે જવાબદાર થાય છે.

થાંપણ પાછી ન આપે તો, જવાબદારી.

૪૦૬. જો કોઇને બીજાની કાંઇ જણસ જડી, તો જેને તે જડી તે સોંપેલું લેનાર; અને જેની જડી તે સોંપનારો એમ સમજીને તેમને આ ઉપરના નિયમ લાગુ પડે છે.

ખોવાએલો માલ જડે તો, જવાબદારી.

## (૧) મ્યાંડેટ.

૪૦૭. મેહેનત બદલ કાંઇ ન આપતાં કાંઇએક પદાર્થ ઉપર કામ કરવાસારૂ અથવા તે લેઇજઇને ત્રીજાને આપવાસારૂ તે પદાર્થ બીજાને સોંપવો. એ વ્યવહારને મ્યાંડેટ એમ કહે છે. જેમકે, જો કોઇએક પોતાના મિત્રને પાઘડી બાંધવાસારૂ આપી, અથવા ત્રીજા કોઇને આપવાસારૂ આપી, તો એ વ્યવહાર મ્યાંડેટ થાય છે.

મ્યાંડેટ એટલે શું.

૪૦૮. જો ત્રીજાને લેઇજઇને આપવાસારૂ બીજાને કોઇએ કાંઇ માલ સોંપ્યો, અને સોંપેલું લેનારે તે કામ કબુલ કર્યું, તો સાધારણપણે કોઇ માણસ પોતાનો માલ લેઇજવા વિષે જેટલી ખબરદારી રાખે તેટલી ખબરદારી સોંપેલું લેના-

લેઇજવાસારૂ આપેલા પદાર્થ વિષે જવાબદારી.

રે રાખવી જોઇએ; માટે તેણે આળસ્ય કર્યું હોય, અથવા કામ ખોટી રીતે કર્યું હોય, તો તે વિશે તે જવાબદાર થાયછે. આકસ્મિક[1] અથવા અનિવાર્ય[2] કારણથી નુકસાન થયું હોય, તો તે વિશે તે જવાબદાર થતો નથી; તથાપિ એવું કારણ તેનીજ સુસ્તીથી ઉત્પન્ન થયું હોય, તો તે જવાબદાર થાય છે. જેમકે, જો પુને લેઇ જવાસારૂ મુંબઇમાં કોઇએ બીજાને જવાહીરનો ડાબલો આપ્યો, અને પછી સોંપેલું લેનારો પ્રથમ શોલાપુર જઇને પછી પુને આવ્યો, તો પુનેથી શોલાપુર જઇને પુને પાછો આવે ત્યાંસુધી કાંઈ પણ કારણથી નુકસાન થયું હોય, તો તે વિશે તે જવાબદાર થાય છે.

કામ કરવાસારૂ આપેલાં પદાર્થ વિશેજવાબદારી. સાધારણ નિયમ.

૪૦૯. જો કોઇએ બીજાને કાંઇ પદાર્થ ઉપર મફત કામ કરવાનું કહ્યું, અને બીજાએ તેમ કરવા તે કબુલ કીધું, તો તેણે તે કામ યોગ્ય મુદતમાં સારી રીતે કરવું જોઇએ, અને તે પદાર્થ ન બગડવા વિશે સાવધગરી રાખવી જોઇએ. જેમકે, કોઇ રંગરેજને પાઘડી રંગવા સારૂ આપી હોય, તો તેને પોતાનો ઉદ્યોગ સારી રીતે ચલવવાને તેના અંગમાં જેટલી આવડ જોઇએ, તેટલી આવડ ન હોય, અને તેણે કરીને નુકશાન થયું, તો તે વિશે તે જવાબદાર થાય છે.

પરંતુ

૪૧૦. પરંતુ સોંપેલું લેનારામાં સોંપેલું કામ કરવા વિશે આવડ કમી છે, એમ માહિતછતાં પણ સોંપનારે જો તેને કામ કરવાનું કહ્યું, તો તે સોંપેલું લેનારે પોતાની અકલ પ્રમાણે કામ કર્યાછતાંતો કામ બગડ્યું, તોપણ સોંપનારની ફિર્યાદચાલનાર નહીં; કારણકે, પ્રથમથીજ સોંપનારે પોતાનું કામ જાણીબુજીને એવા માણસને સોંપવું નહોતું.

જીવંત પ્રાણી સોંપ્યાં હોય, તો.

૪૧૧. જો, ગાય, ઘોડા, વગેરે એવા કાંઈ જીવંત પ્રાણી સોંપ્યાં હોય, તો તેઓને ઘાસ, ચંદી વગેરે ખાવાના પદાર્થ આપીને ખુલ્લી હવામાં ફેરવવાં જોઇએ. સારાંશ, તેઓના જીવનનેસારૂ જે વાત અવશ્ય હોય, તે સર્વ કરવી

---

[1] એકાએક. [2] રોકીશકાય નહીં એવું.

જોઇએ. માટે સોંપેલું લેનારને સોંપેલા પદાર્થનો ઉપભોગ લેવાનો અધિકાર નથી, એવો સાધારણ નિયમ છે, તોપણ આવેકેકાણે ઉપભોગ લેવાને હરકત નથી. કારણકે, વાસ્તવિક જોતાં એવા ઉપભોગથી સોંપનારને ફાયદો થાય છે.

૪૧૨. જો, સોંપેલું લેનારે જાતે કરવાનું કબુલ કરેલું કામ પોતાના ચાકરને કરવાનું કહ્યું, અને તે ચાકરની સુસ્તીથી, સોંપનારને નુકસાન થયું, તો તે વિશે સોંપેલું લેનાર ઉપર જવાબદારી રહે છે; પરંતુ ધણીએ કહ્યા શિવાય ચાકરે પોતાનીમેળે તે કામમાં હાથ નાંખ્યો, અને તેણે કરીને નુકસાન થયું, તો સોંપેલું લેનારે જાણીબુજીને એવો ચાકર ચાકરીમાં રાખ્યો ન હોય, તો તે જવાબદાર થતો નથી. સોંપેલું લેનારના નોકરના ચાકરથી થએલું નુકસાન.

૪૧૩. સોંપેલું કામ કરવા સારૂ સોંપેલું લેનારને કાંઈ ખરચ કરવું પડે, તો તે તેણે કરવું; અને સોંપનારને નામે ખરચ લખવું. તથાપિ સોંપનારો ખરચ આપતો ન હોય, તો તે બદલ સોંપેલું લેનારને તે પદાર્થ અટકાવી રાખવાનો હક નથી. નજરમાં આવે, તો તેવિશે દીવાનીમાં ફિર્યાદ કરવી. અવશ્ય હોય તો ખરચ કરવું.

૪૧૪. યોગ્ય મુદતમાં તથા સોંપનારને નુકસાન થતું ન હોય, તો સોંપેલું લેનારે નજરમાં આવે, તો સોંપવાનો કરાર રદ કરીને કામ કરવાસારૂ સોંપેલો પદાર્થ, પાછો આપવો. સોંપનારનું નુકસાન થતું ન હોય તો કરાર રદ કરવો.

### (૨) ૧ ઉપભોગ લેવાસારૂ ઉછીનું.

૪૧૫. જો કોઇએ બીજાના ઉપભોગનેસારૂ કાંઈ પદાર્થ એવા કરારથી તેને સોંપ્યો કે, સોંપેલો પદાર્થજ પાછો આપવો, તો એ વ્યવહારને ઉછીનું એમ કહે છે. આ વ્યવહાર ફકત સોંપેલું લેનારના ફાયદાનો છે. માટે પેહેલા પ્રકારમાં કહેલા સોંપેલું લેનારા કરતાં આ વ્યવહારમાં સોંપેલું લેનારે પદાર્થ જતન કરવા વિશે વધારે ખબરદારી રાખવી જોઇએ, અને તેની તરફથી જો થોડીક સુસ્તી થઈ, તોપણ તે નુકસાન ભરીઆપવાને પાત્ર થાય છે. જેમકે, કોઇએ પોતાના સ્ને- સોંપવાનો બીજો પ્રકાર. ૧ ઉપભોગ લેવાસારૂ ઉછીનું.

હોને ફરવા જવાસારૂ ઘોડો આપ્યાછતાં તે ઘોડા ઉપર બેસીને ગામ જવા માંડ્યું, અને ઘોડાને કાંઈ ઇજાથઈ, તો તે સ્નેહીએ તે નુકસાન ભરી આપવું જોઇએ.

કેટલી ખબરદારી રાખવી જોઇએ.

૪૧૬, ઘણુંજ સાવધ તથા હુંશિયાર માણસ પોતાનો પદાર્થ સંભાળવા વિષે જેટલી ખબરદારી રાખેછે, તેટલી ખબરદારી ઉછીનું લેનારે રાખવી જોઇએ. માટે આકસ્મિક, અને અનિવાર્ય કારણથી નુકસાન થાય, તો તે વિષે ઉછીનું લેનાર જવાબદાર થતો નથી. પરંતુ જો એવા કારણો તેનાજ આળસ્યથી ઉત્પન્ન થયાં હોય, તો તે જવાબદાર થાય છે.

પદાર્થ જેવો હતો તેવો પાછો આપવો જોઇએ.

૪૧૭, ઉછીના લીધેલા પદાર્થને યોગ્ય રીતે વાપરવાથી જે ઘસારો અથવા તુટફાટ થઈ હોય, તે બાતલ કરીને તે જેવો હતો તેવોજ પાછો આપવો જોઇએ.

## (૨) રૂ ખરચી નાંખવાસારૂ ઉછીનું.

રૂ ખરચી નાંખવાસારૂ ઉછીનું.

૪૧૮. જો કોઇએ બીજાના ઉપયોગસારૂ કાંઈ પદાર્થ એવા કરારથી તેને આપ્યો કે, આપેલો પદાર્થજ પાછો ન આપતાં તે બદલ તે જાતનો બીજો પદાર્થ આપવો, તો એ વ્યવહારને ખરચી નાંખવાસારૂ ઉછીનું (ઈ० લોનફરકનૂસમૂશન્) એવું કહે છે. જેમકે, કોઈ પડોસીને ઘેર ચોખા, કિંવા તાંબડી ભરીને તેલ ઉછીનું આપ્યું, તો અહીં ઉછીના લીધેલાજ ચોખા, કિંવા તેલ પાછું ન આપતાં તે બદલ તે પ્રકારના તેટલાજ બીજા ચોખા, કિંવા તેલ આપવું એવો ગર્ભિત કરાર હોય છે.

કોઇપણ કારણ બન્યું તોપણ ઉછીનું લેનારો જવાબદાર થાય છે.

૪૧૯. સોંપવાના બીજા વ્યવહાર પ્રમાણે આ વ્યવહારથી ઉછીના આપેલા પદાર્થનો કબજો માત્ર જાય છે એમ નથી, પણ તે ઉપરથી માલકીપણું જાય છે. માટે ઉછીના આપેલા પદાર્થનો ઉપયોગ થયો હોય, કિંવા કોઈ પણ કારણથી થયો ન હોય, તથાપિ ઉછીનું લેનારે ભરપાઈ કરવી જોઇએ. સાહુકારીમાં અથવા બેંકમાં પૈસા મુક્યા હોય, તો તે એ

પ્રકારનો વ્યવહાર થાય છે, માટે મુકેલા પૈસા ચોરીએ ગયા તથાપિ સાહુકારે અથવા બેંકે તે પૈસા ભરી આપવા જોઇએ. અને વ્યાજ આપવાનો કરાર હોય, તો તે પણ આપવું જોઇએ.[1]

## (૩) ૧ ધરેણે.

૪૨૦. સોંપવાના ત્રીજા પ્રકારમાં ધરેણે, ભાડેથી આપવું લેવું, એ એ વ્યવહાર આવે છે; કારણ કે એ વ્યવહારથી સોંપનાર તથા સોંપેલું લેનાર એ બંનેનો ફાયદો થાય છે; એમાંથી પાછલા પ્રકરણમાં ધરેણિયા વિશે કહેલું છે, અહીં એ વિશે વિશેષ એટલુંજ લક્ષમાં રાખવું કે, ધરેણે લેનારે ધરેણિયું જતન કરવાસારૂ સાધારણ પ્રકારની સાવધગરી રાખવી, માટે એવી સાવધગરી રાખીને પણ ધરેણિયું ખોવાઈ ગયું, કિંવા બીજું કાંઈ નુકસાન થયું, તથાપિ ધરેણિયું લેનારનો ધરેણે મુકનાર પાસેથી કરજના પૈસા લેવાનો હક જતો નથી. જો ઉપભોગથી ધરેણિયાને નુકસાન પહોંચવા સરખું હોય, તો અલબત્તે ધરેણે લેનારે તેનો ઉપભોગ લેવો નહીં; પરંતુ તેમ ન હોય, તો તેણે નજરમાં આવે, તો ઉપભોગ લેવો, તથાપિ એવી રીતે ઉપભોગ લેતાં નુકસાન થયું હોય, તો ધરેણે લેનારો જવાબદાર થાય છે. જો ગાય, ઘોડા વગેરે એવા પ્રકારનું ખરચમાં પાડનારૂ ધરેણિયું હોય, તો તે ખરચ કર્યા બદલ ધરેણે લેનારે ધરેણિયાનો ઉપભોગ લેવો. માટે ગાયનું દુધ ક્હાડી લેવું, ઘોડા ઉપર બેસીને જવું વગેરે. ધરેણિયા ઉપર લીધેલું કરજ આપવાને ધરેણે મુકનાર તૈયાર થયાછતાં તે લેઇને ધરેણિયું લાગલુંજ પાછું

*સોંપવાનો ત્રીજો પ્રકાર.*

---

[1] બેંકમાં પૈસા ભરવાના વ્યવહારને ઇંગ્રેજી ભાષામાં ડિપાજીટ એટલે થાંપણ એમ કહે છે. પરંતુ સોંપનાર તથા સોંપેલું લેનાર એઓના હક તથા જવાબદારી જોતાં એ વ્યવહાર ખરેખર ખરચી નાંખવાસારૂ ઉછીનું હોય તેવો છે.

આપવું જોઇએ.[1] નહીં તો, તે પછી કાંઈ પણ કારણથી તે ઘરેણિયા માલ ખોવાયો, કિંવા તેને બીજું કાંઈ નુકસાન થયું હોય, તો તે વિશે ઘરેણે લેનારો જવાબદાર થાય છે.

(૩) રં ભાડેથી આપવું લેવું.

ભાડેથી આપવું લેવું.

૪૨૧. ભાડેથી આપવા લેવા વિશે આગળ જોવું.

---

## પ્રકરણ ૫.

### માલ ભાડે આપવો લેવો.

માલ ભાડે આપવો લેવો એટલે શું.

૪૨૨. જો કાંઈ માલ બીજાના ઉપયોગસારૂ કાંઈ મુદતસુધી એવો કબુલતથી આપ્યો કે, તે બીજાએ માલિકને તે બદલ અમુક પૈસા આપવા, તો તે વ્યવહારને માલ ભાડે આપવો લેવો, એમ કહે છે.

### ૧ સ્થાવર માલ વિશે.

ઇંગ્લિશ લા.

૪૨૩. ઇંગ્લિશ લા પ્રમાણે સ્થાવર માલ ભાડે આપવા લેવા વિશે સર્વ કરાર લખેલા હોવા જોઇએ, અને કેટલાક સ્પેશલ્ટી હોવા જોઇએ. પરંતુ જો ભાડાનો કરાર લખેલો નહીંછતાં, ભાડુવાતે સ્થાવર માલનો કબજો લીધો, અને તે માલ સુધારવાસારૂ કાંઈ ખરચ કર્યું, તો એક્વિટીમાં એ ભાડાનો કરાર લખેલો ન હોવાથી રદ થતો નથી.

કૌલનામું અમલમાંક્યારે આવેછે.

૪૨૪. કૌલનામું જે તારીખે કર્યું હોય, તે તારીખથી તે અમલમાં આવે છે: પરંતુ તે ક્યારે અમલમાં આવશે, એ વિશે તેમાં વિશેષ કરાર કર્યો હોય, તો તે પ્રમાણે તે અમલમાં આવે છે.

---

[1] પરંતુ ઘરેણિયા ઉપર ઘરેણે મૂકનારનો હક નથી. એવી કોઈ હરકત લે, તો ઘરેણે લેનારે હરકત લેનાર તથા ઘરેણે મુકનાર એ બંનેને કોરટમાં જઇને પોતાનો હક સાબીત કરવાનું કહેવું.

૪૨૫. કૌલનામાના અર્થ વિશે કાંઈ તકરાર પડી હોય, તો જેણે કરીને ભાડે લેનારનો ફાયદો થશે, તે અર્થ કોરટમાં માન્ય થશે. કૌલનામાનોઅર્થ.

૪૨૬. સ્થાવર માલના માલિક, અને ભાડુવાત, એ બંને મધ્યે ભાડાનો કરાર થયો, એટલે ભાડાનો કરાર થતી વખત માલ ઉપર માલિકનો હક નોહોતો એવું ભાડુવાતને પછી બોલવાનો અધિકાર નથી; પરંતુ ભાડાનો કરાર થયા પછી, તે માલિકનો માલ ઉપરથી હક ગયો, એવી તકરાર લેવાને ભાડુવાતને હરકત નથી. માલિકનો હક ના કબુલ કરી સકાય નહીં.

૪૨૭. ભાડુવાત ઉપર ખરા માલિકે ફિર્યાદ કરવાથી તેને ભાડું આપવું પડ્યું, તો જેની પાસેથી તે ભાડુવાતે સ્થાવર માલ ભાડે રાખ્યો હોય, તેની ભાડા બાબત તે ભાડુવાત ઉપર ફિર્યાદ ચાલતી નથી. ભાડુવાતનો હક.

૪૨૮. ભાડે આપેલું ઘર બળબળી ગયું હોય, કિંવા તે રહેવાલાયક ન હોય, તથાપિ ભાડાનો કરાર થયા પછી, ભાડુવાતે ભાડું આપવું જોઈએ. કારણ કે, એવા વ્યવહારમાં સ્થાવર માલ ભાડુવાતને ઉપયોગી પડવાલાયક છે, એવી ગર્ભિત ખાત્રી હોતી નથી. પરંતુ ભાડે આપેલા સ્થાવર માલમાં જે ખામી ભાડુવાતને કહેવી અવશ્ય હોય, તે માલિકે કપટથી છુપાવી, કિંવા તે વિશે ખોટું વર્ણન કીધું, તો કરાર રદ થાય છે. તથાપિ ભાડુવાતે જે ઉપભોગ લીધો હોય, તે બાબત માલિકને જેટલું આપવું યોગ્ય, તેટલું આપવું જોઈએ. ભાડુવાતની જવાબદારી.

૪૨૯. ઇંગ્લિશ લા પ્રમાણે કૌલનામું વિવક્ષિત[1] મુદતનું હોય, તો (તે મુદતમાં જો માલ બળી ગયો, તોપણ) તે મુદત પુરી થામ ત્યાંસુધી થએલું ભાડું આપવું જોઈએ. ઇંગ્લિશ લા.

૪૩૦. પરંતુ ભાડે આપેલો માલ બળી ગયા પછી, અહીં સી રીતે થાય.

---

[1] બાંધેલી મુદત.

ભાડુવાત પાસેથી ભાડું લેવું, એ વાજબી જણાતું નથી. કારણ કે, ભાડે આપેલો માલ જ્યાંસુધી છે, ત્યાંસુધીજ ભાડું અપાવવું એ ન્યાય છે. આ નિયમ આપણા દેશને લાગુ છે, એમ જણાય છે.

ઇંગ્લિશલા.

૪૩૧. ઇંગ્લિશ લા પ્રમાણે ભાડે આપેલી જગા ઉપર જઇને ચડેલા ભાડાનેસારૂ, તે જગા ઉપર જે માલ મળે, તે કોરટના હુકમ શિવાય જપત કરવાનો અધિકાર માલિકને, કિંવા તેના મુનીમને છે. પરંતુ તે જગા ઉપર કોરટે પ્રથમ જપતી કરેલો માલ હોય, કિંવા ભાડુવાત પાસે ધંધાના સંબંધથી બીજાનો માલ આવ્યો હોય, કિંવા ધંધો ચલાવવાને અવશ્ય એવા ભાડુવાતનાં રાચ હોય, કિંવા અવશ્ય એવાં પેહેરવાનાં લુગડાં હોય, કિંવા જગાને નુકસાન નહીં થતાં કહાડી લઇસકાય એવી રીતે ભાડુવાતે જડી લીધેલો સામાન હોય, કિંવા નાશવંત પદાર્થ હોય, તો તે ઉપર કહ્યા પ્રમાણે જપત કરીસકાતો નથી. આપણા દેશને આ કાયદો લાગુ નથી એમ જણાય છે.

ભાડવાતે લીધેલા માલને નુકસાન કરવું નહીં.

૪૩૨. જો ભાડુવાતે સ્થાવર માલને નુકસાન કર્યું, તો તે બાબત તેના ઉપર ફિર્યાદ ચાલેછે.

ભાડુવાતને કહાડી મુકવા.

૪૩૩. ઇંગ્લિશ લા પ્રમાણે વિવક્ષિત મુદતનો ભાડાનો કરાર હોય, તો ભાડુવાતને કહાડી મુકતાં પેહેલાં સૂચના આપવાની જરૂર નથી. પરંતુ માલિક અને ભાડુવાત એ બંનેની મરજીમાં આવે ત્યાંસુધી ભાડુવાતે રહેવું એવો કરાર હોય, તો ભાડુવાતને કહાડી મુકવાસારૂ નિદાન[1] એક મહિના પેહેલાં સૂચના આપવીજોઇએ. એ વિશેના નિયમ દેશ ચાલ પ્રમાણે જુદા જુદા છે, તથાપિ વિશેષ કરાર નહોય, તો ચોમાસામાં ભાડુવાતને અહીં કહાડી મુકાય નહીં.

## (૨) જંગમ માલ વિશે.

આત્રી.

૪૩૪. જો કોઈ બીજાને જંગમ માલ એવી સમજુ-

---

[1] ઓછામાં ઓછાં.

તીથી ભાડે આપે છે, તે વાપરવાને લાયક છે, કિંવા નહીં, તે ભાડુવાતે જોઈ લેવું, તો તે માલ જે હેતુથી ભાડે લીધો તે હેતુ પૂર્ણ કરવા જોગ માલ છે, એવી આ વ્યવહારમાં ગર્ભિત ખાત્રી હોતી નથી. પરંતુ માલ વાપરવા જોગ છે. એવી સમજુતીથી માલ ભાડે આપ્યો હોય, તો તે માલ વાપરવાજોગ હોવો જોઇએ. નહીંતો માલિક ઉપર ભાડુવાતની ફિર્યાદ ચાલે. જેમકે, જો કોઈ બીજાની ગાડી માત્ર ભાડે આણી, અને ઘોડા, સામાન તથા ચાકર પોતાના લીધા, તો ગાડી વાપરવા જોગ ન હોય, તોપણ તે ગાડીના માલિક ઉપર ફિર્યાદ ચાલનાર નથી; પરંતુ જો ગાડીના માલિકે ગાડીને પોતાના ઘોડા જોડીને તથા પોતાનું માણસ આપીને ગાડી બીજાને ગામ જવાસારૂ ભાડે આપી હોય તો, ગાડી, ઘોડા તથા સામાનસુમન પણ સર્વે જેવો જોઇએ તેવો ન હોવાથી ગાડીનો જે વાસ્તવિક ઉપયોગ થવાનો તે થયો ન હોય, તો ખોટી ખાત્રી કર્યાં બાબત ગાડીના માલિક ઉપર ફિર્યાદ ચાલશે.

૪૩૫. જો માલિકે માલ ભાડે આપીને તે ઉપર દેખરેખ કરવાસારૂ પોતાના ચાકર રાખ્યા, તો માલ સારો સ્થિતિમાં રહેવા સારૂ દાગડુગી કરવી જરૂર પડે, તે માલિકે કરવી જોઇએ. પરંતુ એમ ન કરતાં જો માલ ભાડુવાતના કબજામાં આપ્યો હોય, તો ભાડુવાતે દેખરેખ વિશે તજવીજ રાખવી. અને તેમ કરવાને જે ખર્ચ કરવું પડે, તે કરીને પછી માલિક પાસેથી તે લેવું. જેમકે, કોઇએ કાશી જવાસારૂ ભાડાના છકડા કર્યાં, તો છકડાવાળો સાથે હોય, તો તેણે કાશીએ જાય ત્યાંસુધી છકડા, તથા બળદ વગેરે વિશે સારી તજવીજ રાખવી જોઇએ. પરંતુ જો ભાડુવાતે ફક્ત, છકડા ભાડે લેઇને છકડો હાંકવા વગેરેનું કામ પોતેજ માથે રાખ્યું હોય, તો છકડા વિશે તજવીજ રાખવી પડે, તે તેણે રાખવી. અને છકડામાં કાંઈ ખામી હોય, તેને

ભાડે આપેલો પદાર્થ દુરસ્ત કરવાનો ખર્ચ.

લીધે, અથવા ભાડુવાતની સુસ્તી વિના આકસ્મિક કારણને લીધે નુકસાન થવાથી ખર્ચ કરવો પડ્યો, તો તે માલિક પાસેથી લેવું.

ખબરદારી. ૪૩૬. કોઈ સાધારણ સમજનો માણસ પોતાના માલની જેટલી ખબરદારી રાખે છે, તેટલી ખબરદારી ભાડુવાતે ભાડે લીધેલો માલ સંભાળવા વિશે રાખવી જોઈએ. માલ પાછો આપવા વિશે કરારમાં મુદત ઠરાવી હોય, તો તે મુદતે, નહીં તો યોગ્ય મુદતમાં, ભાડુવાતે માલ સાધારણપણે યોગ્ય રીતે વાપરવાથી જે કસર, તથા ઘટ પડી હોય, તે બાદ કરીને તે માલ જેવો હતો તેવોજ પાછો આપવો.

ભાડુવાતનું કપટ. ૪૩૭. ભાડે આપેલો માલ ભાડુવાત વેચીદેતો હોય, અથવા કપટથી કરારવિરૂદ્ધ ચાલતો હોય, તો માલિકે નજરમાં આવે તો ભાડાનો કરાર રદ કરવો.

## સ્થાવર જંગમ માલ વિશે.

સામાનસુધાં ઘર ભાડે આપામાં ખાત્રી. ૪૩૮. જો કોઈએ બીજાને ખુરસી, મેજ, હાંડીઓ, પંખા વગેરે સામાન સુધાં બંગલો ભાડે આપ્યો, તો તે બંગલો સર્વ પ્રકારે રહેવાને ઉપયોગી છે, એવી માલિકે ખાત્રી કરી એવું થાય છે; માટે જો બંગલો, કિંવા સામાન ઉપયોગ કરવા જોગ ન હોય, તો તે ભાડુવાતે નજરમાં આવે, તો તે બંગલો છોડી દઈને ભાડાનો કરાર તોડ્યા બાબત માલિક ઉપર ફિર્યાદ કરવી. જેમકે, બીછાનામાં તથા પલંગમાં અતિશય માંકણ હોવાથી ભાડુવાતને ત્રાસ થવા લાગ્યો, તો ભાડવાતે નજરમાં આવે તો કરાર રદ કરવો.

ગર્ભિત હક. ૪૩૯. ઘર ભાડે રહેવાને આપ્યું હોય, તો ખાળ, શૈતખાનું, કુવો, ધુમાડિયું, જીનો વગેરેનો ઉપયોગ કરવાનો ભાડુવાતને અધિકાર છે.

ઉતારા. ૪૪૦. ઇંગ્લંડમાં પ્રવાસી લોકોને વાસ્તે કાંઈ ઉતારા

એવાં હોય છે કે, ત્યાં જે મુસાફર જાય, તે ખર્ચ આપવાને તૈયાર હોય, અને ઉતારામાં જગા હોય, તો તેને ઉતારાના રક્ષકે રહેવાને જગા તથા, ખાવા પીવાની સામગ્રી આપવી જોઇએ; પરંતુ સ્પર્શથી અથવા વાસથી બીજાને ચડે એવો મુસાફરને રોગ હોય, અથવા તે બહુ દારૂ પીધેલો હોય, તો ઉતારાના રક્ષકે તેને અંદર આવવા દેવો નહીં.

૪૪૧. ઉતારાના રક્ષકની જવાબદારી વીમો ઉતારનારની જવાબદારી પ્રમાણે હોય છે, એ સાધારણ નિયમ છે. માટે ઉતારામાં ચોરી થાય, અથવા ધાડ પડે, તથાપિ ઉતારાનો રક્ષક મુસાફરના માલ વિશે જવાબદાર થાય છે. કારણ કે, મુસાફરને જરૂર પડવાથી તેને પોતાની મુલ્યવાન જણસો ઉતારાના રક્ષકને સોંપવી પડે છે. અને રક્ષક ઉપર એટલી જવાબદારી રાખી ન હોય, તો ચોરની સાથે શામીલ થઇને તેને મુસાફરને સેહેજ ફસાવવાનું બની આવે. પરંતુ અકસ્માત આગ લાગીને મુસાફરનો માલ બળી જાય, તો રક્ષક જવાબદાર થતો નથી. ઉતારાના રક્ષકની જવાબદારી.

૪૪૨. ઉતારાના રક્ષકો ઉપર જેવી આટલી મોટી જવાબદારી રાખેલી છે, તેમ તેઓને કાંઇ હક પણ રાખેલા છે. તેમાં મુખ્ય એ છે કે, મુસાફર જગાનું ભાડું તથા ખાવા પીવાનું ખરચ ચુકાવી આપે ત્યાંસુધી, રક્ષકે માલ અટકાવી રાખવો. તેના હક.

---

## પ્રકરણ ૬.

### ચાકરી.

#### ૧ ભાડાથી ચાકરીએ રાખવું.

૪૪૩. જો બંને જણાએ પરસ્પર એવો કરાર કર્યો કે, તે મધેથી એકને કામે લગાવી તેને મેહેનત બદલ કાંઇ આપવું, અને બીજાએ તે બદલ પેહેલાનું કામ કરવું, તો એ વ્યવહારને ચાકરી કહે છે. ચાકરી એટલે શું

કરાર લખેલો હોવાની જરૂર નથી.

૪૪૪. ચાકરી કરવાની મુદત એક વરસ કરતાં વધારે હોય, તો ઇંગ્લિશ લા પ્રમાણે કરાર લખેલો હોવો જોઇએ; પરંતુ આપણા દેશમાં એવો કરાર લખેલો હોવાની જરૂર નથી.

મેહેનત બદલ કાંઇ આપવાનો ગર્ભિત કરાર.

૪૪૫. જો કોઇએ બીજાનું કાંઇ કામ કર્યું, તો તેની મેહેનત બદલ કાંઇ કરાર કર્યો છે એવું અનુમાન કરવાને હરકત નથી. જેમકે, તોફાનથી ભાગી ગયેલા વહાણમાંનો માલ કીનારા ઉપર કોઇને હાથ લાગ્યો, અને તેણે તે માલિકને આપ્યો. તો તેને જે ખર્ચ બેઠો હોય, તે તથા મેહેનતના પૈસા એ બંને માલિકે આપવું જોઇએ. પરંતુ બ્યારિસ્ટરે બીજાનો મુકદમો ચલાવ્યો, અથવા ફિજીશિયને[1] રોગીને ઔષધ આપ્યું, અથવા રસ્તે જનારા આવનારા માણસોએ અગ્નિ હોલવી નાંખ્યો, અથવા સાક્ષીદારે કોર્ટમાં સાક્ષીપુરી, અથવા કાકો, મામો, કિંવા એવા બીજા નજદીકના સગાએ કામ કીધું, અથવા કોઈ અતિદરિદ્રાવસ્થામાં આવેલા માણસની ચાકરી કરી, તો એવી વાતોમાં મેહેનત બદલ કાંઈ આપવા વિશેનો કરાર ગર્ભિત હોતો નથી; કારણકે, બ્યારિસ્ટર અને ફિજીશિયન એ આબરૂદાર ગૃહસ્થ હોવાને લીધે તેઓએ મેહેનત બદલ કાંઈ લેવું એ હલકાપણું માનેલું છે; અગ્નિ હોલવનારાઓએ કેવળ લોકોપકારને અર્થે અગ્નિ હોલવ્યો એમ ગણાય છે; ન્યાય બરોબર થવાને સાક્ષીદારોએ સાક્ષી આપવી એ તેઓનો ધર્મ છે; સગાંવાહાલાએ કરેલું કામ તથા દ્રરિદ્રીનું કરેલું કામ કેવળ મમતાથી અથવા દયાથી કર્યું એમ કહેવાય. એવી વાતમાં મેહેનત બદલ કાંઈ આપવા વિશે સ્પષ્ટ કરાર કર્યો હોય, તોજ મેહેનત કરનારની ફિર્યાદ ચાલે.[2]

---

[1] વૈદ્ય.

[2] પરંતુ સાક્ષી આપવા વિશે સાક્ષીદારની સાથે પક્ષકારે સ્પષ્ટ કરાર કર્યો, તોપણ તે કરાર કાયદાવિરૂદ્ધ થાય છે.

ધણીના હક તથા જવાબદારી.

૪૪૬. ચાકરીનો કરાર થયાપછી, ધણીએ ચાકરને કામ કહેવું જોઇએ. અને કામ કરતાં જો ચાકરને નુકસાન થયું, તો તે વિશે ધણી જવાબદાર થતો નથી; પરંતુ કામ કેઈ રીતે કરવું જોઇએ, અને તે બીજી રીતે કરવાથી શો ઉપદ્રવ થશે, એ ધણીએ કપટથી ચાકરને જણાવ્યું ન હોય, અથવા જણાવવા વિશે તેણે ઘણીજ સુસ્તી કરી, તો ચાકરને થએલા જોખમ વિશે ધણી જવાબદાર થાય છે. જેમકે, જો ઘર ખળખળી ગયું હોય, એવું ધણીને માહિતછતાં તેણે ચાકરને નહીં જણાવતાં ઘર છાજી લેવાનું કહ્યું, અને ચાકર ઘર ઉપર ચડતાંજ મોભતળે આવ્યાથી તેનો પગ ભાગ્યો, તો તેની ધણી ઉપર ફિર્યાદ ચાલશે. તેમજ જો કોઈ સાવધગરીથી કામ કરનાર ચાકર, અને ઘણીજ સુસ્તીથી કામ કરનારો એમ જાણવામાં આવેલો ચાકર, એ બંનેને કાંઈ એક કામ કરવાને કહ્યું, અને તે બીજા ચાકરની સુસ્તીથી પેહેલા ચાકરનું નુકસાન થયું, તો તે વિશે ધણી ઉપર પણ ફિર્યાદ ચાલશે.

ચાકરના હક તથા જવાબ દારી.

૪૪૭. ચાકરીનો કરાર થયાપછી, ધણી જે યોગ્ય કાયદાસર કામ કહે, તે ચાકરે હુંશિયારીથી તથા તત્પરતાથી કરવું જોઇએ. જો તેને કાંઈ અકલનું કામ કહ્યું હોય, તો તે કરવાને તેના અંગમાં જેટલી અકલ હોવી જોઇએ, તેટલી તેનામાં છે, એવું એણે કબુલ કર્યું એમ ગણાય. પરંતુ કોઈ ધણી ઘણો આકરોછતાં ચાકરને ગમે તેવું અયોગ્ય કામ કહે, અથવા તેના ઉપર ઘણી સખ્તી કરે, તો ચાકરની નજરમાં આવે, તો એવું કામ તેને સાંભળવાની જરૂરી નથી.

ચાકરને કહાડી મુકવો.

૪૪૮. જો ચાકર ધણીની યોગ્ય આજ્ઞા જાણીજોઇને તોડે, અથવા તેણે કહેલું વાજબી કામ કરવાને હમેશ સુસ્તી કરે, અથવા કામ કરવાને બરોબર આવતો ન હોય, અથવા ઘણીજ ખોટીરીતે ચાલે, તો ધણીએ નજરમાં આવે, તો ચાકરીનો કરાર રદ કરીને ચાકરને કહાડી મુ-

કરો. મુંબાઇટાપુમાં ચાકરને એ બાબત માજીસ્ટ્રેટને ત્યાં શિક્ષાપણ થાય છે.

સને ૧૮૬૦ નો આક્ટ ૪૫ કલમ ૪૯૦ તથા ૪૯૨.

૪૪૯. સને ૧૮૬૦ના ૪૫મા આક્ટની કલમ ૪૯૦ મી અને ૪૯૨મી પ્રમાણે સફરે, અથવા માર્ગક્રમણ કરતી વખત, અથવા બ્રિટિશ સરકારના અમલ માંહેલા દુરદેશમાં ત્રણ વરસ કરતાં વધારે નહીં, એવી મુદત સુધી નોકરી કરવાને કાયદા પ્રમાણે લખેલો કરાર થયાપછી તે આપખુશીથી, તથા યોગ્ય કારણ નહીંછતાં નોકરી છોડીને જાય, તો તે ઉપર ફોજદારીમાં ફિર્યાદ ચાલે.

ચાકરી કર્યા બદલ પગાર.

૪૫૦. કરાર પ્રમાણે ચાકરને પગાર મળે; પરંતુ પગાર બાબત કરાર ન હોય, તો તેની મેહેનત પ્રમાણે તેને જે આપવું યોગ્ય જણાય, તે તેને મળે. જો વિના કારણે તેને ચાકરીમાંથી કહાડ્યો, તો તેણે બીજાની ચાકરી ખોળી લઇને નુકસાન બાબત ફિર્યાદ કરવી; અથવા ચાકરીની મુદત પુરી થાય ત્યાંસુધી તેણે, ધણી પોતાને કામ ઉપર બોલાવે છે, કિંવા નહીં, તેની વાટ જોવી; અને પછી સર્વ પગાર બાબત ફિર્યાદ કરવી; અથવા નજરમાં આવે, તો કહાડી મુક્યાની તારીખથી ચાકરીના કરાર રદ સમજીને તેણે જેટલા દિવસ કામ કર્યું હોય, તેટલા દિવસને સારૂ ફિર્યાદ કરવી.

ચાકરીનો અવિભાજ્ય કરાર.

૪૫૧. જો ચાકરીનો કરાર બાંધી મુદતનોછતાં અવિભાજ્ય[1] હોય, તો ચાકરે તે મુદત પુરી થાય ત્યાંસુધી ચાકરી ન કરી હોય, તો તેને ચઢેલા દિવસનો પગાર મળનાર નહીં; માટે જો કોઈ ચાકર એવો કરાર કરે કે, ધણીની સાથે પ્રવાસ જઇને તે પાછો આવે ત્યાંસુધી ચાકરી કરવી, અને તે બાબત ૧૦૦ રૂપીઆ લેવા, તો તેણે વચમાંથીજ ચાકરી છોડી હોય, તો પ્રવાસ જઇને આવે ત્યાંસુધી જેટલા દિવસ થાય તેટલા દિવસોના ૧૦૦ રૂપીઆના હીસાબથી થએલા

[1] ભાગ જુદા પાડીશકાય નહીં એવો.

દિવસોનો પગાર તેને મળનાર નહીં. કારણકે, સર્વ પ્રવાસ થયાથીજ ૧૦૦ રૂપીઆ આપવા, નહીંતો કાંઈ આપવું નહીં, એવા હેતુ એ કરાર ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે; પરંતુ જો એવા કરારમાં વચમાંથી કરાર તોડવાનો અધિકાર પક્ષકારોને આપ્યો હોય, અથવા બંને પક્ષકારોએ પરસ્પરના સંમતીથી કરાર રદ કીધો, તો ચાકરને ચડેલા દિવસોનો પગાર મળે છે.

૪૫૨. જો ધણી ઉપર ચાકરે પોતાના પગારસારૂ ફિર્યાદ કરી, તો ચાકરની ઘણીજ સુસ્તીથી માલ ગયો હોય, અથવા બીજું કાંઈ નુકસાન થયું હોય, તો તે ફિર્યાદમાં ધણીને તે બાદ કરવાનો અધિકાર નથી; તે બાબત તેણે નજરમાં આવે, તો જુદી ફિર્યાદ કરવી. પરંતુ એ વિશે વિશેષ કરાર હોય, તો બાદ કરવા વિશે તકરાર ચાલે. બાદ કરવાનો અધિકાર નથી.

૪૫૩. ખલાસી લોકોના પગાર વિશે સન ૧૮૫૯ના૧લા કાયદામાં કહેલું છે. સને ૧૮૫૯ નો કાયદો ૧લો.

૪૫૪. જો કોઈએ બીજાને પોતાનો ધંધો શિખવીને તેની પાસેથી અમુક મુદત સુધી ફોગટ કામ કરી લેવાનો કરાર કીધો, તો એવી રીતે ધંધો શિખનારને કરારનામાના વિદ્યાર્થી (ઍ૦ આપ્રેન્ટિસ) કહે છે. એવા વિદ્યાર્થી કરારનામામાં સાધારણપણે એમ લખી આપે છે કે, હું કરાર માંહેની મુદત પુરી થાય ત્યાંસુધી સાચા દીલથી ચાકરી કરીશ, ધંધામાંહેની છાની વાત કોઈને કહેનાર નહીં, યોગ્ય આજ્ઞામાન્ય કરીશ, સોંપેલો માલ બરોબર સંભાળીશ, જુગાર રમીશ નહીં, હું મારા આગલા ફાયદાનેસારૂ કાંઈ ધંધો ચલાવીશ નહીં, લીધેલું કામ કરવાને વખતે વખતે હાજર રહીશ વગેરે; અને ધણી લખી આપે છે કે, કરારની મુદત પુરી થાય ત્યાંસુધી ધંધો શિખવવાનેસારૂ હું તેને મારીપાસે રાખીશ, ધંધો શિખવીશ, વિદ્યાર્થી જો માંદો પડ્યો, તો અન્ન, વસ્ત્ર તથા રહેવાને જગા આપીશ વગેરે. કરાર નામના વિદ્યાર્થિ.

વિદ્યાર્થીને કહાડી મુકવા.

૪૫૫. જો વિદ્યાર્થિ દુરાચરણે ચાલ્યો, તો ધણીએ નજરમાં આવે, તો તેને કહાડી મુકવો.

## ૨ નીમી આપેલું કામ ભાડે કરાવી લેવું.

નિમી આપેલું કામ.

૪૫૬. પાછળ ચાકરીનો જે પ્રકાર કહ્યો, તેમાં કામ બાંધી આપેલું નહીંછતાં અમુક મુદતમાં અમુક પ્રકારનું જે કામ ધણી કહે તે કરવું એવું હતું; પરંતુ હવે આગળ જે ચાકરીનો પ્રકાર કહેવાનો છે, તેમાં ચાકરને બાંધી આપેલું કામ સોંપ્યું છે, એમ માનેલું છે.

ધણીએ મુખ્ય પદાર્થ આપવો જોઇએ.

૪૫૭. નીમી આપેલું કામ કરવાને જે મુખ્ય સામાન લાગે, તે ધણીએ આપવો જોઇએ. પરંતુ સામાન પણ ચાકરેજ પુરો કરવો, એવો કરાર હોય, તો ચાકરે સામાન પોતાની ગાંઠનો લેઇને તથા નીમેલું કામ કરીને, તે ધણીને વેચાણ કરવાનો કરાર કીધો એમ થાય છે. જેમકે, જો કોઇએ અંગરખાં શીવવાને દરજીને કપડું આપ્યું, તો દરજીએ પોતાની ગાંઠના દોરા લીધા હોય, તોપણ અંગરખા શીવવાનો જે મુખ્ય પદાર્થ કપડું જોઇએ, તે ધણીએ આપ્યું, માટે તે ભાડેથી આપવા લેવાનો કરાર થાય છે. પરંતુ જો દરજીને કપડું ન આપતાં તેણેજ અમુક પ્રકારનું કપડું લેઇને અંગરખાં શીવી આપવાનું તેને કહ્યું હોય, તો એ અંગરખાં તૈયાર કરીને વેચવાનો કરાર કર્યો, એમ ગણાયછે.

કામનું સ્વરૂપ બરોબર કહીને હરકત લાવવીનહીં.

૪૫૮. કામનું સ્વરૂપ કહેતી વખત ધણીએ કાંઈ કપટ કરવું નહીં, અને કામગાર કહેલું કામ કરતાંછતાં ધણીએ પોતાની તરફથી કાંઈ હરકત નાંખવી નહીં; માટે જો કામમાં ધણીએ હરકત નાંખી, તો જેટલું કામ થયું હોય, તેટલાને વાસ્તે, જે યોગ્ય પગાર થાય તે, અને કરાર તોડવાથી થએલું નુકસાન પણ ધણીએ ચાકરને ભરી આપવું જોઇએ.

કામ કરવાનો વખત.

૪૫૯. કામ જે વખતે આરંભવાનું કબુલ કર્યું હોય, તે વખતે તે આરંભવું જોઇએ. પરંતુ જે વખતે તે પુરૂં કરવાનું

કબુલ કર્યું હોય, તે વખતે તે પુરૂં ન થયું હોય, તો કરાર રદ થાય છે, એમ નહીં. તથાપિ કામ કહેનારની તે બાબતની નુકસાનીની ફિર્યાદ ચાલશે. જેમકે, કોઇએ કાર્તિક શુદ ૧ ઘર બાંધવાનો પ્રારંભ કરવાનું કબુલ કરીને તે દિવસે ઘર બાંધવાનો પ્રારંભ કર્યો નહીં, તો કામ કહેનારે નજરમાં આવે, તો કરાર રદ કરવો. પરંતુ જો તે કામગારે કબુલ કરેલી મુદતમાં ઘર બાંધી આપ્યું નહીં, તો એવા કારણ ઉપરથી તેનો પગાર ડુબાવાય નહીં. કારણ કે, થોડું કામ કરવાનુ રહ્યું તેથી થએલા પુષ્કળ કામના પૈસા ડુબાવવા એ યોગ્ય જણાતું નથી. જો એવોજ કરાર કરવાનો ઉભય પક્ષકારનો હેતુ હોય, તો તે સ્પષ્ટ બતાવેલો હોવો જોઇએ.

૪૬૦. કહેલું સર્વ કામ પુરૂં થએથીજ કામગારને મેહેનતના પૈસા મળે એમ કબુલ કર્યું હોય, તો સર્વ કામ પુરૂં થયાવિના મેહેનતના પૈસા મળવાના નથી. જેમકે, જો એક ગાડીવાને કોઈ જાત્રાળુને પુનેથી કાસી લેઈ જવાને ઉચક ૮૦૦ રૂપીઆ લેવાનો કરાર કર્યો હોય, અને ગાડીવાને તે જાત્રાળુને વચમાંથી છોડી દીધો હોય, તો તેને જેટલા કોસનો પ્રવાસ થયો હશે તેટલા કોસના પૈસા આઠસે રૂપીઆના હિસાબથી તેને મળવાના નહીં. કારણ કે, ગાડીવાને કબુલ કરેલું કામ અવિભાજ્ય છે.

અવિભાજ્ય કામ વચમાંથી છોડાય નહીં.

૪૬૧. પરંતુ કબુલ કરેલું કામ ભાગ પાડીસકાય એવું હોય, તો એ વિશે કાંઈ કરાર, કિંવા જુદો ચાલ ન હોય, તો જે પ્રમાણે કામ થતું જાય, તે પ્રમાણે તેના પૈસા ચુકાવી આપતાં રહેવું જોઇએ. જેમકે, એક હાથ ઊંચાઇના પાંચ રૂપીઆ એવી કબુલતથી કોઈ કડીઆને ભીંત બાંધવાનું કહ્યું હોય, અને તેણે જો ભીંત પુરી બાંધી નથી, તોપણ તેને ઠરાવેલા દર પ્રમાણે થએલા કામના પૈસા મળશે.

વિભાજ્ય કામ વચમાંથી છોડી સકાય.

૪૬૨. કામ કરનારને કાંઈ કામ કહ્યાપછી બંને પક્ષકારોના સંમતથી કામમાં કાંઈ ફેરફાર કર્યો, જેમકે, એક

કામનું સ્વરૂપ પાછળથી બદલે તો,

માળનું ઘર બાંધવાને કહ્યાછતાં બીજો માળ ચડાવવાનું કહ્યું, તો મૂળનો કરાર જેવો હોય તેવોજ રહીને જાસ્તી કરેલા કામના પૈસા દસ્તુર પ્રમાણે મળશે. પરંતુ પાછળથી કહેલું કામ બીલકુલ જુદા પ્રકારનું હોય, જેમકે, ઘર બાંધવાને કહ્યાછતાં ઘર ન બંધાવતાં વખાર બાંધવાનું કહ્યું, તો મૂળનો કરાર રદ થઇને કામના શુમાર પ્રમાણે યોગ્ય પૈસા મળશે.

**કામનો નાશ થાયતો.**

૪૬૩. જો કહેલું કામ અવિભાજ્ય હોય, અને સર્વ કામ પુરૂથતાં પેહેલાં કામ કરનારને પૈસા મળવાના નથી, એવો કરાર હોય, અને કામ પુરૂથતાં પેહેલાં કાંઈ આકસ્મિક કારણને લીધે થએલા કામનો નાશ થયો, તો કામ કરનારને કાંઈ મળનાર નથી; પરંતુ કામ વિભાજ્ય હોય, અને તે જેમ જેમ થતું જાય તેમ તેમ કામ કરનારને પૈસા ચુકાવી આપવા, એવો કરાર હોય, તો થએલા કામના પૈસા મળશે.

**અવિભાજ્ય કામ કરવાને આપેલા સામાનનો નાશ થાય તો.**

૪૬૪. જો કામ કહેનારે પોતાની પાસેથી સામાન આપીને કાંઈ અવિભાજ્ય કામ કરવાનું કહ્યું હોય, અને કામ કરનારના હાથમાં કામછતાં કાંઈ અનિવાર્ય કારણથી કામનો નાશ થયો, તો સામાનનો નાશ થયાથી થએલું નુકસાન કામ કહેનારે ભોગવવું; અને મેહેનત ફોગટ ગયાનું નુકસાન કામ કરનારે ભોગવવું. જેમકે, દરજીને લુગડું આપીને અંગરખાં શીવવાનુ કહ્યુ હોય, અને અંગરખાં શીવતાં પેહેલાં આકસ્મિક કારણથી લુગડું બળી ગયું, તો લુગડું બળી ગયાનું નુકસાન લુગડું આપનારે ભોગવવું; અને મેહેનત ફોગટ ગયાનું નુકસાન દરજીએ ભોગવવું. પરંતુ અંગરખાં તૈયાર કરીને માલિકને આપવા સરખાં હોવાછતાં એવું નુકસાન થાય, તો તે માલિકે ભોગવવું પડે; અને દરજીને તેની મેહેનતના પૈસા પણ આપવા પડે.

**વિભાજ્ય કામકરવાને આપેલા સામાનનો નાશ થાયતો.**

૪૬૫. જો કામ કહેનારે પોતાની પાસેનો સામાન આપીને કાંઈ વિભાજ્ય કામ કરવાનુ કહ્યુ હોય, અને કામ કરનારના હાથમાં કામછતાં કાંઈ અનિવાર્ય કારણથી કરેલાં

કામનો નાશ થયો, તો કામ કહેનારે સામાનનું નુકસાન પોતે ભોગવીને કામ કરનારને મજુરીના પૈસા આપવા જોઇએ. કારણકે, જેમ જેમ કામ થતું જાય છે, તેમ તેમ તે કામ કહેનારનુ થતું જાય છે, અને તે ઉપર તેની મજુરી લાગુ થતી જાય છે.

૪૬૬. દુરસ્ત કરવાસારૂ આપેલો પદાર્થ દુરસ્ત કરવામાં કામ કરનારે પોતાના પદરથી કાંઈ સામાન લેઇને વાપર્યો, તો તે સામાન એ પદાર્થને લગાવતાંજ કામ કહેનારનો થાય છે. માટે આપેલો પદાર્થ તથા લગાવેલો સામાન અનિવાર્ય કારણથી બળી ગયો હોય, તો જો કામ પુરૂથતાં પેહેલાં તે બળી ગયો હોય, તોપણ વિશેષ કરાર ન હોય, તો કામ કહેનારને તે સર્વ નુકસાન ભોગવવું પડે છે. જેમકે, ગાડી કરવા આપી હોય, અને કામ કરનારે તેને પોતાનો કાંઈ સામાન લગાવ્યો હોય, અને તેની પાસે ગાડીછતાં તે બળી ગઇ, તો તે કામ કરનારના પૈસા બુડતા નથી.

મુખ્ય પદાર્થને લગાવેલો સામાન તેના અંગનો ગણાય છે.

૪૬૭. જો કોઈ કામ કરનારને કાંઈ કામ એવા કરારથી કહ્યું હોય કે, તે તૈયાર થયા પછી કામ કહેનારને પસંદ આવે, તો મેહેનતના પૈસા આપવા, તો કામ કહેનારો થએલું કામ પસંદ કરે ત્યાંસુધી કામ કરનારને પૈસા મળવાના નહીં; પરંતુ કામ કહેનારે તૈયાર થએલું કામ પસંદ છે, કિંવા નહીં, એ યોગ્ય મુદતમાં જણાવવું જોઇએ. અને તેણે કપટથી ના પસંદ કર્યું હોય, તો તે વિશે કોરટમાં ફિર્યાદ કરવી, અને જો કોરટ તે કામ પસંદ કરે, તો કામ કરનારને તેની મેહેનતના પૈસા મળશે.

કામ કહેનારનો કામ તપાસવાનો હક.

૪૬૮. કામ કહેનારને કાંઇજ ફાયદો નહીં થવા સરખું કામ કરનારે કામ ખરાબ રીતે કીધું હોય, તો તેને તે બાબત મજુરી મળવાની નહીં, એટલુંજ નહીં; તેણે કરીને કામ કહેનારનું કાંઈ વિશેષ નુકસાન થયું હોય, તો તે બાબત તેના ઉપર ફિર્યાદ પણ ચાલશે.

કામ ખોટી રીતે કર્યું હોય, તો મજુરી ડુબે છે.

ખોટું કામ કબુલ કરેતો.

૪૬૯. કહેલું કામ બરોબર થયા નહીંછતાં પણ કામ કહેનારાએ તેનો સ્વીકાર કર્યો હોય, તો તે કામ બાબત વાસ્તવિક રીતે જે મળવું જોઇએ તે એ કામ કરનારને મળશે.

ખોટું કામ કબુલ રાખવું પડેતો.

૪૭૦. કામ કરતી વખતે કામ કરનારે પોતાની ગાંઠનો નાંખેલો કાંઈ સામાન, અને કામ કહેનારે આપેલો પદાર્થ એ બંનેનો છેક અડીને સંયોગ થઈ ગયો, અને કામ બગડ્યું હોય, અને તે કામ કહેનારને સ્વીકારવું પડ્યાથી જો તેને તેનો કાંઈ ઉપયોગ થવા સરખું હોય, તો કામ કરનારને તેની યોગ્ય મજુરી મળશે. પરંતુ જો તે કામ કાંઇજ ઉપયોગમાં આવે એવું ન હોય, તો તેને તે વિશે મજુરી બીલકુલ મળવાની નથી. જેમકે, ભીંત જેવી રંગવી તેવી ન રંગાયાથી, જો કામ કહેનારને કાંઇજ ફાયદો થવા સરખું ન હોય, તો તે બદલ કાંઇજ મજુરી મળવાની નથી; પરંતુ જો કાંઈ ફાયદો થવા સરખું હોય, તો તેને યોગ્ય મજુરી મળશે.

વિશેષ ચાતુર્થ અવશ્ય હોય, તો કામ કરનારે જાતે કામ કરવું.

૪૭૧. કામ સાધારણ પ્રકારનું હોય, તો કામ કરનાર, તે પોતાના હાથ તળેના માણસ પાસે કરાવી સકે છે; પરંતુ તે કરવાને વિશેષ પ્રકારનું કંઈ શાહાણપણ અથવા કૌશલ્ય જોઈતું હોય, તો તે તેણે પોતાની જાતે કરવું જોઇએ. જેમકે, કોઈ મિસ્તરીએ ઘરની ભીંત બાંધવાનો મકો (ઇજારો, કંટરાકટ) લીધો હોય, તો તે એ કામ ગમે તો પોતાના હાથ તળેના માણસો પાસે કરાવે. પરંતુ કોઇએ તસવીર કહાડવાનું કામ કબુલ કર્યું હોય, તો તે તેણે જાતે કરવું જોઇએ.

વચમાંથી કામ બંધ કર્યું હોયતો.

૪૭૨. સર્વે કામ પુરૂ થતાં પેહેલાં જો કામ કહેનારે કામ બંધ કરીને પદાર્થ પાછો આપવાને કામ કરનારને કહ્યું. તો કામ કરનારે તે પદાર્થ લાગલોજ પાછો આપવો; પરંતુ કામ કરનારને તે બાબત ખરચ વગેરે જે નુકસાન થયું હોય, તે તેણે ભરી લેવું.

કામ કહેનાર ઉ-

૪૭૩. જો કામ કરનારે કામ કહેનાર ઉપર મેહેનતના

પૈસાસારૂ ફિર્યાદ કરી, જો કામ બરોબર કર્યું ન હોય, તો મેહેનતના પૈસા કમી કરવા વિશે તે તકરાર લેઈ શકે છે. તથાપિ એવી તકરાર લીધાથી કામ કહેનારનો નુકસાન ભરી લેવા વિશે ફિર્યાદ કરવાનો હક મુકલો નથી. પર ફિર્યાદ.

### ૩ ભાડું આપી ફક્ત રાખી મુકવાસારૂ પદાર્થ આપવો.

૪૭૪. જે માણસને ભાડું આપી ફક્ત રાખી મુકવા સારૂ પદાર્થ આપવો હોય, તેણે ઘણોજ સાવધ મનુષ્ય પોતાનો સામાન સંભાળવા વિશે જેટલી ખબરદારી રાખે છે, તેટલી ખબરદારી એ પદાર્થ સંભાળવામાં તેણે રાખવી જોઈએ. માટે જો કોઈ વખારવાળા પાસે માલછતાં વખારમાં ઉંદરે તથા કોળે માલ ખરાબ કર્યો, તો જો તેણે ઉંદર કોળના બંદોબસ્તસારૂ બીલાડીઓ પાળી હોય, તોપણ તે જવાબદાર થાય છે. પરંતુ જો માલિકનીજ ચાલચલણ ઉપરથી માલને કાંઈ હરકત પહોંચી, તો વખારવાળો જવાબદાર થતો નથી. માટે જો માલિકે વ્યાપારી લોકને વખારમાં વારેવારે લાવીને માલ દેખાડયો, અને તેણે કરીને માલ ચોરીએ ગયો, તો તે બાબત વખારવાળો જવાબદાર થતો નથી. ખબરદારી.

૪૭૫. જો કેટલાંક માણસે મળીને કોઈ વખારવાળા પાસે કાંઈ માલ રાખ્યો હોય, તો તેઓમાંથી કોઇને એકલાને તે માલ વખારવાળા પાસેથી પાછો લેવાનો અધિકાર નથી. જો વખારવાળા પાસે કોઈ ત્રાહિત આવીને તે માલ મારો છે, માટે તે સોંપનારને આપવો નહીં, એમ કહે, અને મુકેલો માલ ત્રાહિતનો છે, અને સોંપનારનો નથી, એમ જો વખારવાળાને યોગ્ય કારણ ઉપરથી જણાય, તો વખારવાળાએ તે સર્વેને કોરટમાં જઇને પોતપોતાના હક સાબીત કરવાનું કહેવું. ત્રાહિતના હક.

---

## પ્રકરણ ૭.

### સર્વનો માલ લેઈજનારા,-આગગાડીવાળા,-હુંડી, ભાડાવાળા.

સર્વનો માલ લેઇજનાર એટલે કોણ.

૪૭૬. કેટલાએક માણસો એવા છે કે, તે જે પ્રકારનો અને જે ઠેકાણે માલ લેઇ જવાનો ધંધો કરતા હોય તે પ્રકારનો, અને તે ઠેકાણે લેઇજવાને કોઇએ તેઓને સ્વાધીન કાંઈ માલ કર્યો હોય, તે તેઓને લેઈ જવોજ પડે છે. એવા પ્રકારના માણસોને **સર્વનો માલ લેજઈનાર** એમ કહેવા. મુંબઇમાં ગાડાવાળા, આગગાડીવાળા, (ઈં૰ રેલવે કંપની) વગેરે એ **સર્વનો માલ લેઈજનારા** હોય છે. પરંતુ ફકત મુસાફરોને લેઇજનારા આગગાડીવાળા, **સર્વના માલ લેઈજનારા** નથી. તથાપિ કાયદાના વિશેષ ઠરાવથી તેઓના હક તથા જવાબદારી **સર્વનો માલ લેઈ જનાર** પ્રમાણે થઇછે. સને ૧૮૫૪ નો આકટ ૧૮, સને ૧૮૬૧ નો આકટ ૧૯, અને સને ૧૮૬૫ નો મુંબઈ કૌંસલનો આકટ ત્રીજો જુવો.

સને ૧૮૬૫નો કાયદો ૩ જો.

૪૭૭. સને ૧૮૬૫ના ત્રીજા કાયદામાં હુંડા ભાડાવાળો, આ શબ્દનો એવો અર્થ કર્યો છે કે, સરકાર શિવાય બીજો જે કોઈ માણસ ભાડું લેઇને લોકનો માલ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખુશ્કીને રસ્તે, અથવા નદીમાંથી અથવા ખાડીમાંથી લેઇજવાનું કામ કરતો હોય, તે માણસ હુંડાભાડાવાળો (**સર્વનો માલ લેઈજનારો**) સમજવો. આ ઉપરથી એમ માલમ પડે છે કે, દાણાપીઠમાંહેના હમાલ, મજુર, એ, **સર્વનો માલ લેઈજનારા** નથી.

મુસાફરને લેઇજવાનું કબુલ કરવાથી જવાબદારી.

૪૭૮. જો **સર્વનો માલ લેઈજનારે** મુસાફરને લેવાનું કબુલ કર્યું, તો તે મુસાફરોની સંભાળ કરવા વિશે તેણે ઘણીજ સાવધગરી રાખવી જોઇએ. પરંતુ એવી સાવધગરી રાખીને પણ કાંઇ આકસ્મિક કારણથી મુસાફરોને ઉપદ્રવ થયો હોય,

તો તે વિશે તે જવાબદાર થતા નથી. જેમકે, ગાડીના ઘોડા એકાએક અટકયા, અથવા આગગાડીનો યંત્ર એકાએક ભાગ્યો, અને તેણે કરીને મુસાફરને ઇજા થઇ, તો તે વિશે લેઇજનાર જવાબદાર થતો નથી. પરંતુ ગાડી વાપરવા જોગ ન હોય, અથવા આગગાડીની સડક બરોબર ન હોય, અથવા આગગાડીનો યંત્ર બરોબર ચાલવા લાયક ન હોય, કિંવા ગાડીઓ સારી સ્થિતિમાં ન હોય, કિંવા યંત્ર ચલાવનારે દારૂ પીધો હોય, તેનેલીધે તેનાથી કામ બરોબર થતું ન હોય, કિંવા એવા પ્રકારનું બીજું કાંઇ કારણ હોય, તો તે વિશે લેઇજનાર જવાબદાર થાય છે.

હાંસીલ લેઇને મુસાફરને લેઇ જવો જોઇએ.

૪૭૯. સર્વનો માલ લેઇજિનારે મુસાફરને લેઇજિવાનું કબુલ કર્યું હોય, તો તેની યોગ્યતા ઉપર લક્ષ નહીં આપતાં વાજબી પૈસા લેઇને તેને તથા તેની સાથે જેટલો સામાન જવાનો તેટલો સામાન પણ લેઇ જવો. જો કોઇ મુસાફરને આગગાડીવાળાએ બરોબર હાંસીલ લેઇને ટીકીટ આપી હોય, તો તેને જગા આપીને યોગ્યરીતે લેઇજવો જોઇએ; પરંતુ ટીકીટ વચલા કોઈ સ્ટેસન ઉપર આપી હોય, તો ગાડીમાં જગા હોય, તોજ માત્ર તેને લેઇજનારે લેઇજવો જોઇએ.

અડચણ ન હોય તો તેણે માલ લેઇ જવો જોઇએ.

૪૮૦. પ્રત્યેક સર્વનો માલ લેઈજનારને જે કોઇ ભાડું આપવાનું કબુલ કરે તેનો માલ તેણે લેઇજવો જોઇએ. પરંતુ જો ગાડીમાં જગો ન હોય, કિંવા માલને જોખમ લાગવાસરખું હોય, કિંવા જે પ્રકારનો માલ લેઇજવાને કહીએ તે પ્રકારનો તે ન હોય, તો તેણે એવો માલ નજરમાં આવે, તો લેઇજવો નહીં.

અને બરોબર પહોંચાડવો જોઇએ.

૪૮૧. જે માલ લેઇજવાને કહે છે, તેની યોગ્યતા તરફ લક્ષ ન આપતાં સર્વના માલ લેઈજનારે પોતાના હમેશના દર પ્રમાણે ભાડું લેવું, અને માલિકે માલ જે માણસને સ્વાધીન કરવાને કહેલું હોય, તેને સ્વાધીન તે માલ ઠરાવેલી વખતે તથા ઠેકાણે કરવો.

સન ૧૮૬૪નો આક્ટ ૧૮ માની કલમ ૧૦મી.

૪૮૨. જો સીકા પાડેલું, કિંવા સીકા નહીં પાડેલું, અથવા ઘાટ ઘડેલું, કિંવા નહીં ઘડેલું સોનું, કિંવા રૂપું, અથવા જ્વાહીર, કિંવા જડાવ દાગીના, અથવા નાનાં ઘડીઆળો, કિંવા મોટી વાગતી ઘડીઆળો, કિંવા કોઈ પણ પ્રકારના ટૈમપીસની જાતના ઘડીઆળો, કિંવા દાગીના, કિંવા સરકારી પ્રોમિસરીનોટો, કિંવા હુંડીઓ, કિંવા પ્રોમિસરીનોટો, કિંવા બ્યાંકનોટો, કિંવા નાણાં આપવાના હુકમો, કિંવા બીજા દસ્તાવેજ, કિંવા સરકારી છાપેલા કાગળો, કિંવા હાંસીલની ચકતીઓ, કિંવા નકશા, કિંવા લેખ, કિંવા ખતપત્ર, કિંવા રંગથી કહાડેલાં ચિત્ર, કિંવા કોરણીની છાપથી છાપેલાં ચિત્ર, તસબીરો, કિંવા રસેલી જણસો, કિંવા બીલોરી કામ, કિંવા ચીની કામ, કિંવા રેસમ, કિંવા ફક્ત રેશમની જણસો, કિંવા બીજી જણસો સાથે મેળવેલી રેશમની જણસો, કિંવા શાલો, કિંવા ફીંટ, કિંવા સદરહુ જણસો માંહેની કાંઈ પણ જણસ બીંદડીમાં, કિંવા ગાંસડીમાં બાંધી હોય, તે બીંદડી, કિંવા ગાંસડી ભાડે લેઇને જવાસારૂ, કિંવા કોઈ ઉતારૂ લોકો સાથે લેઇ જવાસારૂ આગગાડીવાળી સદરહુ પ્રકારની કોઇ પણ મંડળીને સ્વાધીન કરીહોય, અને તે મોકલનાર, કિંવા આપનાર માણસે તેની અંદરના પદાર્થની કીમત તથા પ્રકાર જાહેર કર્યો ન હોય, અને એવો પદાર્થ સલામત પહોંચાડવાસારૂ જાસ્તી ભાડું લેવા વિશે ઠરાવ કરવાનો અધિકાર આગગાડીવાળાની તરફથી જે માણસને ખસુસ કરીને આપ્યો હોય, તે માણસે તે પદાર્થ સલામત લેઇ જવાસારૂ જાસ્તી ભાડું કબુલ કર્યા શિવાય, તે ( પદાર્થ ) ગયો આવ્યો કિંવા તેને કાંઈ નુકસાન થયું, તો તેની જવાબદારી આગગાડીવાળાને માથે નથી.

સન ૧૮૬૫ નો કાયદો ૩ જો.

૪૮૩. સને ૧૮૬૫ના આક્ટ ત્રીજામાં એમ ફરમાવ્યું છે કે, હુંડાભાડાવાળાને સો રૂપીઆ કરતાં વધી કીમતનો અને એ કાયદાને જોડેલા પરિશિષ્ટમાં કહેલા પ્રકારનો

માલ લેઇજવાસારૂ સોંપ્યા હશે, તે ખોવાઈ જશે, અથવા તેને નુકસાન લાગશે, તો તેનું જોખમ હુંડાભાડાવાળાને માથે નથી. પણ એવો માલ સોંપનારે તે સોંપતી વખત તેની કીમતના કરાર તે હુંડાભાડાવાળાને અથવા તેના આડતીઆને આસુસ કરીને બતાવ્યું હશે, તો તે હુંડાભાડાવાળો નુકશાન વિશે જવાદાર થશે.[1]

૪૮૪. માટે જો સર્વેનો માલ લેઇજનારની પણીજ સુસ્તીથી ૪૮૨ તથા ૪૮૩ મી કલમમાં કહેલા પ્રકારનો માલ ખોવાયો, તો તે કલમમાં લખ્યા પ્રમાણે માલિક ચાલ્યો ન હોય, તો તે લેનાર જવાબદાર થતો નથી. પરંતુ જો સર્વેનો માલ લેઇજનારે કિંવા તેના નોકરે એવા પ્રકારનો માલ લેઇજવાનું કામ જાણીજોઇને ખોટી રીતે કર્યું, અને તેણે કરીને નુકસાન થયું, તો માલિકે ચાલવું જોઇએ. તે પ્રમાણે ચાલ્યો ન હોય, તોપણ તે લેઇજનારે થએલું નુકસાન ભરી આપવું જોઇએ. પરંતુ.

૪૮૫. ચારસેંને બ્યાશીમી કલમમાં કહેલા પ્રકાર શિવાય બીજા પ્રકારનો માલ લેઇજવાસારૂ કોઈ સર્વેનો માલ લેઇજનારની પાસે સોંપેલો હોય, અને તેને કાંઇ નુકસાન પહોંચે, તો તે નુકસાન કોઇ પણ કારણથી થયું હોય, તો તે ઇંગ્લિસ કાયદા પ્રમાણે તે નુકસાન બાબત જવાબદાર થાય છે. પરંતુ નુકસાન, વિજળીથી કિંવા બીજા કાંઈ ઈશ્વરીકૃત્યથી થયું હોય, તો તે વિશે તે જવાબદાર થતો નથી. માટે જો આગગાડીમાંનો માલ ચોરે લુટ્યો કિંવા ગાડીમાં કોઇએ ચલમ ફુંકયાથી તેને આગ લાગ્યાથી તે બળી ગયો, તો તે વિશે તે જવાબદાર થાય છે; કારણકે, એવા લોકો ઉપર કોઇપણ કારણથી નુકશાન થયાથી તે જવાબદાર થાય છે.

[1] ઉપર લખ્યા પ્રમાણે જ્યારે હુંડાભાડાવાળા ઉપર જવાબદારી લાગે છે, ત્યારે માલ સોંપનારે માલ લેઇજવા બાબત જે નાણું આપ્યું હશે. તે પણ પાછું વસુલ કરવાને તે મુખ્ત્યાર છે.

ગરજવંત માણસોને હમેશ ભરૂસો રાખવો પડે છે, માટે તેઓના ઉપર એટલી જવાબદારી રાખી ન હોય, તો તે લોકોને ફસાવે.

પરંતુ. ૪૮૬. પરંતુ સને ૧૮૫૪ના ૧૮મા આક્ટની ૧૧મી કલમ ઉપરથી એવું જણાય છે કે, આગગાડીવાળાના કારભારીની, કિંવા તેઓના નોકરોની ગફલતથી એવા માલને નુકસાન પહોંચે, તો તે વિશે તે આગગાડીવાળો જવાબદાર થાયછે.

તથાપિ. ૪૮૭. તથાપિ એવો કાયદો કરવામાં કાયદા કરનાર મંડળીનો એવો હેતુ હોય નહીં, અને ન્યાયરીતે જોતાં પણ એ નિયમ યોગ નથી, એટલે સોંપેલા માલને બીજી રીતે નુકસાન થયું હોય, તો આગગાડીવાળાને તેના વિશેની જવાબદારીમાંથી મુક્ત કરવું, એ કાયદા કરનાર મંડળીના મનમાં હોય નહીં, અને એ વાજબી પણ નથી, એ પ્રમાણે મદ્રાસ સરકારનો મત છે. પરંતુ સને ૧૮૬૫ના ૩ આક્ટના મુસદા વિશે વિચાર કરતી વખતે મેહેરબાન મેન સાહેબે ભાષણ કરેલું તેના ઉપરથી એવું માલમ પડે છે કે, સને ૧૮૫૪ના ૧૮મા આક્ટની ૧૧મી કલમ પ્રમાણે આગગાડીવાળા ફક્ત તેઓના કારભારીની, કિંવા નોકરોની ગફલતથી સોંપેલા માલને નુકસાન થાય, તો તેવા નુકસાન બાબત તે આગગાડીવાળા જવાબદાર થાય છે.

સન ૧૮૬૫ નો આક્ટ ૩ જો. ૪૮૮. તેમજ સને ૧૮૬૫ના ૩ આક્ટમાં કહેલા પ્રકાર શિવાય બીજા પ્રકારનો માલ હુંડાભાડાવાળાને સોંપ્યો હોય, તો તે માલ તેની અથવા તેના આડતીઆનો અથવા ચાકરની ગફલતથી અથવા ગુનાના કામથી ખોવાઈ જશે, અથવા તેને નુકસાન લાગશે, તોજ તે હુંડાભાડાવાળાને તે માલ ગયાનુ અથવા તેને નુકસાન લાગાનો જવાબ દેવો પડશે.[1]

---

[1]માલ ખોવાઈ ગયા બાબત, અથવા તેને નુકશાન લા-

૪૮૯. તથાપિ એ લક્ષમાં રાખવું કે, સોંપેલો માલ ઉપરના આક્ટોમાં કહેલા પ્રકારનો નહીં હોય, તો તે વિશે **સર્વેનો માલ લેઇજનારે** લોકોમાં ઝાહેરાંત આપ્યાથી અથવા સોંપનાર સાથે કાંઈ વિશેષ કરાર કરાથી તેની જવાબદારી ઓછી થઈ સકતી નથી.[1] — જવાબદારી ઓછી થાય નહીં.

૪૯૦. માલને કોઈ પણ કારણથી નુકસાન થયું હોય, તો **સર્વેના માલ લેઇજનારો** જવાબદાર થાય છે, એમ છે, તથાપિ માલ જે તેને સ્વાધીન કરે છે તેનીજ વર્તણૂકથી નુકસાન થયું હોય. તો તે વિશે લેઇજનારો જવાબદાર થતો નથી. માટે જો પેટીમાં કાચનો સામાન મુકીને તેમાં કાંઈ હીરા પણ મુક્યા હોય. અને તે ફક્ત કાચના સામાનથી ભરેલી છે, એમ કહીને તે આગગાડીવાળાને સ્વાધીન કરી, તો કાચના સામાનની જેટલી ખબરદારી રાખવી તેટલી તેણે ખબરદારી રાખ્યાછતાં પણ હીરા ખોવાય, તો તે બાબત તે જવાબદાર થતો નથી. — માલ સોંપનારની કસુર.

૪૯૧. માલની નુકસાની બાબત લેઇજનાર ઉપર ફિર્યાદ કરતીવખતે એવું બતાવવું જોઇએ, કે તેના, કિંવા તેના ચાકરને સ્વાધીન તેમાલ લેઇજવાસારૂ કર્યો હતો; કારણકે આગગાડીવાળાને, કિંવા તેઓના મુનીમને કહીને માલ તેનેસ્વાધીન નહીં કરતાં તે સ્ટેસન ઉપર અથવા ગાડીમાં મુક્યો અને નુકશાન થયું, તો તે વિશે આગગાડીવાળો જવાબદાર થતોનથી. — માલ સ્વાધીન કરવો જોઇએ.

---

આ બાબત, અથવા તે નહીં પહોંચ્યા બાબત, હુંડાભાડાવાળા ઉપર કોઇએ ફિર્યાદ કરી હોય, તો તેમાં ગફલત અથવા ગુનાનું કામ કર્યાનું સાબેત કરવાની વાદીને જરૂરનથી. (સન ૧૮૬૫ના આક્ટ ૩ કલમ ૯)

[1] સન ૧૮૬૫ના ૩ આક્ટ પ્રમાણે હુંડાભાડાવાળાએ ગમેતો તે આક્ટમાં કહેલા પ્રકારના માલ ઉપર વધારે નુર લેવા વિશેની ઝાહેરાત તે આક્ટની કલમ ૪ પ્રમાણે આપવી, અને માલધણી પાસેથી તેવા માલસારૂ એ વધારે પૈસા વસુલ કરે, તો તે કરવાને તેને કાયદાની હરકત નથી.

જવાબદારીની મરિયાદા.

૪૯૨. માલ લેઇજનારાના તાબામાં ગયો તે વખતથી તેના ઉપર જવાબદારી ચાલુ થઇને માલ ઠરાવેલ ઠેકાણે લેઇજઇને, ઠરાવેલા માણસને સ્વાધીન થાય, ત્યાંસુધી તે જવાબદાર રહેછે. માટે આગગાડીવાળાએ માલ સ્ટેશન ઉપર લાવીને નાંખ્યા પછી માલને નુકશાન થાય, તોપણ તે જવાબદાર થાય છે. પરંતુ તેઓ નીમેલા માણસને સ્વાધીન કરવાસારૂ માલ તેને ઘેર લેઇ ગયા છતાં તે ભાડું આપતો ન હોય, તેને લીધે માલ ફરીથી પાછો આણ્યો તો સર્વેનો માલ લેઇજનારા ઉપરજે જવાબદારી હોયછે, તે જઇને તે ફક્ત ભાડેથી પદાર્થ રાખનારો થાય છે. તેમજ માલ નીમેલ ઠેકાણે લેઇ ગયા પછી, તે કોને સ્વાધીન કરવો એ વિશે માલિકની તરફથી શો હુકમ આવેછે તેની લેઇ જનારો વાટ જોતો હોય, તો તેની જવાબદારો ભાડેથી પદાર્થ રાખનારાની જવાબદારીના જેટલી થાય છે.

હદની બહાર માલ લેઇ જવાને કબુલ કરવાથી જવાબદારી.

૪૯૩. જો કોઈ સર્વેનો માલ લેઇજનારે પોતાની હદ બહાર માલ લેઇ જવાનું કબુલ કર્યું, અને હદ બહાર નુકશાન થયું, તો કોણે ભોગવવું એ વિશે કાંઇ વિશેષ કરાર કર્યો ન હોય તો, તે લેઇજનારો સર્વેનો માલ લેઇજનારા પ્રમાણે માલ નીમેલ ઠેકાણે પહોંચે ત્યાંસુધી જવાબદાર રહેછે. જેમકે, જો અમદાવાદની આગગાડીવાળાયે (એટલે મુંબઈ વડોદરા અને મધ્ય હિંદુસ્તાનની રેલવે કંપનિયે) કાંઈ માલ અમદાવાદથી પુને લેઇજવાને કબુલ કર્યું, અને મુંબઇથી આગળ જતાં તે માલને નુકશાન થયું, તો તે કોણે ભોગવવું એવિશે વિશેષ કરાર ન હોય, તો તે આગગાડીવાળાએ સર્વેનો માલ લેઇજનારા એવા સંબંધથી ભોગવવું.

માલ હમેશના કરતાં જુદા પ્રકારનો હોય તો.

૪૯૪. સર્વેનો માલ લઇજનાર હમેશ જે પ્રકારનો માલ લેઇ જતો હોય, તે શિવાય બીજા પ્રકારનો માલ લેઇજવાનું તે કબુલ કરે, તો એ વાતમાં તેણે પોતાના ઉપર જોઇએ તેટલી જવાબદારી કમી જાસ્તી કરી લેવી, કારણકે એવા

માલ વિશે તે સર્વેનો માલ લેઇજનાર થતો નથી. તથાપિ એવા લેઇજનારે, કિંવા તેના ચાકરે માલ ચોર્યો, કિંવા બીજી કાંઈ રીતે માલ વિશે વિશ્વાસ ઘાત કીધો, તો તે લેઇજનારો જવાબદાર થાય છે.

૪૯૫. સર્વેનો માલ લેઇજનારાએ પોતાના હમેશના દર પ્રમાણે મેહેનતના પૈસા લેવા; અને દેણદારે પૈસા અમુક મુદતમાં આપવા એવો કરાર કર્યો ન હોય, તો પૈસા આપે ત્યાંસુધી તેના હાથમાં આવેલો માલ, નજરમાં આવેનો લેઇજનારે અટકાવી રાખવો; પરંતુ તે બાબત મુસાફરને અટકાવી રાખી સકાય નહીં. તથાપિ હાંસિલ ન ભર્યા બાબત મુસાફરને માજીસ્ત્રેટની પાસે મોકલવાનો આગગાડીવાળાને સન ૧૮૫૪ના ૧૮ મા આકટમાં અધિકાર આપેલો છે. દેણદારે મેહેનતના પૈસા આપવા જોઇએ.

૪૯૬. જેણેકરીને બીજાને ઇજા થાય એવા મુસાફરને આગગાડીવાળાએ આગગાડીમાં લેઇજિવા નહીં. જેમકે, જો કોઇ માણસને રકતપત્તિનો રોગ થયો હોય, અથવા તે મનસ્વી દારૂ પીધેલો હોય, અથવા તે નીચ જાતિનો હોવાને લીધે તેનાં લુગડાં ઘણાંજ વાસમારતાં હોય, તો તેને આગગાડીવાળાએ લેવો નહીં. બીજાને હરકત થાય એવા મુસાફરને લઈ જવો નહીં.

૪૯૭. જો લેઇજવાને આપેલો માલ જોખમવાળો હોય, તો માલિકે માલ એવો છે, એમ કહ્યા શિવાય લેઇજનારે નજરમાં આવે, તો તે લેઇજવો નહીં; અને માલ એવી રીતે મોકલનારને સન ૧૮૫૪ના આકટની ૧૫ મી કલમ પ્રમાણે દંડ પણ થાય છે. માલ જોખમ વાળો છે એમ ન કહેતો.

---

## પ્રકરણ ૮.

### વહાણમાં માલ મોકલવો.

૪૯૮. વ્યાપારીને માલ લેઇજવાસારૂ આખું વહાણ, કિંવા વહાણનો કાંઇ ભાગ ભાડે આપ્યો હોય, તો તે કરારને ચાર્ટરપાર્ટી.

ઇંગ્રેજી ભાષામાં ચ્યાર્ટરપાર્ટી એમ કહે છે. આ કરાર ઘણું કરીને વહાણના માલિકોના અથવા વહાણ ઉપરના મુખ્ય માલમના નામનો થાય છે. તે કરારમાં નૂર કેટલું લેવું તથા વહાણમાં કેટલો માલ જશે એ વિશે લખેલું હોવું જોઇએ, ને માલિકની અથવા મુખ્ય માલમની એવી કબુલત હોય છે કે, વહાણ મજબુત છે; ખલાસિયા વગેરે તેમાં જે હોવા જોઇએ, તેવા છે; તેમાં અમુક દિવસસુધી માલ લેવામાં આવશે; અને અમુક બંદરે જવાસારૂ અમુક દિવસે બંદરથી હંકારવામાં આવશે: અને નીમેલ બંદરે પોંચ્યાથી માલ નીમેલા માણસને સ્વાધીન કરવામાં આવશે. અને વ્યાપારીની એવી કબુલત હોય છે કે, નીમેલી મુદતમાં માલ ચઢાવવો તથા ઉતારવો. અને વિલંબ લાગે તો અમુક દંડ (ઇં૦ ડીમરેજ) આપવો.

આખું વહાણ ભાડે લીધું હોય, તો જવાબદારી.

૪૯૯. જો ચ્યારટરપાર્ટીએ બધું વહાણ વ્યાપારીને આપ્યું હોય, તો તેની પાસે રહે ત્યાંસુધી તે તેનો માલિક સમજવો. અને તે જહાજ ઉપર ત્રાહિતના માલને કાંઇ નુકસાન થયું હોય, તો તે વિશે તે વ્યાપારી માલિક પ્રમાણે જવાબદાર થાયછે.

બોલ આફ લેડીંગ.

૫૦૦. જો વહાણના માલિકે કેટલાક વ્યાપારી સાથે તેઓનો માલ લેઇજવા વિશે જુદા જુદા કરાર કીધા હોય, તો વહાણના મુખ્ય માલમ તેઓને માલ લીધાની પાવતી (ઇં૦ બીલ આફ લેડીંગ) આપીને તેમાં એવી કબુલત કરે છે કે, જે માલ વહાણમાં લીધોછે, તે નીમેલ બંદરે પહોંચાડીને સીરસ્તા પ્રમાણે આપવાનું નુર તથા (ઇં૦ પ્રાઇમેજ; આવરેજ; ૫૦૪ મી કલમ જુવો.) એ કર લેઇને માલ નીમેલા માણસને સ્વાધીન કરવામાં આવશે. પરંતુ ઇશ્વરી કૃત્ય, રાજ્ય શત્રુનુ કૃત્ય, અગ્નિ, અને નૌકાગમન સંબંધી અનિવાર્ય જોખમથી કાંઇ નુકસાન થયું હોય, તો માલ વિશે જવાબદારી રહેનાર નથી.

વહાણ મજબુત

૫૦૧. વહાણ મજબુત, અને સફર કરવા જોગ હોવું

જોઇએ; વહાણ ઉપરના ખલાસિયો જેટલા, અને જેવા જોઇએ, તેટલા અને તેવા હોવા જોઇએ. વહાણમાં ભરેલા માલની યાદ (ઇં૦ મ્યાનીફેસ્ટ,) અને બંદરમાંથી નીકળવાસારૂ સરકાર પાસેથી જે પરવાના (ઇં૦ પોર્ટક્લીયરન્સ) વગેરે કાગળો લેવા પડે છે, તે મુખ્ય માલમ પાસે હોવા જોઇએ. અને જેણે કરીને વહાણ પકડી લેઇજાય એવા કાંઇ ખોટા કાગળ પત્ર અથવા કાયદાથી લેઇ જવાને મના કરી છે એવો માલ તેણે વહાણમાં લેવો નહીં. હોવું જોઇએ.

૫૦૨. મુખ્ય માલમને બંદરમાંથી જવાનો પરવાનો મળ્યા પછી બંદર જે વખત છોડવાનો વ્યાપારી સાથે કરાર તેણે કર્યા હોય, તે વખત અથવા એવો કાંઇ કરાર કર્યા ન હોય, તો યોગ્ય મુદતમાં તેણે બંદર છોડવું જોઇએ. રસ્તામાં ગમેતેમ આડે ઠેકાણે ન જતાં નીમેલ ઠેકાણે લેઇજવું. એમ ન કરે, અને વહાણને કાંઇપણ કારણથી નુકસાન થાય, તો તે તથા વહાણનો માલિક જવાબદાર થાય છે. મારગમાં વાદળાં વગેરે કાંઇ સંકટ પડે, તો વહાણમાંના સર્વ માણસનું સંરક્ષણ કરવાસારૂ ઘણોજ ડાહ્યો માણસ જેટલી સાવધગરી રાખે છે તેટલી સાવધગરી તેણે રાખવી જોઇએ; માટે વિશેષ કાંઇ કરાર કર્યા ન હોય, તો ઇશ્વરીકૃત્ય, તથા રાજ્યશત્રુના કૃત્યને લીધે થયેલા નુકસાન શિવાય બાકીના સર્વ નુકસાન વિશે વહાણનો મુખ્ય માલમ તથા માલિક જવાબદાર થાય છે. નીમેલ ઠેકાણે સીધા જવું જોઇએ.

૫૦૩. નીમેલ બંદરે ગયાપછી વહાણ બંદરમાં આવ્યાની મુખ્ય માલમે કસ્ટમઆફિસરને ખબર આપીને મ્યાનીફેસ્ટ તથા પોર્ટક્લીયરન્સ વગેરે બતાવવાં, અને બીલ આફ લેડીંગમાં માલ લેવાને જે માણસ નીમ્યો હોય, તેની પાસેથી સર્વ ખર્ચના પૈસા લેઇને માલ તેને સ્વાધીન કરવો. બંદરમાં ગયા પછી.

૫૦૪. વહાણમાં માલ ભરવા વિશે વ્યાપારીએ કરારમાં મુદત નીમી હોય, તો તે મુદતમાં, અને મુદત નીમી ન વ્યાપારીનું કામ.

હોય, તો યોગ્ય મુદતમાં વહાણ ઉપર કાયદાથી લેઇજવાની મના કરી છે એવો માલ ન ચઢાવતાં જે માલ ચઢાવવાનું કબુલ કર્યું હોય તે ચઢાવવો, અને તેણે પોતાના માલ બાબત નીચે લખેલા કર આપવા.

ઇં૦ પ્રાઇમેજ—એટલે વહાણ ઉપરના મુખ્ય માણસના શ્રમનેસારૂ તેને જે કાંઇ થોડું આપવું પડે છે તે.

ઇં૦ આવરેજ—એટલે એક વહાણને બીજાં વહાણ બાંધીને લેઇજાય, તો તે બાબત જે આપવું પડે તે વગેરે.

ઇં૦ જનરેલ આવરેજ—એટલે સમુદ્રમાં તોફાન થયું હોય, કિંવા બીજુ કાંઇ સંકટ પડ્યું હોય, તો તે મટાડવા સારૂ જેનો માલ વામી નાંખવો પડ્યો હોય, તેને ભરી આપવાસારૂ જેઓનો માલ બચાવ્યો હોય, તેઓની પાસેથી હીસેરસીથી જે પૈસા વસુલ કરવાના હોય તે.

ઇં૦ સ્યાલ્વેજ—એટલે સમુદ્રમાં નાંખીદીધેલો માલ જેઓને હાથ લાગ્યો હોય, તેઓને તેઓની મેહેનતનેસારૂ જે પૈસા આપવાના તે.

ઇં૦ ડિંમરેજ—એટલે બંદરમાં વહાણ અટકાવી રાખ્યું હોય, તો જે દંડ આપવો પડે છે તે.

ઇં૦ ફ્રેટ—એટલે માલ લેઇજવા બાબત જે નુર બેસે છે તે.

---

## પ્રકરણ ૯.

### વહાણનો તથા તેમાંના માલનો વીમો.

વીમો ઉતારવો એટલે શું.

૫૦૫. બીજા પાસેથી પૈસા (ઇં૦ પ્રીમિયમ.) લેઇને અમુક વાત બનવાથી તેને જે નુકસાન થશે તે ભરી આપવા વિશે કરાર કરવો એને વિમો ઉતારવો, એમ કહે છે. કરાર લખેલો હોય, તો તે લેખને પાલિસિ આવ ઇનશ્યુરન્સ એમ કહે છે.

ત્રણ પ્રકાર.

૫૦૬. વીમાના મુખ્ય ત્રણ પ્રકાર છે. ૧ વહાણનો

તથા તેમાંના માલનો વીમો. ૨ આયુષ્યનો વીમો તથા ૩ અગ્નિનો વીમો.

પેહેલો પ્રકાર.

૫૦૭. જો વહાણના માલિકે પોતાના વહાણનો વીમો ઉતરાવ્યો, અથવા વહાણમાંના માલના માલિકોએ પોતાના માલનો વીમો ઉતરાવ્યો, તો તેને વાહાણનો અથવા તેમાંના માલનો વીમો ઉતરાવવો એમ કહે છે.

પક્ષકાર.

૫૦૮. સાધારણ રીતે કરાર કરવાને જે લાયક છે, તે વીમો ઉતારવાને પણ લાયક છે. આ વ્યવહાર દલાલની મારફત થાયછે, અને કેટલીક વાતમાં વીમો ઉતારેલા માલનો માલિક વીમો ઉતારનારને માહિત પણ હોતો નથી. માટે વીમો ઉતારવા બાબત જે પૈસા આપવાના તે વિશે દલાલ જવાબદાર થાય છે, એમ વીમો ઉતારનાર સમજે છે.

વીમો ઉતારવાના માલની સાથે સંબંધ હોવો જોઇએ.

૫૦૯. જે માલનો વીમો ઉતરાવવાનો હોય, તે માલ સાથે વીમો ઉતરાવનારનો કાંઈ પણ સંબંધ હોવો જોઇએ. નહીંતો વીમાનો કરાર સટાના કરાર પ્રમાણે થયાથી રદ થાય છે. જેમકે, કોઇએ બીજાના વહાણ ઉપર પોતાનો કાંઈ માલ નહીંછતાં અથવા તે સાથે પોતાનો કાંઈ સંબંધ નહીંછતાં તેનો વીમો ઉતરાવ્યો, તો તે કરાર ઉપરથી તેની ફિર્યાદ ચાલનાર નહીં.

શેનો વીમો ઉતરાવાય નહીં.

૫૧૦. ખલાસી લોકોને પોતાના પગારનો વીમો ઉતરાવવાનો અધિકાર નથી. કારણ કે, જો તેઓને એ અધિકાર આપ્યો, તો તેઓને પોતાના પગાર વિશે ફીકર નહીં રહેવાથી તે ચાકરી બરોબર કરનાર નહીં.

વીમાખત(ઇંગ્પાલીસી)ના બે પ્રકાર.

૫૧૧. વીમા ખત (ઇં૦ પાલીસી) ના બે પ્રકાર છે. ૧ જે કરારમાં વીમો ઉતારેલા માલની કીમત મુકરર કરેલી હોતી નથી તે. ૨ જે કરારમાં વીમો ઉતારેલા માલની કીમત મુકરર કરેલી હોય છે તે.

વીમો ઉતરાવવાના કારણ.

૫૧૨. વાદળાં, અગ્નિ, ચાંચિયા,[1] ચોર, અને રાજ્ય

---

[1] દરિયાઈ ચોર.

શત્રુ એઓને લીધે, અને મુખ્ય માલમ અને ખલાસીઆંના કપટને લીધે માલને નુકશાન થાય નહીં માટે ઘણું કરીને વીમો ઉતરાવવામાં આવે છે.

વીમા ખતમાં શું હોવું જોઈએ.

૫૧૩. વીમાનો કરાર લખેલો હોય, તો તેમાં નીચે લખેલી વાતો હોવી જોઇએઃ—૧ માલિકનુ અથવા તેના મુનીમનું નામ. ૨ વહાણનું નામ. ૩ વીમો ઉતરાવેલા માલનું વર્ણન. ૪ જે જોખમને વાસ્તે વીમો ઉતરાવ્યો હોય, તેનું વર્ણન. ૫ તારીખ અને વીમો ઉતારનારની સહી. ૬ ખાત્રી.

ખાત્રી.

૫૧૪. વીમાના કરારમાં ઘણું કરીને એવી ખાત્રી કરેલી હોય છે, કે વહાણમાં વીમો ઉતારતી વખત કાંઈ ખામી નથી. વહાણ અમુક દિવસે બંદરમાંથી નીકળશે. તેના સાથે સરકારી વહાણ હશે;[1] તેમાં રાજ્યશત્રુનો માલ નથી, વગેરે; અને, જો તે કરારમાં એવા પ્રકારની ખાત્રી કરેલી ન હોય, તોપણ વહાણ, વીમો ઉતારતી વખત સફર કરવા જોગ હોવું જોઇએ; વહાણ વિનાકારણે રસ્તો છોડીને ગમે તે ઠેકાણે લેઈ જવું નહીં; અને જે જોખમ વિશે વીમો ઉતરાવ્યો હોય, તે જોખમ ટાળવાસારૂ વીમો ઉતરાવનારે પોતાની તરફથી થાય તેટલી તજવીજ રાખવી જોઇએ.

નુકસાન.

૫૧૫. વીમો ઉતરાવ્યા પછી જે જોખમ ટાળવાસારૂ વીમો ઉતરાવ્યો હોય, તે જોખમથી નુકસાન થયું હોય, તો તે વીમો ઉતારનારે ભરી આપવું જોઇએ. વીમો ઉતારેલા બધા માલનો નાશ થયો હોય, તો તેની કીમત વીમો ઉતરાવનારને મળશે; અથવા તે માલના પુષ્કળ ભાગનો નાશ થઇને બાકી જે થોડો ભાગ રહ્યો હોય, તે વીમો ઉતરાવનારને ઉપયોગ પડવા જોગ ન હોય, તો તેણે નજરમાં આવે તો બાકી રહેલો ભાગ નહીં લેતાં વીમો ઉતારનારને સૂચના આપીને સઘળું નુકસાન ભરી લેવું.

પ્રીમિયમ પાછુ આપવું.

૫૧૬. વીમો ઉતરાવ્યા પછી વહાણ, એકવખત ચાલ્યું,

---

[1] આ વાત લડાઈની વખત થએલા કરારોમાં હોય છે.

તો પછી વીમો ઉતારેલા વહાણને, કિંવા માલને કાંઇ નુકસાન થયુંનહીં, તોપણ પ્રીમિયમ પાછું મળવાનું નહીં. પરંતુ તે મૂળમાંજ ચહડ્યું ન હોય, અને પ્રીમિયમ પ્રથમ આપેલું હોય, તો પાછું લેવું; તથાપિ વીમો ઉતરાવનારે કરારમાં કાંઈ કપટ કર્યું હોય અથવા કરાર કાયદાવિરૂદ્ધ હોય, તો પ્રીમિયમ પાછું મળતું નથી.

---

# પ્રકરણ ૧૦.

## અગ્નિનો વીમો.

અગ્નિનો વીમો એટલે શું.

૫૧૭. માલને અગ્નિલાગીને નુકસાન થાય નહીં, માટે તેનો વીમો ઉતરાવ્યો, તો તેને અગ્નિનો વીમો એમ કહે છે.

વીમો ઉતરાવવાના માલ સાથે સંબંધ હોવો જોઇએ.

૫૧૮. જે માલનો વીમો ઉતરાવો હોય, તે માલની સાથે વીમો ઉતરાવનારનો કાંઈ પણ સંબંધ હોવો જોઇએ. નહીં તો, વીમાનો કરાર સટાના કરાર પ્રમાણે થયો માટે રદ થાય છે.

સ્પષ્ટ ખાત્રી.

૫૧૯. અગ્નિનો વીમો ઉતરાવતી વખત જે વાતોથી અગ્નિનું ભય વધવાનો સંભવ હોય છે, તે સર્વ વાતો વીમો ઉતરાવનારે વીમો ઉતારનારને જણાવવી જોઇએ. તે માટે જો ઘર એમ. કહીને લહવારની દુકાનનો કોઇએ વીમો ઊતરાવ્યો, તો લહવારની દુકાનને અગ્નિ લાગવાનો વધારે સંભવ હોવાને લીધે તે કરાર રદ થાય છે.

ગર્ભિત ખાત્રી.

૫૨૦. વીમો ઉતરાવનારે માલની સ્થિતિમાં જોખમ વધવા સરખો ફેરફાર કરવો નહીં. જેમકે બે માળવાળા ઘરનો વીમો ઉતરાવ્યા પછી તે ઘર ઉપર તીજો માળ ચઢાવ્યો, તો જોખમ ઘણું વધ્યાથી કરાર રદ થાય છે.

અગ્નિ.

૫૨૧. અગ્નિનો વીમો ઉતરાવ્યો હોય, તો અગ્નીથીજ થએલું નુકસાન વીમો ઉતારનારે ભરી આપવું પડશે. માટે જો ઘાસની ગંજી ઘણી દબેલી રહ્યાથી તે પોતાનીજ ઉ-

બળતાથી બળી, તો તે નુકશાન અગ્નિથી થયું એમ થતું નથી.

વીમાખત. ૫૨૨. રાજ્ય શત્રુના કૃતીથી માલ બળી ગયો હોય, તો તેની વીમો ઉતારનાર ઉપર જવાબદારી નથી. એમ. વીમાખત (ઇં૦ પાલીસી) માં લખ્યું હોય, તો વીમો ઉતારનારની જવાબદારી કમી થાય છે.

બે અથવા વધારે વીમા ઉતરાવ્યા હોયતો. ૫૨૩. એકજ માલ ઉપર બે કિંવા, વધારે વીમા કરાવ્યા હોય, તો વીમો ઉતરાવનારને વાસ્તવિક જે નુકસાન થયું હોય, તે માત્ર તેને મળશે. અને તે વિશે તેણે નજરમાં આવે તે વીમો ઉતારનાર ઉપર ફિર્યાદ કરવી. એવી ફિર્યાદ ઉપરથી એકનેજ બધું નુકશાન ભરી આપવું પડ્યું હોય, તો તેણે બાકી રહેલા (આશામીઓ) પાસેથી તેઓના હીસા લેવા.

પ્રીમિયમ. ૫૨૪. કરાર પ્રમાણે પ્રીમિયમ ન આપે, તો કરાર રદ થાય છે; એમછતાં પણ જો વીમો ઉતારનારે પાછળથી પ્રીમિયમ લીધું, તો કરાર પાછો અમલમાં આવે છે.

---

# પ્રકરણ ૧૧.

## આયુષ્યનો વીમો.

આયુષ્યનો વીમો એટલે શું. ૫૨૫. અમુક માણસ ગમે ત્યારે મરી જાય, તો કિંવા તે અમુક મુદતમાં મરી જાય, તો અમુક પૈસા આપવા એવા કરાર બીજાને કાંઈ પૈસા આપીને તેની પાસેથી કરી લેવા, એને આયુષ્યનો વીમો ઉતારવો એમ કહે છે.

પક્ષકાર. ૫૨૬. જે માણસના આયુષ્યનો વીમો ઉતારવાનો હોય, તે જીવતો રહેવા સાથે વીમો ઉતારનારનો કાંઇ પણ સંબંધ હોવો જોઇએ. નહીંતો વીમાનો કરાર સટાના કરાર પ્રમાણે થવાથી રદ થાય છે. જેમકે કોઈ સાહુકારે પોતાના કરજની રકમ જેટલો પોતાના દેણદારના આયુષ્યનો વીમો ઉતરાવ્યો,

કિંવા સ્ત્રીએ પોતાના ધણીના આયુષ્યનો વીમો ઉતરાવ્યો, તો તે કાયદાસર છે; કેમકે જેના આયુષ્યનો વીમો ઉતરાવ્યો છે, તેના જીવવા સાથે વીમો ઉતરાવનારનો સંબંધ છે.

૫૨૭. ત્રીજા જ્યાર્જ રાજાના ૧૪ મા વરસમાં ઠર- ઇંગ્લિશ લૉ.
માવેલા ૪૮ મા કાયદા ઉપરથી એમ ઠરાવ્યું છે કે, જે મનુષ્યના આયુષ્યનો વીમો ઉતરાવ્યો હોય, તેના આયુષ્ય સાથે વીમો ઉતરાવનારનો વીમો, ઉતરાવતી વખત માત્ર સંબંધ હોય, એટલે થયું. જેમકે, શાહુકારે દેણદારના આયુષ્યનો વીમો ઉતરાવ્યા પછી દેણદારે કરજ ચુકાવી આપ્યું, તથાપિ દેણદાર મરી ગયાથી વીમો ઉતારનાર પાસેથી પૈસા મળવાના તે ડુબતા નથી.

૫૨૮. પરંતુ વાસ્તવિક જોતાં નુકશાન થયું હોય, તો તે મળે, એ વીમો કરવાનો હેતુ છે. માટે નુકશાનજ થયું નથી, તો વીમો ઉતારનાર પાસેથી કાંઈ પણ પૈસા અપાવવા નહીં, એવું વાજબી લાગે છે. અહીં કહેવું હોતું જોઇએ.

૫૨૯. વીમાનો કરાર લખેલો હોય, તો તેમાં જે માણસ- સ્પષ્ટ ખાત્રી.
ના આયુષ્યનો વીમો ઉતરાવ્યો હોય, તેને વિશે મુખ્યત્વે- કરીને નીચે લખ્યાપ્રમાણે હોવું જોઇએ. ૧ તેનું નામ, ૨ રહેવાનું ઠેકાણું, ૩ જન્મકાળ તથા ભૂમિ, ૪ ધંધો, ૫ લશ્કરીખાતામાં, કિંવા વહાણ ઉપર નોકરી છે, કિંવા કેમ, ૬ શીતળા નિકળી હતી, કિંવા નહીં. ૭ પૂર્વે કોઇ વખત અંતરગલ, પથરી, ભ્રમ, ક્ષયરોગ, દમ વગેરે, એમાંનો કાંઇ રોગ થયો હતો, કિંવા કેમ. ૮ સાધારણપણે પ્રકૃતિ કહેવી રહે છે; હમેશનો વૈદ્ય કોણ; વગેરે. એ શિવાય છેવટ એવું લખેલું હોય છે કે, જો તે માણસ સમુદ્રમાં છતાં મરી ગયો, કિંવા વીમો ઉતારનારને ન જણાવતાં વેગળે દેશ ગયો, કિંવા તેણે આત્મ હત્યા કરી, કિંવા તેને સરકારે ફાંસો દીધો, કિંવા તેનું વય કરારમાં કહેલા વરસ કરતાં વધારે હોય, કિંવા આયુષ્ય ક્ષીણ કરવા સરખો તેને કાંઇ રોગ હોય,

કિંવા કરારમાંનો કાંઈ મજકુર ખોટો ઠરયો, તો વીમાખત (ઇં૦ પાલીસી) રદ સમજવી.

ગર્ભિત ખાત્રી.

૫૩૦. આત્મહત્યા તથા ફાંસી એ વિશે વીમાખત (ઇં૦ પાલીસી)માં લખવું જરૂર નથી. કારણકે, જો તે વિશે કાંઈ સ્પષ્ટ લખેલું ન હોય, કિંવા ઉલટું એવું સ્પષ્ટ લખ્યું હોય, કે એવા કારણથી, વીમો ઉતરાવેલો માણસ મરીજાય, તોપણ વીમાખત (ઇં૦ પાલીસી) રદ થાય નહીં, તોપણ તેવા કારણથી વીમાખત (ઇં૦ પાલીસી) રદ થાયછે.

પ્રીમિયમ પાછું આપવું.

૫૩૧. વીમાખત (ઇં૦ પાલીસી) થયા પછી વીમો ઉતારવાની જરૂર નથી, એમ જણાયાથી અથવા પાલીસીમાં અજ્ઞાનથી, કાંઇ ખોટો મજકુર આવ્યો હોય, તેથી વીમાખત (ઇં૦ પાલીસી) રદ થયું, તો પ્રથમ ભરેલું પ્રીમિયમ તે વીમો ઉતરાવનારને પાછું મળે છે. પરંતુ કપટ કીધાના કારણથી વીમાખત (ઇં૦ પાલીસી)રદ થયું હોય, તો તે પાછું મળતું નથી.

પ્રીમિયમ ના આપે તો.

૫૩૨. કરાર પ્રમાણે પ્રીમિયમ ન આપે, તો કરાર રદ થાય છે; એમ છતાં પણ જો વીમો ઉતારનારે પાછળથી પ્રીમિયમ લીધું, તો કરાર ફરીથી અમલમાં આવે છે.

---

# પ્રકરણ ૧૨.

## હુંડી, ચેક વગેરે વિશે.

હુંડી એટલે શું.

૫૩૩. જો કોઇએ બીજાને કાંઈ પૈસા આપવાસારૂ પોતાના સાહુકાર ઉપર ચીઠી લખી આપી, તો તેને હુંડી એમ કહે છે. તેમાં પૈસા આપવાની મુદત, અને ઠેકાણું પણ લખેલું હોય છે. પરંતુ એવી ચીઠી ફક્ત નાણાં આપવા વિશેનીજ હોવી જોઇએ. કારણકે, તેમાં નાણાં આપવા શિવાય બીજું કાંઈ કામ કરવાનું કહ્યું હોય, તો તે હુંડી સમજવી નહીં. તેમજ નાણાં આપવાસારૂ કાંઈ આંટી હોવી ન જોઇએ.

૫૩૪. ઇંગ્લિશ કાયદા પ્રમાણે હુંડી બે પ્રકારની હોય છે. મુલકી હુંડી, અને પરમુલકી હુંડી. પરમુલકી હુંડી ઘણુંકરીને બેવડી અથવા તેવડી હોય છે; તેના વિશે એવો નિયમ છે કે, તે જોડમાંથી એકનાં નાણાં પહોંચ્યાં એટલે જોડમાંની બાકીની હુંડીઓ રદ થાય છે. જોડ હુંડી-ઇં૰ લા

૫૩૫. મુંબાઈ ઇલાકામાં એવા પ્રકારની હુંડી લખવાનો ચાલ નથી, જે માણસ ઉપર હુંડી લખી હોય, તેના ઉપર હુંડી લખનારો હુંડી લખે, તે દિવસે પત્રદ્વારે હુંડી લખ્યાની ખબર આપીને તે તેને સીકારવાનું કહે છે. પરંતુ હુંડી ખોવાઈગયાની ખબર જણાય, તો ફરીથી નવી હુંડી લખી આપીને તેમાં જુની હુંડી ખોવાયાનો મજકુર લખે છે. એવી હુંડીને પેંઠ કહે છે. તેમજ પેંઠ ખોવાઈ ગઈ, તો પરપેંઠ લખવાનો ચાલ છે. બેંકમાં ઇંગ્રેજી રીવાજ ચાલે છે, માટે પરમુલકી હુંડીની જોડ કરવાનો ત્યાં ચાલ છે.[1] મુંબઇ ઇલાકો.

૫૩૬. હિંદુસ્તાનમાં હુંડીના અનેક પ્રકાર છે. ધણીજોગ, શાહજોગ, નિશાજોગ, દર્શની, બાંધી મુદત, જવાબી હુંડી, અને લેહેણી હુંડી. હિંદુસ્તાનમાં હુંડીના પ્રકાર.

૫૩૭. જે મનુષ્યને હુંડી લખી આપવાની તેની પાસેથી નાણું લેઇને બીજા દેશમાં તેટલા નાણાં તેને આપવાના કરારથી આપેલી જે હુંડી તેને ધણીજોગ હુંડી કહેછે. ધણી જોગ.

---

[1] ગુજરાતમાના વેહેપારના સીરસ્તા પ્રમાણે, ધણીજોગ, અથવા નીસાજોગ હુંડી ખોવાએલી હોય, તો જે માણસ ઉપર હુંડી લખીઆપી હોય, તેને તે હુંડી ખોનારે ખોવાઆની ખબર આપી, ને ત્યાંથી તે વિશે હુંડી લખનાર ઉપર કાગળ લાવ્યા વિના તે હુંડીની પેંઠ, અથવા પરપેંઠ લખી આપવાનો ચાલ નથી; પરંતુ સાહાજોગ હુંડી ખોવાઈ હોય, તો તેની પેંઠ આપવાને હરકત નથી. કારણ કે, એવી હુંડીના નાણાં આપતી વખત નાણાં લેનારો આબરૂદાર ને ઓળખાણનુ માણસ છે, એવી ખાત્રી થયા વિના હુંડી સીકારનારે નાણાં આપવાં નહીં એમ છે, આ વિશે આગળ જુવો.

શાહ જોગ. ૫૩૮. જે માણસને વાસ્તે હુંડી લખી આપવાની, તેની પાસેથી નાણું લઈને તેને, કિંવા તે હુંડી જેના કબજામાં હોય, તેને તેટલાં નાણાં આપવાના કરારથી આપેલી જે હુંડી, તેને શાહાજોગ હુંડી કહે છે.[1]

નિશા જોગ. ૫૩૯. જે માણસ ઉપર હુંડી લખી આપવાની તેની સાથે હુંડી લેનારને ઓળખાણ ન હોય, તેથી તે હુંડી લેનારને ઓળખવાસારૂ તેની નિશાની સુધાંત લખી આપેલી જે હુંડી, તેને નિશાજોગ હુંડી કહે છે.

દર્શની. ૫૪૦. હુંડી જોતાંજ નાણાં આપવાં એવો મજકુર જે હુંડીમાં લખ્યો હોય, તેને દર્શની હુંડી કહેછે. એવી હુંડીનું તુરત મુદતની હુંડી કહેવાનો પણ સંપ્રદાય છે.

બાંધી મુદત. ૫૪૧. હુંડી દેખાડી તે દિવસથી અમુક મુદતે નાણાં આપવાં, એવો મજકુર જે હુંડીમાં લખ્યો હોય, તેને બાંધી મુદતની હુંડી કહે છે.

જવાબી હુંડી. ૫૪૨. જેને હુંડીના પૈસા મળવાના તેને તે પૈસા આપીને તેની પહોંચ જેના નામની મંગાવી હોય, તેના નામની પહોંચ લેવી એવો મજકુર જે હુંડીમાં લખેલો હોય છે, તેને જવાબી હુંડી કહે છે.

લેહેણી હુંડી. ૫૪૩. જે માણસ ઉપર હુંડી લખી હોય, તેણે તે પાછી ફેરવવી નહીં, એવા હેતુથી નાણાં, કિંવા બીજી હુંડી તે સીકાર કરનારને મોકલાય છે. એવી તજવીજ કરીને જે હુંડી લખાય છે, તેને લેહેણી હુંડી કહે છે.

નોટ. ૫૪૪. બ્રીટીશ લોકોમાં હુંડીસરખી બીજી કેટલીએક ચીઠીઓ કરે છે, તેવી ચીઠીઓ હાલમાં હિંદુસ્તાનમાં ચાલુ થઇ છે. જેમકે, પ્રામીસરીનોટ, ચેક, ડ્રાફ્ટ વગેરે. પ્રામીસરીનોટમાં ચીઠી લખનારો એમ લખે છે કે, અમુક મુદ-

---

[1] જે હુંડીમાં એવો મજકુર હોય છે કે, હુંડી લાવનાર આબરૂદાર માણસ છે, એવી ખાત્રી કરીને તે માણસને તે હુંડીનાં નાણાં આપવાં, તે હુંડીને ગુજરાતમાં શાહાજોગ હુંડી કહેવાય છે.

તમાં જે આ ચીઠી મને બતાવશે, તેને હું આ ચીઠીના પૈસા આપીશ. હુંડીમાં હુંડી લખનાર, હુંડી સીકારનાર, અને હુંડીના પૈસા લેનાર, એવા મૂળ ત્રણ આશામી હોય છે; પરંતુ પ્રામીસરી નોટમાં ચીઠી લખનાર, અને પૈસા લેનાર એવા મૂળ બે આશામી માત્ર હોય છે. તથાપિ જેને એવી ચીઠી લખી આપી હોય, તેણે જો તે બીજાને વેચી, તો તેનું સ્વરૂપ હુંડી સરખું થાય છે.

૫૪૫. હુંડીના પક્ષકાર સાધારણ નિયમ પ્રમાણે કરાર કરવાને લાયક હોવા જોઇએ. જે હુંડી લખી આપે છે, તેને હુંડી લખનારો, જેના ઉપર તે લખી હોય તેને નાણાં આપનાર, અને તેણે તે સીકારી હોય, તો સીકારનાર, અને જેને લખીઆપી હોય, તે હુંડી લેનાર અથવા નાણાં લેનાર, એમ કહેવું. — હુંડીના પક્ષકાર.

૫૪૬. હુંડી લખવાથી હુંડી લખનાર અને હુંડી લેનાર એઓની વચમાં દેણદાર લેણદારનો સંબંધ ઉત્પન્ન થાય છે; અને જે માણસ ઉપર લખી હોય, તેણે તે સીકાર્યાપછી સીકાર કરનારો મૂળજવાબદાર, અને હુંડી લખનાર તેનો જામીન, એમ થાય છે; એટલે સીકારનારે હુંડી સીકાર્યાછતાં પાછળથી હુંડીના પૈસા આપ્યા નહીં, તો તે પૈસા હુંડી લખનાર પાસેથી લેવામાં આવે છે. (એ વિષે આગળ જુવો.) — હુંડીના કરારનું સ્વરૂપ.

૫૪૭. હુંડી એવી હોય કે, જેના હાથમાં હુંડી હોય, તેને હુંડીના પૈસા આપવા, એવો હુંડીમાં મજકુર હોય, તો બીજાને વેચતી વખત તે ફકત તેને સ્વાધીન કર્યાથી વેચાણ પુરૂથઇને, હુંડી વેચાણ લેનારને તેના પૈસા મળવાનો હક મળે છે; પરંતુ હુંડીમાં એવા પ્રકારનો મજકુર હોય કે, "નારાયણ રઘુનાથ, કિંવા તે જેને નાણું આપવાનું કહે, તેને આ હુંડીનાં નાણાં આપવાં." તો તે હુંડી ઉપર નારાયણે સહી કર્યા શિવાય તે વેચી, તો તે વેચાણ પુરૂ થતું — હુંડી બીજાને આપવાની રીત.

નથી. માટે તે ઉપર નારાયણની સહી ન હોય, તો બીજા કોઈને તે હુંડીના પૈસા મળનાર નહીં.[1]

હુંડી લેનારની સહી.

૫૪૮. હુંડી વેચતી વખત વેચનારે હુંડી ઉપર સહી કરવી જરૂર છે. તે ઉપર તેણે નજરમાં આવે, તો ફક્ત પોતાની સહી કરવી, કિંવા તેમાં પોતાની સહીસાથે એવો મજકુર લખવો કે, "મેં આ હુંડી અમુક માણસને વેચીછે; માટે આ હુંડીના પૈસા વેચાણ લેનારને, કિંવા તેના કહેવા ઉપરથી બીજાને આપવા." પરંતુ એવો મજકુર લખ્યો હોય, અને હુંડી વેચાણ લેનારે તે ફરીથી બીજાને વેચી હોય, તો તેને પણ પોતાની સહી કરવી જરૂર છે. ફક્ત સહી કરીને વેચેલી હુંડીનું ફરીથી વેચાણ કરતી વખત તે ઉપર વેચનારની સહીની જરૂર નથી.

ધણી જોગ હુંડી વેચાથી અપાય નહીં.

૫૪૯. ધણીજોગ હુંડી વેચાય નહીં. એ ખુલ્લુંજ છે. કારણ કે, હુંડી લેનારનેજ તેના પૈસા મળે, એવો તેમાં મજકુર હોય છે. તેમજ જો હુંડી વેચતી વખત વેચનારે તેમાં એમ લખ્યું હોય કે, હુંડીના પૈસા અમુક વેચાણ લેનારને માત્ર મળે, તો એમ કીધાથી તે હુંડી પણ ધણીજોગ હુંડી સરખી થાય છે, તેથી એવો વેચાણ લેનાર ફરીથી તે વેચી સકતો નથી. એટલે એવી હુંડી તેણે વેચ્યાછતાં તેના પૈસા વસુલ કરવાસારૂ વેચાણલેનાર પોતાનાજ નામથી ફિર્યાદ કરી સકનાર નહીં.

હુંડી વેચવાનો અધીકાર.

૫૫૦. હુંડી લેનાર, કિંવા તેણે દેવાળું કહાડ્યું હોય, તો તેનાં "અસૈની" કિંવા તે મરીગયો હોય, તો તેના વારસ, કિંવા હુંડી કોઈ સ્ત્રીની[2] તરફથી લખી હોય, તો તેનું

---

[1] ગુજરાતમાં એવો સીરસ્તો છે કે, હુંડી ગમે એ પ્રકારની હોય, તોપણ તે વેચીઆપતી વખત તેના ઉપર વેચનારે પોતાની સહી કરવી જોઈએ.

[2] અહીંઆં એ વિશે શો નિયમ હશે તે ખાત્રીથી કહેવાતું નથી.

લગ્ન થયાપછી તેનો ધણી, અથવા જેણે તે હુંડી વેચાણ લીધી હોય તે, અથવા તેના વારસ વગેરે એ સર્વેને હુંડી વેચવાનો અધિકાર છે.

૫૫૧. જો કોઇએ બીજાની હુંડી ચોરીને અજાણતાં ત્રાહિતને વેચી, તોપણ તે હુંડી ચોરીનો માલ છે, માટે તેના ઉપરથી વેચાણ લેનારનો હક ડુબતો નથી. (૩૧૫ મી કલમ જુવો).[1] ચોરીએ ગએલી હુંડી.

૫૫૨. હુંડી ગમેત્યારે વેચવાને હરકત નથી, પરંતુ તેની મુદત પુરી થયાપછી, કિંવા જે માણસ ઉપર તે લખી હોય, તેણે પૈસા આપવાની ના કહ્યા પછી તે કોઇએ વેચી, તો તે ઉપર વેચનારનો જેટલો અને જે પ્રકારનો હક હોય, તેટલો માત્ર વેચાણ લેનારને મળે છે. જેમકે, જો વેચાણ લેનારે એવી હુંડી ચોર પાસેથી લીધી હોય, તો વેચનાર ચોરનો હક તે ઉપર નહીં હોવાને લીધે, તે વેચાણ લેનારને પણ એવી હુંડી ઉપર કાંઈ હક મળતો નથી.[2] હુંડી વેચવાનો સમય.

૫૫૩. ઉપર કહ્યા પ્રમાણે હુંડીની મુદત ગુજરયા પછી પણ જો હુંડી વેચાણ કરી શકાય છે, તોપણ મુદત પ્રમાણે તેનાં એક વખત નાણાં ભરાયા પછી, તે વેચી હોય, તો વેચાણ પ્હેલાં તે હુંડી ઉપર જે માણસોની સહિયો થઇ હોય, તેઓના ઉપર એવા વેચાણથી જવાબદારી આવતી હુંડીના પૈસા મુદત પ્રમાણે ભરાયા પછી તેનું વેચાણ.

---

[1] ગુજરાતમાં એવો શીરસ્તો છે કે, આવી હુંડીના નાણાં ત્રાહિતને મળતાં નથી, અને મળ્યા હોયતો તે હુંડી ચોરીએ ગઇ હતી, એમ માલમ પડયા પછી આપેલા નાણાં પાછાં માગવાનો સીકારનારનો હક છે.

[2] ગુજરાતના સીરસ્તા પ્રમાણે એવી હુંડી વેચાથી લેવાને કાંઈ હરકત નથી; પરંતુ તેના ઉપર દેખાડ થાય ત્યાંસુધી વ્યાજ મળશે નહીં. મૂળથીજ અહીં એવું છે કે, જેના ઉપર હુંડી લખી હોય, તેણે તે બાબત હુંડી લેનારને નાણાં આપ્યાં નહીં, તો જેની પાસેથી તે હુંડી લેનારે તે વેચાથી લીધી હોય, તેની પાસેથી પોતે આપેલાં નાણાં એણે પાછાં વસુલ કરવા.

નથી. કારણકે, હુંડીના પૈસા જેને મળવાના તેને મુદત પ્રમાણે પૈસા મળ્યા પછી હુંડી રદ થાય છે. માટે એ હુંડી ફરીથી કોઇ બીજાને વેચી હોય, તો તે નવી હુંડી જાણીને તે ઉપરના જુનાં નામ રદ સમજવાં.[1]

હુંડીના વેચાણ ઉપરથી પક્ષકારોની જવાબદારીનું સ્વરૂપ.

૫૫૪. હુંડી લેનારે તે હુંડી બીજાને વેચી હોય, તો તેણે આવી રીતે કરાર કર્યો ગણાય છે કે, વેચાણ લેનારને કિંવા તેણે બીજા કોઇને તે હુંડી વેચ્યાથી તેને, કિંવા તે બીજાએ તે હુંડી ત્રીજાને વેચ્યાથી તેને, એ પ્રમાણે જે જે હુંડી વેચાણ લેનાર પક્ષકાર થાય, તેમાંથી કોઇને પણ હુંડી સીકારનાર પૈસા ન આપે, તો હું મૂળ હુંડી લેનારો તે ભરી આપીશ. એ રીતે પ્રત્યેક હુંડી વેચનારો પછીથી હુંડી વેચનારનો જામીન, અને હુંડી સીકારનાર મૂળ જવાબદાર એ રીતે તે પક્ષકારોમાં સંબંધ ઉત્પન્ન થાય છે.[2]

હુંડી બતાવવી.

૫૫૫. હુંડી લખનારે જે માણસ ઉપર હુંડી લખી હોય, તેને તો (હુંડી) ઉપર સીકાર કરવાસારૂ માલિકે બ-

---

[1] ગુજરાતીમાં આવી હુંડી વેચવાનો ચાલ નથી.

[2] ગુજરાતના સોરસ્તા પ્રમાણે જે માણસ ઉપર હુંડી લખી હોય, તે માણસ તે હુંડીનાં નાણાં હુંડી લેનારને આપે નહીં, તો તે બાબત મૂળહુંડી લખનાર ઉપર, અથવા દરમિયાન જે લોકોએ તે વખતે વખતે વેચાથી લીધેલી હશે તેમાંથી કોઇના ઉપર, તે હુંડી લેનારનો દાવો પહોંચે નહીં; ફકત જેની પાસેથી હુંડી લેનારે તે હુંડી વેચાથી લીધી હોય, તેની પાસેથી તેણે આપેલાં નાણાં વ્યાજસુધાં વસુલ કરી લેવાં. પછી એ વેચનારે જે માણસ પાસેથી તે હુંડી વેચાથી લીધી હોય, તેના ઉપર નુકશાન બાબત મરજી હોય, તો તેણે ફિર્યાદ કરવી. આ પ્રમાણે જોતાં છેલી વખતે મૂળ હુંડી લખનાર ઉપર તે હુંડીનાં નાણાં બાબતની જવાબદારી આવી પડે છે, માટે એકજ હુંડી ઉપરથી ઘણી ફિર્યાદો થવા દેવા બદલ હુંડી લેનારની મરજી હોય, તો એકદમ મૂળ લખનાર ઉપર ફિર્યાદ કરવાસારૂ તેને રજા આપવી, એ સારૂ છે.

લાવીને તેની મુદત થએથી પૈસા લેવાસારૂ તેની પાસે ફ-રીથી રજુ કરવી.[1] અને જો તે માણસે તેના ઉપર સીકારવાની ના કહી, કિંવા મુદત ઉપર પૈસા આપતો ન હોય, તો તે હુંડી જેનાહાથમાંથી ગઈ હોય[2], એટલે તે હુંડીનાજ પક્ષકાર હોય તેમનામાંથી જેના ઉપર જામીનના સંબંધથી ફિર્યાદ કરવાનો માલિકનો વિચાર હોય, તે સર્વને હુંડી પાછી ફેરવ્યાની ખબર તેણે લાગલીજ આપવી; નહીં તો, તેઓના ઉપર ફિર્યાદ ચાલનાર નહીં.[3]

૫૫૬. પરંતુ જેણે હુંડી સીકારી હોય, તેની પાસે તેના પૈસા લેવાસારૂ તે હુંડી ન લાવ્યાના કારણથી તેના ઉપરથી જવાબદારી જતી નથી. કારણકે, ૫૫૯ મી કલમમાં કહ્યા પ્રમાણે તે મુજબ જવાબદાર થાય છે; માટે પોતાના લે-ણદારને શોધી કહાડીને પોતાનું કરજ આપવું દેણદારને જરૂર છે.[4] એવા કારણ ઉપરથી બાકીના પક્ષકાર માત્ર છુટા થાય છે. કારણકે હુંડી આણી હત, તો કદાચીત તે

હુંડી બતાવવાની જરૂર નથી.

---

[1]ગુજરાતપ્રાંતના સીરસ્તા પ્રમાણે હુંડી ઉપર પેહેલો દેખા-ડ કરવાનો ચાલ છે. પરંતુ દેખાડ કરનારે તે હુંડી સીકારી એમ સમજવું નહીં. હુંડીની મુદતજ્યારે થાય છે, ત્યારે તેના ઉપર સીકાર થઈ તેજ દહાડે હુંડી લેનારને તેનાં નાણાં મળે છે. માળવાનો સીરસ્તો મૂળ કલમમાં કહ્યા પ્રમાણે છે.

[2]કલમ ૫૫૪ની ટીપ જોવી.

[3]ગુજરાતમાં એવો સીરસ્તો કહેવાય છે, કે હુંડી લેનારે તે પાછી ફેરવ્યાની ખબર હુંડી લખનાર ઉપર મોકલવામાં કસુર કરી હોય, તોપણ તે લખનાર પાસેથી હુંડીના નાણાં લેવાનો તે હુંડી લેનારનો હક જતો નથી. પરંતુ ન્યાય રીતે જોતાં આ સીરસ્તો ઘણોજ ગેરવાજબી અને નુકશાન ભ-રેલો છે, માટે અહીંની કોરટોમાં એ સીરસ્તો કબુલ કર-વામાં આવશે, એમ સંભવતું નથી.

[4]પ્રામિસરી નોટ લખનારાની જવાબદારી હુંડી શીકારનારા સરખીજ છે.

શીકારનાર પૈસા ભરત. અને તેણેકરીને તેઓના ઉપરથી જામીન સરખી જવાબદારી રદ થાય છે.[1]

તથાપિ.

૫૫૭. તથાપિ હુંડી દેખાડતાંજ કિંવા દેખાડી ત્યારથી અમુક મુદતમાં, કિંવા અમુક ઠેકાણે હુંડીના પૈસા આપવા એવો કાંઈ હુંડીમાં મજકુર હોય, તો પૈસા લેનારે તે હુંડીમાં લખ્યા પ્રમાણે હુંડી શીકારનારને બતાવવી જોઇએ. નહીંતો હુંડી લખનાર ઉપર ફિર્યાદ ચાલનાર નહીં.

શીકાર કરનારની નાદારી વગેરે.

૫૫૮. જે માણસ ઉપર હુંડી લખી હોય, કિંવા જેણે નાણાંની ચીઠી (પ્રામીસરીનોટ) લખી આપી હોય, તે નાશી ગયો, કિંવા જે ઘરમાં નાણું ભરવાનો મજકુર હુંડીમાં લખ્યો હોય તે ઘરને તાળું હોય, તો તે હુંડી, કિંવા ચીઠી પાછી ફેરવી એમ સમજવું. પરંતુ જે માણસ ઉપર હુંડી લખી હોય તે ફકત નાદાર, કિંવા કરજ ન ભરે એવો થયાના કારણથી તેને હુંડી ન બતાવતાં, તે હુંડી તેણે પાછી ફેરવી, એમ સમજવું નહીં.[2]

બીજા પાસે લેહેણું ન છતાં તેના ઉપર લખેલો હુંડી.

૫૫૯. પોતાના કાંઈ પૈસા બીજા પાસે લહેણા નહીં છતાં, કિંવા તે આપણી હુંડી શીકારશે એમ માનવાને કાંઈ કારણ નહીંછતાં જો કોઇએ બીજા ઉપર હુંડી લખી, અને તે પછી બીજાએ શીકારી નહીં, તો તે પાછી ફેરવ્યાની ખબર હુંડી લખનારને આપવાની જરૂર નથી; કારણકે, જે હુંડી લખનારનું નુકસાન બચાવવાસારૂ હુંડી પાછી ફેરવ્યાની ખબર આપવી જરૂર છે, (૫૫૬ અને ૫૭૫ કલમો જુવો), તે નુકસાન થવાનો આ ઠેકાણે સંભવજ નથી.[3]

હુંડી કોને બતાવવી જોઇએ.

૫૬૦. જે માણસ ઉપર હુંડી લખી હોય તે માણસને તે હુંડી બતાવવી જોઇએ. પરંતુ તે મરી ગયો હોય, તો તેના વારસને, કિંવા તે માણસ જીવંતછતાં ઘેર ન હોય, તો તેના મુનીમને બતાવી હોય, તો ચાલે.

---

[1] કલમ ૫૫૪ની ટીપ જોવી.
[2] કલમ ૫૭૫ નો ટીપ જોવી.
[3] કલમ ૫૭૫ ની ટીપ જોવી.

૫૬૧. જે ઠેકાણે પૈસા આપવાનું હુંડી લખનારે હુંડીમાં લખ્યું હોય, તે ઠેકાણે તે હુંડી બતાવવી જોઇએ. હુંડી ક્યાં બતાવવી જોઇએ.

૫૬૨. પરંતુ હુંડીમાં એ વિશે કાંઇ લખ્યું ન હોય, તો જો કોઇએ હુંડી સીકારતી વખત "અમુક ઠેકાણે આ નાણાં આપીશ" એમ લખ્યું, તોપણ હુંડી લેનારે તેજ ઠેકાણે તેને તે હુંડી બતાવવી જોઇએ, એમ નથી. તથાપિ સીકારનારે એમ લખી આપ્યું હોય કે, "હું આ નાણાં અમુકજ ઠેકાણે આપીશ, બીજે ઠેકાણે આપનાર નહીં." અને એવી આડ હુંડી લેનારે કબુલ કરી હોય, તો તેણે તે હુંડી સીકારનારે તેજ ઠેકાણે બતાવવી જોઇએ. (સને ૧૮૪૦ નો આકટ ૬ ઠો જુવો[1].) સને ૧૮૪૦ નો આકટ ૬.

૫૬૩. એ આકટ ચીઠી, (પ્રામીસરીનોટ)ને લાગુ નથી. ચીઠી (પ્રામિસરી નોટ).

૫૬૪. ઉપર કહ્યા પ્રમાણે હુંડી બે વખત બતાવવાનો પ્રસંગ છે—(૧) તે ઉપર દેખાડ કરી લેવાસારૂ; અને (૨) તેના નાણાં વસુલ કરવાસારૂ.[2] હુંડી ક્યારે બતાવવી જોઈએ.

૫૬૫. (૧) ૫૫૭ મી કલમમાં કહ્યા પ્રમાણે હુંડી લખી ન હોય, તો તેના ઉપર સીકાર કરી લેવાની જરૂર નથી. તથાપિ હુંડી ઉપર શીકાર કરી લેવો એ યોગ્ય છે. કારણકે, જેના ઉપર હુંડી લખી હોય તેણે તે ઉપર શીકાર કર્યો હોય, તો હુંડીના માલિકને એક વધારે દેણદાર આશામી મળી આવે છે; કિંવા સીકાર કરવાની ના કહ્યાથી હુંડી લખનાર ઉપર, કિંવા જેના હાથમાંથી તે ગઇ હોય[3] તેમના ઉપર તેને લાગલીજ ફિર્યાદ કરવાનું બની આવે છે. પરંતુ "હુંડી જોતાંજ, કિંવા દેખાડ કરાવ્યો ત્યારથી અમુક મુદતે હુંડીના પૈસા આપવા," એવી તેમાં આડ હોય, તો તે ઉપર સીકાર કરી લેવાસારૂ જેના ઉપર લખી હોય, તેને (૧) હુંડી ઉપર શીકાર કરી લેવા સારૂ તે દેખાડવી.

---

[1] જે મુકરદમાને ઇંગ્લિશ લા લાગુ છે તે મુકરદમાને આ આકટ લાગુ છે.

[2] કલમ ૫૫૫ ની ટીપ જોવી.

[3] કલમ ૫૫૪ ની ટીપ જોવી.

તે યોગ્ય મુદ્દતમાં બતાવવી જોઇએ. કારણકે, જો એમ કરવામાં હુંડી લેનાર કસુર કરે, તો હુંડી લખનાર, અને તે પછી જેણે તે વખતે વખતે વેચી હોય, તે સર્વે[1] જવાબદારીમાંથી છુટા થાય છે.

(૨) પૈસા વસુલ કરવા સારૂં હુંડી બતાવવી.

૫૬૬. (૨) જેના ઉપર હુંડી લખી હોય તેને હુંડીના પૈસા વસૂલ કરવાસારૂ, પૈસા વસૂલ કરવાની મુદતે તે બતાવવી જોઇએ; નહીંતો હુંડી લખનાર, તથા તે પછી જે માણસોએ વખતે વખતે હુંડી વેચી હોય, તે સર્વે[2] જવાબદારીમાંથી છુટી જાય છે. પરંતુ હુંડી ઉપર સીકાર ઘાલ્યા પછી, નાણાં વસૂલ કરવાસારૂ તે નહીં બતાવ્યાના કારણથી, તે સીકારનાર ઉપરથી જવાબદારી જતી નથી; કારણકે, તેણે સીકાર ઘાલ્યો, તે વખતથી તે હુંડી લેનારનો દેણદાર થાય છે.

છુટ.

૫૬૭. ઇંગ્લિશ લા પ્રમાણે હુંડીનાં નાણાં આપનારને હુંડીની મુદ્દત ઉપરાંત ત્રણ દિવસની છુટ છે, અને જો ત્રીજે દિવસે રવીવાર, કિંવા કાંઈ મોટો તેવારનો દિવસ હોય, તો બીજે એક દિવસ મળે છે. પણ આપણા લોકોમાં એવી છુટ મળવાનો ચાલ જણાતો નથી.[3]

શીકાર.

૫૬૮. કીયા કીયા પ્રકારની હુંડી ઉપર સીકાર કરી લેવાની જરૂર પડે છે, એ વિશે ઉપર કહેલું છે.

શીકારવાની રીત.

૫૬૯. હુંડીનો સીકાર કરતી વખત તે ઉપર સીકાર કરનારની સહીનો જરૂર નથી. તેણે તે હુંડી સીકારી એમ

---

[1] કલમ ૫૫૪ ની ટીપ જોવી.

[2] કલમ ૫૫૪ ની ટીપ જોવી.

[3] સાધારણ રીતે હુંડી ઉપર બખાઇ આપવાનો ગુજરાતમાં ચાલ નથી. પરંતુ માળવાની અથવા મેવાડની બાંધી મુદતની હુંડી હોય, તો તે ઉપર પાંચ દિવસની બખાઇ આપવાનો સીરસ્તો છે; પરંતુ એવી હુંડીનાં નાણાં અમદાવાદમાં આપવાં હોય, તો તે ઉપર નવ દિવસની બખાઇ આપવાનો સીરસ્તો છે.

અનુમાન થવાસરખો કાંઇ લેખ હોય, તો ચાલે. માટે હુંડી ઉપર "જોઇ" "દખાડી" વગેરે શબ્દ સીકારનારે લખ્યા હોય, તો તેણે તે શીકારી એમ ગણાય છે.[1]

શીકારવાના પ્રકાર.

૫૭૦. સીકારવું બે પ્રકારનું છે. ૧ વગર આડનું; અને ૨ આડવાળું સીકારવું.

આડનું શીકારવું.

૫૭૧. હુંડીમાં કાંઇ આડ નહીંછતાં તે સીકારતી વખત સીકારનારે તેમાં કાંઇ આડ લખી, તો હુંડી લેનારે નજરમાં આવે, તો એવી આડ કબુલ ન કરતાં હુંડી પાછી ફેરવી, એમ સમજીને પાછી ફેરવ્યાની ખબર ૫૭૫ મી કલમમાં કહેલા માણસને આપવી; પરંતુ હુંડી લેનારે એવો સીકાર એક વખત કબુલ કર્યો હોય, તો તે આડ પ્રમાણે તેણે ચાલવું જોઇએ.

શીકારવાની ના કહેવાથી જવાબદારી.

૫૭૨. જે માણસ ઉપર હુંડી લખી હોય, તેણે તે ન સીકારી હોય, તો હુંડી લેનારની તેના ઉપર ફિર્યાદ ચાલતી નથી. પરંતુ હુંડી લખનારના પૈસા તેની પાસેછતાં તેણે તે સીકારો નહીં, તો તે હુંડી લખનારની ફિર્યાદ તેના ઉપર ચાલશે.

વટરાખવા સારૂ શીકારવું.

૫૭૩. જે માણસ ઉપર હુંડી લખી હોય, તે માણસે હુંડી સીકારી નહીં, તો એવા કારણથી હુંડી લખનારનો, અથવા બીજા કોઇનો વ્યાપારમાં વટ ન જાય, એ હેતુથી બીજો કોઇ તે હુંડી ઉપર સીકાર ઘાલે, તો તે માણસને હુંડીના પૈસા ભરવા પડે છે. તથાપિ હુંડી લખનાર પાસેથી, કિંવા તે જે માણસે વખતે વખતે વેચાણ લીધી હોય તેમની પાસેથી તેને પૈસા પાછા મળે.[2]

એવો શીકાર નજરમાં આવે, તો કબુલ કરવો નહીં.

૫૭૪. ઉપર કહેલા પ્રકારનો સીકાર હુંડીના માલિકે નજરમાં આવે, તો કબુલ કરવો નહીં.[3]

---

[1] કલમ ૫૫૫ની ટીપ (૧) જોવી.

[2] કલમ ૫૫૮ની ટીપ જોવી.

[3] ગુજરાતમાં આવો સીકાર કબુલ કરવો જોઇએ.

હુંડી ન શીકારયાની ખબર.

૫૭૫. જે માણસ ઉપર હુંડી લખી હોય, તેણે તે હુંડી નહીં સીકારી, કિંવા સીકાર કરી, તે મુદતે તે દિવસે, તે નાણાં તે આપતો ન હોય, તો હુંડી લખનારને તથા તે જે બીજા પક્ષકારો ઉપર ફિર્યાદ કરવાનો વિચાર હોય તેઓને એ વાતની લાગલીજ ખબર આપવી. એટલે હુંડી લખનારના પૈસા સીકારનાર પાસે હોય, તો તે પાછા લેવાસારૂ હુંડી લખનારો જલદીથી તજવીજ કરશે, તેમજ જે માણસે તે હુંડી વખતે વખતે વેચાણ લીધી હોય, તે સર્વે પોતાના પૈસા લેવાસારૂ હુંડી લખનાર ઉપર, અથવા જેની પાસેથી તેણે તે વેચાણ લીધી હોય તેઓના ઉપર નજરમાં આવે, તો ફિર્યાદ કરશે. હુંડી ન સીકાર્યાની ખબર હુંડીના માલિકે કીધી નહીં, તો તે સર્વે જવાબદારીથી છુટી જાય છે. એ ખબર મોહોડાની હોય તો ચાલે.[1]

પ્રોટેસ્ટ.

૫૭૬. પરમુલકની હુંડી ન સીકારી, તો શેહેરમાં "નોટરીપબલીક[2]" હોયતો તેને, અને ન હોય, તો કોઈ સભ્ય ગૃહસ્થને બતાવીને તે ન સીકાર્યા વિશે તેને સાક્ષી રાખીને તેની પાસેથી એવા મજકુરનો એક પત્ર લખી લેવો, અને તે હુંડી લખનાર ઉપર પરગામ મોકલવો. એમ કીધું હોય તેને "પ્રોટેસ્ટ" કહે છે. મુલકી હુંડી ન સીકરાઈ હોય, તો એવો પત્ર લખવાની જરૂર નથી.

---

[1] ૫૫૪ મી કલમની ટીપમાં કહ્યું છે કે, હુંડી પાછી ફેરવી હોય, તો હુંડી લેનારનો દાવો ફકત જેની પાસેથી તેણે તે હુંડી વેચાથી લીધી હોય, તેના ઉપર ફકત પોંચે છે. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, હુંડી ફેરવાની ખબર એવા માણસને આપવી જોઇએ. પછી એ માણસની મરજી હોય, તો જેની પાસેથી એણે હુંડી લીધી હોય તેને ખબર આપવી.

[2] લોકોના ખતપત્રોમાં સાક્ષી કરવાસારૂ આર્ચબીશપ આવ્હક બ્યાંટરબરી પાસેથી કાંઈ પૈસા અપાવીને જેને હુકમ મળેછે તેને નોટરીપબલીક કહે છે.

બનાવટ હુંડીના અથવા ચેકના પૈસા.

૫૭૭. હુંડી એક વખત સીકારી હોય, અને જો તે બનાવટ છે, એમ પાછળથી સમજાય, તોપણ તેના પૈસા સીકારનારે હુંડીના માલિકને ભરવા જોઇએ. કારણકે, હુંડી સીકારી એટલે તે ખરી છે. એમ તે સીકારનારે હુંડીના માલિક સાથે કબુલ કીધું એમ ગણાય છે.[1] તેમજ જો એકાદ શાહુકારના નામનો બનાવટનો ચેક તે શાહુકારની બ્યાંકવાળાએ સીકારીને તેના પૈસા આપ્યા, તો તે નુકશાન બ્યાંકવાળાએ ભોગવવું. કારણકે પોતાના શાહુકારની સહી ઓળખવી એ બ્યાંકવાળાનું કામ માનેલું છે. પરંતુ જો ચેક, અથવા હુંડી લખવામાં જો શાહુકારનીજ કસુર થઇ હોય, અને તેણે કરીને તેમાં કોઇએ ફેરફાર કર્યા હોય, તો એવા ફેરફારથી થએલું નુકશાન તે શાહુકારેજ ભોગવવું. જેમકે, જો શાહુકારે એવી હુંડી લખી કે, નારાયણ રઘુનાથને આજથી પાંચ દિવસમાં ૨૦ રૂપૈઆ આપવા, તો ૨૦ના ૨૦૦ સેહેજ કરી શકાય. માટે કોઇએ ૨૦ના ૨૦૦ કરીને બ્યાંકમાં તે હુંડી લેઇ ગયો, અને તે ઉપરથી બ્યાંકવાળાએ ૨૦૦ રૂપીઆની રકમ આપી, તો ૧૮૦ રૂપીઆનું નુકશાન તે શાહુકારને માથે પડશે.

હુંડી ઉપરથી ફિર્યાદ.

૫૭૮. જે માણસ ઉપર હુંડી લખી હોય, તેણે તે હુંડીના પૈસા ન આપ્યા, તો હુંડી લખનાર ઉપર, કિંવા વખતે વખતે જે માણસે તે વેચી, તેમાંથી ગમે તેના ઉપર તે પૈસા વસુલ કવાસારૂ ફિર્યાદ ચાલશે[2]; પરંતુ પૈસા આપવાની ના કહ્યાની ખબર પ્રથમ કહ્યા પ્રમાણે તેને આપવી જોઇએ[3].

હુંડી ખોવાયા છતાં ફિર્યાદ.

૫૭૯. હુંડી ખોવાઇ હોય, તો તેના પૈસા વસુલ કરવાસારૂ જો તેના માલિકને ફિર્યાદ કરવી પડે, તો તેની પાસેથી એક

---

[1] ગુજરાતમાં એવી હુંડીનાં નાણાં હુંડી લેનારને મળ્યાં હોય, તોપણ તેને પાછાં આપવાં પડે છે.

[2] કલમ ૫૫૪ ની ટીપ જોવી.

[3] કલમ ૫૫૫ ની ટીપ ૩૭ જોવી.

જામાની ખત લખાવી લેઇને પ્રતિવાદી પાસેથી તેના પૈસા કોર્ટે અપાવવા; એ જામીનખતમાં એવો મજકુર જોઇએ કે, જો કોઈ ત્રાહિત ખોવાએલી હુંડી લાવીને પ્રતિવાદી પાસેથી પૈસા વસુલ કરશે, તો તે વાદીએ ભરી આપવા.[1]

## ભાગ ૬.

### કરાર પુરો કરવાની રીત.

ફારકતી લેવી.

૫૮૦. કરાર પુરો કરવાની પાંચ રીતિ છે. ૧ કરારમાં કહેલું કરવું, અથવા કરવાને તૈયાર થવું. ૨ કરારમાં લખેલા પૈસા આપવા. ૩ કરામાં કહેલું કરવા બદલ બીજું કાંઈ કરવું. ૪ હવાલો કરી આપવો. ૫ ચીઠી લેવી.

## પ્રકરણ ૧.

### કરારમાં કહેલું કરવું, અથવા કરવાને તૈયાર થવું.

કરાર પુરો કરવામાં અડચણ નાંખી હોય તો.

૫૮૧. કરારમાં કહેલી વાત પક્ષકારે કરી એટલે કરાર પુરો થાય છે, એ સ્પષ્ટજ છે. જો એક પક્ષકારે બીજા પક્ષકારને કરાર પુરો કરવામાં કાંઈ હરકત કીધી, તો બીજા પક્ષકારે કરાર પુરો કીધો નહીં, એમ પેહેલા પક્ષકારથી બોલાય નહીં. કરાર પુરો કરવા વિશે જો કોઈ પક્ષકારે પોતેજ પોતાને અસમર્થ કીધો, તો બીજા પક્ષકારે કરાર તોડ્યા બાબત તેના ઉપર ફિર્યાદ કરવી, અથવા નજરમાં આવે, તો કરાર રદ સમજીને કરેલી મેહેનતના પૈસા બાબત તેના ઉપર ફિર્યાદ કરવી.

પ્રથમ કાંઇ કરવાનુ હોય તો.

૫૮૨. પ્રતિવાદીએ કાંઈ કરતાં પેહેલાં વાદીએ અમુક કાંઈ કરવું, એવો કરાર હોય, તો વાદીએ તે અમુક કાંઈ પ્રથમ કીધા સિવાય તે પ્રતિવાદી ઉપર કરાર પુરો ન કર્યા

---

[1] કલમ ૫૫૩ ની ટીપ જોવી.

બાબત ફિર્યાદ કરી સકાય નહીં. પરંતુ પ્રતિવાદીની હરકતને લીધે વાદી કરાર પ્રમાણે પોતાનું કામ કરવાને અસમર્થ થયો હોય, તો તે કરાર ઉપરથી વાદીની ફિર્યાદ ચાલે. તથાપિ ઇશ્વરીકૃત્યથી, કિંવા એવા કાંઈ બીજા કારણથી વાદી પોતાનું કામ કરવાને અસમર્થ થયાથી કામ ન કરવા બાબત સબબ કહીને તેનાથી ફિર્યાદ થાય નહીં. કારણ કે, તેણે એ વિશે પ્રથમથીજ કાંઈ સ્પષ્ટ કરાર કરવાનો હતો; જેમકે, જો કોઈ ભરૂચથી ફાગણ શુદ ૨ ને દિવશે રૂની ૨૫૦૦૦ ગાંસડીઓ મુંબાઇમાં એક શાહુકારને મોકલવાનું કબુલ કર્યાછતાં તે દિવસે તેટલું રૂ ન મળવા સરખું કાંઈ આકસ્મિક કારણ બન્યું, તથાપિ તેણે કરાર પ્રમાણે ન ચાલ્યાને લીધે નુકશાન ભરી આપવું જોઇએ.

૫૮૩. કરારમાંના મુખ્ય ભાગ વિરૂદ્ધ કાંઈ આંટી કરી હોય, તો તે નકામી સમજવી; જેમકે, મને તસવીર કહાડવાનું શીખવ્યાથી તમને હું ૫૦૦ રૂપીઆ આપીશ, તથાપિ રૂપીઆ આપવાનું મારી નજરમાં ન આવે, તો આપનાર નહીં. એવો કાંઈ કરાર કર્યો હોય, તો વાદીએ પ્રતિવાદીને તસવીર કહાડવાનું શીખવ્યાપછી તેને ૫૦૦ રૂપીઆ મળશે. મુખ્ય કરાર વિરૂદ્ધ આંટી રદ.

૫૮૪. કોઈ પક્ષકારે બે, કિંવા વધારે વાતો કરવાનું કબુલ કર્યું હોય, તો તેણે તે સર્વે વાતો કરવી જોઇએ. પરંતુ તે બે, કિંવા વધારે વાતોમાંથી એક કરી નહીં, તો બીજી કરવી, બીજી કરી નહીં, તો તીજી કરવી, એ પ્રમાણે એ સર્વે વાતો કરવાનું કબુલ કર્યું હોય, તો નજરમાં આવે તે એક વાત કરી એટલે થયું. કરારમાં બે કિંવા વધારે વાતો હોયતો.

૫૮૫. કરારમાંની વાત કરવાનો સમય નીમ્યો ન હોય, તો તે યોગ્ય સમયમાં કરવી જોઇએ; અને સમય નીમ્યો હોય, તો સાધારણપણે તેમ કરવું જોઇએ. કરારમાંની વાત કરવાનો સમય.

૫૮૬. જે માણસોને કરારમાંની વાત કરવી અવશ્ય હોય, તેઓએ તે પોતાની સોઈ પ્રમાણે કરે તો હરકત નથી. કરારમાંની વાત કરવાની રીત.

પરંતુ અક્કલ હુશિયારીથી કરવી જોઇએ, તેમજ કરાર માંહેનાં અર્થ ઉપર લક્ષ નહીં આપતાં ફકત તે માંહેના શબ્દ ઉપર ધોરણ રાખીને તેમાંની વાતો કરવી નહીં. જેમકે, કરજના પૈસા લેઇને કરજાઉખત પોતાના લેણદારને સ્વાધીન કરવું. એવો કાંઈ કરાર કરીને તે કરજાઉ ખતમાં લીટીઓ મારીને, અથવા તે ફાડીને શાહુકારને આપ્યું, તો દેણદારે કરાર પુરો કીધો, એમ થઈ સકતું નથી.

કરાર પુરો ન કરવાનો સબબ.

૫૮૭. "ઇશ્વરીકૃત્યથી, અથવા એવા કાંઈ બીજા કારણથી કરાર માંહેનું કામ કરવાનું અશક્ય થાય, તો કરાર રદ સમજવો," એમ જો પ્રતીવાદીએ કરારમાં મજકુર લખ્યો નથી, તો તે આગળ ઉપર એવા સબબથી તે કરારના બંધનમાંથી મુકત થઇસક્તો નથી. પરંતુ કાયદાવિરૂદ્ધ વાત કરવા વિશે કરારમાં લખ્યું હોય, તો કરાર પુરો નહીં કીધા વિશે એવો સબબ બતાવવાને હરકત નથી.

કરાર પુરો કરવાને તૈયાર થવું.

૫૮૮. જો કરારમાંની કાંઈ વાત એવી હોય, કે એક પક્ષકારની ખુશી સીવાય, બીજાથી તે વાત કરીસકાતી નથી, તો બીજો પક્ષકાર તે વાત કરવાને તૈયારછતાં પેહેલો પક્ષકાર તે વિશે પોતાનો સંમત્ત આપતો ન હોય, તો તે વાત તે બીજા પક્ષકારે કરી, એમ ગણાય છે. જેમકે, જો **અ**એ **બ**ની જમીન ઉપર **બ**ને વાસ્તે ઘર બાંધવાનું કબુલ કર્યું હોય, અને એવી કબુલત પ્રમાણે, **અ** ઘર બાંધવાનું કામ સોરૂ કરવાને તૈયારછતાં, **બ** તેને પોતાની જમીનમાં આવવા દેતો નથી, તો કરાર પુરો કરવાસારૂ જેટલું થાય તેટલું **અ**એ કર્યું તેથી તેણે કરાર પુરો કીધો, એમ થાય છે. તેમજ જો કોઈ કરજદાર પોતાના શાહુકાર પાસે કરજના પૈસા લેઈ ગયાછતાં તે કાંઈ વાજબી કારણ નહીં બતાવતાં પૈસા લેતો નથી, તો તે કરજદારે પોતાની તરફથી કરાર પુરો કર્યો એમ ગણાય છે.

કરાર પુરો કરવાને

૫૮૯. જો કરારમાંહેની વાત કરવાસારૂ કાંઈ વિશેષ

અકલ અને ચાતુર્યની જરૂર હોય, તો જે પક્ષકારે તે કરવાનું કબુલ કીધું હોય, તેણેજ તે જાતે કરવું એમ છે; માટે તે કરવાને તેણેજ તૈયાર રહેવું જોઇએ. પરંતુ પક્ષકાર, કિંવા તેના હાથ તળેના નોકર લોકોમાંથી કોઈ કરીસકે એવી વાત હોય, તો તે કરવાને તેમાંથી કોઈ પણ તૈયાર હોય, તો ચાલે; તથાપિ પક્ષકારનેસારૂ કોઈ ત્રાહિત તે વાત કરવાને તૈયાર હોય, તો તે બીજા પક્ષકારે તે ત્રાહિત પાસેથી તે કરાવી લેવુંજ જોઇએ એમ કાંઈ નથી.

તૈયાર રેહેવું જોઇએ.

તૈયાર રહેવાનું કહોને કહેવું જોઇએ.

૫૯૦. કરારના જે પક્ષકારને ફાયદો મળવાનો તેને, કિંવા તેના કોઈ મુનીમને કરારમાંહેની વાત કરવાની ઇછા બીજા પક્ષકારને બતાવી હોય, તો ચાલે.

તૈયાર રહેવાનો વખત.

૫૯૧. કરારમાંહેની વાત અમુક દિવસે કરવી એવો કરાર હોય, તો તે દિવસે કરવાનેસારૂ તૈયાર રહેવું જોઇએ. અને તે એ રીતે કે, તે વાત કર્યાપછી બરોબર છે, કિંવા નથી, એ તપાસવાને બીજા પક્ષકારને વખત, તથા સંધી મળે. જેમ કે, અમુક દિવસે કાંઈ માલ, અથવા પૈસા આપવા એવો કરાર હોય, તો તે માલ, કિંવા પૈસા તે દિવસે, અજવાળું હોય, તે વખત તે બતાવવાસારૂ તૈયાર રહેવું જોઇએ, એટલે માલ સારો છે, કિંવા નથી, અથવા નાણાં ખરાં છે, કિંવા નથી, એ તે લેનારને સમજવામાં આવે.

તૈયાર રહેવાનું ઠેકાણું.

૫૯૨. જે ઠેકાણે કરાર પુરોકરવાનો કરાર કરતી વખત ઠરાવ થયો હોય, તે ઠેકાણે તે વાત કરવાસારૂ જવાબદાર પક્ષકારે તૈયાર રહેવું જોઇએ.

કરજ હોયતો તેની રકમ.

૫૯૩. જો કરજદાર પોતાના શાહુકારને કરજ આપતી વખત વાસ્તવિક રકમ જેટલું, કિંવા તે કરતાં વધારે પૈસા આપવાને તૈયારછતાં લેણદાર તે લેતો ન હોય, તો કરજદારે જે કરવાનું તે તેણે કર્યું, એમ ગણાય છે. પરંતુ કરજની વાસ્તવિક રકમ કરતાં કમી પૈસા સર્વ કરજને પેટે આપતો

હોય, તો તે શાહુકારે લેવા જોઇએ એમ કાંઈ નથી, તથાપિ કરજનો કોઈ ભાગ આપવાસારૂ કરજદાર પૈસા આપતો હોય, તો તે લેણદારે લેવા જોઇએ.

કરજ હોય, તો તેનું નાણું.

૫૯૪. કરજના પૈસા આપવાને સરકારે કબુલ કરેલાં નાણાં વગેરે કાયદામાં કહેલી રીતીએ આપવાં જોઇએ. જેમકે, સો રૂપીઆનું કરજ વસુલ કરવાસારૂ કરજદાર સો રૂપીઆ, કિંવા તેટલા રૂપીઆનાં મુંબઇબેંકનોટ પોતાના લેણદારને આપવા ગયો, તો તે પૈસા તેણે લેવા જોઇએ. પરંતુ સો રૂપીઆ બદલ બસેં અધેલિયો, કિંવા ચારસેં પાવલાં, કિંવા આઠસેં બેઆનીઓ, કરજદાર લેઇગયો, તો તે સાહુકારે લેવા જોઇએ, એમ કાંઈ નથી. કારણકે, રૂપીઆના ભાગ આપવાને માત્ર તે નાણાં ચાલે છે. એ વિશે સને ૧૮૬૨ નો તેરમો આકટ જોવો.

ઉપરના નિયમનું કારણ.

૫૯૫. જવાબદાર પક્ષકારે કરારમાંહેની વાત એવી રીતે કરવાને તૈયાર રહેવું જોઇએ, કે તેણે કરીને બીજા પક્ષકારના મૂળના હકને કોઈ પણ રીતની હરકત આવે નહીં; માટે જો કોઈ પક્ષકાર કરારમાંની વાત કાંઇ આડ રાખીને કરૂંછું એમ કહે, તો તે ઉપયોગી નથી. જેમકે, કરજાઉખત સો રૂપીઆનું છતાં, કરજદાર પુણોસો રૂપીઆ આપવા તૈયાર થઇને, પોતાના લેણદાર પાસેથી કરજાઉખત પાછું માગે, તો તેણે કરીને તે સાહુકારને પચીસ રૂપીઆનું નુકશાન હોવાને લીધે સાહુકાર પુણોસો રૂપીઆ નહીં લે, તો ચાલે; પરંતુ જો કરજદારે કરજના પૈસા લેણદારપાસે લેઇ જઇને પાવતી લખીને, તથા યોગ્ય સ્ટેંપ લગાવીને તે ઉપર તે લેણદારને સહી કરવાનું કહે, તો લેણદારે પૈસા લઇને તે ઉપર સહી કરી આપવી જોઇએ.

જવાબદાર પક્ષકારે કરવાની વાત બીજા પક્ષકારે ના કબુલ કરી હોય,

૫૯૬. જવાબદાર પક્ષકારને કરારમાંહેની વાત બીજા પક્ષકારે કરવા નહીં દીધી, તો તે જવાબદાર પક્ષકાર ઉપર તે વિશે આગળ ઉપર ફિર્યાદ થયાથી, વાદીને ફિર્યાદનું ખર્ચ,

કિંવા તેને કાંઇ વિશેષ નુકશાન થયું હોય, તો તે મળનાર નહીં. કરજના વાસ્તવિક પૈસા કરજદાર આપતાછતાં લેણદાર નહીં લેતાં કરજદાર ઉપર તેણે ફિર્યાદ કરી, તો તે કરજદાર જે દિવસે પૈસા આપવાને તૈયાર હતો, તે દિવસથી તે પૈસાનું વ્યાજ બંધ થાય છે. અને ફિર્યાદમાં થએલું કરજદારને સર્વ ખર્ચ લેણદારને આપવું પડે છે. તો તેનું પરિણામ.

---

# પ્રકરણ ૨.

## પૈસા ભરવા.

૫૯૭. કરાર પ્રમાણે જે પૈસા ભરવાના તે કાયદા પ્રમાણે ભર્યા પછી તે વિશે ફિર્યાદ થઈ હોય, તો પ્રતિવાદીએ પૈસા ભર્યાની તકરાર કોર્ટ આગળ કરવી. પૈસા ભરવાની તકરાર.

૫૯૮. પાછલા પ્રકરણમાં કહ્યા પ્રમાણે દેણદાર પૈસા આપવાને તૈયાર થયો હોય, તો તેણે પોતાની તરફનો કરાર પુરો કીધો, એમ થાય છે. તેમજ દેણદાર, અને લેણદાર, એઓએ એકઠા થઈ હિસાબ કરીને બાકી કહાડી આપી, તો દેણદારના નામથી જે રકમો તે હિસાબમાં જમે થયા હોય, તે સર્વ રકમોનાં નાણાં તેણે ભર્યાં એમ ગણાય છે. તેમજ જો લેણદારે દેણદાર સાથે એવો કરાર કર્યો કે, જે માલ દેણદાર આપશે, તે સર્વ કરજના ભરણા પેટે ગણવા, તો દેણદારે જે માલ આપ્યો હોય, તે માલની કીમત તેટલા પૈસા દેણદારે ભર્યા, એમ ગણાય છે. પૈસા ભરવા એટલે શું.

૫૯૯. પૈસા ભરવાની રીત વિશે સાધારણ નિયમ એવો છે કે, લેણદાર જે પ્રમાણે ભરવાનુ કહે, તે પ્રમાણે દેણદારે પૈસા ભરવા જોઇએ; અને એવી રીતે પૈસા ભર્યા પછી, જો લેણદારને તે પહોંચ્યા નથી, તોપણ તે વિશે દેણદાર જવાબદાર થતો નથી. જેમકે, લેણદારે કરજના પૈસા ટપા- પૈસા ભરવાની રીત.

લમાં મોકલવાને કહ્યાથી, દેણદારે પૈસા ટપાલમાં મોકલ્યા, એટલે તે જવાબદારીમાંથી છુટો થાય છે.

હુંડી આપીને પૈસા ભર્યા હોય, તો.

૬૦૦. કરજના પૈસા ભરવાસારૂ દેણદારે લેણદારને હુંડી આપી હોય, તો દેણદાર ઉપરથી જવાબદારી લાગલીજ જતી નથી; કારણકે, લેણદારને જેના ઉપરની હુંડી આપી હોય, તેણે તે ના કબુલ કરી હોય, તો તેના પૈસા અલબતજ તે દેણદાર પાસેથી માગી શકાય છે. હુંડી આપ્યાથી તેનો એટલોજ પરિણામ થાય છે, કે જ્યાંસુધી હુંડીની મુદત પુરી થઇ નથી, ત્યાંસુધી લેણદારની દેણદાર ઉપર ફિર્યાદ ચાલતી નથી. તથાપિ જો લેણદારની કસૂરને લીધે હુંડીના પૈસા ન મળવા સરખા થયા હોય, તો તે લેણદારેજ તેનું નુકશાન ભોગવવું. જેમકે, જો લેણદારે તે હુંડી ખોઇ નાંખી, કિંવા તેના પૈસા લેવાસારૂ યોગ્ય મુદતે તે બતાવી નહીં, કિંવા તે ના કબુલ કર્યાની ખબર દેણદારને આપી નહીં, તો તે દેણદાર ઉપર જવાબદારી રેહેતી નથી.[૧]

પૈસાની રકમ.

૬૦૧. સાધારણ નિયમ એવો છે કે, કરજના જેટલા પૈસા આપવાના હોય, તેટલા પૈસા લેણદારે દેણદારને અપવા જોઇએ. માટે કરજ કરતાં કમી પૈસા દેણદારે આપ્યા, અને તે લેણદારે લીધા, તો દેણદાર કરજમાંથી મુક્ત થતો નથી. કારણકે, લેણદારને બધું કરજ લેવાનો હક હોય છે, તે બાબત કમી પૈસા લેવાની જે નવો કરાર તેને પુરૂં કારણ નથી; તથાપિ કરજ કેટલું છે, એ વિશે કાંઇ સંશય હોય, (એટલે કરજની રકમ અમુક છે, એવું ઉભય પક્ષકારોને માહીત ન હોય.) અથવા કરજના પૈસા હકતાથી ભરવાના હોય, અથવા કરજના પૈસા આપવાની મુદત પુરી થઇ ન હોય, તો દેણદારે કરજ બાબત, જો કમી રકમ ભરી, ( અને તે લેણદારે લીધી) તોપણ તેણે બધું કરજ ભર્યા સરખું થાય છે.

---

[૧] પરંતુ ગુજરાતમાંનો સીરસ્તો કેવો છે, એ વિશે હુંડીનું પ્રકરણ જોવું.

૬૦૨. મુદ્દલના ઉપયોગનેસાર લેણદારને જે પૈસા આ-પવા પડે છે, તેને વ્યાજ કહે છે. એ વિશે સ્પષ્ટ કરાર, કિંવા ગર્ભિત કરાર, કિંવા દેશ ચાલ હોય, તો વ્યાજ આ-પવું પડે છે. વ્યાજ

૬૦૩. સન ૧૮૩૯ના ૩૨ મા કાયદામાં એમ કહેલું છે કે, જ્યારે કોઇ માણસને કરજના, કિંવા હીસાબના પૈસા બીજાને આપવાના હોય, ત્યારે જે કોર્ટની આગલ લેણદાર ફિર્યાદ કરે, અને કરજદારે એવો દસ્તાવેજ લખી આપ્યો હોય કે, હું તે કરજના, કિંવા હીસાબના પૈસા આપવાનો-છું, અને તે અમુક તારીખે પાછા આપીશ, તો તે તારી-ખથી વ્યાજ ચાલતા દર પ્રમાણે લેણદારને દેણદારે આપવાનો હુકમ કરવાને કોર્ટ મુખ્ત્યાર છે; અને દસ્તાવેજ લખ્યો ન હોય, અને આપવાની તારીખ મુકરર કરી ન હોય, તો જે તારીખે લેણદારે પૈસા માગ્યા હોય, તે તારીખથી વ્યાજ ચાલતા દર પ્રમાણે લેણદારને કોર્ટે અપાવવું. પરંતુ જ્યારે લેણદાર પોતાના પૈસા માગે, ત્યારે તેણે કરજદારને લખી મોકલવું જોઇએ, કે જો તું તે પૈસા નહીં આપીશ, તો આ કાગળની તારીખથી વ્યાજ ચાલુ થશે. પરંતુ જે પ્રકારના કરજની તથા હીસાબની બાબત, ચાલતા કાયદાના હુકમ ઉપરથી વ્યાજ આપવાનું હોય, તે વ્યાજ આપવાનો એ કાયદાના હુકમ ઉપરથી અટકાવ થનાર નથી. સન ૧૮૩૯ નો કાયદો ૩૨ મો.

૬૦૪. ચક્રવૃદ્ધિવ્યાજ[1], એટલે વ્યાજ ઉપર આપેલા વ્યાજ વિશે પક્ષકારોએ સ્પષ્ટ કરાર કીધો ન હોય, કિંવા તેઓના પ્રથમના વ્યવહાર ઉપરથી ચક્રવૃદ્ધિ વ્યાજ આપ-વાનો વહીવટ હતો એવું જણાઇ ન આવે, તો સળંગ વ્યાજ પ્રમાણે પૈસા મળે છે. ચક્રવૃદ્ધિ વ્યાજ.

૬૦૫. પ્રથમ એમ હતું, કે અમુક દર કરતાં વધારે વ્યાજ લેવાનો કોઇએ કરાર કર્યો હોય, તો તે રદ સમજવો. વ્યાજની મર્યાદા.

[1] વ્યાજનું વ્યાજ

પરંતુ સને ૧૮૫૫ ના ૨૮ મા આક્ટથી એ રદ થઈને હવે એવું ઠરાવ્યું છે, કે પક્ષકારોએ પોતાની મરજીમાં આવે તેવો વ્યાજ વિશે કરાર કરવો.

હિંદુશાસ્ત્ર.

૬૦૬. હિંદુશાસ્ત્ર પ્રમાણે નાણાં બમણાં થયાછતાં વ્યાજ બંધ થાય છે, એટલે કોઈએક વખતે મુદલ કરતાં જાસ્તી વ્યાજ થયું હોય, તો મુદલ જેટલુંજ વ્યાજ મળે છે; અને એ રીતે જુદી જુદી વખતે પહોંચેલા વ્યાજનો સાર્વાળો મુદલ કરતાં પણ વધારે થયો હોય, તો ચિંતા નહીં.

ભરેલા પૈસા કરજમાં ગણવાના રીત.

૬૦૭. જો દેણદારને એક કરતાં વધારે કરજ હોય, તો દેણદારે ભરેલા પૈસા જે કરજના ભરણામાં તે વસુલ ગણવાનું કહે, તે કરજના ભરણા પેટે તે મજરે ગણવા. પરંતુ જો ભરેલા પૈસા કરજના ભરણામાં કેઈ રીતે ગણવા, એ વિશે દેણદારે કાંઈ કહ્યું ન હોય, તો લેણદારે પોતાની મરજીમાં આવે, તે કરજને પેટે વસુલ ગણવા; તથાપિ એ વિશે લેણદારને જે નિર્ણય કરવાનો હોય, તો તે તેણે કોર્ટની આગળ મુકદમો જતાં પેહેલાં કરવો જોઇએ; અને એક વખત એવો નિર્ણય કરીને કોઇએક કરજના ભરણા પેટે વસુલ ગણ્યા પછે દેણદારને પુછ્યાવિના તે પૈસાની બીજી રીતે વ્યવસ્થા કરી સકાતી નથી.

લેણદારે કિયા કરજના ભરણા પેટે પૈસા વસુલ ગણવા.

૬૦૮. ઉપરની કલમમાં કહ્યા પ્રમાણે કરજના ભરણામાં પૈસા મજરે ગણવાનું લેણદારની ખુશી ઉપર હોય, તો તેણે નીચે લખેલા નિયમ પ્રમાણે કરજના ભરણામાં પૈસા મજરે ગણવા જોઇએ.

કરજ કાયદેસર હોવું જોઇએ.

૬૦૯. દેણદારે ભરેલા પૈસા જે કરજના ભરણામાં ગણવાનું લેણદારના મનમાં હોય, તે કરજ કાયદાસર હોવું જોઇએ. જેમકે, જો કોઈ વાણિયાનું ઉપાડ બાબતનું એક દેવું હોય, અને બીજાંનું દેવું સર્ત માર્યા બાબતનું હોય, તો સર્ત માર્યા બાબતનું દેવું કાયદાસર નહીં હોવાને લીધે તેના ભરણાને પેટે વસુલ ગણી સકાય નહીં; પરંતુ કરજ કાયદા-

અરછતાં એ વિશે ફિર્યાદ કરવાની મુદત માત્ર ગુજરી હોય, તો એવા કરજ બાબત તે પૈસા જમે કરવાને હરકત નથી.

૬૧૦. ઘણા હિસાબ ઉપરથી લેણદારનું લેહેણું હોય, તે સર્વ દેણદારને એકજ સંબંધથી દેવું હોવું જોઇએ. જેમકે, અ અને બ, એ કના દેણદાર હોય, અને બએ પોતે મરતી વખત અને પોતાના નહાની ઉમરના છોકરાનો એક્સીક્યુટર નીમ્યો, તો અ તે કનો એ સંબંધથી દેણદાર થાય છે. માટે જો અએ કને કાંઇ પૈસા લાવીને આપ્યા, અને કિયા કરજના ભરણામાં તે ગણવા, તે કહ્યું નહીં, તો તેણે પોતાના ખાનગી કરજના ભરણામાં વસુલ આપ્યા, એમ સમજીને કએ તેના ખાનગી હિસાબમાં તે પૈસા જમે કરવા જોઇએ. કરજ એકજ પ્રકારનું હોવું જોઇયે.

૬૧૧. જો કોઇને કાંઇ ખત ઉપરથી દેવું હોય, અને તેના ઉપર તેજ લેણદારે બીજી ખાતે બાકી કહાડી હોય, તે વિશે તકરાર પડી હોય, તો દેણદારે આપેલા પૈસા તકરારી કરજના ભરણામાં વસુલ કરવા નહીં. કરજ મુકરર હોવું જોઇયે.

૬૧૨. જો કોઇનો બીજા સાથે એકજ હિસાબ હોય, તો તેણે આપેલા પૈસા લેણદારે પાછલી રકમને પેટે જમે કરવા. એક હીસાબમાં ઘણી રકમો હોયતો.

૬૧૩. જો કોઇને વ્યાજ અને મુદલ દેવું હોય, અને તેણે પોતાના લેણદારને કાંઇ પૈસા ભર્યા, તો તે વ્યાજને પેટે આપ્યા, એમ સમજવું. વ્યાજ અને મુદલ દેવું હોય તો.

---

# પ્રકરણ ૩.

## કરારમાંની વાત બાબત બીજું કાંઇ કરીને કરાર પુરો કરવો.

૬૧૪. કરાર માંહેની વાત ન કરતાં જેને તે કરવી જરૂર છે, તેની પાસેથી તે બદલ બીજું કાંઇ કરાવવાનું કરાર બદલ બીજું કાંઇ કરવું.

બંને પક્ષકાર પોતાના સંમતથી કબુલ કરે, તો તે બીજું કાંઈ કરવાથી કરાર પુરો થયો, એમ થાય છે.

ઇંગ્લિશ લૉ. ૬૧૫. ઇંગ્લિશ લા પ્રમાણે સ્પેશલ્ટીનો કરાર હોય, તો તે માંહેની વાત ન કરતાં તે બદલ બીજું કરવાનો કરાર થઇશકતો નથી, કારણકે, સ્પેશલ્ટી કરાર તોડવાસારૂ તેજ પ્રકારનો કરાર હોવો જોઇએ. પરંતુ એવા પ્રકરના કરારમાં કાંઈ અમુક પૈસા આપવાનો મજકુર હોય, અને તે પૈસા આપવાની કરારમાં મુકરર કરેલી મુદત જતી રહી હોય, તો તે પૈસા ન આપતાં બંને પક્ષકારના સંમતથી તે બદલ બીજું કાંઈ કરીને જવાબદાર પક્ષકારે કરાર પુરો કીધો, એમ થાય છે.

પુરૂં કારણ. ૬૧૬. મૂળના કરાર માંહેની વાત ન કરતાં, તે બદલ બીજી વાત કરવાને પક્ષકારોનો જે કરાર, તેને પણ સાધારણ નિયમ પ્રમાણે પુરૂં કારણ હોવું જોઇએ. માટે જો અએ એવો કરાર કર્યો કે, "બ પાસે મારૂં આજ લેહેણું છે, તે આગળ એક વરસ સુધી હું તેની પાસે માગનાર નહીં." અથવા એવો કરાર કર્યો કે, "બ પાસે મારૂ બ્યાજ ૬ ઠી જાન્યુઆરીએ પાંચસેં રૂપીઆ લેહેણું છે, તે બદલ તે દિવસે હું બસેં રૂપીઆ તેની પાસેથી લઇશ," તો એવા કરારને પુરૂં કારણ નહીં હોવાને લીધે કરાર રદ થાય છે; અને બને એવા કરારનો ફાયદો મળીસકતો નથી. પરંતુ જો બએ મુદત માગીને કરારમાં કહેલી વાત કરતાં વધારે કરવાનું કબુલ કર્યું હોય, કિંવા ૬ ઠી જાન્યુઆરી પેહેલાં બસેં રૂપીઆ આપવાનું કબુલ કર્યું હોય, તો તે કરાર ઉપરથી ફિર્યાદ ચાલીસકે.

બંદોબસ્તનો કરાર. ૬૧૭. જો દેણદારે પોતાના લેણદારો સાથે સમજુત કરીને બંદોબસ્તનો કરાર કર્યો, તો તે દેણદાર પાસેથી મૂળ કરજ વસુલ કરવાસારૂ તેનામાથી કોઇએક લેણદારની ફિર્યાદ ચાલનાર નહીં, કારણકે, પોતાના વાસ્તવિક કરજ કરતાં કમા

પૈસા લેવાનું ઘણા લેણદારે કબુલ કર્યું, તેથી બંદોબસ્તના કરારને પુરૂં કારણ છે.

૬૧૮. ૬૧૪મી કલમમાં કહ્યા પ્રમાણે બંને પક્ષકારોનો કરાર થયો હોય, તેમાં નવી કબુલ કરેલી વાત લાગલીજ કરી હોય, તો માત્ર ઇંગ્લિશ લા પ્રમાણે મૂળ કરાર ઉપરથી આગળ ઉપર ફિર્યાદ ચાલતી નથી. નહીં તો મૂળ કરાર ઉપરથી પ્રતિવાદી ઉપર ફિર્યાદ થઈ હોય, તો તે નવા કરારની તકરાર ત્યાં લેવાઇસકાતી નથી. બીજો કરાર થયાછતાં પેહેલા કરાર ઉપરથી ફિર્યાદ કરવાથી વાદીએ નવા કરાર તોડ્યો, એમ ગણાય છે; માટે તે પ્રતિવાદીએ ગમેતો વાદી ઉપર તે વિશે ઉલટ ફિર્યાદ કરવી. ઇંગ્લિશ લાં.

૬૧૯. પરંતુ પેહેલો કરાર રદ થયાછતાં જુજ કારણ ઉપરથી પ્રતિવાદીની તકરાર તે મુકરદમામાં રદ કરીને, તેજ તકરાર ઉપરથી, તેને નવી ફિર્યાદ કરવાનું કેહેવું, એ કરતાં એકજ મુકરદમામાં સર્વે વાસ્તવિક ન્યાય થાય, એ યોગ્ય છે. અહિંઆં શું કરેવું.

---

# પ્રકરણ ૪.

## કરજનો હવાલો.

હવાલો એટલે શું.

૬૨૦. જો કોઈ દેણદારે પોતાના લેણદાર સાથે એવા કરાર કીધોકે, "મારે જે કરજ દેવું છે, તે મારો દેણદાર બ તને આપશે," અથવા જો કોઇ લેણદારે પોતાના દેણદાર સાથે એવા કરાર કર્યો કે, "મને જે તું પૈસા ભરવાનો છે, તે મારા અમુક શાહુરને આપ," તો એ વ્યવહારને કરજનો હવાલો એમ કહેવું. એવા કરારથી મૂળ દેણદારની જગાએ નવો દેણદાર, કિંવા મૂળ લેણદારની જગાએ નવો લેણદાર આવે છે.

૬૨૧. એવા કરારથી મૂળ કરારના પક્ષકારો ઉપરથી પાછલો હક રદ

*થવા જોઇએ.* પ્રથમની જવાબદારી રદ થવી જોઇએ. જેમકે, જો **અ**ને કાંઇ **બ**નું દેવું હોય, અને **બ**ને કાંઇ **ક**નું દેવું હોય, અને **અ બ ક** એકઠા થઇને તેઓએ એવો કરાર કર્યો કે, **અ**એ **બ**નું સર્વ કરજ **ક**ને ભરવું, તો અહીં **અ** અને **બ**, એ બંનેની વચમાં થએલો મૂળ કરાર, અને **બ** અને **ક**, એ બંનેની વચમાં થએલો મૂળ કરાર રદ થવા જોઇએ. એટલે **અ** અને **ક** એ બંનેની વચમાં નવો કરાર કાયમ થશે.

*પુરૂં કારણ.* ૬૨૨. એવા કરારને લીધે, ઉપર કહ્યા પ્રમાણે પાછલા હક રદ થાય છે, તે એવા કરારને પુરૂં કારણ છે, એમ સમજવું.

*સંમત.* ૬૨૩. સાધારણ નિયમ પ્રમાણે, એવા કરારમાં પક્ષકારોનો સંમત પણ હોવો જોઇએ. માટે મૂળ કરાર રદ કરીને નવો કરાર કાયમ સમજવાસારૂ ત્રણે પક્ષકારોનો સંમત હોવો જોઇએ; કારણકે, તેનામાંથી એકાદ પક્ષકારનો સંમત ન હોય, તો બંને મૂળ કરાર રદ થતા નથી; અને તેણેકરીને નવા કરારને પુરૂંકારણ નથી, એમ થવાથી તે કરાર રદ થાય છે.

---

## પ્રકણ ૫.

### કરારની જવાબદારીમાંથી છુટવું.

*એટલે શું.* ૬૨૪. જે પક્ષકારને કરારમાંની વાત કરવી અવશ્ય છે, તે પક્ષકારને તેમાંની વાત, કિંવા તે બદલ બીજું કાંઇ કરવું જરૂર નહીં પડ્યું, તો તે કરારની જવાબદારીમાંથી તેનો છુટકો થયો, એમ ગણાય છે.

*છુટકો મળવાની મુખ્ય રીતિ.* ૬૨૫. એવા પ્રકારનો છુટકો મુખ્યત્વેકરીને બે રીતે મળે છે:-૧ પક્ષકારોના કરાર ઉપરથી. ૨. કાયદાના આધાર ઉપરથી.

૬૨૬. જે પક્ષકારને કરાર ઉપરથી ફાયદો થવાનો છે, તે અથવા તેનો વારસ બીજા પક્ષકારને, તે કરારમાંથી છુટો કરી સકે છે; અને એ પ્રમાણે, તેં બીજા પક્ષકારને એક વખત છુટકો મળ્યો, એટલે તેના ઉપર તે કરાર સંબંધી કોઇપણ રીતે ફિર્યાદ ચાલતી નથી. છુટકો આપવાનો અધિકાર.

૬૨૭. ઇંગ્લિશ લા પ્રમાણે જો મૂળ કરાર સ્પેશલ્ટી હોય, તો તે ઉપરથી જવાબદારી સ્પેશલ્ટી કરારથીજ દૂર કરવી જોઇએ. ઇંગ્લિશ લૉ.

૬૨૮. બે, કિંવા વધારે (જ્યાયંટ) લેણદારોમાંથી એકે પોતાના દેણદારને નિષ્કપટથી ફારકતી લખી આપીને અથવા બીજી કોઇ રીતે કરારના બંધનમાંથી મુક્ત કર્યો, તો ઇંગ્લિશ લા પ્રમાણે તેને સર્વ લેણદારે ફારકતી આપી, એમ થાય છે; પરંતુ બાકી રહેલાના સંમત્ત શિવાય એકે એવી ફારકતી આપી, તો તેણે કરીને બાકી રહેલાનો દાવો, અહીં રદ થશે, એમ જણાતું નથી. ઘણા લેણદારોમાંથી એક જણાએ ફારકતી આપી હોયતો.

૬૨૯. તેમજ જો બે, કિંવા વધારે (જ્યાયંટ) દેણદારોમાંથી એકનેજ લેણદારે ફારકતી આપી, તો (બીજો કાંઇ વિશેષ ઠરાવ ન હોયતો) ઇંગ્લિશ લા પ્રમાણે બધા દેણદાર કરજમાંથી મુક્ત થયા છે. અહીં એક દેણદારને કરજમાંથી છુટો કર્યાથી બીજા દેણદાર છુટા થતા નથી, એવો નિયમ છે, એમ જણાય છે. જો ઘણા દેણદાર હોય, અને પ્રત્યેક ઉપર બધા કરજની જવાબદારી હોય, (ઇં૦ જ્યાયંટ અને સેવરલ ) તો એવા દેણદારમાંથી એકને ફારકતી આપી હોય, તો ઇંગ્લિશ લા પ્રમાણે પણ બાકીના દેણદારો ઉપરથી જવાબદારી જતી નથી. ઘણા દેણદારોમાંથી એકને ફારકતી આપી હોયતો.

૬૩૦ દેણદાર પાસેથી કરજ વસુલ કરવા વિશે તેના ઉપર ફિર્યાદ કરવી નહીં, એવો જો લેણદારે તેની સાથે કરાર કર્યો હોય, તો દેણદાર કરજની જવાબદારીમાંથી છુટો થાય છે. પરંતુ જો લેણદારે પોતાના દેણદાર સાથે એવો કરાર દેણદાર ઉપર ફિર્યાદ કરવી નહીં, એવો કરાર હોયતો.

કર્યો કે, "કરજ વિષે અમુક મુદતમુધી ફિર્યાદ કરવી નહીં," તો તે મુદત પુરીથતાં પેહેલાં ફિર્યાદ કરી હોય, તો તે અહીંયાં રદ થશે.

મૂળ જવાબદારનો છુટકો થયાથી જામીન છુટે છે

૬૩૧. જો લેણદારે પોતાના દેણદારને કરજમાંથી છુટો કર્યો, તો તેનો જે જામીન થયો હોય, તે પણ જામીનીના કરારથી મુક્ત થાય છે.[1]

દેણદાર-લેણદારનો એક્ઝિક્યુટર થાયતો.

૬૩૨. જો લેણદારે પોતાનો મૃત્યુ લેખ કરીને તેમાં પોતાના દેણદારને એક્ઝિક્યુટર નીમ્યો હોય, તો તે સબબથી લેણુદારનું કરજ ડુબતું નથી. લેણદારની સર્વ માલમતા તેના મરણપછી દેણદારને સ્વાધીન થએથી પોતાના કરજના પૈસા દેણદારે તેમાં જમે કરવા જોઇએ.

લેણદાર-દેણદારના એક્ઝિક્યુટર થાયતો.

૬૩૩. જો દેણદારે પોતાનો મૃત્યુ લેખ કરીને, તેમાં પોતાના લેણદારને પોતાનો એક્ઝિક્યુટર નીમ્યો હોય, તો તેને લીધે લેણદારનું કરજ ડુબતું નથી. દેણદારના મરણ પછી તેની માલમતા પોતાને સ્વાધીન થાય, તેમાંથી પોતાના કરજના પૈસા તેણે વસુલ કરી લેવા.

દેણદાર તથા લેણદારનો એક્ઝીક્યુટર એક હોયતો.

૬૩૪. જો કોઈ માણસ દેણદાર, અને લેણદાર, એ બંનેનો એક્ઝીક્યુટર થયો હોય, તો તેણે દેણદારની માલમતામાંથી લેણદારના કરજ જેટલા પૈસા કહાડીને લેણદારની માલમતામાં જમે કરવા.

લગ્ન.

૬૩૫. ઇંગ્લિશ કાયદા પ્રમાણે, જો એકાદા કરારના બંને પક્ષકાર સ્ત્રીપુરૂષ હોય, અને પછી તેઓનું લગ્ન થયું, તો તે કરાર ઉપરથી ઉત્પન્ન થએલી જવાબદારી રદ થાય છે. હિંદુશાસ્ત્ર પ્રમાણે તથા મુસલમાની કાયદા પ્રમાણે પણ બંને પક્ષકારનું લગ્ન થયાથી પ્રથમના કરાર રદ થાય છે.

કરારના લેખમાં ફેરફાર કર્યા હોયતો.

૬૩૬. જો એક પક્ષકારે બીજા પક્ષકારને નહીં પુછતાં, અને તેનાં સંમત શિવાય તેને હરકત પહોંચે એવી રીતે

---

[1] જામીન ઉપરની જવાબદારી રદ થવાની રીતી વિષે, જામીનીનું પ્રકરણ જોવું.

કરાર લેખમાં કાંઈ મુદ્દાની વાતમાં ફેરફાર કર્યો, તો બીજો પક્ષકાર એવા કરારના બંધનમાંથી મુકત થાય છે.

દેણદારની નાદારી.

૬૩૭. વિક્ટોરિયાના આક્ટ ૨૧મા પ્રમાણે, જો કોઈને નાદારી મળેલી હોય, તો તેને જે કરજ આપવાનું છે, એવું તેણે કરજની યાદીમાં લખી આપ્યું હોય, તે વિશે તે નાદાર ઉપરથી જવાબદારી નિકળી જાય છે. પરંતુ લેણદારનો તેના કરજ ઉપરથી તમામ હક જતો નથી; કારણકે, નાદારના "અસૈની" પાસેથી તેને હિસ્સારસીથી પૈસા મળેછે. (એ વિશે આગળ જોવું.) મૂળ જવાબદાર નાદાર થયો હોય, તો તેના જામીન ઉપરથી જવાબદારી જતી નથી.

સને ૧૮૫૯ નો આક્ટ ૮.

૬૩૮. જો કોઈએ ૨૨ માર્ચ સન ૧૮૫૯ પછી કરજ લીધું, અને તેની રકમ સો રૂપીઆ કરતાં કમી હોય, અને નાદારીના કારણ ઉપરથી તેને દીવાની કોરટે કેદમાંથી છોડી મુકયો હોય, તો તે કરજમાંથી તે છુટો થાય છે.

---

# ભાગ ૭.

## પ્રકરણ ૧.

### રસ્તામાં અટકાવવું.

રસ્તામાં અટકાવવાનો અધિકાર.

૬૩૯. જો વેચાણલેનારે વેચાણ લીધેલા પદાર્થની કીમત આપતાં પેહેલાં દેવાળું કાહાડ્યું, તો તે પદાર્થ તેના હાથમાં જતાં પેહેલાં રસ્તામાં અટકાવવાનો વેચનારને અધિકારછે.

એ અધિકાર કોને છે.

૬૪૦. વેચેલા માલના માલિકને, અથવા જેની મારફત માલ મોકલ્યો હોય, તેને એવો અધિકાર છે; પરંતુ પદાર્થની કીમતનેસારૂં જે જામીન થાય છે, તેને એવો અધિકાર નથી.

અટકાવવાની રીત.

૬૪૧. જેને વેચેલો પદાર્થ રસ્તામાં અટકાવવાનો અધિકાર છે, તેણે પોતે જઈને માલ અટકાવવો જોઈએ, એમ કાંઈ નથી. તે માલ જે લઈ જતો હોય, તેને, કિંવા તેના

ધણીને, માલ અટકાવવા વિશે યોગ્ય મુદતમાં સૂચના આપી, એટલે એવી સૂચના મળ્યા પછી તે લેઇજનારે માલ અટકાવીને રાખવો જોઇએ.

એ અધિકાર કેટલા વેળા સુધી રહે છે.

૬૪૨. વેચેલો માલ વેચાણ લેનારના હાથમાં જતાં પેહેલાં તેનું દેવાળું નીકળ્યુ હોય, તો વેચનારે તે માલરસ્તામાં અટકાવવો. માલરસ્તામાં છે, કિંવા નહીં, એ ઠરાવવાને વાસ્તે, આ નિયમ ધ્યાનમાં રાખવો કે, માલ જ્યાંસુધી લેઇજનારના હાથમાં લેઇજવાનેસારૂ હોય, ત્યાંસુધી અથવા લેઇજવાસારૂ તે વચમાં કોઇ ઠેકાણે રાખેલો હોય, તો નીમેલે ઠેકાણે તે પહોંચે ત્યાંસુધી તે માલ રસ્તામાંજ છે, એમ સમજવું; અને જો વેચાણ લીધેલો માલ લેઇજવાને વેચાણ લેનારની તરફનું કોઇ માણસ આવ્યું હોય, તોપણ માલ વેચાણલેનારના હાથમાં જાય, ત્યાંસુધી તે રસ્તામાં છે, એમ સમજવું.

એ અધિકાર શી રીતે જાય છે.

૬૪૩. વેચેલો માલ વેચાણલેનારના હાથમાં, અથવા માલ તાબામાં લેવાસારૂ નીમેલા મુનીમના હાથમાં ગયાપછી, તે અટકાવી સકાતો નથી; અને જો વેચાણલેનારનેસારૂ વેચેલો માલ વેચનારના અથવા લેઇજનારના તાબામાં રાખવાનું કહ્યું હોય, તોપણ તે વેચાણલેનારના હાથમાં ગયો, એમ ગણાય છે. કારણકે, એવી વાતમાં વેચનારની પાસે અથવા લેઇજનારની પાસે માલ થાપણની રીતે રહેલો છે, એમ ગણાય છે; પરંતુ માલ અટકાવાવનો વેચનારનો અધિકાર ડુબાવવાના હેતુથી, રસ્તામાં માલ લેવાજવાનો વેચાણ લેનારને અધિકાર નથી. અને વિશેષે કરીને જો લેઇજનારો માલ આપતો નથી એમ કહ્યાંછતાં, વેચાણલેનારો તેની પાસેથી માલ જબરાઇથી લેઇજશે, તો તેણે કરીને વેચનારાનો માલ અટકાવવાનો હક ડુબતો નથી; પરંતુ લેઇજનારે માલ નીમેલે ઠેકાણે લેઇ ગયાપછી, વેચાણ લેનારે તે માગ્યાંછતાં પણ, તેને તે ન આપતાં લેઇજનારે યોગ્ય કારણ વિના, પોતાની પાસે

રાખ્યો, તો પછી માલ અટકાવી સકાતો નથી.[1]

૬૪૪. જો વેચાણલેનારે બધો માલ સ્વાધીન કરી લેવા સારૂ તેમાંથી કાંઇ ભાગ લીધો, અને સર્વ માલ વેચાણ લેનારને સ્વાધીન કરવાનો વેચનારનો હેતુ હોય, તો માલ અટકાવવાનો વેચનારનો હક સર્વસ્વ ડુબે છે. પરંતુ વેચનારનો તેવો હેતુ ન હોય, તો બાકી રહેલો માલ અટકાવી સકાય. — કેટલો હક ડુબેછે.

૬૪૫. વેચેલો માલ વેચનારે રસ્તામાં અટકાવીને, પાછો લીધાથી વેચાણનો હક રદ થાય છે, એમ કાંઇ નથી. માટે વેચાણલેનારો, અથવા તેનો અસીની યોગ્ય મુદતમાં માલની કીમત આપીને માલ લેછે. કિંવા નહીં, એ જોવું; અને તે લેતો ન હોય, તો વેચનારે માલ બીજાને વેચવો; અને તેથી નુકસાન થયું હોય, તો તે પ્રથમના વેચાણલેનાર પાસેથી ભરી લેવું. — માલ અટકાવવાનો પરિણામ.

---

## પ્રકરણ ૨.

### માલ અટકાવીને રાખવાનો હક.

૬૪૬. કેટલીક વાતમાં દેણદાર કરજ આપે, ત્યાંસુધી સાહુકારને તેનો માલ અટકાવી રાખવાનો હક હોય છે; અને માલ સાહુકારના કબજામાંથી ગયો, તથાપિ તેના ઉપર તેનો હક રહે છે. જો સાહુકારે કરજનેસારૂ પોતાના દેણદારનો માલ અટકાવી રાખ્યો હોય, તોપણ કરજ વસુલ કરવાસારૂ તેનો ફિર્યાદ કરવાનો હક જતો નથી. — માલ અટકાવી રાખવાનો હક.

૬૪૭. માલ અટકાવી રાખવાના હક બે પ્રકારના છે. — બે પ્રકાર.

---

[1] પરંતુ ચિટીએ પોતાના કરાર શાસ્ત્રના ગ્રંથમાં, એમ કહ્યું છે કે, જો વેચેલો માલ નીમેલે ઠેકાણે આવતાં પેહેલાં વેચાણલેનારે તે લેઇજનારના મત શિવાય તેની પાસેથી પોતાના કબજામાં લીધો, તોપણ તે અટકાવવાનો વેચનારનો હક એવા કબજાથી ડુબે છે.

૧ સાધારણ હક. ૨ વિશેષ હક. ઘણા વ્યવહાર સંબંધી હિસાબની બાકી નિકળી, તે ઉપરથી તે બાબત સાહુકારે પોતાના હાથમાં આવેલો ગમેતે માલ અટકાવી રાખવો, એ પેહેલો પ્રકાર. અને જે પદાર્થ સંબંધી જે કરજ ઉત્પન્ન થયું હોય, તેજ પદાર્થ તે કરજ બદલ અટકાવી રાખવો, એ બીજો પ્રકાર.

સાધારણ હક કોને હોય છે.

૬૪૮. સાધારણ હક ઘણા લોકોનો હોતો નથી; પરંતુ જેને કાંઇ કામ કરવાસારૂ બીજાનો માલ લેવો, કાયદા પ્રમાણે અવશ્ય હોય છે, તેને એ હક હોય છે. જેમકે, **સર્વના માલ લેઇજનારા**, ઉતારાના રક્ષક, વકીલ, પેઢી વાળા વગેરે એઓને પોતાની પાછલી બાકીને વાસ્તે તુરત હાથમાં આવેલો માલ અટકાવી રાખવાનો હક છે.

વિશેષ હક કોને હોય છે.

૬૪૯. જો કોઇએ પોતાને સ્વાધીન કરેલો પદાર્થ કુશળતાથી તથા શ્રમથી દુરસ્ત કર્યો, કિંવા તેમાં કાંઈ ફેરફાર કર્યો, તો પોતાની મેહેનતના પૈસા આપે ત્યાંસુધી, તે પદાર્થ અટકાવી રાખવાનો તેને હક છે, આ સાધારણ નિયમછે; જેમકે, વહાણ બાંધનારા, કિંવા દુરસ્ત કરનારા, કિંવા ઘોડાને ચાલ શિખવનારા, ગાય તથા ભેંશોને ફળવાન, વગેરે કરનારા એઓને પોતાની મેહેનતના પૈસાને વાસ્તે મેહેનત કરવાને સારૂ સ્વાધીન કરેલો માલ અટકાવી રાખવાનો હક છે.

માલ અટકાવવાનો હક કયારે નથી રહેતો.

૬૫૦. પરંતુ માલ અટકાવી રાખવાનો હક રહેવાને બંધ કરનારી એવી કાંઈ વાત હોય, તો તે હક રહેતો નથી. જેમકે, માલ અટકાવીને ન રાખવા વિશે કરાર કર્યો હોય, કિંવા મેહેનતના પૈસા પાછળથી[1] આપવાનો કરાર કર્યો હોય, તો માલ અટકાવી રાખવાનો હક રહેતો નથી.

માલ અટકાવવાનો હક શી રીતે જાય છે.

૬૫૧. ઇંગ્લિશ લા પ્રમાણે માલનો કબજો ગયો, એટલે

---

[1] પરંતુ મુદત ગુજર્યા પછી કામ કરનારના હાથમાં માલ હોય, તો તેને તે માલ અટકાવવાનો હક મળે છે.

માલ અટકાવવાનો હક જાય છે. પરંતુ એજિવટીમાં માલ અટકાવવાના હકનો માલના કબજા સાથે કાંઈ સંબંધ નહીં હોવાને લીધે, કબજો ગયાછતાં હક જતો નથી; માટે વેચનારને પોતાના માલની કીમતના પૈસા મળે ત્યાંસુધી, માલ જો વેચનારે વેચાણ લેનારના નામ ઉપર ચડાવીને તેને સ્વાધીન કર્યો હોય, તોપણ તે માલ ઉપર વેચનારનો હક રહે છે. પરંતુ જો એવા વેચાણ લેનારે તે માલ બીજા કોઈને, એ વાત નહીંજણાવતાં વેચાને પૈસા લીધા હોય, તો પેહેલા વેચનારનો તે માલ અટકાવવાનો હક જાય છે.

૬૫૨. જે કરજને વાસ્તે માલ અટકાવવાનો હક હોય છે, તે કરજ બાબત ફિર્યાદ કરવાની મુદત ગુજરી ગયાછતાં પણ માલ અટકાવી રાખવાનો હક જતો નથી; તેમજ જેને માલ અટકાવવાનો હક હોય, તેને માલધણીનું દેવું હોય, તોપણ માલ અટકાવવાનો હક ડુબતો નથી. કારણકે, જેને માલ અટકાવવાનો હક છે, તેની પાસે કરજ બદલ તારણ હોવાને લીધે, તેનો હક વિશેષ હોય છે. માલ અટકાવવાનો હક મુદતની હરકતથી જતો નથી.

---

# પ્રકરણ ૩.

## દેવાળું અને નાદારી.

૬૫૩. કોઈ માણસને પોતાનું કરજ આપવાનું સામર્થ્ય ના સરખું થવું, એને દેવાળું, અથવા નાદારી, એમ કહે છે. એવો માણસ વ્યાપારી હોય, તો તેને દેવાળિયો કહે છે; અને તે વેપારી ન હોય, તો તેને નાદાર કહે છે. દેવાળું તથા નાદારી એટલે શું.

૬૫૪. કોઈ માણસ પોતાનું કરજ આપવાને અસમર્થ્ય થયાથી તે જાતે, કિંવા પોતાના મિત્રોની મારફતે સાહુકારોને બોલાવીને, તેમની સાથે પોતાના કરજ બદલ કાંઈ બંદોબસ્ત કરે છે, અને તેણે કરીને પ્રત્યેક શાહુકાર બાકીના સર્વ સાહુકાર તેમજ કરશે, એવા હેતુથી પોતાના કરજ સાધારણ ઉપાય.

કરતાં કમી પૈસા લેવાનું કબુલ કરે છે. એ કબુલાતને બં- દોબસ્તનો કરાર ( ઇં૦ કાંપોઝીશન આગ્રીમેંટ, ) એમ કહે છે.

બીજો ઉપાય ૧૦-૧૧-વિક્ટોરિઆનો આક્ટ ૨૧.

૬૫૫. એ શિવાય હાલમાં પાર્લમેંટ સભાએ વિક્ટોરિયા રાણીના ૧૦ અને ૧૧ મા વરસમાં ૨૧ મો આક્ટ ફરમાવ્યો છે, તેમાં સાહુકારની સાથે બંદોબસ્ત કરવાનો બીજો એક ઉપાય બતાવ્યો છે, એ વિશે આગળ વિચાર કર્યા છે.

કોણ નાદાર થઈ શકે છે.

૬૫૬. જેના ઉપર લેણદેણ બાબત ફિર્યાદ થવાસરખી હોય છે, તે નાદાર થવાને લાયક છે. માટે તેણે જે કોર્ટને નાદારીની ચોકશી કરવાનો અધિકાર હોય, તે કોર્ટને અરજી કરવી, અને અરજીની સાથે કાયદામાંહેલા નમુના પ્રમાણે પોતાની મિલકત, તથા કરજની યાદ આપવી; પછી અરજી તથા યાદ દાખલ કર્યાપછી અરજદારે નાદારીનું કૃત્ય કીધાનો ઠરાવ કરીને કોર્ટે ચોકશી કરવાસારૂ દિવસ નીમીને, લેણદારોની મરજી હોય તો તકરાર લેવાને કોર્ટમાં આવવા સારૂ, તેમને તે દિવસની ખબર આપવી.

નાદારીનું કૃત્ય.

૬૫૭. જે સાહુકારોની ફિર્યાદ ઉપરથી કોઈ માણસ કેદ પડ્યો હોય, તેને કેદ થયાપછી ૨૧ દિવસની અંદર કાયદા પ્રમાણે તે માણસ પૈસા ન આપે, કિંવા નિકાલ ન કહાડે, અથવા સાહુકારોને ઠગવાના, કિંવા તેમને હરકત કરવાના ઇરાદાથી કોર્ટની હકુમતની બહાર, કિંવા પોતાને હમેશે કામ કરવાના, કિંવા રહેવાના મામુલી ઠેકાણેથી જશે, અથવા પોતાની માલમતાનો કોઈ પણ ભાગ કપટથી વેચશે, કિંવા બીજાના નામ ઉપર ચડાવશે, કિંવા હુકમનામા બજાવવાસારૂ લેવાદેશે, કિંવા જપત કરવાદેશે, કિંવા બીજાના નામ ઉપર ચઢાવવાદેશે, કિંવા બીજાને લેવાદેશે, તો તે માણસે નાદારીનું કૃત્ય કર્યું, એમ સમજવું. અને તે પછી તેના સાહુકારોને કાયદામાં કહ્યા પ્રમાણે અરજી કરવાનો અધિકાર મળે છે.

*નાદાર કરવા વિશે અરજી કરવાનો અધિકાર કોને છે.*

૬૫૮. જો કોઈ માણસ પોતાનું કરજ આપવાને અસમર્થ થયાછતાં, તે નાદાર થવાવિશે અરજ ન કરે, તો તેને નાદાર કરવા વિશે જે માણસ તેનો સાહુકાર[1] હોય, તેને, અથવા જે બે, કિંવા વધારે માણસો વ્યાપારમાં ભાગીયા હોય, અને જેઓનું લેહેણું ૫૦૦ રૂપીઆ સુધી હોય, તેઓને અથવા જે બે સાહુકારોનું તેમને ૭૦૦ રૂપીઆ સુધી કરજ દેવું હોય, અથવા જે ત્રણ, અથવા વધારે સાહુકારોનું તેને ૧૦૦૦ રૂપીઆ સુધી કરજ દેવું હોય, તેઓને કાયદાના નમુના પ્રમાણે અરજી પ્રતિજ્ઞા સુધાં કોર્ટને આપવી.

*અરજ મંજુર થએથી નાદારની માલમિલકત અસૈની પાસે જાય છે.*

૬૫૯. અરજી દાખલ થયાપછી દેણદારે નાદારીનું કૃત્ય કીધું, એવો કોર્ટે ઠરાવ કરવો. પરંતુ દેણદારે અરજી કર્યાછતાં તેણે માલમતાની યાદ બરોબર કરેલી નથી, કિંવા કરજ દગાબાજીથી કર્યું, કિંવા તે કર્યું તે વખત તે વાળવાની વાજબી આશા નહીંછતાં કર્યું, કિંવા ખોટું બહાનું કરીને પોતાના કોઈ પણ સાહુકારને રઝળાવ્યો, કિંવા પોતાના ઉપર કરેલી ફિર્યાદનો ત્રાસદાયક જવાબ આપીને, કિવા ખોઝંબો નાંખીને પોતાના કોઈ પણ શાહુકારને વ્યર્થ ખરચમાં નાંખ્યો, કિંવા ત્રાસદાયક રીતે કરેલી ફિર્યાદનો, કિંવા જે ફિર્યાદનો ત્રાસદાયક રીતે જવાબ આપ્યો હોય, તે ફિર્યાદનો ખરચ માથે પડવાથી દેણદાર થયો છે, કિંવા વાદીને દ્વેષથી નુકશાન કર્યા બાબત તેણે ફિર્યાદ કરી, તે નુકશાનનો અવેજ વસુલ કરવાથી તે કરજદાર થયો હોય, અથવા નાદારીની વાત વાસ્તવિક માલમિલકત હોય, તે કિંવા તેને આગળ મળવાની છે તે જોતાં, નાદારે કરજ કર્યું, તે વખત તેને વાળવાની જે શક્તિ હતી, તે શક્તિ બહાર તેણે બેહદ કરજ કરીને મોટી ગેરચાલ કરી એમ નજરમાં આવે, અથવા સાહુકારે અરજી કર્યાછતાં તે પો-

---

[1] જે સાહુકારના લેહેણાની મુદત થઈ ન હોય, એવા સાહુકારોનો પણ "સાહુકાર" શબ્દમાં સમાવેશ થાય છે.

તાના લેહેણાનો બરોબર પુરાવો આપતો ન હોય, તો અરજ નામંજુર થશે. દેણદારે નાદારીનું કૃત્ય કીધું, એમ અરજી ઉપરથી ઠરાવ થયાપછી દેણદાર, તથા તેના કુટુંબને વાસ્તે પોષાકી સામાન, તથા બીછાના, તથા તેમને જે બીજી જણસો જરૂર હોય તે, અને તેમના કામ કરવાના હથિયાર, એ સર્વ મળીને ઘણામાં ઘણા ૩૦૦ રૂપીઆ સુધીની કીમતની બાદકરીને દેણદારની બીજી સર્વ માલમતા આફિશિયલ અસ્સૈનીને સ્વાધીન કરવી, એવો હુકમ કોર્ટ કરવો. તે આફિશિયલ અસ્સૈનીએ તે નાદારની માલમતા પોતાને જીમ્મે લેઇને સર્વે સાહુકારોનું કરજ કોર્ટના હુકમ પ્રમાણે વેહેંચી આપવું.

ચોકસી ચાલતાં નાદારી ઉપરની ફીર્યાદ બંધ રખાવવી.

૬૬૦. નાદારીની ચોકસી ચાલતાંછતાં દેણદાર ઉપર જે ફિર્યાદ, અથવા બીજુ કાંઇ કામ ચાલતું હોય, તે દેણદારની યાદીમાંહેના કરજ સંબંધી હોય, તો કોર્ટે નજરમાં આવે, તો તે બંધ રખાવવું.

ફિર્યાદો વગેરે કરવાના હક અસ્સૈનીને મળે છે.

૬૬૧. નાદારીની માલમતા આફિશિયલ અસ્સૈનીને આપવાનો હુકમ થયો, એટલે તેનો સ્વતંત્ર તથા જાતે સુરક્ષિત રહેવાના હક બાદ કરીને તેની માલમતા સંબંધી સર્વ હક સાહુકારોના હિતને માટે આફિશિયલ અસ્સૈનીને મળે છે[1]. જેણેકરીને નાદારની, કિંવા નાદાર ઉપર જે ફિર્યાદ થવાની હોય, કિંવા થઇ હોય, તે સર્વે અસ્સૈના નામની, તથા તેના નામ ઉપર છે. અને જો નાદાર કાંઇ કરજ બાબત તુરંગમાં હોય, અથવા દરમિયાનનો હુકમ આપીને કોર્ટે તેને તુરંગમાંથી કહાડયો હોય, તો તે કોર્ટના હુકમથી છુટો થાય છે.

---

[1] જો નાદારની પેહેલાં બે મહિનાની અંદર નાદારે દગાબાજીથી પોતાની કાંઇ માલમતા બીજાના નામ ઉપર ચડાવી, તો તેણેકરીને તે માલમતા ઉપરનો અસ્સૈનીનો હક જતો નથી.

૬૬૨. પરંતુ જો નાદારને કાંઈ સરકારનું દેવું હોય, તો તેમાંથી પણ તે મુક્ત થાયછે, એમ સમજવું નહીં. તથાપિ જો તે નાદારની માલમતાનો કાંઈ ભાગ તેના સાહુકારોને ખરેખરો વેંહેંચી આપી દીધો હોય, તો તે માલમતા ઉપર સરકારનો કાંઈ દાવો રેહેતો નથી. સરકારના હક જતા નથી.

---

# ભાગ ૮.

## કરાર તોડવા ઉપરથી ફિર્યાદ.

૬૬૩. કોઈ પક્ષકાર કરાર તોડે, તો તે બાબત તેના ઉપર દીવાની કોર્ટમાં ફિર્યાદ ચાલશે. એવી ફિર્યાદમાં વાદી પ્રતીવાદી કોને કરવા જોઇએ; અને ફિર્યાદ ચાલી, તો વાદીને નુકશાન બદલ કેટલા પૈસા મળશે, અને તે ફિર્યાદ કેટલી મુદતમાં કરવી જોઇએ, એ વિશે આ ભાગમાં વિચાર કર્યો છે. સાધારણ વિચાર.

---

# પ્રકરણ ૧.

## ફિર્યાદના પક્ષકાર.

૬૬૪. જે કરાર ઉપરથી ફિર્યાદ કરવાની છે, તે કરારમાં જે માણસોનો સંબંધ હોય, તે એ ફિર્યાદમાં પક્ષકાર હોવા જોઇએ. જેમકે, જો કોઈ પોતાની જમીન **અ** અને **બ** એઓને એવી રીતે કરાર કરીને આપી કે, **અ** હયાત છે, ત્યાંસુધી તેણે તેનો ઉપભોગ લેવો; અને પછી **બ** એ લેવો. અને જો એવી જમીન ઉપર ત્રાહિત માલિકીનો દાવો કરતો હોય, તો **અ** અને **બ** એ બંનેને પ્રતિવાદી કરવા જોઇએ; કારણકે, એ બંનેનો એ જમીનમાં સંબંધ છે. અને તે ત્રાહિતનો માલિકીનો દાવો સાબીત થયાથી તે બંનેને નુકશાન પહોંચે, એમ છે. પરંતુ જે સાધારણ નિયમ.

કરાર ઉપરથી ફિર્યાદ કરવાની તેની સાથે ફકત સંબંધછતાં તે ફિર્યાદના ફેસલાથી જે માણસોને કોઇ પણ પ્રકારનું નુકશાન પહોંચતું ન હોય, તે માણસને પક્ષકાર કરવાની જરૂર નથી. જેમકે, જો અ એ બ સાથે એવો કરાર કર્યો કે, "૧૫ મી એપ્રિલ પછી મારી જમીન હું તારે સ્વાધીન કરીશ," અને જો તે દિવસ પેહેલાં ત્રાહિતે તે જમીન ૧૫ મી એપ્રિલ સુધી પોતાના કબજામાં લેવાસારૂ અ ઉપર ફિર્યાદ કરી, તો અહીં તે જમીનમાં બનો સંબંધ છે, તોપણ તે ત્રાહિતની ફિર્યાદમાં બને પક્ષકાર કરવાની જરૂર નથી. કારણકે, તે ત્રાહિતની તરફથી હુકમનામું થયાથી બને બિલકુલ હરકત નથી.

ઇંગ્લિશ લા.

૬૬૫. ઇંગ્લિશ લા પ્રમાણે સ્પેશલ્ટીના કરાર ઉપરથી ફિર્યાદ કરવાની હોય, તો એવો કરાર જેઓના નામથી થયો હોય, તે માત્ર તે ફિર્યાદમાં પક્ષકાર થાય છે.

મુખ્ય અને મુનીમ.

૬૬૬. જો કોઈ મુનીમે મુખ્યનેસારૂ ત્રાહિતની સાથે કરાર કર્યો હોય, તો એવા કરાર ઉપરથી તે મુખ્ય પક્ષકાર થઇ શકેછે. પરંતુ તે બંનેમાં મુખ્ય, અને મુનીમનો સંબંધ હતો, એમ માલમ પડવું જોઇએ. અને એમ જો માલમ ન પડે, તો તે ફિર્યાદમાં તે મુનીમને પક્ષકાર કરવો જોઇએ.

ભાગદાર.

૬૬૭. જો કોઇએક ભાગદારે ભાગદારી સંબંધી કામ બાબત ત્રાહિતની સાથે કરાર કર્યો હોય, તો એવા કરાર ઉપરથી ફિર્યાદ કરવાની હોય, તો તેમાં સર્વ ભાગદારોને પક્ષકાર કરવા જોઇએ.

જ્યાયંટસ્ટાક કંપની.

૬૬૮. જ્યાઇંટસ્ટાક કંપની પાછળ કહ્યા પ્રમાણે નોંધેલી હોય, અને કામ કરવાને તેને સરકારથી પરવાનો (ઇં૦ સર્ટિફિકેટ) મળેલું હોય, તો તેના ડૈરેક્ટર, અથવા સિક્રેટરીના નામ પક્ષકારમાં દાખલ કરવાં.

ઘરધણી તથા ભાડુવાત.

૬૬૯. જો એક કોલનામા ઉપરથી ઘણા ભાડુવાતોને હક મળેલો હોય, તો તે ઉપરથી ઘરધણી ઉપર જે ફિર્યાદ

કરવાના હોય, તે સર્વેના નામથી કરવી જોઇએ. જો ઘરધણીએ પોતાના પડોસીની જમીન ઉપર જવા આવવાનો હક વેચાણ લીધા પછી, તે ઘર બીજાને ભાડે આપ્યું હોય, તો તે વેચાણ લીધેલા જવા આવવાનો હક પણ તેને આપ્યો એમ થાય છે. માટે જો તે ભાડુવાતની, અને તે પડોસીની તે હક બાબત તકરાર પડી, તો તેમાં ઘરધણીને પક્ષકાર કરવો જોઇએ. ભાડુવાતને ઘરમાંથી કહાડી મુંકવાસારૂ તેના ઉપર જો કોઇ ત્રાહિતે ફિર્યાદ કરી. અને તેમાં એવી તકરાર કરી કે, કૌલનામું લખી આપ્યું છે, તેને તે હક નહોતો, તો એવી ફિર્યાદમાં કૌલનામું લખી આપનારને પ્રતિવાદી કરવો, એટલે જો કૌલનામું ખોટું ઠરાને વાદીનો દાવો સાબિત થયો, તો ભાડુવાતનું નુકશાન તે લખી આપનાર પાસેથી તેજ ફિર્યાદમાં આપવામાં આવે. પરંતુ જો બે માણસોમાં કાંઈ ઘરની માલિકી વિશે ફકત તકરાર હોય, તો ભાડુવાતને તેમાં પક્ષકાર કરવાની જરૂર નથી.

૬૭૦. જો કોઈ કાંઇ માલ પોતાના કબજામાં નહીંછતાં, તે બીજાને વેચ્યો, અને વેચાણ લેનારો તે માલ પોતાના કબજામાં લેતી વખત, ત્રાહિતે એવી તકરાર કરી કે, જેણે માલ વેચ્યો, તેને તે વેચવાનો અધિકાર નહોતો, તો એવી તકરાર ઉપરથી વેચાણ લેનારે ત્રાહિત ઉપર કરેલી ફિર્યાદમાં વેચનારને પ્રતિવાદી કરવો જોઇએ. વેચાણ.

૬૭૧. નાની ઉમરનાં માણસ ઉપર ફિર્યાદ કરવાની હોય, તો તેના પાલનકરનારના નામથી કરવી, અને જો એવા માણસની માલમતામાંથી પૈસા અપાવવા એવો દાવો હોય, તો તે માલમતા જેને સ્વાધીન હોય, તેનું નામ પ્રતિવાદીમાં દાખલ કરવું જોઇએ[૧]. નાની ઉમરનાં માણસ.

૬૭૨. જો કોઇએ પોતાનું ખત, કિંવા કાંઈ દાવો બા- દાવાનું વેચાણ.

---

[૧] સન ૧૮૫૮નો આકટ ૨૪ મો જોવો.

જાને વેચાથી આપ્યો, તો તે ઉપરથી ફિર્યાદ કરવાની હોય, તોતે વેચનારને પ્રતિવાદીમાં દાખલ કરવો.

જામીન.

૬૭૩. મૂળ જવાબદાર ઉપર ફિર્યાદ કરતી વખત જામીનને તેમાં પ્રતિવાદી કરવાની જરૂર નથી; તેમજ જામીન ઉપર ફિર્યાદ કરતી વખત, જો એમ સ્પષ્ટ દેખાતું હોય, કે મૂળજવાબદાર નાદાર થયો છે, તો તે મૂળજવાબદારને પક્ષકાર કરવાની જરૂર નથી. જો બે, કિંવા વધારે જામીનમાંથી એકજણાએ સાહુકારને સર્વ પૈસા ભરયા હોય, તો બાકીના જામીનો પાસેથી, અથવા તેઓમાંથી કોઈ મરી ગયો હોય, તો તેના વારસ પાસેથી પણ હિસ્સેરસી પૈસા વસુલ કરવાસારૂ તે સર્વેને પ્રતિવાદી કરવા જોઇએ.

ઘણા દેણદાર હોયતો.

૬૭૪. જો કોઈ લેણદારના એક કરજ બાબત ઘણા દેણદાર હોય, તો તે સર્વેને પક્ષકાર કરવા, અને એમ કરવું તે લેણદારને ફાયદાનું પણછે; કારણકે, એક પોતાના હિસ્સા કરતાં લેણદારને વધારે પૈસા ભર્યા, તો તે બાકીના પાસેથી વસુલ કરી લેવાય છે. પરંતુ તેમાં કોઈ નાદાર થયો હોય, તો તેને બાદ કરીને બાકીનાઓને પ્રતિવાદી કરવા. જો ઘણા દેણદારોમાંથી એક હાયકોર્ટની હદમાં હોય, અને તેનેલીધે વાદીએ તે કોર્ટમાં ફિર્યાદ કરી, અને તેની પાસેથી કાંઈ પૈસા વસુલ કરી લીધા, તોપણ તે સર્વ દેણદાર ઉપર મુફસિલ કોર્ટમાં ફિર્યાદ કરીને બાકીના પૈસા વસુલ કરી શકાય. જો ઘણા દેણદારોમાં કેટલાક કોર્ટની હદબહાર હોય, તો બાકીના ઉપર ફિર્યાદ કરીને સઘળું કરજ વસુલ કરી લેવામાં આવે.

સન ૧૮૫૯ આકટના ૮ મો. કલમ ૯૯થી ૧૦૬.

૬૭૫. ઉપર કહ્યા પ્રમાણે જે પક્ષકાર હોય, તેનામાંથી કોઈ મરી જાય, કિંવા નાદાર થાય, તો આગળ ચાલે એવી ફિર્યાદ હોય, તો સન ૧૮૫૯ ના ૮ મા આકટમાં કહેલી રીતિ પ્રમાણે તેમને ઠેકાણે બીજા પક્ષકાર કરવા.

---

# પ્રકરણ ૨.

## કરાર તોડવાથી થએલું નુકશાન મુકરર કરવાની રીતિ.

૬૭૬. પક્ષકારમાં કરાર થયાછતાં, તેનામાંથી જો કોઇએ તે કરાર તોડ્યો, તો તે બાબત તેના ઉપર જે ફિર્યાદ થઈ હોય, તેમાં જે દંડ તે પક્ષકારને આપવાનું કોર્ટ કહે છે, તેને નુકશાન કહે છે. નુકશાન એટલેશું.

૬૭૭. નુકશાન ત્રણ પ્રકારનાં છે. ૧ વાસ્તવિક નુકશાન. ૨ વિશેષ નુકશાન. અને ૩ ફક્ત નામનું નુકશાન. નુકસાન ત્રણ પ્રકારનાં.

૬૭૮. કરાર તોડવાને લીધે તે થકી સ્વભાવથી થનારૂં નુકશાન, તે વાસ્તવિક નુકશાન છે. વાસ્તવિક નુકશાન.

૬૭૯. કરાર તોડ્યાથી ખરેખરૂં નુકશાન નહીં થતાં, તે કરાર ઉપરથી આગળ વ્યવહાર કર્યો હોય, તેમને હરકત પહોંચવાથી, જે નુકશાન થાય છે, તે વિશેષ નુકશાન છે. વિશેષ નુકશાન.

૬૮૦. કરાર તોડ્યાથી કાંઈ વાસ્તવિક, કિંવા વિશેષ નુકશાન થયું, તોપણ વાદીની ફિર્યાદ ખરી છે, એટલુંજ બતાવવાના હેતુથી કોર્ટ તેને કાંઈ થોડા પૈસા અપાવે છે, તે ફક્ત નામનું નુકશાન છે. ફક્ત નામનું નુકશાન.

૬૮૧. વિશેષ નુકશાન વિશે એવો નિયમ છે કે, કોઈ પક્ષકારે કરાર તોડ્યાથી ખરેખરૂં જોતાં કાંઈ નુકશાન નથી હોતું, પરંતુ તેમાં કાંઈ એવી વાત હોય કે, નુકશાન થયુંછે, એવું તે ઉપરથી અનુમાન કરી સકાય, તો તે નુકશાન કરાર તોડવાથીજ થયું, એમ ગણાય છે. જેમકે, કોઈ છાપખાના વાળાને અમુક મુદતમાં એક શીલાયંત્ર આપવાનું કોઇએ કબુલ કરીને તે મુદતમાં આપ્યો નહીં, અને મુદત પ્રમાણે યંત્ર ન આપ્યાથી છાપખાનાવાળાને જે નફો થવાનો તે ડુબશે, તે એ વાત તેને માહિત હોય, તો તે નફો ડુબીને છાપખાનાવાળાનું થએલું નુકશાન તેણે ભરી આપવું જોઇએ. વિશેષ નુકસાન વિશે નિયમ.

વેગળાનું નુકશાન.

૬૮૨. કોઈ કોઈ વખત થએલા નુકશાનનો કરાર સાથે ખરેખરો સંબંધ હોતો નથી. માટે નુકસાન કરાર તોડયાને લીધેજ થયું છે, કિંવા નથી, તેનો સાવધગરીથી વિચાર કરવો જોઇએ; એ વિશે આ વાત લક્ષમાં રાખવી જોઇએ કે, જો થએલું નુકશાન કરાર તોડયાથી સેહેજ થવા જેવું હોય, તો તે પ્રતિવાદી પાસેથી અપાવવું; કારણકે, કરાર તોડયાથી એવું નુકસાન થશે, એ વાત તેને માહિત હોય, એમ અનુમાન થાય છે. પરંતુ પેહેલો કરાર થયાપછી વાદીએ તે કરાર ઉપર ભરૂસો રાખીને તે માહિતની સાથે બીજા ઘણા વ્યવહાર કર્યા હોય, અને પેહેલો કરાર પ્રતિવાદીએ તોડયાને લીધે તે વાદીને બીજા વ્યવહાર ઉપરથી જે નફો થવાનો તે ન થવાથી ફિર્યાદમાં માગેલું નુકશાન થયું હોય, તો તે પ્રતિવાદી પાસેથી મળનાર નથી. કારણકે, વાદીએ પેહેલા કરાર ઉપર ભરૂસો રાખીને કાંઈ બીજા વ્યવહારો કીધા છે, કિંવા નથી, અને કીધા હોય, તો તે કેટલા છે, એ પ્રતિવાદીને સાધારણપણે સમજવા જેવું નથી. જેમકે, મુનીમને જે દિવસે પોતાના મુખ્યના પૈસા તેને સ્વાધીન કરવાની જરૂર થાય છે, તે દિવસે તેણે તે સ્વાધીન કર્યા નહીં, અને જો પછી, પાસે પૈસા નહીં હોવાને લીધે બજારમાં તે મુખ્યની આબરૂ ગઈ, અથવા સટ્ટાથી જે નફો કરી લેવાનો, તે તેનાથી કરી લેવાયો નહીં, તો એવા નુકશાનનેસારૂ તે મુનીમ જવાબદાર નથી; કારણકે, એવા નુકશાનના કરાર સાથે દુરનો સંબંધ છે; તથાપિ જે કારણનેસારૂ પૈસા જોઇતા હતા, તે કારણ મુનીમને સેહેજ સમજવાસરખું, અથવા માહિતછતાં નીમેલે દિવસે તેણે પોતાના મુખ્યને સ્વાધીન પૈસા કર્યા નહીં, તો તે એવા નુકશાનનો પણ જવાબદાર થાય છે.

વાસ્તવિક નુકશાન વિશે નિયમ.

૬૮૩. પ્રતિવાદીએ કરાર તોડયાથી તેના ઉપર વાદીએ ફિર્યાદ કરી હોય, તો પ્રતિવાદીએ કરાર પુરો કર્યાથી વાદીને

જે ફાયદો થયો હત, તે થાય તેટલા પૈસા કોર્ટે વાદીને અપાવવા. કરાર તોડે, તો કેટલું નુકશાન લેવું એનો પક્ષકારોએ પ્રથમજ પોતાના કરારમાં આંકડો બાંધ્યો હોય, તો તેટલું નુકશાન વાદીને અપાવવું. તથાપિ ઘણોજ ભારે આંકડો હોય, તો વાસ્તવિક જેટલું નુકશાન થયાનું દેખાઈ આવે, તેટલું માત્ર વાદીને મળશે. જેમકે, ચાર ઘડીઆળો, વાજાની બે પેટીઓ, કાગળના પચીસ દસ્તા વાદીને આપવાનો, અને તેનેસારૂ એક ઘર બાંધવાનો પ્રતિવાદીએ કરાર કરીને, તેમાં એવો મજકુર લખ્યો, કે તેમાંથી હરેક વાતમાં અંતર પડે, તો હું દશહજાર રૂપીઆ નુકશાન બદલ આપીશ; અને પછી કરાર પ્રમાણે સર્વ બીજા પદાર્થ આપ્યાને ઘડીઆળ માત્ર ત્રણ આપી, તો વાદીને એવા કારણથી દશહજાર રૂપીઆ મળનાર નથી; થોડા તફાવતનેસારૂ દશહજાર રૂપીઆનો દંડ અપાવવો, એ યોગ્ય નથી. બાકી રહેલું એક ઘડીઆળ ન આપ્યાથી વાદીને જેટલું ખરેખરૂં નુકશાન થયું હોય, તેટલું માત્ર વાદીને મળવું એ ન્યાય છે.

૬૮૪. જો કોઈએ કરજાઉખત ઉપરથી ફિર્યાદ કરી હોય, તો ખતમાં કરજની રકમ જેટલી લખેલી હોય, તેટલું કરજાઉખત પ્રમાણે નહીં ચાલવાને લીધે તેને નુકશાન થયું, એમ ગણાય છે. માટે તે તથા વ્યાજ લેવાનો હક વાદીને હોય, તો વ્યાજ પણ વાદીને મળશે. કરજાઉ ખત.

૬૮૫. કાંઈ માલનું વેચાણ થઈને, તે ઉપરની માલિકી વેચાણલેનારની થયાછતાં જો તે વેચાણલેનાર માલની કીમત આપતો ન હોય, તો તે માલની મુકરર કરેલી કીમત જેટલા પૈસા વ્યાજસુધાં વેચનારને મળશે. પરંતુ વેચાણથી વેચાણ રાખનારનો માલ થયો ન હોય, તો કરારમાં મુકરર કરેલી કીમતની રકમમાં, કરાર તોડ્યો તે દિવસે બજારમાં તેવા માલની જે કીમત હોય, તે બાદ કરીને બાકી રહે તે, અને પોતાની તરફથી કરાર પુરો કરવાને જે ખરચ થયું વેચાણનો કરાર વેચાણ લેનારે તોડ્યો તો.

હોય, તે વેચનારને મળશે; કારણકે, વેચેલો માલ લેઇને તેની કીમત પણ લેવી, એ યોગ્ય નથી. જો વેચેલો માલ સ્વાધીન લેવાસારૂ ઠરાવેલી મુદત પેહેલાંજ વેચાણ લેનારે એમ કહ્યું કે, "હું તે માલ લેનાર નથી;" તોપણ માલ સ્વાધીન કરી લેવાસારૂ જે દિવસ મુકરર કર્યો હોય, તે દિવસેજ તે માલની કીમત, કરારમાં મુકરર કરેલી કીમતમાંથી, બાદ કરવી. જો વેચાણનો કરાર તોડ્યા પછી યોગ્ય મુદતમાં વેચનારે તે માલ પાછો વેચ્યો, તો એવા વેચાણથી જે પૈસા વસુલ થયા હોય, તે, કરારમાં મુકરર કરેલી કીમતની રકમમાંથી, બાદ કરીને જે બાકી રહે તે, અને તે માલ વેચવામાં જે ખરચ થયું હોય, તે વેચનારને મળશે.

વેચાણનો કરાર વેચનારે તોડ્યો હોયતો.

૧૮૬. કોઇએ પોતાનો માલ વેચવાનો કરાર કર્યાછતાં, તે પછી તે વેચાણ લેનારને વેચેલો માલ આપતો ન હોય, તો જે ઠેકાણે અને જે દિવસે તે માલ સ્વાધીન કરવાનું વેચનારે કબુલ કર્યું હોય, તે ઠેકાણે તથા તે દિવસે તેવા માલની જે કીમત હોય, તેમાંથી કરારમાં મુકરર કરેલી કીમત બાદ કરીને જે બાકી રહે, તે વેચાણલેનારને મળે.[1] પરંતુ તે માલ પોતાને સ્વાધીન થવાના દિવસ પેહેલાં વેચાણલેનારે તેજ માલ બીજાને વેચાથી આપવાનો કરાર કર્યો, અને પેહેલા વેચનારે પોતાનો કરાર તોડ્યાને લીધે, તે બીજાને તે માલ આપવાને મળ્યો ન હોય, તો તેમાં જે તે બીજાને નુકશાન ભરવું પડ્યું હોય, તે એ પેહેલા વેચનાર પાસેથી માગી સકાય નહીં. કારણકે, જ્યારે તેને જણાયું, કે આપણા વેચનારાએ વેચાણનો કરાર તોડ્યો, ત્યારે વેચાણલેનારને કરાર પ્રમાણે માલ આપવાસારૂ લાગલોજ બીજો તેવો માલ લેઇને તેણે તૈયાર રેહેવું હતું.

---

[1] સ્થાવર માલ વિશે પણ એવોજ નિયમ છે કે નહીં, એ આત્રાથી કહી સકાતું નથી; ઇંગ્લિશ લા પ્રમાણે ફક્ત નામનું નુકશાન મળે, એવો નિયમ છે.

ખાત્રીનો કરાર ખોટો થયો હોયતો.

૬૮૭. કોઈ માલની માલિકી વિશે ખાત્રી કર્યાથી, તે બીજાએ વેચાણ લીધો, અને પછી માલ ખરા માલિકને આપવો પડ્યો, તો માલ વેચાણ લીધો તે દિવસથી તે પાછો આપ્યાના દિવસમુદ્દી દરમ્યાન કોઈ પણ વખતે બજારમાં તેવા માલની અતિશય ઘણી કીમત થઈ હશે, તે વેચાણ લેનારને મળે; અને માલ પાછો આપનારને તે આપવાથી કાંઈ વિશેષ નુકશાન થયું હોય, તો તે તે બાબત પણ અસ્વામિવિક્રય કરનાર ઉપર ફીર્યાદિ ચાલે. જો વેચેલા માલના ગુણ વિશે સ્પષ્ટ, કિંવા ગર્ભિત ખાત્રી કર્યાછતાં તે ખોટી ઠરી, અને વેચનારે માલ પાછો આપ્યો હોય, તો માલ જે દિવસે તેણે પાછો આપ્યો, તે દિવસે તે જો ખાત્રી પ્રમાણે હોત, તો તેની બજારમાં જેટલી કીમત થાત, તેટલી વેચાણલેનારને મળશે. અને જો માલ પાછો આપ્યો ન હોય, તો જે દિવસે માલ વેચાણ લેનારને સ્વાધીન થયો, તે દિવસે જો તે માલ ખાત્રી પ્રમાણે હોત, તો તેના બજારમાં જે કીમત થાત, તેમાંથી તેની વાસ્તવિક કીમત કમી કરીને બાકી રહે, તે વેચાણ લેનારને મળે. વેચાણલેનારે વ્યર્થ વખત નહીં લગાડતાં, તે માલ બજારમાં વેચ્યો હોય, તો તે જો ખાત્રી પ્રમાણે હોત, તો તેની જે કીમત થાત, તેમાંથી એવા વેચાણથી ઉપજેલી કીમત, અને વેચાણનો થયેલો ખરચ, કમી કરીને બાકી જે રહે, તે વેચાણ લેનારને મળશે.

બીજે ઠેકાણે વેચવા સારૂ માલ વેચાણ લીધોહોયતો.

૬૮૮. કોઇએ કાંઈ માલ વેચાણ લેઇને, વેચનારને તે વખત એમ બતાવ્યું હોય, કે મને તે માલ અમુક ઠેકાણે વેચવાનો છે, તો ઉપરના નિયમ પ્રમાણે નુકશાન ભરી આપવાસારૂ તે માલની, તે કહેલા ઠેકાણાની કીમત ઉપર લક્ષ રાખવો.

વિશેષ નુકશાનની ફિર્યાદ.

૬૮૯. ઉપરના નિયમ પ્રમાણે વાદીને નુકશાન મળ્યું હોય, તથાપી કરાર તોડ્યાના કારણથી તેને કાંઈ વિશેષ નુકશાન થયું હોય, તો તે વિશે મરજીમાં આવે તો, તેણે ફિર્યાદ કરવી.

ઘર દુરસ્ત કરવાનો કરાર.

૯૯૦. જો કોઇએ કાંઈ ઘર દુરસ્ત કરવાનો કરાર કર્યા છતાં, તે પ્રમાણે ઘર દુરસ્ત કર્યું નહી, તો તે દુરસ્ત કરવાને જે ખરચ લાગે, તે તેની પાસેથી મળશે; અને જો કરાર તોડ્યાના કારણથી તે ઘર પડી ગયું, તો નવું ઘર બાંધવા સારૂ જે ખરચ લાગે, તે તેની પાસેથી લેવો; તથાપી નવું ઘર બાંધ્યાથી જુના સામાનને ઠેકાણે નવો સામાન ઘાલ્યાને લીધે તેટલા પૈસા કમી કરવા.

ચાકરી.

૯૯૧. જો વાદીએ પ્રતિવાદીની ચાકરી કરવાનુ કબુલ કર્યાછતાં, તે એ ચાકરી વચમાંથી છોડીદે, તો કરેલી ચાકરીનો પ્રતિવાદીને કાંઈ ફાયદો થયો હોય, અને કામ વિભાજ્ય હોય (પાછળ જુવો), અથવા તે કામ વચમાંથી છોડવામાં વાદીનો કાંઈ દોષ ન હોય, તો કામ પુરૂ થયાપછી જે પૈસા આપવાનું કબુલ કર્યું હોય, તેમાંથી તે કામ પુરૂ કરવાસારૂ જે ખરચ લાગે, તે બાદકરીને બાકી રહે તે વાદીને મળશે. ધણીએ પોતાને વિનાકારણથી કહાડી મેલ્યાની જો કોઈ ચાકરે ફિર્યાદ કરી, તો તેને બીજી નોકરી મળવાનો કેટલો વખત લાગશે, તે ઉપર લક્ષ રાખીને તેના પગાર પ્રમાણે કોર્ટે તેને તે નુકશાન અપાવવું. પરંતુ તે નોકરની પેહેલી ચાકરી ઉપર વિશેષ પ્રીતી હતી, કિંવા તે ચાકરી જવાથી તેને ઘણું દુઃખ થયું, એવા કાંઈ કારણથી નુકશાન બાબત વધારે પૈસા તેને અપાવવા નહીં.

હુંડી.

૯૯૨. વાદીના પૈસા પ્રતિવાદી પાસેછતાં વાદીએ પ્રતિવાદી ઉપર લખેલી હુંડી પ્રતિવાદીએ સીકારી નહીં હોય, તો, વાદીને વિશેષ નુકશાન થયું ન હોય તોપણ, તેને વિશેષ નુકશાન મળે છે. કારણ કે વ્યાપારમાં કોઇની એક વખત પત ગઈ, તો તેને ઘણું નુકશાન થાય છે, એમ છે.

વ્યાજ.

૯૯૩. સન ૧૮૩૯ ના ૩૨ મા આક્ટથી એમ ઠરાવ્યું છે, કે વાદીને અમુક તારીખે પૈસા આપવાનો પ્રતિવાદીએ દસ્તાવેજ લખી આપ્યો હોય, અને તે વસુલ કરવાસારૂ

વાદી ફિર્યાદ કરે, તો તે તારીખથી ચાલતા દરપ્રમાણે વ્યાજ કોર્ટ વાદીને આપવું. અને દસ્તાવેજ ન હોય, અને પૈસા આપવાની તારીખ ઠરાવી ન હોય, તો જે તારીખે વાદીએ પૈસા માગ્યા હોય, તે તારીખથી ચાલતા દરપ્રમાણે વ્યાજ વાદીને અપાવવું; પરંતુ પૈસા માગતી વખત વાદીએ પ્રતિવાદીને લખેલી ખબર આપવી જોઇએ. કે માગ્યા પ્રમાણે પૈસા ન આપ્યા, તો માગ્યાના દીવસથી તારા ઉપર વ્યાજ ચાલુ થશે.[1]

## પ્રકરણ ૩.

### ફિર્યાદ કરવાની મુદત વિશે.

૬૬૪. જે પોતાનો દાવો સાબીત કરવા વિશે કાંઇ ફીકર કરતા નથી, એવા લોકોને સરકારની તરફથી આગળ મદત મળી નહીં, તો ચિંતા નથી; એવા લોકોની આળસને લીધે, અજાણ્યા ત્રાહિતના પુષ્કળ દીવસથી ભોગવેલા હક ડુબે, એ યોગ્ય નથી; તેમજ ગમેત્યારે ફિર્યાદ કરવાનો અધિકાર વાદીને આપ્યાથી તેણે કપટ કર્યું હોય, તો તે ખુલ્લું કરવું, અથવા પોતાનો હક બીજી રીતે સાબીત કરવો, એ પ્રતિવાદીને ઘણું કઠિણ પડે; કદાચિત તેનો જુનો દસ્તાવેજી પુરાવો ખોવાયો હોય, અથવા બળી ગયો હોય; કદાચિત જે લોકોને દાવાસંબંધી માહીતી હોય, તે ઘણા વૃદ્ધ થયા હોય, અથવા મરીગયા હોય, અથવા જીવંતછતાં વેગળે દેશાવર ગયા હોય, અથવા ઘણા દીવસની વાત ભુલીગયા હોય, અથવા તે કહેતા હોય, તથાપિ તેઓના ઉપર ભરૂસો રાખી શકાતો ન હોય. જેનો વાસ્તવિક રીતે દાવો પહોંચતો મુદત વિશે કાયદો થવાનું કારણ.

[1] જે પ્રકારના વ્યવહારમાં કાયદા પ્રમાણે વ્યાજ આપવામાં આવે છે, તે પ્રકારના વ્યવહારમાં વ્યાજ આપવામાં આ આકટનો અટકાવ નથી.

હોય, તે એવી અડચણમાં નહીં પડતાં, યોગ્ય મુદતમાં પોતાનો દાવો સાબીત કરે છે. માટે જુની તકરારો વિશે કોર્ટ એમ અનુમાન કરે છે, કે કરાર પ્રમાણે પ્રતિવાદીએ જે કરવું, તે સર્વ તેણે પ્રથમ કરેલું હશે.

સન ૧૮૫૯નો આક્ટ ૧૪.

૯૯૫. અહીંની કોરટોમાં એક્વિટી પ્રમાણે ન્યાય થવો જોઇએ, એમ છે; માટે જો મુદત વિશે કાયદા કરનારી મંડળીએ કાંઇ કાયદો પ્રસિદ્ધ કીધો નહોત, તોપણ ઉપર કહેલા કારણ ઉપરથી વાદીનો દાવો રદ કરવાનો અહીંની કોર્ટને અધિકાર હોત; પરંતુ તેણે કરીને પ્રત્યેક મુકદમામાં જુદી જુદી મુદતો મુકરર કીધા સરખુ થાત; માટે કાંઇ કાયદો મુકરર હોય તો સારૂ, એમ માંનીને સરકાર વખતે વખતે મુદત વિશે કાયદા મુકરર કરે છે. એ વિશે હાલ ચાલતા કાયદામાં સન ૧૮૫૯નો આક્ટ ૧૪ મુખ્ય છે.[1]

મુદત ગુજરયાથી કરજ ડુબતું નથી.

૯૯૬. કાયદામાં કહેલી મુદત ગુજરી ગયાથી વાદીનો હક ડુબતો નથી; તે હક વિશે ફિર્યાદ કરવાનો અધિકાર માત્ર રદ થાય છે. માટે જો પ્રતિવાદી પાસેથી બીજા ઉપાયથી વાદી પોતાનો હક વસુલ કરી શકાતો હોય, તો તે વસુલ કરવાને હરકત નથી. જેમકે, જો **અ** એ **બ**ની ગાડી રંગીને તૈયાર કરી હોય, અને તે બાબત **બ** પાસે લહેણું હોય, તો ગાડી **બ**ને સ્વાધીન કરી ન હોય, તો દાવો કરવાની મુદત ગુજરયાછતાં પણ **બ** રંગામણીના પૈસા આપે, ત્યાંસુધી ગાડી પોતાના કબજામાં રાખવાનો **અ**ને અધિકાર છે.

મુદત ગણવા વિશે સાધારણ નિયમ.

૯૯૭. જ્યારે ફિર્યાદનું કારણ થાય છે, એટલે જ્યારે વાદીને લાગલોજ ફિર્યાદી કરવાનો હક મળે છે, ત્યારથી કાયદામાં કહેલી મુદત ગણવી, આ સાધારણ નિયમ છે.

---

[1] સન ૧૮૨૭ના પાંચમા કાયદામાં કેટલીક કલમોના મજકુર વિશે સન ૧૮૫૯ના ૧૪મા આક્ટમાં જુદો રીતે ઠરાવ હોવાથી તે કલમો રદ, એમ થાય છે; અને બાકીનો સર્વ કાયદો હજી ચાલે છે, એમ અનુમાન થાય છે.

૬૯૮. પરંતુ ફિર્યાદનું કારણ ક્યારે ઉત્પન્ન થાય છે, એનો નિર્ણય કરવો, કોઇ કોઇ વખતે ઘણું કઠિણ પડે છે, માટે કેટલાંક દૃષ્ટાંત નીચે આપેલાં છે. નિયમ પ્રમાણે ચા લવામાં અડચણ.

૬૯૯. જો કોઇ બીજાનો જામીન થયો હોય, તો જે વાતનેસારૂ તે જામીન થયો હોય, તે વાત બની, તે દીવસથી, તેના ઉપર ફિર્યાદ કરવાની મુદત લેણદારે ગણવી. શાહુકાર અને જામીન.

૭૦૦. જો કોઇ બીજાનું કરજ આપવાને જામીન થયાથી તેને મૂળ જવાબદારનું કરજ ભરવું પડ્યું હોય, અને મૂળ જવાબદાર પાસેથી તે પૈસા વસુલ કરવાસારૂ તેને ફિર્યાદ કરવાની હોય, તો તેણે કરજ ભર્યું, તે દીવસથી મુદત ગણવી; પરંતુ લેણદારના પૈસા કરારમાં કહ્યા પ્રમાણે મૂળ જવાબદાર પાસેથી લેઇને જામીનને મુક્ત કરવો, એવા હેતુથી જો જામીનને ફિર્યાદ કરવાની હોય, તો મૂળ જવાબદારે જે દિવસે પૈસા આપવા એમ હતું, તે દિવસથી એવી ફિર્યાદની મુદત ગણવી, એમ જણાય છે. મૂળ જવાબદાર અને જામીન.

૭૦૧. જો અનેક જામીનોમાંથી એક જામીનને મૂળ જવાબદારને માટે સઘળા પૈસા ભરવા પડ્યા, તો જે દિવસે તેણે પોતાના હિસ્સા કરતાં વધારે પૈસા આપ્યા હોય, તે દિવસે બાકીના જામીન ઉપર ફિર્યાદ કરવાનું કારણ ઉત્પન્ન થાય છે. અનેક જામીન.

૭૦૨. હુંડી બતાવે તેજ વખત પૈસા મળે, એવા મજકુરની હુંડી જો કોઇએ લખી હોય, તો તે બતાવી તે દિવસથી, તે ઉપરથી ફિર્યાદ કરવાની મુદત ગણવી. હુંડી બતાવી તે દિવસથી એક મહિનામાં પૈસા મળે, એવા મજકુરની હુંડી હોય, તો તે દિવસથી એક મહિને ફિર્યાદ કરવાનું કારણ ઉત્પન્ન થાય છે. હુંડી.

૭૦૩. જો કોઇએ માલ વેચ્યાપછી તેની કીમત વસૂલ કરવાસારૂ ફિર્યાદ કરી, તો માલ વેચ્યો, તે દિવસથી તે ફિર્યાદની મુદત ગણવી: પરંતુ વેચાણ લેનારને માલ ઉ- વેચાણ.

ધાર આપ્યો હોય, તો તેની કિમતના પૈસા આપવાસારૂ ઠરાવેલા દિવસથી ફિર્યાદની મુદત ગણવી જોઇએ. જો માલ વેચતી વખત એવો કરાર થયો હોય, કે માલની કિમત બાબત વેચાણ લેનારે, છ મહીના પછી બે ત્રણ મહિનાની મુદતની હુંડી લખી આપવી, તો માલ વેચ્યો તે દિવસથી નવ મહિને ફિર્યાદનું કારણ ઉત્પન્ન થાય છે.

ખાત્રી.

૭૦૪. જો કોઇએ માલ વેચતી વખત તેના ગુણ વિશે કાંઈ ખાત્રી કરી હોય, તો તે ખાત્રી ખોટી, એમ જે દિવસે ઠર્યું, તે દિવસે ફિર્યાદ કરવાનું કારણ ઉત્પન્ન થયું એમ સમજવું.

હફતાબંદી ખત.

૭૦૫. જો કોઇએ હફતાબંદી ખત લખી આપીને તેમાં એવો કરાર કર્યો કે, એક હફતો પડે, તો સર્વ પૈસા એકદમ ભરવા, તો હફતો પડ્યાથી બાકી સર્વ પૈસા વસૂલ કરવાસારૂ હફતો પડ્યો, તે દિવસે ફિર્યાદ કરવાનું કારણ ઉત્પન્ન થાય છે; તથાપિ એ રીતે સર્વ પૈસા એકદમ વસૂલ કરવાનો હક મળ્યાછતાં, પણ લેણદારે જો ફિર્યાદ કરી નહીં, તો એવા કારણથી પ્રત્યેક હફતા આપવાના થયેથી, તે વિશે ફિર્યાદ કરવાનો લેણદારનો હક જતો નથી.

આંટી.

૭૦૬. જો પૈસા લેવાના ખતમાં કાંઈ આંટી હોય, તો તે આંટી પુરી થઈ, તે દિવસથી ફિર્યાદની મુદત ગણવી.

સારાંશ.

૭૦૭. સરાંશ પક્ષકારોમાંથી જેણે જે દિવસે કરાર તોડ્યો, એમ થાય છે, તે પક્ષકાર ઉપર તે વિશે ફિર્યાદ કરવાનું કારણ, તે દિવસે ઉત્પન્ન થાય છે.

બીજાના કરતાં પહેલાં ખરીદ કરવાનો અધિકાર.

૭૦૮. બીજાના કરતાં પેહેલાં ખરીદ કરવાનો અધિકાર અમલમાં લાવવાસારૂ ફિર્યાદ કરવી, તે કરવાની મુદત, હરકત લીધેલા વેચાણ ઉપરથી વેચાણ લેનારે જે દિવસે કબજો લીધો હોય, તે દિવસથી ગણવી.

વેચાણ રદ કરવા વિશે ફિર્યાદ.

૭૦૯. પાદશાહી સનદ ઉપરથી સ્થાપિત નહીં હોય, એવી કોઈ પણ દીવાની કોરટનું હુકમનામું બજાવીને, સ્થા-

વર, કિંવા જંગમ માલમિલકત વેચી હશે, તે વેચાણ રદ કરવા વિશે ફિર્યાદ ચાલતી હોય, તો તેવી ફિર્યાદ, અને સરકારી ચડેલા વસુલ બાબત, કિંવા તે રીતે વસુલ કરવા સરખા બીજા દાવા બાબત, કોઈપણ સ્થાવર, કિંવા જંગમ માલમિલકત વેચાઈ હોય, તે વેચાણ રદ કરવા વિશે ફિર્યાદ, અને પટણી તાલુકો, અથવા તેવોજ બીજો સત્તા પ્રકાર વસુલની ચાલતી બાકીસારૂ વેચ્યો હોય, તે વેચાણ રદ કરવાસારૂ પટણીદારે, કિંવા ચાલતી બાકીસારૂ વેચવાને લાયક થનારા પેટાના સત્તાપ્રકારના માલિકે, કિંવા તેની તરફથી દાવો કરનાર બીજા માણસે ફિર્યાદ કરવી તે, અને કલેકટરના, કિંવા વસુલના બીજા અમલદારના નીવાડા મુજબ, કિંવા હુકમનામા મુજબ સ્થાવર, કિંવા જંગમ માલમિલકત વેચા હોય, તે વેચાણ રદ કરવાવિશે ફિર્યાદ કરવાની મુદત ગણવી, તે જે તારીખે સદરહુ પ્રકારનું વેચાણ કાયમ કીધું હોય, તે તારીખથી, કિંવા સદરહુ પ્રકારની ફિર્યાદ થઈ ન હોય, તો તે વેચાણ જે તારીખે કાયમ થાત, તે તારીખથી ગણવી.

૭૧૦. ચઢેલા સરકારી વસુલ બાબત રેવિન્યુના અમલદારે કોઈપણ જમીનની, કિંવા જમીન ઉપરના હક સંબંધની જપતી કરી હોય, કિંવા દિગરબાદી કરી હોય, કિંવા કૌલ, કિંવા દિગરબાદી રદ કરવા વિશે ફિર્યાદ, અથવા ચડેલા વસુલ બાબત, કિંવા ચડેલા વસુલ કરવા સરખા દાવા બાબત રેવિન્યુના અમલદારોયે દાવો કર્યો હોય, તે બાબત કરાર કરીને પૈસા આપ્યા હોય, તે વસુલ કરવાસારૂ ફિર્યાદ કરવાની મુદત સદરહુ પ્રકારની જપતીની, કિંવા કૌલની, કિંવા દિગરબાદીની તારીખથી, કિંવા એવેજ આપ્યો હોય, તે તારીખથી ગણવી.

રેવિન્યુના અમલદારોએ જપતી વગેરે કરી હોય, તે રદ કરવા વિશે ફિર્યાદ.

૭૧૧. કરજાઉ આપેલા પૈસા, કિંવા વ્યાજ વસુલ કરવા વિશે, કિંવા કોઈ પણ કરાર તોડ્યા વિશે, ફિર્યાદ ક-

કરાર લખેલો છતાં તારણપત્ર થયું.

હોય, તો.

રવાની મુદત કરજ પ્રથમ લેહેણું થયું તે દિવસથી, કિંવા જે કરાર તોડ્યા બાબત ફિર્યાદ કરી હોય, તે કરાર પેહેલવેહેલો તોડ્યો, તે દિવસથી ગણવી.

કરાર લખેલો છતાં ૭ મહિનામાં નોંધાયો ન હોય તો.

૭૧૨. પરંતુ કરજાઉ આપેલા પૈસા આપવા વિશે, કિંવા વ્યાજ આપવા વિશે લખેલો કરાર હોય, કિંવા કરાર જે માણસને લાગુ હોય, તે માણસે, કિંવા તેના યોગ્ય મુખત્યારે કરારપત્ર લખીને તે ઉપર સહી કરી હોય, અને તે કબુલત, કિંવા કરાર કરતી વખત, તથા કરવાને ઠેકાણે કાયદો ચાલુ હોય, તે કાયદા પ્રમાણે તે કબુલત, કિંવા કરાર નોંધાવ્યો હોત, તો નોંધાત એવી હકીકત હોય, તો તે ઉપરથી ફિર્યાદ કરવાની મુદત ગણવી, તે કરજ લેહેણું થયું, તે દિવસથી, કિંવા જે કરાર તોડ્યા બાબત ફિર્યાદ કરવાની, તે કરાર પેહેલવેહેલો તોડ્યો હોય, તે દિવસથી ગણવી.

અવિભકત માલમાલકતમાંથી હિસ્સા બાબત તથા અનવસ્ત્ર બાબત ફિર્યાદ.

૭૧૩. સ્થાવર, કિંવા જંગમ માલમિલકત કુટુંબની અવિભકત માલમિલકત છે, એવા સબબથી તેનો હિસ્સો લેવા વિશે ફિર્યાદ, અને અનવસ્ત્રનો દાવો માલમિલકતના વારસ ઉપર હોય, ત્યારે અનવસ્ત્ર વિશે ફિર્યાદ કરવાની મુદત ગણવી, તે માલમિલકત અવિભકત છે, એમ કહીને જે માણસ પાસેથી આવ્યાનું વાદી કહેતો હોય, તે માણસના મરણના દિવસથી ગણવી, કિંવા જેની માલમિલકતમાંથી અનવસ્ત્રનો દાવો વાદી કરતો હોય, તે માણસના મરણ દિવસથી ગણવી, અથવા સદરહુ પ્રકારની માલમિલકત કબજામાં રાખનાર, કિંવા તેની વ્યવસ્થા રાખનારા માણસોએ વાદીને, કિંવા જે માણસની તરફથી તે દાવો કરતો હોય, તેને સદરહુ પ્રકારના હિસ્સા બાબત જે તારીખે છેવટ અવેજ મળ્યો હોય, તે તારીખથી મુદત ગણવી.

વસુલ માફીની જમીન પાછી લેવા વિશે, કિંવા તેના ઉપર ધારો

૭૧૪. કોઈપિણ લાખિરાજ, એટલે વસુલ માફીની જમીન પાછી લેવા વિશે, કિંવા તે ઉપર ધારો બેસાડવા વિશે. તેના માલિકે, કિંવા તેની તરફથી જે દાવો કરતો હોય,

તેણે ફિર્યાદ કરવાની મુદત નિચે લખેલી મુદતથી ગણવી; એટલે સદરહુ પ્રકારની જમીન પાછી લેવા વિશેની બાબત ઉપર ધારો બેસાડવાના હક ઉપર જે માણસ દાવો કરતો હોય, તેને, કિંવા જે માણસ તેની તરફથી દાવો કરતો હોય, તેને પેહેલવેહેલો હક પ્રાપ્ત થયો હોય, તે દિવસથી ગણવી; પરંતુ મિલકત વિશે કાયમ ઠરાવ થયાપછી તે થયો, તે દિવસથી તે જમીનનો ઉપભોગ લાખિરાજ એટલે વસુલ માફીથી કીધોછે, એમ બતાવ્યાથી ફિર્યાદ ચાલનાર નહીં. બેસાડવા વિશે ફિર્યાદ.

૭૧૫. કોઈ પણ જંગમ, કિંવા સ્થાવર માલ મિલકત અનામત, કિંવા ધરેણેલેનાર ઉપર તે માલ મિલકત પાછી લેવા વિશે ફિર્યાદ કરવી, તે કરવાની મુદત માલ મિલકત અનામત, કિંવા ધરેણે મુકેલી વખતથી, કિંવા અનામત કિંવા ધરેણે મુકનારનો હક, કિંવા માલ મિલકત પાછી લેવા વિશે તેનો હક અનામત, કિંવા ધરેણે મુકનાર, કિંવા તેની તરફથી દાવો કરનાર માણસે દરમ્યાન સહી સાથેના દસ્તાવેજથી કબુલ કીધું હોય, તો તે દસ્તાવેજની તારીખથી ગણવી. ધરેણાયું પાછું લેવાની ફિર્યાદ.

